MAA-BAAP BANTA SHIKHIEYE (Gujarati Edition)

Shah, Dr. Urmilaben

VISIT...

LANZAROTE Caliente.COM

માબા

બનતાં શીખી

ડૉ. ઊર્મિલ



MAA-BAAP BANTA SHIKHIEYE

By Dr. Urmilaben Shah



Published by Gurjar Granthratna Karyalay,Gandhi Road, Ahmedabad 380 001

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

અર્પણ

જીવનના પૂર્વાર્ધમાં
જ્ઞાનની ક્ષિતિજોના વિસ્તરણની
અપૂર્ણ રહેલી ઇચ્છાને
જીવનના ઉત્તરાર્ધમાં
પુન: પ્રફુલ્લિત કરી
વિશાળ વ્યોમમાં
પાંખ પ્રસરાવતાં શીખવનાર
મારા ગુરુ અને વડીલ
પૂજ્ય પ્રોફેસર સ્વ. પુલિન ગર્ગ ને
આદર સહ અર્પણ.
ગુરુર્દેવોભવ...

– ઊર્મિલા

ઊર્મિલાબહેન, તુમ આગે બઢો!

જે કામ સહજ હોય, કુદરતી હોય, હજારો નહીં પણ લાખો-કરોડો વર્ષથી સતત ચાલ્યા જ કરતું હોય, એ કામ શીખવાનું કોઈ એકવીસમી સદીમાં સૂચવે એને શું કહીશું? મશ્કરી? ભોળપણ? ધૃષ્ટતા? નાસમજ?

આ પુસ્તક કહે છે: ‘મા-બાપ બનતાં શીખીએ’ અરે ભાઈ, મા-બાપ બનવું એ તે કાંઈ શીખવાનો વિષય છે? એ તો કુદરતી ક્રિયા છે અને તદ્દન અભણ વનવાસી પણ મા-બાપ બને છે. પશુઓ અને પંખીઓ પણ મા-બાપ બને છે. અરે, નાનામાં નાનાં જંતુ પણ પ્રજનન કરે છે, અને એમનાં સંતાનો પણ ઊછરે છે. એથી તો લાખો કરોડો વર્ષોથી આ પૃથ્વી પર જીવસૃષ્ટિ વિકસતી-પાંગરતી રહી છે.

જો કોઈનેય મા-બાપ બનતાં શીખવાની જરૂર નથી પડતી તો માનવીને જ શા માટે આ અનુરોધ કે મા-બાપ બનતાં શીખીએ? અને તે પણ એકવીસમી સદીમાં?

આ પ્રશ્નોના ઉત્તરમાં આ પુસ્તકનું હાર્દ સમાયેલું છે. માનવીને મા-બાપ બનતાં શીખવાની જરૂર ઊભી થઈ કે એના કહેવાતા ‘સુધરેલાપણા’ કે ‘સિવિલાઇઝ્ડ’પણાને કારણે. અન્ય સૌ પ્રાણીઓ આદિ કાળથી જે રીતે જીવતાં આવતાં હતાં એ જ રીતે જીવે છે. માત્ર માનવી ‘સુધર્યો’ છે, એટલે સમસ્યાઓ ઊભી થઈ છે. માનવીએ ‘સુધરી’ ગયા પછી શું કરવા માંડ્યું છે? બાળકો પ્રત્યેના એના ‘સુધરેલા’ વ્યવહારનાં અનેક પાસાં છે: બાળકની ઉપેક્ષા, બાળકની વધારે પડતી કાળજી, બાળક પર ક્રોધ, બાળકને માર, બાળક તરફથી વધારે પડતી અપેક્ષા (દાખલા તરીકે: બાળક પરીક્ષામાં પ્રથમ જ રહેવું જોઈએ એવી અપેક્ષા), બાળકનું બિનજરૂરી લાલનપાલન, નાનપણથી જ બાળકમાં ભયનો સંચાર, અભિમાનનો સંચાર, એકલપણાના અવગુણ... આ યાદી ઘણી લાંબી થઈ શકે એમ છે. બાળક પ્રત્યેના મા-બાપના આવા ‘સુધરેલા’ દુર્વ્યવહારનાં અનેક ઉદાહરણો આ પુસ્તકમાં મળશે. બાળકને વિશે મા-બાપ અન્ય પણ અનેક સામાજિક અપરાધો કરે છે. બાળકને નોકરચાકર પ્રત્યે તોછડું વર્તન કરતાં શીખવે છે. બાળકને અન્ય બાળકો કરતાં જુદું ખાતાં-પહેરતાં શીખવે છે. પ્રવાસની બસમાં જલદી-જલદી ચડી જઈને પોતાના બાળક માટે જગા રોકે છે. બાળકના શિક્ષકો પાસે પહોંચીને લાંચરુશવત દ્વારા એના ગુણ વધારાવી આવે છે.

ફરી વાર લખીએ કે મા-બાપો દ્વારા ગેરવર્તનનાં ગણ્યાં ગણાય નહીં એટલાં પાસાં વિકસ્યાં છે, અને હજુ પણ સમાજ જેમ વધારે ‘સુધરતો’ જશે એમ અન્ય પાસાં ઉમેરાશે. ટૅક્નૉલૉજી પર જીવતો સમાજ, સંકુચિત વિચારધારા પર જીવતો સમાજ, સ્વકેન્દ્રી અને સ્વ-અર્થી સમાજ, પોતાના કરતાં અલગ ધર્મ-ભાષા-વસ્ત્ર-ભોજન ધરાવનારાઓને ધિક્કારતો સમાજ વિસ્તરતો જશે તેમ આવી સમસ્યાઓ વધશે.

પરંતુ આમ જ ચાલ્યા કરશે તો સમાજ સ્વયં રહેશે ખરો? પ્રશ્ન ચિંતાજનક છે. જરૂરી એ છે કે ઉપર જણાવ્યાં એવાં બધાં દૂષણોને પારખીએ અને એમનો ઉપચાર કરીએ. એટલે કે એવાં મા-બાપ બનીએ કે આપણાં સંતાનો તો સામાજિક વ્યક્તિઓ બને. આપણાં સંતાનો માનવીય ગુણો કેળવે....

આ કેવી રીતે બને એ દર્શાવવાનો પ્રયત્ન એટલે ડૉ. ઊર્મિલાબહેન શાહનું આ પુસ્તક: ‘મા-બાપ બનતાં શીખીએ’. ઊર્મિલાબહેને આ પ્રકારનાં અન્ય પુસ્તક પણ અગાઉ લખ્યાં છે. આ એક વિશેષ તેઓ ઘણી વાર કહે છે કે આ જ પ્રકારનાં કેટલાં વધુ લખાણો કરવાં? કેટલાં વધુ પુસ્તકો કરવાં? મારો અનુરોધ હોય છે કે તમારાથી બને એટલાં વધુ પુસ્તકો આપો. અન્ય સમભાવી વ્યક્તિઓ પણ આ જ વિષય પર પુસ્તકો લખે. આ પુસ્તકો લોકો સુધી

પહોંચે. સમાજમાં એ હદે અણસમજ અને અવળી સમજ ફેલાયેલી છે અને સમાજ અેટલો મોટો છે કે આવાં અગણિત પુસ્તકો કરવાં પડશે. એ પછી કદાચ પેલો 'સુધારો' સાચે માર્ગે ચડે. એક વ્યાપક અનિષ્ટ સામે ટક્કર ઝીલવાની છે. ઊણા અને અલ્પ પ્રયત્નોથી નહીં ચાલે.

ડૉ. ઊર્મિલાબહેન શાહની લેખનશૈલી વિશે એમનાં અગાઉનાં પુસ્તકોમાં મેં વારંવાર લખ્યું છે. એટલે અહીં એનું પુનરાવર્તન ન કરતાં ફક્ત એટલું જ નોંધીશ કે પ્રસંગાત્મકતા અને સરળતા, એ બે એમના લેખનના મોટા ગુણ છે. એ જ્યારે બાળકના કોઈક અણછાજતા વર્તન વિશે લખે છે અને મા-બાપે એ વર્તન વિશે શું કરવાનું છે તે સૂચવે છે ત્યારે કોઈ ઉન્નત ઉપદેશકનો કે વિદ્વાનનો કે તજ્જ્ઞનો વેશ ધરતાં નથી. તમામ સાદી માતાઓ અને પિતાઓ સમજી શકે અેવી ભાષામાં, સમજાવટ કરે છે. નથી આશા આપતાં કે નથી ભાષણ ફટકારતાં. અા આત્મીયજનની સલાહ-શિખામણ જેવી લેખનશૈલીને કારણે જ એમનાં આટલાં (નવ જેટલાં) પુસ્તકો આવકાર પામ્યાં છે.

આ પુસ્તકને પણ હું હાર્દિક આવકાર આપું છું; અને અાશા રાખું છું કે સમાજને તથા ખાસ કરીને મા-બાપોને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પૂર્ણ સમજણ આપવાનું અા કાર્ય તેઓ સતત ચાલુ રાખશે.

નારાયણનગર, પાલડી શુભેચ્છાસહ
અમદાવાદ - 380007 યશવન્ત મહેતા

ત્રીજી આવૃત્તિનો હરખ

લગભગ 22 જાન્યુઆરી, 2002નો દિવસ હશે ને 'મા-બાપ બનતાં શીખીએ' પુસ્તક મારા હાથમાં આવ્યું. છેલ્લા કેટલાક દિવસોથી હું એની પ્રતીક્ષા કરી રહી હતી, કારણ કે મારે તે મારા ગુરુ ડૉ. પુલિન ગર્ગના ચરણકમળમાં અર્પણ કરવું હતું. 'ગુરુર્દેવો ભવ'ની ભાવનાથી હૃદય ભર્યુંભર્યું બની રહ્યું હતું, પણ વિધિને એ મંજૂર નહીં હોય અને પ્રો. ગર્ગ 18મી જાન્યુઆરીએ અવસાન પામ્યા. માત્ર ત્રણ-ચાર દિવસનું જ છેટું પડી ગયું. પછી... પછી તો પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે પણ હૃદયમાં એ જ ભાવના અને અ◌ે જ આદર સાથે એ પુસ્તક મેં નલિનીબહેનના હાથમાં મૂક્યું અને અંતરથી મારા ગુરુના આશિષ માગ્યા.

2005ના ડિસેમ્બરમાં સમાચાર મળ્યા: 'મા-બાપ બનતાં શીખીએ પુસ્તકને ગુજરાત સાહિત્ય પરિષદે ભગિની નિવેદિતા પારિતોષિકથી પુરસ્કૃત કર્યું છે. મને થયું, હૃદયનો એન્ટેના કેટલો શક્તિશાળી છે! મારા ગુરુ ડૉ. ગર્ગના આશીર્વાદ મળ્યા. મારો અ◌ાર્તનાદ એમના અ◌ાત્માએ સાંભળ્યો ખરો! મારા અ◌ાનંદને કોઈ સીમા ન હતી અને પછી તો પાછળ જ જાન્યુઆરીમાં વળી પાછા સમાચાર મળ્યા: આ જ પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમીએ પણ પુરસ્કૃત કર્યું છે અને ત્યારે તો મને મારા ગુરુના આશીર્વાદ માટેની શ્રદ્ધા ખૂબ વધી ગઈ.

અ◌ામેય હું નાની હતી ત્યારથી જ મને વડીલો અને ગુરુના આશીર્વાદમાં શ્રદ્ધા તો હતી જ, પણ આ પ્રસંગે તો મારા હૃદયમાં અ◌ેને વધુ દૃઢ બનાવી. આજે જ્યારે આ પુસ્તકની ત્રીજી અ◌ાવૃત્તિ પ્રગટ થઈ રહી છે ત્યારે એ પણ મારા ગુરુના અ◌ાશીર્વાદ જ ને! આ પ્રસંગે મારા ગુરુને કોટિ કોટિ પ્રણામ! ગુરુર્દેવો ભવ! હજીય અંતરીક્ષમાંથી સતત મને તેમના અ◌ાશીર્વાદ મળતા જ રહે તેવી અપેક્ષા સતત રહ્યા જ કરે છે.

આ તૃતીય આવૃત્તિ પ્રગટ થઈ રહી છે ત્યારે સૌપ્રથમ તો અ◌ાભાર માનું ગૂર્જરના મારા સ્વજન શ્રી મનુભાઈનો – એમણે મને કેવી રીતે આ ક્ષેત્રમાં આગળ વધતી કરી છે! એની પા-પા પગલી એમના પ્રોત્સાહનને જ આભારી છે. એમનો આભાર કયા શબ્દોમાં માનું! મારા સાહિત્યક્ષેત્રમાં સદાય માર્ગદર્શન પૂરું પાડતા શ્રી યશવન્તભાઈ મહેતાની પણ હું સદાય ઋણી છું. મારા વાચકો, જેમણે ખૂબ રસપૂર્વક મારા પુસ્તકને વધાવ્યું છે તેમનો અ◌ાભાર માનવાનું પણ કેમ ભૂલું? ગૂર્જરના શ્રી અમરભાઈ, શ્રી રોહિત શાહ આ બધાનાં આટલાં બધાં પ્રેમભર્યાં પ્રોત્સાહન અને સાથ-સહકારે જ આજે મને અહીં સુધી પહોંચાડી છે. સૌની હું ઋણી છું.

25, પાર્થ બંગલોઝ, કર્ણાવતી કલબ સામે, ઊર્મિલા શાહ
સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-380015
ફોન : 26929700, મો. : 9979230404

પ્રસ્તાવના

'બહેન! આ વખતે હજી તમે બીજી કસોટીનું પરિણામ નથી આપ્યું? કૃતિકા પ્રગતિપત્રક લાવી નથી!'

'એવું ન બને, ભાઈ... આજે તો અઢારમી તારીખ થઈ... પરિણામપત્રકો તો વાલી પાસેથી સહી થઈને આવી પણ ગયાં.'

'ના, પણ, મને મળ્યું નથી.'

અને મેં કૃતિકાનું પ્રગતિપત્રક કાઢ્યું. સાત વિષયમાંથી ચાર વિષયમાં તે નાપાસ હતી. નીચે લાલ લીટી. અને વાલીની સહી પણ હતી. મને આશ્ચર્ય થયું. મેં કૃતિકાના પપ્પાને એ બતાવ્યું.

'અરે! આ સહી? મેં નથી કરી, બહેન... સહી મારા જેવી જ છે પણ મેં નથી કરી!..' અને એ આઘાતથી સજ્જડ બની ગયા.

મેં કૃતિકાને વર્ગમાંથી બોલાવી.

'બેટા! આ સહી કોણે કરી છે? પપ્પાએ કર્યાનું તેમને યાદ નથી.'

અને કૃતિકાનું મોં એકદમ પડી ગયું. નીચું જોઈ પગના અંગૂઠાથી જમીન ખોતરવા લાગી.

'જો, દીકરા કૃતિકા, તેં જે કર્યું હોય તે સાચું કહી દેજે. સાચું બોલનારને હું ક્યારેય કંઈ શિક્ષા કરતી નથી. પણ એક ભૂલ કર્યા પછી એ ભૂલ છુપાવવા જૂઠું બોલીએ તો એક પાછળ સો જૂઠાણાંની હારમાળા ચલાવવી પડે.'

અને એ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી. 'બહેન! મને પપ્પાની બીક લાગતી હતી. પપ્પા મને લડશે, એમ માની મેં તેમને બતાવ્યું નહીં. હવે ફરી આવું નહી કરું' કહેતાં તે પગે પડીને મારી માફી માંગવા માંડી.

'બેટા! મારી નહીં, પપ્પાની માફી માંગ. પપ્પાને ખૂબ દુઃખ થયું છે.'

કેટલી ગંભીર આ વાત હતી! આજે પ્રગતિપત્રકમાં પપ્પાની સહી કરી, કાલે ચેકમાંય ખોટી સહી કરવા પ્રેરાય તો! ખોટું કામ ન જ કરાય, એવાં મૂલ્યો જીવનમાં પ્રસ્થાપિત ન થયાં હોય તો ભવિષ્યમાં શું પરિસ્થિતિ બની શકે એવી કલ્પનામાત્રથી પણ ધ્રૂજી ઉઠાય એવું છે.

પણ તેની સાથે મને વિચાર આવ્યો, 'માબાપની અપેક્ષાને પણ મર્યાદા ન હોવી જોઈએ! દરેક મા-બાપને તેનાં સંતાનને સર્વગુણસંપન્ન બનાવવું છે. મારો દીકરો ડૉક્ટર છે, એન્જિનિયર છે, કહીને ગૌરવથી ડોક ઊંચી રાખી ચાર જણમાં પુછાવું છે, પણ આપણા જ સંતાનની શક્તિનો આપણે સાચો અંદાજ કાઢીએ છીએ ખરાં? ગમે તેટલી મહેનત કરે પણ તેની ક્ષમતાને ય મર્યાદા તો હોય ને! બધાં ય ક્યાંથી હોશિયાર હોય! પણ મા-બાપ માટે તેની સંતાનની મર્યાદાને સ્વીકારવી એ બહુ મુશ્કેલ છે. એમની અપેક્ષાઓને કોઈ આરો હોતો નથી. ક્યારેક તો મારાથી કહેવાઈ જાય છે, 'આજની શિક્ષિત માતાની મહત્ત્વાકાંક્ષાએ બાળકના બાળપણને છીનવી લીધું છે.' પરીક્ષાના માર્ક્સને એણે તેની હોશિયારી માપવાની પારાશીશી બનાવી દીધી છે અને એટલે 'યેન કેન પ્રકારેણ' વધુ માર્ક્સ માટે સંતાનો પ્રયત્નો કરે છે, એમાંથી કેટકેટલાં અનિષ્ટો સર્જાય છે!

આજનું શિક્ષણ માહિતીપ્રધાન જરૂર બન્યું છે પણ મૂલ્યોનો હ્રાસ થતો ચાલ્યો છે. 'સાધના વિના સિદ્ધિ નહીં', 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન્' એ સૂત્રો તો જાણે જીવનમાંથી ભૂંસાતાં જાય છે. ઓછી મહેનતે વધુ લાભ લેવાની ત્રિરાશી મંડાતી જાય છે અને એ બધી મથામણમાં પિસાતાં નાદાન બાળકો... રોજેરોજ એમની કોઈક ને કોઈ નવી સમસ્યા

હોય છે.

ચારે બાજુ એવું તો ઘેરું પ્રદૂષણ આપણને ઘેરી વળ્યું છે કે અેની અંદર આપણાં સંતાનોનાં જીવનમાં મૂલ્યોને પ્રસ્થાપિત કરવાં અને ટકાવી રાખવાં એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ છે. એમાં ય ટી.વી.! લોભામણી જાહેરખબરો, તેમાંથી જાગતો અસંતોષ, એ સંતાનોને પપ્પાના ખિસ્સામાંથી પૈસા ઉપાડવા પ્રેરે છે તો ક્યારેક સ્કૂલમાં બીજા બાળકના કંપાસમાંથી લોભામણો સંચો સરકાવી લેવા પ્રેરે છે. ઈશ્વરે માનવમાત્રમાં Possessive instinct તો મૂકી જ છે. પણ એને ય સમાલવી તો પડે જ ને! સંતાનમાં આવી ટેવ ન પડે તે માટે રોજેરોજ સંતાનની બધી જ પ્રવૃત્તિઓ પર ઝીણવટભર્યું ધ્યાન રાખવાનો અાજની કેટલી માતાઓ પાસે સમય છે? ધીરજ છે? ક્ષમતા છે?

સંતાનો સાથે આપણું સાયુજ્ય તૂટ્યું છે. મા-બાપ સતત ફરિયાદ કરે છે: ‘કોણ જાણે અાજનાં આ છોકરાંઓને થયું છે શું? અમારું સાંભળે છે જ ક્યાં? બહેન! હું તો અેનાથી થાકી ગઈ છું. એની પાછળ પાર વિનાનો સમય બગાડું છું પણ એ સુધરે તો ને! હવે તો તમારે તેને જે કરવું હોય તે કરો.’ ને ત્યારે મને થાય છે ‘મા-બાપ નીવડવું કંઇ સહેલું નથી. એ તો અેક સાધના છે. સાધના વિના સિદ્ધિ ન જ મળે. મીઠી કેરી ખાવી હોય તો અાંબો વાવવો પણ પડે અને એનું જતન પણ કરવું પડે. આપણાં સંતાનો આખરે તો માનવ બનીને જન્મ્યાં છે. દેવ બનીને કોઈ જન્મતું નથી. અાપણે એમને દેવ બનાવવાનાં છે, ને અે માટે જરૂર છે મા-બાપ બનતાં શીખવાની.’

ટી.વી.નાં આક્રમક દૃશ્યો ઊગતાં બાળકોને હિંસક વૃત્તિ માટે ઉશ્કેરે છે. એના હૃદયમાં અજંપો છે, એને ‘હાશ’ નથી, વહાલથી માથે હાથ ફેરવી તેના મનની વાત સાંભળે તેવો તે સહારો સતત શોધતો હોય છે. એની દશા સઢ વિનાના વહાણ જેવી બની ગઈ છે. એને માર્ગ કોણ ચીંધશે! પશ્ચિમની સંસ્કૃતિના આંધળા અનુકરણમાંથી આવતાં અનેક અનિષ્ટો અને તેમાંથી પરિણમતી વર્તનની અનેક સમસ્યાઓ! સંતાનો ફરિયાદ કરે છે. ‘મને સાંભળો તો ખરાં! મને સમજો તો ખરાં!’ સંતાનો અને મા-બાપ વચ્ચેની સમજમાં જાણે એક મોટી ખાઈ પડી ગઈ છે, એ બંને વચ્ચેનું અંતર દૂર કરવાનો અા મારો નમ્ર પ્રયાસ છે. રોજેરોજ શારદામંદિરમાં અનેક બાળકોને, તેમની સમસ્યાઓને નજીકથી જોવાના અનેક પ્રસંગો બને છે અને એમાંથી એક જરૂરિયાત લાગી છે ‘Parenthood training’ની. જેના પરિપાક રૂપે આ પુસ્તક આપ સૌના હાથમાં મૂકું છું. સારાં મા-બાપ નીવડવું કાંઈ સહેલું નથી. એ અેક આકરી તપશ્ચર્યા છે.

આ જ વિષય પરનું પ્રથમ પુસ્તક ‘બાળકને અોળખીએ’ ‘બાળકને સમજીએ’ (ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત), ‘કિશોરોનું મનોરાજ્ય’ ‘બાલવિકાસસંહિતા’ અને પછી આ ‘મા-બાપ બનતાં શીખીએ’ આપ સૌ ઉમળકાભેર વધાવશો અેવી મને શ્રદ્ધા છે. અેમાં રહેલી ક્ષતિ કે ત્રૂટિને ક્ષમ્ય કરી અેને સ્વીકારશો તેવી મારી અપેક્ષા છે.

પ્રસ્તુત પુસ્તકમાં ઘણીબધી સમસ્યાઓને સાંકળવાનો મેં પ્રયત્ન કર્યો છે. ક્યાંક મા-બાપનું પોતાની ફરજમાંથી Escapism દેખાય છે તો ક્યાંક સંતાનો તરફ ધિક્કારવૃત્ત... ‘જો ને કેવાં કપડાં પહેર્યાં છે! સાવ બબૂચક જેવો લાગે છે!’ સંતાનનો અાત્મવિશ્વાસ તોડતાં આવાં મા-બાપને જોઉં છું ને મારું હૃદય બાળક તરફની કરુણાથી દ્રવી ઊઠે છે. આકાશપાતાળ અેક કરી સારી સ્કૂલમાં એડમિશન લઈ અને ટ્યૂશન પાછળ અઢળક પૈસા ખર્ચી પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ ગયાં તેમ માનતાં મા-બાપનો ય આજે ક્યાં તોટો છે! બાળકને સમજવામાં અને સમજાવવામાં નિષ્ફળ બનતાં, ધીરજ ગુમાવતાં સહેજ વાતમાં ય સાઇકિયિાટ્રસ્ટ પાસે લઈ જતાં મા-બાપ પણ કેટકેટલાં છે! ‘મારું બાળક એ મારું જ કામ. એ મારી ચેલેંજ છે.’ એ ભાવના હૃદયમાં ન જન્મે ત્યાં સુધી બાળકોની સમસ્યાઓ રહેવાની જ.

એનો ઉકેલ નથી તેવું નથી... દુનિયામાં બધું જ શક્ય છે પણ એ માટે ધીરજ અને શ્રદ્ધાપૂર્વક મહેનત કરવાની તૈયારી જોઈએ. મને આશા છે મા-બાપને આ પુસ્તકમાંથી ઘણું સારું માર્ગદર્શન મળી રહેશે.

1992માં મારું પ્રથમ પુસ્તક 'બાળકને ઓળખીએ' ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના સૂત્રધાર અને મારા સ્નેહી શ્રી મનુભાઈએ પ્રકાશિત કર્યું ત્યારે મને ખ્યાલ પણ ન હતો કે આ એક નવી પગદંડી પર હું પગ માંડી રહી છું, પણ તેમના સતત સાથ, સહકાર અને પ્રોત્સાહનથી દર વર્ષે એક-એક પુસ્તક પ્રકાશિત થતું ગયું, એમ જ આ નવમું પુસ્તક 'મા-બાપ બનતાં શીખીએ' માટે હું શ્રી મનુભાઈનો આભાર માનું તેટલો ઓછો છે. સાહિત્યસર્જનના ક્ષેત્રમાં મારા ગુરુ મુ. શ્રી યશવન્તભાઈ મહેતા! એમનું માર્ગદર્શન, પ્રોત્સાહન અને પ્રેરકબળ. એમના ઋણસ્વીકાર માટે મારી પાસે શબ્દો ય વામણા પડે છે. બંને તરફ હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરું છું.

પુસ્તકનું સુંદર અને સૂચક આવરણ તૈયાર કરી અાપવા બદલ ચિત્રકારની પણ હું આભારી છું. મારા પુસ્તકનો પરિચય મુ. શ્રી યશવન્તભાઈ જ આપે અેવું સતત મારું મમત્વ રહ્યું છે એને માટે સદાય સાથ અને સહકાર અાપવા બદલ હું અેમની અત્યંત ઋણી છું. મારા વહાલા વિદ્યાર્થીઓ જેમણે મારામાં વિશ્વાસ મૂકી તેમના અંતરની વાતો મારી પાસે નિખાલસતાથી રજૂ કરી આ પુસ્તક માટે મને સામગ્રી પૂરી પાડી છે, તે સાથે તેમનાં મા-બાપ કે જેઓએ હંમેશાં એમનાં બાળકોની સમસ્યાઓ ઉકેલવામાં મને સંપૂર્ણ સાથ અને સહકાર અને સમય અાપ્યાં છે, એ સૌ પ્રત્યે ઊંડા આભારની લાગણી વ્યક્ત કરું છું અને મારા વાચકો! મારાં અેક પછી એક પા પા પગલીની જેમ અાવતાં પુસ્તકોને ઉત્સાહથી આવકારી અનેક પ્રતિભાવોથી વધાવી તેમણે મારામાં આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા પ્રગટાવી છે. તેમનું ઋણ હું કેવી રીતે ભૂલું? આપ સૌ આ પુસ્તકને વધાવી લેશો તેવી અપેક્ષા સાથે વિરમું છું.

— ઊર્મિલા શાહ

અનુક્રમ

પૂજન નાસ્તો કેમ નથી કરતો?

‘અરે પૂજન! તારો નાસ્તો ક્યાં છે? ચાલ તો બેટા... અહીં જો, બધાં છોકરાંઓ કેવાં બેસી ગયાં છે! તારે પણ નાસ્તો કરવો છે ને? તને ભૂખ નથી લાગી? અહીં અાવતો રહે. અરે! તમને બધાંને ખબર છે? પૂજન તો બહુ જ ડાહ્યો છોકરો છે. હમણાં જોજોને મારી બાજુમાં બેસી જશે અને અાંખો મીંચી હાથ જોડીને અેવા સરસ શ્લોક ગાશે. ખરું ને, પૂજન? ચાલો, બધાં શરૂ કરો તો ‘ઓમ સહનાવવતુ...’ નીતાબહેને બધાં જ છોકરાંઓને વર્ગમાં ગોઠવ્યાં. સૌની સામે પોતપોતાના ડબ્બા મૂક્યા... અને બધાં હાથ જોડી આંખો મીંચી શ્લોક ગાવા માંડ્યાં. પણ પૂજન! પૂજનનું મન તો ક્યાંક બીજે જ દોડી રહ્યું હતું.

એણે બાજુના છોકરાનો ડબ્બો ઉપાડ્યો. ઉઘાડ્યો ને અેમાંથી સેવ-મમરા ઢોળાઈ ગયાં. એટલે ગભરાઈ ગયો ને રડવા માંડ્યો. પ્રાર્થનામાં ખલેલ પડી અને સૌ છોકરાંઓ પ્રાર્થના ગાતાં-ગાતાં અટકી ગયાં. વર્ગમાં પચીસ બાળકો અને તે પણ માંડ અઢી ત્રણ-ત્રણ વરસનાં. અેમને સાચવવાં, શાંત રાખવાં, એ સહેલું કામ નથી. આમ તો બાળકો ખૂબ કહ્યાગરાં હોય છે. પ્રેમથી જે સૂચના આપો અે સૂચનાનું અક્ષરશ: પાલન કરે છે જ, પણ એ પચીસમાંથી એકાદ બાળકને પણ જો કંઈક ખટક્યું અને અે વંકાયું તો પછી ખલાસ... અેકની પાછળ બાકીના ચોવીસે ચોવીસની ગાડી પાટા પરથી ઊતરી જ જાય.

પૂજનનું આજે અાવું જ થયું. એની મમ્મી છેલ્લા અઠવાડિયાથી એના નાસ્તાના ડબ્બામાં રોજ બિસ્કિટ જ આપતી હતી. કોણ જાણે કેમ પણ એને એ બિસ્કિટ ભાવતાં નહીં હોય કે પછી રોજેરોજ નાસ્તાના ડબ્બામાં એ જ બિસ્કિટ જોઈ એને એ માટે અભાવ થઈ ગયો હશે કે કેમ? એણે અર્ચિતના ડબ્બામાંથી સેન્ડવીચનું બટકું માંગ્યું.... તરંગના ડબ્બામાંથી ખજૂર ખેંચ્યું... મુનિરના ડબ્બામાંથી મમરાનો મૂઠો ભર્યો અને આખાય વર્ગમાં ધાંધલધમાલ મચાવી દીધી. હું પણ મૂંઝાઈ, પૂજન આટલો અકળાયો કેમ છે? એને શાંત તો પાડવો પડશે ને! અને મેં એનો ડબ્બો લઈ મારા ખોળામાં બેસાડ્યો, એને વહાલથી નાસ્તો કરાવવા માંડ્યો, હજી ડબ્બો ખોલું છું, તો અરે! આ શું? એમાં ત્રણ બિસ્કિટ તો ધારેથી કોતરેલાં હતાં. માંડ બે બિસ્કિટ નવાં ઉમેરાયાં હશે, તેવું દેખાયું. મને વિચાર આવ્યો... મને અાવો નાસ્તાનો ડબ્બો મળ્યો હોય તો મને નાસ્તો કરવાનું મન થાય ખરું? અરે! ગમે તેટલી ભૂખ લાગી હોય, ભલે એક સાદી ચીજ જ કેમ ન હોય, પણ તે જરા ચોકસાઈથી કે વ્યવસ્થિત રીતે પીરસાઈ હોય તો જ ગમે ને! નહીં તો ભૂખેય ઊડી જાય!

બાળક સ્કૂલમાં નાસ્તો કરે અેટલે ડબ્બો નીચે મૂકે, એટલે ગંદો તો થાય જ, એને રોજેરોજ ધોવોય ન પડે? અને સ્કૂલમાં બાળક નાસ્તો કરવા બેસે એ પહેલાં એના હાથ પણ સાવ ચોખ્ખા તો ન જ હોય. એ ગંદો નાસ્તો ફરી આપણું જ બાળક ખાય! કદાચ નાસ્તો થોડો વધ્યો તો એ કાઢી નાંખીને બીજો નાસ્તો ન અપાય? ચાર બિસ્કિટની કિંમત કરતાં બાળકના આરોગ્યની કિંમત કેટલી અમૂલ્ય છે અે આજની ભણેલી-ગણેલી માતાનેય શું સમજાવવાનું હોય?

ઘરમાં મોટાંને રોજ પુછાય ‘આજે શું ખાવું છે?’ કેટલાં ઘરોમાં બાળકને પૂછીને રસોઈ થાય છે? હા, બાળક ક્યારેક કંઈક ભાવતી ચીજની ફરમાઈશ કરે, ત્યારે ઘણાં ઘરોમાં એ વસ્તુ બને છે ખરી, પણ સાથે-સાથે એવીય માતાઓ જોવા મળે છે, જે એટલી વ્યસ્ત રહે છે કે તેને બાળકની ભાવતી ચીજ બનાવવાનો સમય નથી મળતો. અરે! બજારમાંથી સીધું જ કાતરીનું પેકેટ આપી દેતાં વાલીઓ પણ ક્યાં ઓછાં છે? અને હવે તો એને રફલ્સ જેવું નવું નામ અપાયું છે. કોથળી મોટી મજાની લાગે પણ અંદર રફલ્સ સાવ થોડાં હોય. બાળક પણ એમાંથી

મળતાં ચિત્રો માટે એ હોંશે-હોંશે ખરીદે. બાળક તો નાદાન છે, પણ માબાપ પણ બાળકના પોષણમાં આરોગ્યનો વિચાર ન કરે! ત્રણચાર કલાક શારીરિક અને માનસિક શ્રમ પછી બાળકમાં નવી શક્તિનો સંચાર થાય તેવો પૌષ્ટિક નાસ્તો તો જોઈએ ને? ઊછરતાં બાળકને તો કેટલી બધી શક્તિની જરૂર પડે! દોડે, કૂદે, રમે, નાચે અને ભણે, શક્તિ તો તેને કેટલી બધી જોઈએ? આજે કેટલાં મા-બાપની તેને માટે જાગૃતિ છે?

સ્કૂલમાં રિસેસ પડે. બાળકો સૌ પોતપોતાનાં મિત્રો સાથે ગોઠવાઈ જઈ નાસ્તો કરવા બેઠાં હોય એ દૃશ્ય પણ નિહાળવું ગમે તેવું હોય છે. તેમના મોં પરની પ્રસન્નતા, મિત્રો સાથેની મીઠી વાતો, એ બધી પળોની સ્મૃતિઓ તો કલ્પનાસૃષ્ટિ સમક્ષથી જીવનભર ભૂંસાતી નથી અને એમાંય મિત્રોના ડબ્બામાંથી ખાધેલા નાસ્તાનો સ્વાદ તો વર્ષો પછી ય જાણે ફરી-ફરી માણવાનું મન થાય છે. આવી અમૂલ્ય પળો જ જો બાળકની માની ઉદાસીનતાને કારણે બગડે તો એ માને કેવી રીતે માફ કરી શકાય?

બાળકના વર્તન ઉપરથી તો માબાપની સંસ્કારિતાનો ખ્યાલ આવે જ છે, પણ એના નાસ્તાનો ડબ્બા પર પણ જો નજર નાંખતાં રહીએ તો તેની માની બાળક માટેની ચિંતા, બાળક માટેની જાગૃતિ વિશેનો ખ્યાલ તરત આવી જાય છે. ચિંતનના નાસ્તાના ડબ્બામાં શિયાળામાં ખજૂર હોય, કોઈ વસાણું હોય, સેન્ડવીચ હોય. ક્યારેક ભાખરી-ગોળ હોય. ક્યારેક રોટલી-ગોળ પણ હોય, તો ક્યારેક ફણગાવેલા મગ પણ હોય, ડબ્બો એકદમ સાફ અને સુંદર રીતે વ્યવસ્થિત રીતે ભરેલો હોય. જોતાં જ અંદરથી ભૂખ ઊઘડે એવો ડબ્બો ચિંતનનો હોય અને એ જોઈ મને તેની મા માટે માન થાય. બાળકનું આરોગ્ય કેટલું બધું મહત્ત્વનું છે! અને તે માટે સ્વચ્છ અને પૌષ્ટિક નાસ્તો પણ એટલો જ મહત્ત્વનો છે.

'પહેલું સુખ તે જાતે નર્યાં' જીવનનું એ સનાતન સત્ય આપણે જ્યાં સુધી સાજા હોઈએ, ત્યાં સુધી નથી સમજાતું, પણ પિસ્તાલીસ કે પચાસ વર્ષની ઉંમર થાય અને શરીરનાં અંગો વારાફરતી ખોટવાવાનાં શરૂ થાય ત્યારે જ આરોગ્યની સાચી કિંમત સમજાય છે. એટલે જ એક મા તરીકે પણ બાળકને શું ખાવું. ક્યારે ખાવું, કેવી રીતે ખાવું, વગેરેની યોગ્ય ટેવો નાનપણથી જ પાડી હોય તો તેનું આરોગ્ય એ પોતે જ સાચવી શકે.

આરોગ્યનો આ નિયમ બાળકના મગજમાં નાનપણથી જ ઉતારીએ તો?

તરંગના ડબ્બામાં રોજ જ તળેલો નાસ્તો હોય, સેવ, ગાંઠિયા, પૂરી, મઠિયાં 'અમારા તરંગને ખાવાનો ભારે શોખ, એને તો સ્વાદિષ્ટ નાસ્તો જ જોઈએ.' એનાં મમ્મી ગર્વથી કહેતાં પણ એ તરંગ વારંવાર પેટમાં દુખવાની ફરિયાદ કરે છે ત્યારે? અને તેમાંય આજના ફાસ્ટફૂડે તો માનવમાત્રના આરોગ્યને હોડમાં મૂક્યું છે. ક્યારેક તો એમ વિચાર આવે છે કે 'આપણે જીવવા માટે ખાઈએ છીએ કે ખાવા માટે જીવીએ છીએ?' માણસ સમજુ અને બુદ્ધિશાળી હોવા છતાં આ કેવી કરુણતા!

*

મમ્મી! હું શું બનું?

'મમ્મી, ઓ મમ્મી, જો તો ખરી, હું શું લઈ આવી છું?'

'મમ્મી, અમારી સ્કૂલમાં ફેન્સીડ્રેસ છે. મમ્મી મારે ભાગ લેવો છે. હું શું બનું? મને કહેને મમ્મી...' અપર્ણાના આનંદનો પાર ન હતો. તેના મગજમાં જાતજાતના વિચારો ચાલતા હતા. સ્કૂલમાંથી ઘેર અાવતાં-આવતાં તો તેણે અનેક જાતના વિચાર કરી રાખ્યા હતા. બાળકોનો ઉત્સાહ પણ કેવો અપાર હોય છે! તેનું નાનકડું મગજ તેની આસપાસની સૃષ્ટિમાંથી પાત્ર શોધવા મથે છે અને અેમાં એને અેની મમ્મીના માર્ગદર્શન વિના ક્યાંથી ચાલે?

'બોલ તારે શું બનવું છે? પોલીસ? વકીલ? વેપારી? ના-ના લોકમાન્ય તિલક જ બને તો? ગાંધીજી, ઇંદિરા ગાંધી, ડેન્ટલ સર્જન,' મા પણ તેની બુદ્ધિ પ્રમાણે, આસપાસની સૃષ્ટિ તરફ નજર દોડાવે છે. બાળક જન્મે છે, ત્યારથી જ દરેક માબાપના મનમાં એક સ્વપ્ન હોય છે કે મારે મારા બાળકનો આદર્શ ઉછેર કરવો છે. તે દુનિયાભરમાં નામ રોશન કરે તેવો મારે તેને બનાવવો છે. અને અેટલે આજની શિક્ષિત માતાઓ અે બાળકના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય તે માટે અે મહત્ત્વાકાંક્ષી મા અને જાગ્રત પિતા કેટકેટલી દોડાદોડ કરે છે! ભણવાથી માંડી ઇતર પ્રવૃત્તિ, બધામાં જ તે આગળ આવે તે માટે તે આકાશપાતાળ એક કરે છે. પછી સ્કેટિંગ હોય. કરાટે હોય, સ્વીમિંગ હોય, સંગીત હોય, ચિત્ર હોય કે ફેન્સીડ્રેસની સ્પર્ધા હોય.

'અપર્ણા તું શું બનીશ તને શું કરવું ફાવશે? તને શું બનવું ગમશે?' અાસપાસની દુનિયા અને ટી.વી.ના પરદે દેખાતાં અનેક પાત્રો તેની નજર સમક્ષ આવીને ઊભાં રહે છે, તેને કઈ મર્યાદા નડે તેમ છે? એના વ્યક્તિત્વની અદા કેવી છે? અને અે બધું વિચારવા સાથે અપર્ણાની ઇચ્છા પણ તેણે જાણી લેવી જ પડે. બાળક એ કાંઈ ચાવીવાળું રમકડું નથી કે આપણે જેમ ચાવી આપીએ તેમ નાચવા માંડે. એવા મશીનવત્ અભિનયમાં જીવંતપણું ક્યાં લાગે? અને અભિનયમાં પ્રાણ જ ન લાગે તો સ્પર્ધામાં ભાગ કેવી રીતે લેવાય? અને અેટલે માતાપિતાએ બાળકની સફળતા માટે સારી એવી જહેમત ઉઠાવવી પડે છે. તેમાં ઊંડો રસ લેવો પડે છે, તેમાં ખાસ્સો સમય અાપવો પડે છે. પોતાનાં સંતાનને ખૂબ જ નજીકથી, સૂક્ષ્મતાથી નિહાળવું પડે છે, સમજવું પડે છે. તેનો સ્વભાવ, તેની શક્તિ તેની મર્યાદા-બધાંનો વિચાર કર્યા પછી જ તેનું પાત્ર નક્કી કરી શકાય. અને અે નક્કી કર્યા પછી પણ એની એ સફળતા માટેની જહેમત પણ કાંઈ ઓછી હોતી નથી. ઝીણી-ઝીણી બાબતો તરફ તેનું ધ્યાન દોરવાનું અભિનય, અભિવ્યક્તિ, હાવભાવ, વેશભૂષા, ફક્ત ફેન્સી ડ્રેસની સ્પર્ધામાં સફળતા માટેય માબાપે કેટકેટલાં પાસાં પ્રત્યે ધ્યાન રાખવાનું હોય છે! ક્યારેક તો અેમ થઈ જાય કે સાધના વિના સિદ્ધિ ન જ મળે. અને અે સિદ્ધિ મળે તેનાં મીઠાં સંભારણાં જીવનભર મનમાં સચવાઈ રહે... કાર્તિકને તેના મમ્મીએ 'લાલુ યાદવ' બનાવ્યો. બાળક નાનું છે, નાદાન છે, નિર્દોષ છે. પાંચ વર્ષના બાળકને પૂરી ખબરેય નથી કે લાલુ યાદવ કોણ છે, કેવો છે. માએ પહેરાવ્યો તેવો ડ્રેસ તેણે પહેર્યો અને ગોખાવ્યું તેવું એ અભિનય સાથે સ્ટેજ પર આવીને બોલ્યો. ટી.વી. પર એણે લાલુ યાદવને જોયો હશે ખરો. નહીં તો આટલું નાનું બાળક આટલી સરસ અભિવ્યક્તિ ન કરી શકે. કારણ બાળક સૂક્ષ્મ નિરીક્ષણ કરીને પછી તેનું અનુકરણ જ કરે છે. અામ જ તેમનું આખુંય સામાજીકરણ થાય છે, પણ મને અાશ્ચર્ય એ થયું કે આવું પાત્ર કેમ પસંદ કર્યું હશે? થોડાં વર્ષો પહેલાં મૃગાંક ભારતીય જનતા પરિષદનો નેતા બન્યો હતો. એની અદા, એની અભિવ્યક્તિ યાદ અાવી ગઈ. પ્રિયા ઇંદિરા ગાંધી બની હતી. તેની અદા નજર આગળ જાણે તાજી થઈ ગઈ અને અે સ્મૃતિઓ ઘડીભર જાણે માણવી ગમી,

પણ કાર્તિક 'લાલુ યાદવ' બન્યો. એને ઇનામ પણ મળ્યું પણ એ મોટો થશે. એ પ્રમાણપત્ર જોશે ને તેની માને પૂછશે કે 'મા હું શું બન્યો હતો?' અને જ્યારે તે જાણશે કે તે લાલુ યાદવ બન્યો હતો, ત્યારે તેના મનમાં કેવી લાગણી થશે? ઈશ્વરે દરેક માણસમાં 'અહમ્' મૂક્યો છે અને એને કારણે એને recognitionની ઇચ્છા થાય છે.

ચાર માણસમાં પુછાય, પાંચ જણાં તેની પ્રશંસા કરે અે સૌને ગમે છે. 'ખુશામત ખુદા કો ભી પ્યારી હોતી હૈ' એ દરેક માનવને લાગુ પડતું સનાતન સત્ય છે અને એટલે સારું પાત્ર પસંદ કર્યું હોય અને તેમાં ઇનામ મળ્યું હોય તો એની સુવાસ જીવનભર રહે છે.

ભલે ઇનામ મળ્યું હોય પણ આવું, સમાજમાં તિરસ્કૃત હોય તેવું પાત્ર ભજવવામાં જો ઇનામ મળ્યું હોય તો અા નાદાન ઉંમરે એ ઇનામનો આનંદ જરૂર થાય, પણ મોટા થઈને ખબર પડે કે અાવા પાત્ર માટે ઇનામ મળ્યું હતું તો અે જ એના હૃદયને પ્રશ્ન પૂછશે, 'શું હું આવો ખરાબ બની શક્યો હતો?' માણસને ખરાબ થવું – ક્યારેય ગમે ખરું? મને અે બાળકનાં માબાપ માટે અનુકંપા જાગી. બાળક તો અા ઉંમરે નાદાન હોય, પણ આ નાદાન માબાપનેય ખબર નથી કે બાળકના ઉછેરમાં દુનિયાની ઊજળી બાજુ તરફ જ દૃષ્ટિ માંડતાં શીખવવું જોઈએ. ખરાબ તત્ત્વોને તો તેમનાથી બને એટલાં દૂર રાખવાં જોઈએ. માબાપ બનવું રહેલું છે, પણ સારા માબાપ નીવડવું એ કેટલું કઠિન કામ છે! એ એવા પ્રસંગો જોઉં છું, ત્યારે ખ્યાલ આવે છે.

એક બાળકને ગાંડાનું પાત્ર ભજવવાનું શીખવ્યું હતું. ગાંડા જેવો અભિનય કરવો અે બાળક માટે સહેલું નથી, પણ બાળકને તે માટે બોલતાં શીખવવું એ પણ સહેલું નથી. અે અે જ વખતે સમજાયું, એને માબાપે શીખવ્યું હતું. 'ઓહ માધુરી! આઇ લવ યુ'ને મને અેક ઘેરો આઘાત લાગ્યો. પાંચ વર્ષના બાળકને અાવું શીખવવાનું હોય! મને થયું... આજે હું અનેક બાળકોને આજના આ ભયાનક પ્રદૂષણથી દૂર રાખવા સખત હિમાયત કરું છું, ત્યારે અા જ બાલમંદિરનાં આ જ માબાપો બાળકને અે જ માર્ગે દોરે છે? કેટલી મોટી કમનસીબી! આવા છીછરા ભણેલાં-ગણેલાં કહેવાતાં ને છતાંય સંસ્કાર અને સંસ્કૃતિ વિનાનાં માબાપને હું જોઉં છું, ત્યારે મને અે માબાપ માટે તો કરુણા થાય છે જ, પણ તેથીય વધુ ચિંતા તો પેલા બાળકના ભવિષ્યની થાય છે – એ કેવો માનવ બનશે? 'મહેકાવે તે સંસ્કૃતિ અને બહેકાવે તે વિકૃિત' માબાપોને આ સમજાવવું, અા શીખવવું કેવી રીતે?

'જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ' અને એને માટે સારી positive દૃષ્ટિ કેળવવી અે બહુ મોટી જરૂરિયાત છે. બાળક કદાચ ઓછું ભણશે તો ચાલશે. આજે તો માબાપને પરીક્ષાના માર્ક્સની ઘેલછા જ લાગુ પડી છે અને પરીક્ષાના માર્ક્સ એ જ તેમને માટે બાળકને માપવાની પારાશીશી બની ગઈ છે, પણ બાળકને અાપણે ફક્ત રૉબોટ નથી બનાવવાનો. તેને જીવંત માનવ બનાવવાનો છે! સંસ્કાર વિનાનો માણસ પશુ સમાન છે, એવું તો આપણાં પુરાણોએ પણ કહ્યું છે. બાળકનું ઘડતર એ કેટલી અગત્યની બાબત છે! આજના શિક્ષણમાં ફક્ત માહિતી જ છે, હરણફાળે આગળ વધી રહેલી દુનિયા સાથે કદમ મિલાવવા માટે અે માહિતીની જરૂર છે જ, પણ તે સાથે એ જ બાળકનું ઘડતર પણ એટલી જ મહત્ત્વની વાત છે.

બાળક તેમની દૃષ્ટિ સમક્ષ આદર્શરૂપ રાખી તેમના જેવા બનવા માટે મથે એવા માબાપ પણ જૂજ જોવા મળે છે, ત્યારે શાળાઓમાંય આદર્શ શિક્ષકોની પણ અાજે ખોટ વરતાવા માંડી છે. બાળકની દશા તો જાણે 'સઢ વિનાનાં વહાણ' જેવી થઈ ગઈ છે. તેને સતત મનમાં પ્રશ્ન થાય છે – 'હું કોના જેવો થાઉં?'

એને માર્ગ ચીંધે તેવું કોઈ જ નથી, હા, ક્યાંક દાદા, દાદી પાસે એ અનુભવનું ને સંસ્કારનું ભાથું છે ખરું, પણ એની કિંમત આજે અંકાય છે ખરી? ઉપરથી એમનીય આજે તો ઉપેક્ષા

થાય છે ને પરિણામે ઊગતી કુમળી નવી પેઢીનું તો આખું ભાવિ જ ધૂંધળું બની ગયું છે!

કેટલી મોટી કરુણતા!!

*

દેવાંગ! તું અનુજાને કેમ મારે છે?

'મા, હું કાલે સ્કૂલમાં નથી જવાની.'

'શું થયું અનુજા?'

'મા, પેલો દેવાંગ રોજ મને ખૂબ મારે છે.'

'તું અેની સાથે રમે છે શું કરવા?'

'મમ્મી, હું એની સાથે રમતી જ નથી, અરે! ક્યારેય એની સાથે હું બોલતી જ નથી. છી... એવા તોફાનીનું નામ કોણ લે! ને તોય એ મને રોજ મારે છે મા...'

'તારા ટીચરને કહી દે ને! ટીચર એને શિક્ષા કરશે.'

'મેં ટીચરનેય કહ્યું, પણ એ કોઈનુંય માને તો ને?'

'આજે તો અેણે સ્કૂલ છૂટ્યા પછી મને ખૂબ મારી. મારા માથામાં ધૂળ નાંખી. હું હવે સ્કૂલમાં નહીં જાઉં. મને તો એ દેવાંગની ખૂબ બીક લાગે છે મા!'

બીજે દિવસે સ્મિતાબહેન સ્કૂલમાં ગયાં. અાચાર્યને મળ્યાં. વર્ગશિક્ષકને મળ્યાં, દેવાંગ ફક્ત અનુજાને જ નહીં, પણ ઘણી છોકરીઓને મારતો હતો અેવી એની સતત ફરિયાદો આવતી હતી. ક્યારેક ટીચર એને વર્ગની બહાર ઊભો રાખે, આખો દિવસ ભણવાનું તો બગડે જ, પણ તોય એ શિક્ષાની એને કંઈ જ અસર થતી ન હતી. વાત બહુ વધી ત્યારે આચાર્યે તેને બોલાવ્યો અને બે દિવસ સસ્પેન્ડ કર્યો, પણ દેવાંગને અસર થાય તો ને! બે દિવસ પછી એ સ્કૂલમાં આવ્યો ને ફરી પાછો હતો, ત્યાંને ત્યાં જ. બધાં જ છોકરાંઓને રંજાડવાનું એનું ચાલુ થઈ ગયું... નાનાં છોકરાં તો બિચારાં અકળાય જ પણ શિક્ષકો પણ શું કરે? દેવાંગને કેમ કરી સુધારવો એ એક મોટી સમસ્યા બની ગઈ હતી. એનાં મમ્મીને મળવા બોલાવ્યાં તો માંડ બે-ત્રણ દિવસ પછી એના પપ્પા મળવા આવ્યા, મમ્મી તો અાવી જ નહીં.

'કેમ એનાં મમ્મી મળવા ન અાવ્યાં? મેં તો એનાં મમ્મીને બોલાવ્યાં છે ને!' એના પપ્પાને જોતાં જ પ્રિન્સિપાલે વાત શરૂ કરી.

પપ્પા અચકાયા... એમના મોં પરની મૂંઝવણ સ્પષ્ટપણે વરતાતી હતી.

'બેન! એનાં મમ્મી નથી... એ તો...' અને એમ કહેતા તે અટકી ગયા.

'બહારગામ ગયાં છે? તો બે-ત્રણ દિવસ પછી મોકલજો.'

અને એમની મૂંઝવણ ઘેરી બની... બોલતાં અેમની જીભ ઊપડતી ન હતી, પણ પ્રિન્સિપાલ પાસે વાત કર્યા વિનાય કેમ ચાલે? અને એમણે ઘટસ્ફોટ કર્યો, 'એ ચાલી ગઈ છે, લગભગ છ મહિના થયા બેન...'

દેવાંગના પપ્પાના મોં પરનો ભાર, મૂંઝવણ, અકળામણ જોયાં, ક્ષોભ જોયો અને મને થયું એમને વધુ મૂંઝવવા ન જોઈએ, પણ દેવાંગનો આ પ્રશ્ન હલ કરવો – એ પણ એટલું જ જરૂરી હતું.

મને ખ્યાલ આવી ગયો... દેવાંગ બધાંને રંજાડે છે, કારણ એના મનને ચેન નથી. બાળકને માટે તો મા જ સર્વસ્વ હોય... નાનું હોય ત્યારથી તેના જીવનનું કેન્દ્ર એટલે મા, એની પળેપળ મા સાથે જ જાણે જિવાતી હોય... મા વિના એને પ્રેમ કોણ આપે? માને જુએ ને બાળકને કેવી 'હાશ' થાય છે!

અરે! અર્ચન આઠ વર્ષનો થયો. એની મમ્મી ડૉક્ટર છે અેટલે ગમે ત્યારે ઇમરજન્સી તો અાવે જ, પણ અર્ચન એવે વખતે એવો તો અધીરો બની જાય... દાદીમાને સતત પૂછ્યા કરે, 'દાદીમા, મા કયારે અાવશે?' દાદીમા એને જમી લેવાનું કહે તોપણ કહે, 'ના, મા આવશે ત્યારે જ જમીશ' એની મમ્મીને અાવતાં દસ વાગે તોપણ એ દસ વાગ્યા સુધી જમવા ન જ

બેસે. દાદીમાનો ઘણો જીવ બળે, છોકરો ભૂખ્યો છે, પણ અર્ચન માને તો ને! મા વિના બાળકને ચેન ક્યાંથી હોય?

અને અેટલે જ દેવાંગની શી પરિસ્થિતિ હશે, એ મારી નજર આગળ આવી ગયું... પતિ-પત્ની વચ્ચેનો મેળ ન હોય અને ઘરમાં ઘર્ષણો થાય તોય બાળકને સખત બિનસલામતી લાગે છે. અેને સતત ભય લાગે છે. 'મારું શું થશે?' કારણ કે બાળકને મા અને બાપ બંનેની જરૂર હોય છે. બાપ તરફથી તેને સલામતી લાગે છે. તો મા તરફથી તેને પ્રેમ અને હૂંફ મળે છે. આ બંને મળતાં હોય તેવાં બાળકો કેવા વાઘ જેવા થઈને ફરી શકે છે? તેમના મોં પર કેવી પ્રસન્નતા દેખાય છે! તેમનામાં કેવો આત્મવિશ્વાસ દેખાય છે! પણ આમાં અેકાદ પાસુંય નબળું હોય તો બાળકનું વ્યક્તિત્વ, એનો વિકાસ કથળી જાય છે અને તેમાંય દેવાંગની મા તો છ-છ મહિનાથી તેને છોડીને જતી રહી છે. માની સોડમાં સૂએ ને બાળક દુનિયાનાં બધાં જ દુઃખો ભૂલી જાય, એને જાણે ધરતી પર સ્વર્ગની અનુભૂતિ થાય... દેવાંગને આ અનુભૂતિ કેવી રીતે થતી હશે? એને હાશ ક્યાંથી વળે? એ બેચેન રહે, તેમાં તેનો શો વાંક? અને પછી અે બધી જ અકળામણ એ કોના પર કાઢે?

અરે! ઘરમાં પ્રથમ બાળક હોય અેટલે એને બે-પાંચ વર્ષ હાથમાં ને હાથમાં રાખવામાં આવ્યું હોય, પણ પછી બીજું બાળક આવે, ત્યારે તેની એ અગત્યતા અોછી થઈ જાય, માએ નાના બાળક તરફ વધુ ધ્યાન આપવું પડે એ પણ સ્વાભાવિક છે અને ત્યારે એ મોટું બાળક સુકાવા માંડે છે, કરમાવા માંડે છે, અકળાય છે, મૂંઝાય છે. ખાવાનું ઓછું કરી નાંખે છે. બાળક માટે તો મા જ સર્વસ્વ છે. તેને માની પળેપળ માટે અપેક્ષા હોય છે. તેનાથી તેની માની અેક્કેય પળ ઝૂંટવાઈ જાય તે બાળક કેવી રીતે સહન કરી શકે? અને છતાંય માબાપ વચ્ચેનાં ઘર્ષણોથી આવી પરિસ્થિતિ ઊભી થાય છે, ત્યારે બાળક માટે એ બધું જ અસહ્ય બની જાય છે. એથીય વધુ મુશ્કેલી તો અે છે કે એના હૃદયની એ મૂંઝવણ એને વ્યક્ત કરતાંય આવડતી નથી. અને કદાચ એ પ્રયત્ન કરે તો અેનું સાંભળે એવુંય ક્યાં કોઈ હોય છે! અને ત્યારે એ બાળકની એ બધી જ મૂંઝવણ એના વર્તનમાં વ્યક્ત થાય છે. હૃદયનો ભાર અે હળવો ક્યાં કરે?

ઘરમાં નાનો ભાઈ કે બહેન આવે અને ત્યારે મોટાં બાળકને વિશ્વાસમાં લેવો પડે છે, કારણ કે માનું ધ્યાન નાનાં બાળક તરફ વધુ રાખવું જ પડે અને ત્યારે એ મોટા બાળકને તેની ઉપેક્ષા થતી લાગે છે અને પરિણામે એ એની મૂંઝવણ, વિરોધ ગમે તે રીતે વ્યક્ત કરે છે, ક્યારેક નાના ભાઈ કે બહેનને તે મારશે, હેરાન કરશે, પણ આવું નાનું બાળક આવતાં પહેલાં મોટા બાળકને માનસિક રીતે તૈયાર કર્યું હોય, 'આપણો નાનો ભાઈ અાવવાનો છે. અાપણે તેને સાચવવાનો છે, તું તો હવે મોટોભાઈ થઈશ. તારે તેને તારી સાથે નિશાળે લઈ જવો પડશે, તું જેવું કરશે એવું એ કરશે, અને અેટલે હવે તારાથી તોફાન નહીં કરાય નહીં, બેટા!' અને આ વાત સાંભળી એનો 'અહમ્' સંતોષ પામે છે. એને અંદરથી થાય છે કે 'નાનોભાઈ, એ અેની જવાબદારી છે. એ એને પ્રેમ કરવા લાગે છે.' અને માનું કામ સરળ થઈ જાય છે. બાળકોને વિશ્વાસમાં લેવાં પડે છે.

દેવાંગ બધાંને મારે છે, તેમાંય છોકરીઓને ખાસ હેરાન કરે છે... અને એટલે સૌ કોઈ એની ટીકા કરે છે, એને વખોડે છે કે 'એ તો છે જ તોફાની', ખરાબ અને તોફાની છોકરા તરીકે તેની છાપ પડે છે... કોઈનેય ખરાબ થવું ગમે છે ખરું? ને છતાંય એ ખરાબ કેમ થાય છે? એ સંજોગોનો શિકાર બને છે, દેવાંગનાં મમ્મી અને પપ્પા બંને વચ્ચે ઘર્ષણો થવાથી તેની મમ્મી તેને મૂકીને ચાલી ગઈ છે. કઈ માને પોતાના હૃદયના ટુકડા જેવા દીકરાને છોડીને જવું ગમે? અને છતાંય પરિસ્થિતિ અસહ્ય બને ત્યારે એ ઘર અને બાળક બંનેને છોડે એ પરિસ્થિતિ એ મા માટે

તો અસહ્ય બને જ પણ બાળક માટે તો એ એથીય વધુ વિષમ બને છે. મા વિના બાળકની શી દશા થાય? એના જીવનમાં સર્વત્ર શૂન્યાવકાશ પ્રસરી જાય, આમેય પ્રેમ વિના તો કોઈ જ જીવી ન શકે અને અેમાંય બાળક માટે તો માનો પ્રેમ એટલે પ્રાણવાયુ... દેવાંગનું જીવન જ વેરાન થઈ ગયું હોય, એના હૃદયને ચેન જ ન હોય – એ દેવાંગ, આસપાસનાં સૌને રંજાડે એ સ્વાભાવિક છે. એના મનનો ભાર અે કેવી રીતે હળવો કરે? અને એમાંય એની મા પરનો ગુસ્સો એ કાઢે છે છોકરીઓ ઉપર. સમગ્ર સ્ત્રીજાતિ પર એના કુમળા માનસમાં સખત રોષ છે. અને અેટલે જ અનુજાનાં મમ્મીએ દેવાંગની નાડ પારખી. તેમણે દેવાંગને ખાસ વહાલ કરવા માંડ્યું. સ્કૂલ છૂટે અને અનુજાને લેવા આવ્યાં હોય ત્યારે દેવાંગને ખાસ વહાલથી પાસે બોલાવે. તેને માથે હાથ ફેરવે ને વહાલથી કંઈક વસ્તુ, કંઈક ખાવાનું આગ્રહપૂર્વક આપવાનું શરૂ કર્યું. શરૂ શરૂમાં તો દેવાંગ અનુજાનાં મમ્મી પાસે જતો જ નહીં, પણ ધીરે-ધીરે કરતાં અનુજાની મમ્મીએ એનું મન એવું તો જીતી લીધું છે કે હવે તો સ્કૂલ છૂટે અેટલે અનુજા કરતાંય પહેલો દેવાંગ અનુજાનાં મમ્મી પાસે આવીને વહાલો થઈ જાય છે, ને સાથે-સાથે એના મનને એવી ‘હાશ’ વળી છે કે હવે અે કોઈનેય રંજાડતો નથી, તોફાન કરતો નથી, પ્રેમથી જંગલી પશુને પણ વશ કરી શકાય છે, તો અા તો જીવંત માનવ છે. એને પ્રેમથી કેમ ન જિતાય? અનુજાના મમ્મીએ પ્રેમથી દેવાંગને અનુજાનો ભાઈ બનાવ્યો છે. એક મા વિનાના બાળક માટે આનાથી વધુ સારું શું હોઈ શકે!!

*

કાર્તિકાએ ગોળીઓ લીધી?

'શું વાત કરો છો? કાર્તિકાને હૉસ્પિટલમાં દાખલ કરી છે? એકાએક શું થઈ ગયું? હજી કાલે સાંજે જ તો અહીં આવી હતી. નિમિષા સાથે ખાસ્સી કલાક બેઠી હશે. ત્યારે તો સાવ સાજીસમી હતી ને અેકદમ શું થઈ ગયું?'

'એ બહુ ખબર નથી, પણ એવું સાંભળ્યું છે કે ઊલટીઓ બહુ થતી હતી.... ને તબિયત બહુ ખરાબ છે.'

'શું વાત કરો છો? કંઈ ખાધામાં આવી ગયું? કંઈ ફૂડ પોઈઝનિંગ જેવું થયું કે શું? હવેનાં છોકરાંઓ તો બાપ તોબા. બહારનું ખાવામાં એક્કા... ઘરનું ખાવાનું તો તેમને ગમતું જ નથી. સાંજ પડે એટલે બહાર કંઈક ફટાકો માર્યા વિના ચેન જ ન પડે ને!.... પણ બહારનું ખાવાનુંય કેવું હોય? નર્યું ગંદું હોય... માંદાં ન પડે તો બીજું શું થાય? આ જીભના સ્વાદે તો આપણને હેરાન-હેરાન કરી નાંખ્યા છે...'

'અરે શું તમેય હીનાબહેન! મારી કંઈ વાત સાંભળશો કે એકધાર્યું બોલ્યા જ કરશો?'

'બોલું નહીં તો શું કરું?... આ ઉંમરનાં છોકરાં જેનાં ઘરમાં હોય એ ઘરેઘરની આ જ તો કહાની છે.'

'એવું નથી... આ તો એવું સાંભળ્યું છે કે એણે કંઈ દવા પી લીધી છે....'

'ના હોય, અરે!' હજી તો અે માંડ પંદર વર્ષની છે. એવું તે એને આટલી ઉંમરમાં શું દુ:ખ પડી ગયું કે તેણે ઝેર લેવું પડ્યું? હવેનાં છોકરાં તો હદ કરે છે કંઈ... સાંજે અહીં આવી હતી, ત્યારે તો ખુશખુશાલ હતી... જવા માટે ઊઠતી હતી, ત્યારે મેં કહ્યું, 'બેસને હવે! રગડો, પેટીસ કર્યા છે, તો ખાઈને જજે.' તો કહે, 'ના હોં!' મારે ટી.વી.નો પ્રોગ્રામ જોવાનો રહી જાય.'

'કેમ આજે કશું ખાસ આવવાનું છે?'

તો કહે, 'હા આન્ટી... અાજે તો ટી.વી. પર શાહરૂખખાનનો પ્રોગ્રામ છે... હું જલદી ઘેર પહોંચી જાઉં. મારે એ તો ન જ ચુકાય...' ને કહેતાંકને તે ભાગી... સાવ સાજીસમી હતી, ત્યારે તો...'

'આ એ જ તો બધી મુશ્કેલી છે ને! એવું સાંભળ્યું છે કે એને ટી.વી. જોવાની એની મમ્મીએ 'ના' પાડી, એમાંથી અા બધી રામાયણ ઊભી થઈ છે. શાહરૂખખાન પાછળ તો એવી ઘેલી બની ગઈ હતી કે ન પૂછો વાત. ગમે તેવી પરીક્ષા હોય કે ગમે તે કામ કરતી હોય પણ ટી.વી પર શાહરૂખખાન આવે અેટલે બધું કામ પડતું મૂકીને એ ટી.વી. સામે જડાઈ જ જાય... છોકરીની જાતને કંઈ એ ઓછું ચાલે? હવે કંઈ એ નાની છે? રોજ એને મમ્મી સાથે આની જ તડાફડી થતી હતી. અેમાં વળી કાલે અાવું થયું, તમને ખબર છે? એના રૂમમાં એના ભણવાના ટેબલ પર જ્યાં જુઓ ત્યાં શાહરૂખખાનના ફોટા હોય... મારી નિમિષા વાત કરતી હતી અેટલે મને ખબર, બાકી આપણે કંઈ ઓછાં જ તેને ઘેર જવાનાં હતાં...! પણ એમાં આટલે બધે છેલ્લે પાટલે જઈને બેસવાની શી જરૂર? છોકરાં ભૂલ કરે તો મા-બાપ કહે તો ખરાં જ ને! આ ઉંમરે આમ એક્ટર. એક્ટ્રેસો એટલે એમનાં દેવદેવીઓ, એવું તે શું અેમાં તેમને દેખાતું હશે! આ ટી.વી. અને ફિલ્મોએ તો ત્રાસ કરી નાંખ્યો છે... નવી પેઢીનાં મગજ જ જાણે ચકરાવે ચડાવી દીધાં છે. માથા પર પરીક્ષા હોય કે પછી ઘરમાં ગમે તેવું કામ હોય... અરે મા માંદી હોય તોય કામ રખડે પણ ટી.વી. જોવાનું ન ચૂકે... અને પછી અેમના જેવાં કપડાં, એના જેવા વાળ ને બાકી હોય તે એમના જેવા ચેનચાળા. ઓહોહો! મને તો થાય છે કે અા બધું ક્યાં જઈને અટકશે? કંઈ સારું શીખવાનું હોય તો-તો સમજ્યા પણ આવા એક્ટર-એક્ટ્રેસોની પાછળ પડી-પડીને એ શું શીખવાનાં? એમનાં સંસ્કારનું શું? ચારિત્ર્ય ઘડતરનું

શું?....'

અમે નાનાં હતાં ત્યારે તો કેટકેટલાં પુસ્તકો વાંચતાં! શરદબાબુની નવલકથા વાંચીએ અને મનમાં થાય કે આનાં સ્ત્રીપાત્ર જેવું જ મારે વ્યક્તિત્વ બનાવવું છે. ચારે બાજુથી ભલે ને ગમે તેટલો વંટોળ કે ઝંઝાવાત કેમ ન આવે? પણ ડોક ટટ્ટાર રાખી આત્મશ્રદ્ધાથી જીવન જીવવાની તેમાંથી પ્રેરણા મળતી. જીવનચરિત્રો પણ કેટલાં વાંચતાં! અને ઘરમાં વડીલો પણ અવારનવાર વર્તન માટે ટોકે ત્યારે ક્યારેય મનમાં એમ ન થતું કે 'એ શાનાં કહે?' વડીલો માટે માન અને આમન્યા પણ કેટલી બધી હતી!... અને આજે...? આજે કેટલાં ઘરોમાં છોકરાઓ માબાપ સાથે માનથી વર્તે છે?... કોઈ પણ વાતમાં તેઓ 'ના' તો સાંભળી શકતાં જ નથી. ધારે તે થવું જ જોઈએ, નહીં તો એક ઘા ને બે કટકા અને એમાં જ તો આ કાર્તિકાએ આવું પગલું ભર્યું ને! બિચારાં માબાપની શી દશા થાય? છોકરાંની ભૂલ તો છોકરમતમાં ખપે, પણ માબાપને માથે તો સમાજ આખોય છાણાં જ થાપે ને! છોકરાં આવું કરે, એમાં સૌને માબાપની ભૂલ દેખાય ને...!

માબાપનીય સાવ જ ભૂલ નથી એવું નથી... છોકરાં સાવ નાનાં હોય, ત્યારથી જ આ ટી.વી. અને ફિલ્મની લતે ન ચડે તેનું ધ્યાન રાખવું બહુ જ જરૂરી છે.

ચારે બાજુ એનું એવું તો પ્રદૂષણ ફેલાઈ ગયું છે કે ઊગતી પેઢીને એમાંથી બચાવવી એ નાનીસૂની વાત નથી. કેટલાં માબાપો ટી.વી. જોયા વિના રહી શકે છે? ફિલ્મો પણ જોયા વિના કોને ચાલે છે?... આટલા ટૅન્શનમાં જીવતાં હોઈએ, આટલું બધું કામ કરતાં હોઈએ પછી રિલેક્સ થવાનું મન ન થાય? અને ત્યારે છોકરાંઓને એકલાં મૂકીને તો જવાય નહીં.

છોકરાં સાથે જ લઈને જવાનું થાય અને ત્યારે એ ફિલ્મનાં દૃશ્યો છોકરાંઓએ જોવા યોગ્ય છે કે નહીં એવો સારાસારના વિવેક સમજુ વડીલ તરીકે આપણે કરીએ છીએ ખરાં? અને આજના એ ચલચિત્રોમાં વૃત્તિઓને બહેકાવે એવાં ભરપૂર દૃશ્યો તો હોય છે જ, પહેલાનાં ન્યૂ થિયેટર્સ જેવા શિષ્ટ અને સંસ્કારી ચલચિત્રો આજે કેટલાં? માંડ આંગળીને વેઢે ગણાય એટલાં...

હજી તો આ કાર્તિકાની વાત જ મનમાં ઘૂમરાતી હતી, ત્યાં તો છાપામાં સમાચાર વાંચ્યા: 'ગાંધીનગરની સ્કૂલમાંથી સાતમા ધોરણની ત્રણ છોકરીઓ ગુમ થઈ છે...' અનેક જાતનાં વિચારો મનમાં ઘૂમરાવા લાગ્યા... ક્યાં ગઈ હશે એ છોકરીઓ? કોણ ઉપાડી ગયું હશે? શું હાલત થશે એમની? વખત એટલો ખરાબ છે કે આજે તો ત્રણ-ચાર વર્ષની દીકરીનેય એકલી મુકાય એવું નથી, તો આ તો સાતમા ધોરણમાં ભણતી છોકરીઓ, ખાસ્સી બાર-તેર વર્ષની તો હોય જ. એમની સહીસલામતીનું શું? ક્યાંક કોઈ નરાધમોના હાથમાં ફસાઈ ગઈ તો શું? આજે તો ઠેર-ઠેર આવા નરરાક્ષસો ફરતા જ હોય છે. કેટકેટલા વિચારો આવે? એમનાં માબાપને માટે તો જાણે માથે આભ તૂટી પડ્યાં જેવું જ થાય. ક્યાં તપાસ કરે ને ક્યાં પહોંચે? પણ બે દિવસમાં જ સમાચાર મળ્યા કે છોકરીઓ મળી છે, ભુજમાં ચાલતું શૂટિંગ જોવાની લાલચે કોઈને કહ્યા-કર્યા વિના જ એ નીકળી ગઈ હતી...! અને ત્યારે હૃદયમાં એકદમ ઘેરો આંચકો લાગ્યો... આપણે સુસંસ્કૃત થતાં જઈએ છીએ કે વિકૃત થતાં જઈએ છીએ? આજની ઊગતી પેઢીમાં આપણે માબાપો એક્કેય આદર્શો શીખવી શકીએ છીએ ખરાં!

'હું કોના જેવો થાઉં? હું કોના જેવી થાઉં?' એવો પ્રશ્ન સતત ઊગતી પેઢીની સમક્ષ થતો તો રહે જ પણ જેને નજર સમક્ષ રાખી, જેને આદર્શ સમજી તેના જેવા થવા મથે એવાં માબાપ પણ તેને નથી. એવા વડીલ ઘરમાં હોય તો એમના તરફ એવી માનભરી દૃષ્ટિ તેનામાં કેળવાય એવું એનું ઘડતર જ નથી થયું હોતું. એવા શિક્ષકોય આજે નથી કે જેને જોઈને તેને 'ગુરુર્દેવો ભવ'ની ભાવના હૃદયમાંથી જાગે અને ત્યારે આ નાદાન છોકરાંઓ ફિલ્મ અને

ટી.વી.નાં આ નટનટીઓને જ જાણે તેમની નજર સામે રાખી તેમનાં જેવા થવા મથે છે.

રોજેરોજ છાપામાં તેમની વૃત્તિઓને બહેકાવે તેવાં ચિત્રો, મૅગેઝિનોમાં પણ તે જ છવાયાં હોય, જ્યાં નજર નાંખો ત્યાં અા જ કલ્ચર જોવા મળતું હોય – છોકરાંઓને બીજું કંઈ સૂઝે ક્યાંથી? અરે! છોકરાંઓની વાતોમાં વિષય પણ એ જ હોય, બુદ્ધિને પોષે કે હૃદયમાં સારી ભાવનાઓ વિકસે અેવી તો એક્કેય વાત એમાં જણાય જ નહીં, કોણ બચાવશે આ નવી પેઢીને? મા-બાપોએ હવે જાગ્યા વિના ચાલવાનું જ નથી, કારણ બાળક અાપણે કહીએ તેમ નહીં, પણ કરીએ તેમ કરે છે.

*

સમયની કિંમત શી છે?

'અભિલાષ! ઓ અભિલાષ... તું શું કરે છે બેટા! મારું એક કામ કરીશ? આજે જરા મારું આટલું બૅંકનું કામ કરી આપીશ? કૉલેજ જતાં બૅંકમાં જતો જજે ને! મારે આ કાગળિયાં આજે જ પહોંચાડવાનાં છે... મને પગ બહુ દુખે છે, તેથી તને કહું છું દીકરા...'

'મમ્મી તું પણ ખરી છે. કાયમ છેલ્લી વખતે જ કામ કાઢે છે. આજે મને જરા પણ ટાઇમ નથી... કાલે તારું કામ કરી આપીશ...'

'પણ બેટા! એ કાગળો આજે જ આપવાના છે...'

'તો તું જઈ આવજે મમ્મી... આઇ એમ વેરી સૉરી...!'

ને... અંજનાબહેન... અભિલાષનો આ જવાબ સાંભળી રૂમમાં ચાલ્યાં ગયાં. છેલ્લા પોણા કલાકથી અભિલાષ એકધાર્યા ફોન કરી રહ્યો હતો. એમને પોતાના જરૂરી કામ માટે ફોન કરવા હતા તે માટે ક્યારનાં આઘાંપાછાં થતાં હતાં, પણ અભિલાષ ફોન મૂકે તો ને!... અંજનાબહેનને એમને પોતાના કામ માટે ફોન કરવાના હોય તો અભિલાષ ઘરમાં ન હોય ત્યારે જ કરવા પડે... અરે! ક્યારેક તો ફોન ચાલતો હોય ને અભિલાષ વચમાં કહેવા આવે, 'મમ્મી, હવે બહુ થયું જલદી ફોન પૂરો કરને! મારે ચિરાગને ફોન કરવો છે, તે મારી રાહ જોતો હશે.' અંજનાબહેન અગત્યનું કામ ને વાત પડતી મૂકીને તેને ફોન સોંપી દે અને પછી અભિલાષના તડાકા શરૂ થાય... 'શું કરે છે યાર? યુ આર ઇડિયટ, વોટ યુ આર ડુઇંગ... રીડિંગ ફૉર ધ હોલ ડે?' 'નો પિક્ચર? લેટ અસ ગો ટુ સમ ગુડ હોટેલ' ને અંજનાબહેન અંદરથી સમસમી ઊઠે. ન કહેવાય ન સહેવાય, ક્યારેક તો ધીરજની એવી કસોટી થાય કે ન પૂછો વાત...!

પરીક્ષાનો પ્રોગ્રામ આવ્યો એટલે સુજલે સ્કૂલેથી ઘેર આવીને મમ્મીને વાત કરી, 'હવે એક મહિનો બાકી છે. બરાબર વાંચવું પડશે. મમ્મી મને તો ગભરામણ થવા માંડી છે.' મમ્મીએ ધીરજ આપતાં કહ્યું: 'કશો વાંધો નહીં દીકરા... હજી તો મહિનો છે! આજથી પ્રોગ્રામ બનાવી દે અને બરાબર વાંચવા માંડશે, બધું થઈ રહેશે – ચિંતા શું કામ કરે છે?' ને સુજલે તો સાચે જ ચિંતા માથા પરથી ઉતારી દીધી... બીજા દિવસથી હતો, ત્યાં ને ત્યાં ટી.વી., ભાઈબંધો... અને ટેલિફોન...

સાતમા ધોરણમાં હોય ત્યાં સુધી એ જુદું જ હોય... મમ્મી ને પપ્પાની શિખામણ સાંભળે, મોટા ભાગની અમલમાં મૂકે અને ઘણે બધે અંશે તેમને મૅનેજ કરી શકાય તેવા હોય છે. મા-બાપને ત્યારે એટલે મુશ્કેલી નથી લાગતી પણ કિશોરાવસ્થાનો તબક્કો શરૂ થાય છે ને જાણે એ સંતાનો હવામાં ઊડવા માંડે છે. 'અમે કંઈક છીએ... હવે અમે મોટાં થયાં, અમને કોઈ શું કહે? અમને અમારી સમજ નહીં પડતી હોય? મમ્મી-પપ્પાને તો કચકચ કરવાની ટેવ પડી ગઈ છે. મને સમજ નથી પડતી કે મારે શું કરવું જોઈએ? પણ સમજે તો ને!' અને આખું વર્તન જાણે બદલાવા માંડે છે. એમની સાથે કામ પાર પાડવું એટલે જાણે લોઢાના ચણા ચાવવા જેવું બની જાય છે.

મા-બાપના મનમાં સંતાનની ભાવિ સફળતા માટે સતત ચિંતા થતી હોય એની મમતા એને તેના હિત માટે સતાવતી હોય... અને ગમે તેટલા ચૂપ રહેવાનો પ્રયત્ન કરે તોપણ તદ્દન મૌન રાખવું તેમને માટેય મુશ્કેલ બની જાય છે... ને સહેજે બોલાઈ જાય એટલે બાજી સાવ બગડી બેસે છે.

જીવનમાં પ્રગતિ સાધવાનાં સાચાં વર્ષો હોય, સાચો સમય હોય કે જ્યારે તેમનામાં અખૂટ શક્તિનો સ્રોત વહેતો હોય... સંસારની બીજી જવાબદારી માથે ન હોય એટલે એમની કરિયર બનાવવા પાછળ જ બધી શક્તિ અને સમય તેઓ ખર્ચી શકે તેવા અનુકૂળ સંજોગો હોય ને

ત્યારે ખરેખર તો ધારે તેટલી પ્રગતિ સાધી શકે, પણ એ ધારે છે? અને કમનસીબી તો અે છે કે સમજ ન હોવા છતાંય એમ જ સમજે છે કે ‘અમને ખૂબ સમજ છે.’ અને વડીલોનાં અનુભવનો કે શિખામણનો લાભ લેવાનું રુચતું નથી. એટલું જ નહીં, પણ એનાથીય વધુ તેઓ ધીરે-ધીરે કરતાં મા-બાપને ધિક્કારતાં થઈ જાય છે. મા-બાપ અને સંતાનો વચ્ચે સાયુજ્યનો સેતુ તૂટતો જાય છે, તેમના વચ્ચે ઘણું મોટું અંતર પડતું જાય છે. અેક અંગ્રેજ લેખક માર્ક ટ્વેને આ જ પરિસ્થિતિને હળવી શૈલીથી વ્યક્ત કરતાં લખ્યું છે કે ‘હું જ્યારે ચૌદ વર્ષનો હતો, ત્યારે મને અેમ થતું હતું કે મારા પપ્પાને કશું જ આવડતું નથી અને તેમનામાં કશી જ સમજ નથી... પણ હું જ્યારે એકવીસ વર્ષનો થયો ત્યારે મને નવાઈ લાગી કે ફક્ત સાત જ વર્ષમાં પપ્પામાં આટલું બધું જ્ઞાન ક્યાંથી અાવ્યું?’ ચૌદ વર્ષની કિશોરાવસ્થા શરૂ થતાં મા-બાપને ધિક્કારતાં સંતાનોને મોટાં થતાં જીવનમાં જવાબદારીઓનું ભાન થાય છે ત્યારે જ વાસ્તવિકતા સમજાય છે ને ત્યારે તેમણે જિંદગી વેડફી દીધેલી હોય છે. અાવા કેટલાય યુવાનોને હું મારી આસપાસ જોઉં છું ત્યારે મને થાય છે કે વહી ગયેલા દૂધ પાછળ રડવાથી શું મળે?

ઈશ્વરે સમય આપવામાં ખૂબ ન્યાય રાખ્યો છે. કોઈકની પાસે વધુ પૈસો હોય તો કોઈકની પાસે અોછો પૈસો હોઈ શકે. કોઈકને તંદુરસ્તી સારી અાપી હોય તો કોઈના નસીબમાં તબિયત સાથે લેણાદેણી જ ન હોય... પણ સમય તો બધાંને જ સરખો... બધાં માટે અેકસાથે જ સૂરજ ઊગે ને એકસાથે જ સૂરજ આથમે... બધાંને ચોવીસ કલાકનો જ દિવસ. આ ઉપરાંત ઈશ્વરે માનવને બુદ્ધિ અાપી તેને માથે અેક મોટી જવાબદારી પણ નાંખી છે... કે જેથી એ સમયનો સદુપયોગ તેણે કરવાનો છે. જીવનમાં માણસ પૈસો ગુમાવે તો મહેનત કરી તે પાછો મેળવી શકે છે. પરિશ્રમ એ જ પારસમણિ યથાર્થ નીવડી શકે છે. તબિયત પણ પ્રયત્ન કરવાથી સુધારી શકાય છે, પણ સમય? ગયેલો સમય ક્યારેય પાછો મળી શકે ખરો? જીવનની જે પળો, જે ક્ષણો હાથથી સરી ગઈ છે, તે ક્યારેય પાછી મળતી નથી... તો પછી અે મહામૂલી પળોને વેડફી કેવી રીતે દેવાય? મા-બાપે શા માટે તેના સંતાનને ટોકવું પડે કે, ‘હવે તું સમય ન બગાડ, વાંચવા બેસ, નહીંતર નાપાસ થઈશ.’ આપણે જાતે જ આપણી જાતનો હિસાબ કેમ ન રાખી શકીએ? સવારથી ઊઠીએ ત્યારથી જ મનમાં સંકલ્પ કેમ ન કરી શકીએ કે અાજે મારે આખા દિવસમાં શું કરવું છે? કેટલી પ્રગતિ સાધવી છે? કેટલા આગળ વધવું છે? કોને ઉપયોગી થવું છે? આપણા જીવનને કેવું બનાવવું છે – તે અાપણે જ નક્કી કરવાનું છે. કોઈ અેને માટે શું કરી શકે? પણ આજે તો મા-બાપ સતત આ ચિંતા કરતાં રહે છે ને તેમનાં સંતાનો તેમના અનુભવનું ભાથું કે અેકાદ નાની શિખામણ પણ સ્વીકારવા તૈયાર નથી હોતાં! ન સમયની કિંમત. ન શક્તિની કિંમત, ન નાણાંની કિંમત, જ્યાં જુઓ ત્યાં આ ત્રણેનો દુરુપયોગ જ જોવા મળે છે ને ત્યારે ઘડીભર તો હૃદય ધ્રૂજી ઊઠે છે... ‘આ નાદાનિયતનો અંત ક્યારે આવશે?’

અંજને એક દિવસ અાવીને કહ્યું, ‘બહેન! આ બપોરની સ્કૂલ હોય છે ને દસમામાં છીએ એટલે સરખું વંચાતું નથી. સવારની સ્કૂલ કરો તો અમે સારું ભણી શકીએ.’

મારે એને ટાઇમ મૅનેજમેન્ટનો પાઠ સમજાવવો પડ્યો ને સવારનો સમય જાતે અધ્યયન કરવા માટે કેટલો અનુકૂળ પડે તે આખીય વાત સમજાવવી પડી... સવારના ઊઠે ત્યારે તો શરીર સ્ફૂર્તિમાં હોય... મગજ ફ્રેશ હોય. સવારના જેટલું સારું કામ થાય એવું કામ તો અાખા દિવસમાં ન ઊકલે. પણ આજની ઊગતી પેઢીને જીવનની આ શીખ સમજાય તો ને?

અમેરિકાના એક મૅગેઝિનમાં હમણાં આ સમયની કિંમત માટે બહુ સરસ લખાણ વાંચ્યું... રજૂઆત પણ ખૂબ સૂચક અને રોચક છે...

‘એક વર્ષની કિંમત સમજવી હોય તો ફાઈનલ પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીને પૂછો

કે વર્ષની કિંમત શી છે?'

'એક મહિનાની કિંમત સમજવી હોય તો એક મહિનો વહેલા જન્મેલ પ્રિમેચ્યોર બાળકની માને પૂછો કે તેને માટે અે મહિનો કેટલો મહત્ત્વનો હતો.'

'એક અઠવાડિયાની કિંમત સમજવી હોય તો સાપ્તાહિક મૅગેઝિનના તંત્રીને પૂછો કે અઠવાડિયાની શી કિંમત છે?'

'એક દિવસની કિંમત સમજવી હોય તો દસ બાળકને પોષતા બાપને અેક દિવસના પગારની કિંમત પૂછો.'

'એક કલાકની કિંમત સમજવી હોય તો પોતાના પ્રેમીને મળવા ઉત્સુક એવા પ્રેમીને પૂછો કે આ કલાક તેના હૃદયમાં કેવાં ને કેટકેટલાં સ્પંદનો ઊભાં કરે છે!'

'એક મિનિટની કિંમત સમજવી હોય તો ટ્રેન, બસ કે પ્લેન ચૂકી જનાર પ્રવાસીને પૂછો કે એક મિનિટ પણ કેટલી અગત્યની છે?'

'એક સેકન્ડની કિંમત સમજવી હોય તો અકસ્માતમાંથી બચી ગયેલા માણસને પૂછો કે અે સેકન્ડની કેટલી કિંમત હતી?'

'એક મિલિસેકન્ડની કિંમત સમજવી હોય તો ઑલમ્પિકમાં મેડલ મેળવતાં વિજેતાને પૂછો કે અે મિલિસેકન્ડ તેના જીવનની કેટલી મહત્ત્વની હતી!'

'સમય કોઈને માટે થોભતો નથી. તમારી જીવનની પળેપળનો ઉપયોગ કરી લો. ગયેલી પળ ફરી ક્યારેય પાછી ફરતી નથી. તમારા સ્વજન સાથે અે પળેપળને માણીને જીવનને જીવંત બનાવો.'

*

બાળકના મનમાં માતાની છબી કેવી હોય?

બાલમંદિરનાં નાનકડાં ભૂલકાંઓ જન્માષ્ટમીનો કાર્યક્રમ ભાવવાહી રીતે રજૂ કરી રહ્યાં હતાં. એમનો અભિનય અજબ હતો. વાતાવરણ સરસ જામ્યું હતું. સ્ટેજ નીચે બાળકોનાં માબાપ પણ પોતાનાં બાળકની અભિવ્યક્તિને માણી રહ્યાં હતાં. ત્યાં મારી નજર એક બહેન પર પડી... એકદમ ફીટ જીન્સ. એને ઉપર લઘર-વઘર શર્ટ... ઉપરનું બટન ખુલ્લું... જેમાંથી એમની બેફિકરાઈ ને બિન્દાસપણું ડોકાતાં હતાં ને સંસ્કારીતાય જોખમાતી હતી... છુટ્ટા વાળ... તેય વ્યવસ્થિત નહીં અને ઊભા રહેવાની ઢબ... કોઈ ભારતીય નારીને છાજે નહિ તેવી... એ બહેનને જોતાં જ મને આશ્ચર્ય થયું... 'આ કોણ હશે?' 'ના, ના... મા હોય તેવો તેનો દેખાવ ને વર્તન નથી... તો પછી ફોઈ કે માસી કે કોઈ?... ને છતાંય મારાથી ન રહેવાયું એટલે મેં બાલમંદિરનાં આચાર્યબહેનને પૂછ્યું.. 'એ જીન્સ પહેરેલાં બહેન કોણ છે? કોઈ આમંત્રિત છે? મમ્મી તો ન હોય...'

'બહેન... એ તો અપૂર્વનાં મમ્મી છે...'

'શું વાત કરો છો? આપણા બાલમંદિરનાં બાળકનાં મમ્મી? અને આવાં?'

'હા... બહેન... એ તો હંમેશાં બાલમંદિરમાં આવાં જ કપડાં પહેરીને આવે છે... એ પોતે મૉડલિંગ કરે છે ને! એટલે...'

તેમને એક ઘેરો આઘાત લાગ્યો, મૉડલિંગને એક વ્યવસાય તરીકે અપનાવવું એમાં આજના યુગમાં કશું ખોટું નથી... ઈશ્વરે રૂપ અને આવડત આપ્યાં હોય તો તે તેને ગમે તે વ્યવસાય અપનાવી શકે છે, પણ તે સાથે એને માતા, પત્ની ને ગૃહિણીની ભૂમિકા પણ ભજવવી તો પડશે જ, તો એ ભૂમિકાઓને એ ટાળી તો નહિ જ શકે... તો એક મા તરીકે તેણે તેનાં આચારવિચાર... રહેણીકરણી જ્યારે ભારતમાં છે ત્યારે ભારતીય સંસ્કૃતિને છાજે, શોભે તે રીતે રાખવા જોઈએ – એ તેનાં પોતાનાં બાળકના હિત માટે જરૂરી છે. ભાવિ ઘડતર માટે ઇચ્છનીય છે અને તેમાંય જ્યારે ઘણાંબધાં લોકો ભેગાં થયાં હોય ત્યારે લોકોની રુચિને પણ ધ્યાનમાં રાખીને વેશપરિધાન કરવામાં આવે તો એ સૌ કોઈને સ્વીકાર્ય લાગે છે.'

કોઈ જાણે... કેમ? પશ્ચિમનો વંટોળ ચારેકોર એવો તો ફૂંકાઈ રહ્યો છે કે ક્યારેક તો મુખમાંથી 'આહ્'નો ઉદ્ગાર સરી પડે છે કે આ બધું ક્યાં જઈને અટકશે? આવાં ફીટ જીન્સ... અને શરીરનાં અંગઉપાંગોને ઊપસાવે તેવાં વસ્ત્રોમાં તમને ક્યાંય ભારતીય નારીની ઋજુતા, સંસ્કારિતા ને શીલતા દેખાય છે ખરાં? બેફિકરાઈ અને બિન્દાસ્તપણું... એ ભારતીય નારીના ગુણમાં ક્યારેય ગણાયાં નથી... ભારતીય નારીના વર્તનમાં તે છાજે જ કેવી રીતે? ત્યાં ભેગાં થયેલાં માબાપના મોં પર પણ બહેનના વેશપરિધાન માટે જાણે એક છૂપો અણગમો ડોકાતો હતો... કો'ક થોડી વારે તે તરફ નજર નાંખી દેતાં હતાં તો કો'ક વળી અંદર-અંદર વાત કરી લેતાં હતાં ને હાજર રહેલા ભાઈઓ!... એમના મોં પર પણ જાણે ન કળાય તેવા ભાવ દેખાતા હતા... અને ત્યારે મને થયું... એ બહેનની માનસિક સ્થિતિનો અભ્યાસ કરી, એમને એમની માતાની ભૂમિકા માટે જાગ્રત કર્યાં હોય તો...?

રજાનો દિવસ હોય અને ગરબાની પ્રેક્ટિસ રાખી હોય તો ઉપલા ધોરણની છોકરીઓ પણ ક્યારેક-ક્યારેક બરમુડા પહેરીને આવતી જોઈ છે... મને આશ્ચર્ય થાય છે... તેર-ચૌદ વર્ષ સુધીય આ છોકરીઓની નાદાનિયત દૂર નથી થઈ શકતી! અરે! એ છોકરીઓ તો નાદાન છે જ પણ એમની મા?... પોતાની દીકરીને એ પણ ટકોરતી નથી? આ ઉંમરે પહોંચેલી દીકરીની મા તરીકે એટલો તો એને ખ્યાલ આવવો જ જોઈએ કે જ્યારે સામે સંગીતકાર ભાઈઓ હોય અને ગરબામાં અનેક વખત ઊઠબેસ કરવાની હોય ત્યારે આવાં કપડાં પહેરીને ગરબો કેવી રીતે

કરાય? સૌની નજર કંઈ એકસરખી સારી અોછી જ હોય છે?

અરે! સ્કૂલમાં લેવા-મૂકવા આવતી મમ્મીઓ પણ ક્યારેક એવાં વરવાં કપડાં પહેરીને આવે છે કે મને અેમ થઈ જાય કે અેના બાળકને એના તરફ 'મા' તરીકેનું માન કેવી રીતે થતું હશે?

બાળકના મગજમાં હંમેશાં મા માટે એક ઇમેજ હોય છે. દુનિયામાં બાળકનું સૌથી વહાલું પાત્ર તે મા. માટે તેને અનહદ પ્રેમ હોય, અઢળક માન હોય... મા તેને માટે સર્વસ્વ હોય છે. કારણ બાળક જન્મે ત્યારથી એની સૌ પરથમ દુનિયાનું કેન્દ્ર તે મા... અે મોટું થતું જાય તેમ-તેમ એની દુનિયામાં બીજાં પાત્રો ઉમેરાતાં જાય છે, એની દુનિયા વિશાળ થતી જાય છે છતાંય, તેના હૃદયમાં મા માટેનું સ્થાન ક્યારે ઓછું થતું નથી... મા તેને માટે સર્વસ્વ હોય છે... એને મા માટે ખૂબ માન હોય છે. એ મા જેમ વર્તશે તેમજ એ વર્તશે... બાળક નાનપણથી જે કંઈ શીખે છે તે નિરીક્ષણથી અને અનુકરણથી... બાળકને ઈશ્વરે ખૂબ સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ આપી છે. સવારથી એ આંખ ખોલે છે, ત્યારથી એની આસપાસની દુનિયાનું તે સતત નિરીક્ષણ કરે છે ને તેમાં તે જે કંઈ જુએ છે, તે પ્રમાણે તે તેનું વર્તન કરે છે... ને અામ જ તેનામાં સમાજીકરણની પ્રક્રિયા સતત ચાલતી રહે છે... અને એટલે જ દીકરી જાણે માની પ્રતિકૃતિ અને દીકરો જાણે બાપની પ્રતિકૃતિ હોય તે રીતે તેનો વિકાસ થાય છે અને એટલે જ માબાપને માથે માબાપ બન્યા પછી બહુ મોટી જવાબદારી છે... બાળકને આપણે કહીએ તેમ નહીં, પણ આપણે કરીએ તેમ કરે છે, અને અેટલે જ માબાપ બન્યા પછી પળે-પળે આત્મનિરીક્ષણ કરી લેવું પડે કે 'એક મા કે બાપ તરીકે હું જે કંઈ કરી રહેલ છું તે યોગ્ય છે?' આ જાગૃતિની સતત જરૂરી છે.

સ્કૂલમાં ગણવેશમુક્તિનો દિવસ હોય ત્યારે વિદ્યાર્થિનીઓ વારંવાર એવાં કપડાં પહેરીને આવે કે મારે તેમને અૉફિસમાં બોલાવીને ઠપકો આપવો પડે કે તમારી સંસ્કારિતા ન લજવાય તેવાં કપડાં તો પસંદ કરો... ને ક્યારેક તો વિચાર પણ આવે કે કિશોરાવસ્થા તો છોકરીઓનો કેટલો નાજુક તબક્કો છે! એ તબક્કામાં એમની મા પણ તેમનાં અે વસ્ત્રપરિધાન માટે સજાગ નથી! શારીરિક વિકાસ થવા માંડે તેની સાથે લાગણીના અાવેગો પણ ઊભરાવા માંડે ને ત્યારે સાહજિક રીતે જ દરેક છોકરો હોય કે છોકરી... તેને બીજાને આકર્ષવા ગમે... બીજાનું તેના તરફ ધ્યાન આકર્ષવું ગમે... તેમાં વળી આજે ચારે બાજુ ટી.વી. અને ચલચિત્રોનું પ્રદૂષણ... જ્યાં જુઓ ત્યાં વૃત્તિઅોને બહેકાવે તેવાં જ દૃશ્યો... તેવાં જ વસ્ત્રોનું અનુકરણ... ને ત્યારે માબાપે આ બહેકતી વૃત્તિઅો પર લગામ રાખવાની જરૂર છે. તેને બદલે મા પોતે જ જો અેવાં વસ્ત્રો પહેરતી હોય તો અે બાળક શું શીખશે?

છાપામાં રોજેરોજ બહેનોની છેડતીના સમાચારો જોવા મળે છે... ને ત્યારે આપણે હૈયાવરાળ કાઢીએ છીએ. 'કોણ જાણે શું થવા બેઠું છે...? આજની નવી પેઢીને થયું છે શું?...' માણસ જાણે માણસ મટી ગયો છે શું? સંસ્કૃતિનાં ઓઠા હેઠળ આપણે વધુ ને વધુ જંગલિયત તરફ ઢસડાતા જઈએ છીએ...! માબાપ બન્યા પછીય બાળકનાં ભાવિ વિશે જો અાપણે વિચારી ન શકીએ અને અાપણને મન ફાવે તે જ રીતે વર્તીએ તો અે બાળકનું ઘડતર કેવું થશે? બાળક તો સાવ તટસ્થ છે. તેને સારું શું કે ખરાબ શું એની ખબર નથી. એને અાપણે સારાનરસાનો ભેદ શીખવવાનો છે. એ ભેદ ફક્ત 'આ સારું' કે 'આ ખરાબ' કહેવાથી એ નહીં શીખે. આજની નવી પેઢી ખૂબ બુદ્ધિશાળી છે. તેની બુદ્ધિને સંતોષ ન થાય ત્યાં સુધી એ કોઈ જ હકીકત સ્વીકારવા તૈયાર હોતું નથી... અને એટલે અસભ્ય વસ્ત્રપરિધાન માટે અેના મગજમાં છીતઅછીત ઊભી કરવા, તેને માટે સૂગ કેળવવા, તેના ગેરફાયદા તો સમજાવવા જ પડે, પણ તે સાથે આપણે આચરણમાં પણ મૂકીને એને સમજાવવું પડે.

મા પોતે જ હંમેશાં મર્યાદાશીલ પોશાકમાં રહેતી હશે. ફરતી હશે તો જ તે તેનાં સંતાનને તે માટે જાગ્રત રાખી શકશે... પણ આવા વસ્ત્રપરિધાન કરતી મા માટે એ બાળકને માન કેવી રીતે થાય! અને જે મા માટે માન ન થાય તે મા પાસેથી અેક સંતાન શું શીખી શકે?... શીલ, ચારિત્ર્ય અને સદ્ગુણના ગુણો માત્ર ઉપદેશથી જીવનમાં નથી ઊતરી આવતા... ચારેબાજુ તે માટે વાતાવરણ ઊભું કરવું પડે છે. એ વાતાવરણ સર્જવામાં મા ને બાપનો ફાળો સૌથી વધુ મહત્ત્વનો છે. મા જૂઠું બોલીને બાળકને સત્ય બોલતાં કેવી રીતે શીખવી શકશે? ‘પોથીમાંનાં રીંગણાં’ કંઈ ચાલે નહિ... આજની નવી પેઢી ખૂબ બુદ્ધિશાળી છે. સાત વર્ષની નંદિતા તેની મમ્મીને ક્યારેક કહે છે... ‘મા, તું જીન્સ પહેરે છે, ત્યારે મારી મમ્મી જેવી નથી લાગતી...’ બાળક સતત તેની માની અેક ઇમેજની અપેક્ષા રાખે છે. એને હૃદયમાં માન થાય એવી એની અપેક્ષા હોય છે. આધુનિકતાના વંટોળમાં ખેંચાઈ અાપણે અાપણા સંતાનની એ અપેક્ષાને અડફેટે ચડાવીએ છીએ.

*

માબાપ બનવાની કળા

‘બેન! અમારા ક્લાસમાંથી આજે બહુ છોકરાંઓની પેનો ખોવાઈ છે. ગઈ કાલે ચિંતનની, મીતની, અર્ચનની અને અાજે તો બહુ બધાં છોકરાંઓની પેનો ખોવાઈ છે... અમે લખીએ કેવી રીતે? હું પાણી પીવા ગયો અને આવ્યો ત્યારે મારી બંને પેન ન હતી... અમે રમતના પિરિયડમાં રમવા ગયાં ને આવ્યાં ત્યારે તો ઘણાં બધાંની પેનો ખોવાઈ ગઈ... બેન, કંઈ કરો ને!’

‘એમાં બેન શું કરે? તમારો જ વર્ગ છે, જે વર્ગમાં તમે ભણો છો એ વર્ગનાં બધાં જ બાળકોને મારા કરતાં તમે વધારે સારી રીતે ઓળખો છો. તમારે જ મને શોધી અાપવાનું છે કે અા તોફાન કોણ કરે છે?... પછી હું એનો ઉપાય કરીશ. એ વિદ્યાર્થીને શિક્ષા કરીશ. પણ તમારે જ એ વિદ્યાર્થીને શોધી આપવો પડશે ને?’

અને સૌ અેકબીજાનાં મોં સામે જોવા માંડ્યાં. દરેકના મોં પરનો પ્રશ્નાર્થ મને સ્પષ્ટ વરતાતો હતો. તેમને ખબર હતી, કેટલેક અંશે ખબર હતી કે અા કામ કોણે-કોણે કર્યું છે, છતાં પણ એ બધાંની વચ્ચે જ તેમને જીવવાનું છે તેથી કહેતાં ડરતાં હતાં. તો કેટલાકને પોતાની પેન ગયાનું દુ:ખ એટલું બધું હતું કે અાવા છોકરાઓને શિક્ષા થવી જ જોઈએ, તેવું તેમના મોં પરથી સ્પષ્ટ કળાતું હતું, પણ ‘હોળીનું નાળિયેર’ બનવાની તેમની ઇચ્છા ન હતી. પણ ત્યાં તો અર્ચિતે હિંમતપૂર્વક એક છોકરાનું નામ દીધું... મને વિશ્વાસ બેઠો. અેક જડ્યો અેટલે અાખી લીંક મેળવતાં વાર નહીં લાગે.

ત્યાં તો અર્ચનનાં મમ્મી આવ્યાં, ‘બેન! કાલે મારા અર્ચનની પેન ચોરાઈ ગઈ છે, કેટલી મોંઘી પેન હતી! મારો તો જીવ બળી જાય છે. એના પપ્પા પણ કાલે તો બહુ જ ગુસ્સે થઈ ગયા... અાટલી મોંઘી પેન ખોવાઈ જાય પછી ગુસ્સે તો થાય જ ને?...’

‘પણ બેન! તમે એને અાટલી મોંઘી પેન આપો છો શું કરવા? એક રૂપિયાની પેનથી પણ એવું જ લખાય ને દસ રૂપિયાની પેનથી પણ તેવું જ લખાય, મોંઘી પેન આપી તેથી અા ચિંતા ઊભી થઈ ને!’

‘અરે બેન! હું તો નહોતી જ અપાવતી... પણ છોકરા માને છે જ ક્યાં? કેટલા દિવસથી રઢ લઈને બેઠો હતો કે પેલો ચિંતન બહુ મોંઘી પેન લઈને અાવે છે. મને એવી પેન અપાવ... મેં એને બહુ સમજાવ્યો કે આપણી પાસે એટલા પૈસા નથી... તો રડવા માંડ્યો ને અેક દિવસ તો જમ્યો જ નહીં... થાકીને મારે બીજે દિવસે પેન અપાવવા જવું પડ્યું... કેટલીય પેનો બતાવી, પણ માને તો ને? ‘ચિંતન જેવી જ પેન, ચિંતન જેવી પેન. ઉપર નામવાળી, હીરા ચોડેલી પેન.’ એની અે રઢમાં તો ચાર દુકાન ફરી પણ એવી પેન ન જ મળી... કયાંથી મળે? પછી ખબર પડી કે અે તો ચિંતનના કાકા અમેરિકાથી લાવ્યા હતા... અાખરે સમજાવીને અા પેન અપાવી હતી. ખાસ્સી બાવીસ રૂપિયાની હતી, હજી તો બે દિવસ પહેલાં જ અપાવી હતી, ને કાલે ખોવાઈ ગઈ. એક બાજુ મોંઘવારી એવી છે કે ત્રણ કહેતાં તેર તૂટે છે ને તેમાં વળી છોકરાંઓની આ દેખાદેખી. અમારી તો કમ્મર તૂટી જાય છે બહેન... કંઈ કરો ને?’

અને મારા મનમાં અનેક વિચારોનો વંટોળ ઊમટ્યો... આપણાં બાળકોને આ બધાં પ્રદૂષણોમાંથી બચાવવાં કેવી રીતે? ટી.વી. ઉપર રોજેરોજ અનેક મોંઘીદાટ વસ્તુઓની લોભામણી જાહેરખબરો... એ જાહેરખબરોના ભારેખમ ખર્ચા તો આપણે જ સહીએ છીએ ને! વસ્તુની કિંમત પર અે ખર્ચા તો ચઢવાના જ. અને અે એક પ્રલોભનમાંથી બાળકને માંડ વારીએ ત્યાં સ્કૂલમાં જાય એટલે આવી દેખાદેખીનું અે ભોગ બને... પચાસ પંચાવન છોકરાનાં વર્ગમાંથી માંડ બે કે ત્રણ જ છોકરાનાં માબાપ સમજ વિનાનાં હોય... છોકરાંના

ઉછેર અંગે સમજ તેમનામાં ન હોય, જીવનમાં સાદગીનું મૂલ્ય સમજતાં ન હોય, પરસેવો પાડ્યા વિના ઓછી મહેનતે ઘણું કમાઈ ગયા હોય અને સ્વભાવમાં પરિપક્વતા ન હોય, એ છીછરાપણું આખાય વર્ગનાં બીજાં બધાં છોકરાંઓનાં મન ચગડોળે ચડાવે છે... 'પૈસો કમાવો સહેલો છે, એને જીરવવો બહુ અઘરો છે...' પૈસો ન જીરવી શકતાં આવાં માબાપોનાં સંતાનો લોભામણી અને મોંઘી વસ્તુઓ પોતાનો વટ દેખાય, વટ પડે તે માટે સ્કૂલમાં લઈને આવે એટલે બીજા છોકરા તેનાથી લલચાય, માબાપ પાસે તેવી વસ્તુ માટે જીદ કરે... માબાપ તે વસ્તુ અપાવી ન શકે, અને અ ે માટે વ્યવસ્થિત રીતે સમજાવી પણ ન શકે તો આખરે ચોરી કરે. એ તો બાળક છે, એને તો વસ્તુ જોઈએ જ છે, એ ગમે તેમ કરી એ મેળવવાનો પ્રયત્ન કરશે જ, ઈશ્વરે માણસમાં 'અહમ્' મૂક્યો છે એટલે એને વટ પાડવો ગમે છે, એનામાં Possessive instinct, માલિકીની વૃત્તિ મૂકી છે એટલે અ ે વસ્તુ મારી પાસે કેમ નહીં? એવું પણ થવાનું જ, અને છતાંય તેનું યોગ્ય સામાજીકરણ કરવું હોય તો તેની ઇચ્છાઓને યથાયોગ્ય રીતે પરિપૂર્ણ કરતાં શીખવવું જ પડે... પણ આજનું બાળક 'ના' સાંભળી શકે છે ખરું? એને એની સહેજ ભૂલ બતાવો એટલે એનાં ભવાં ચઢી જવાનાં, એને કોઈ વસ્તુ 'ના' કહો એટલે એનો વિરોધ તરત જ ચાલુ થઈ જવાનો – જીવનમાં બધી જ ઇચ્છાઓ તો કયાંથી પરિપૂર્ણ થાય? એ શક્ય જ કેવી રીતે બને!... એની સજા એણે તો ભોગવવી પડે જ છે, પણ એના છાંટા ઊડવાથી બીજા પણ કેટકેટલા લોકો હેરાન થાય છે?

ભૂમિકા ગરબાની પ્રેક્ટિસ માટે અ ાવી, ગળામાં સોનાની ચેઈન મેં જોઈને મારું સાહજિક ધ્યાન ગયું... 'બેટા! તમને લોકોને સ્કૂલમાં કીમતી દાગીના પહેરીને આવવાની 'ના' કહી છે ને?...' 'તો ન પહેરીએ તો સારાં ઘરનાં છીએ એવી ખબર કેવી રીતે પડે?' એણે તરત જ પ્રતિભાવ આપ્યો, અને હું ઘડીભર સ્તબ્ધ બની ગઈ... હજી તો પ્રેક્ટિસ માંડ પંદર મિનિટ ચાલી, ત્યાં બૂમાબૂમ થઈ... ભૂમિકાની ચેઈન ગળામાંથી પડી ગઈ... શોધાશોધ ને બૂમાબૂમ ચાલી રહી હતી... ગરબો કરતા કોઈકના પગ નીચે આવી જમીનમાં ક્યાં ખોવાઈ ગઈ હોય, શું ખબર પડે? ખૂબ શોધી. પણ એ ન જ મળી... ભૂમિકા ખૂબ રડતી હતી... પણ શું થાય?... 'બેન! હું મારાં મમ્મીને શું કહીશ? મને અ ે ખૂબ વઢશે... એનો ગુસ્સો ખૂબ છે.' પાંચસાત દિવસ એમ જ નીકળી ગયા... ને મને અ ેક દિવસ અ ેકાએક એ વાત યાદ આવી... મને થયું. ભૂમિકાને પૂછું 'શું થયું હતું એ દિવસે પછી?' પણ ભૂમિકા નહોતી અ ાવી... મેં તેની બહેનપણી રચનાને પૂછ્યું, 'પછી ભૂમિકાએ તેની મમ્મીને ચેઈનની વાત કરી હતી?' રચના જરા ખચકાઈ, પણ મેં આગ્રહપૂર્વક પૂછ્યું અ ેટલે કહ્યું.. 'બેન! ભૂમિકાએ તેની મમ્મીને કહ્યું કે એના નોકરે તે ચોરી છે.' હું એકદમ આઘાત પામી ગઈ... 'પછી?' નોકરને એના મમ્મીએ કાઢી મૂક્યો, બેન! નોકર ખૂબ જૂનો હતો...' અને એ સાંભળી હું ધ્રૂજી ઊઠી... ક્યારેક કેવા નિર્દોષ માણસો છોકરાંઓની છોકરમતમાં ફસાઈ જાય છે!... ઈમાનદાર માણસે તેની ઈમાનદારી ટકાવી રાખવી અ ે પણ સહેલું નથી. ચારેબાજુ ભ્રષ્ટાચારનું ભારે પ્રદૂષણ ફેલાયેલું પડ્યું છે. માબાપોએ જાગ્યા વિના ચાલે તેવું જ નથી.

ક્યારેક તો મને લાગે છે કે માબાપોને માબાપ બનતાં શીખવવાની જરૂર છે, 'માબાપ બનવાની કળા' શીખવવાની જરૂર છે. માબાપને અ ાજે બાળકમાં રસ જ ક્યાં છે? તેને માટે ફાળવવા તેમની પાસે સમય જ ક્યાં છે? 'બાળક નથી માનતું, ધાર્યું જ કરવા જોઈએ છે, હું શું કરું? કંટાળી ગઈ છું... બેન! કેટકેટલાં વર્ષો મેં એની પાછળ વેડફી માર્યાં છે?...' એક મા બાળકની પાછળ અપાતા સમયને વેડફી માર્યાની લાગણી અનુભવે એ માને હું મા કઈ રીતે કહી શકું?... ફક્ત જન્મ આપી તેનો શારીરિક ઉછેર કરવાથી કંઈ મા નથી બની શકાતું... મા અને બાળક વચ્ચેનો સંબંધ તો પ્રેમનો સંબંધ છે, જેની રગેરગમાં આપણું લોહી ધબકતું હોય

એવું બાળક તો અાપણા હૃદયનો ટુકડો છે. એને પ્રેમથી, ધીરજથી સમજાવીએ, તો આપણી વાત તેને ગળે કેમ ન ઊતરે? અરે! પ્રેમથી જંગલી પશુને પણ આપણે કેળવી શકીએ છીએ, તો અાપણા જ સર્જન એવા અાપણા સંતાનને આપણે સમજાવી ન શકીએ?... માતૃત્વની અે નિષ્ફળતા નહીં તો બીજું શું?... અાજની માતાઓમાં તેમના માતૃત્વમાંથી શ્રદ્ધા ડગી ગઈ છે, એમની આસપાસ પણ કેટકેટલાં પ્રલોભનો છે?... હું ભણીગણી છું, મને મારું સ્વતંત્ર અસ્તિત્વ કેમ નહીં? મને બૌદ્ધિક સંતોષ ન જોઈએ? ઘર, વર અને છોકરામાં જ શું મારું જીવન બરબાદ કરી નાંખવાનું? ઘરની ચાર દીવાલ વચ્ચે તો મારો જીવ ગૂંગળાય છે. મારે તો ખુલ્લા આકાશમાં ઊડવું છે... મારા સામર્થ્યને પુરવાર કરવું છે. અને અૈની મહત્ત્વાકાંક્ષાને કારણે તેના અંતરમાં રહેલ માતૃત્વને તે ન્યાય આપી શકતી નથી. તેનાં જ સંતાનને સ્નેહ અાપવા તેની પાસે સમય નથી. પરિણામે બાળક અસલામતી અનુભવે છે. તેના હૃદયમાં સતત અજંપો જણાય છે, ને તેમાંથી સર્જાય છે અાવાં અનેક અનિષ્ઠો!... આપણે જ આપણા પગ પર કુહાડો મારીએ તો કોઈ શું કરે?!

*

માતૃત્વને નોંતર્યું શું કામ?

ગાંધીનગરની સરકારી અૉફિસોમાં સમય પૂરો થવાનો બેલ વાગે ને નિસરણી પરથી ઠેકડા મારી ઊતરતાં, સ્કૂલ છૂટે એટલે ઘેર જવા અધીરાં બનતાં બાળકોની જેમ હર્ષઘેલાં થઈ દોડતાં કર્મચારીઓને મેં જોયાં છે, મ્યુનિસિપલ કે સરકારી કચેરીઓમાં અૉફિસનો સમય પૂરો થવાના પા કલાક પહેલેથી જ ઘેર જવા માટે પર્સ વગેરે તૈયારી કરી ચંપલ પહેરી ઘેર જવાને અધીરા બનેલા કર્મચારીઓ પણ મેં જોયા છે, પણ બાળકોનું ભણતર અને ઘડતર કરવાનું હોય તેવા સરસ્વતીના મંદિરમાં આખીય સંસ્થાનું સુકાન જેના હાથમાં સોંપાયું હોય તેવાં બહેનને, મેં આમ ઘડિયાળ જોતાં જોયાં ને મને અેક ઘેરો અાંચકો લાગ્યો. બાળકોનું હિત જો તેમને હૈયે હોય... સંસ્થા સાથે જો લગાવ હોય તો અાવી ચર્ચાની તક મળે ત્યારે તેમનો જીવ બીજે જાય જ ક્યાંથી? અને અેટલે મારાથી સાહજિક જ પૂછી દેવાયું... ‘કેમ કમલબહેન! બીજે ક્યાંક પહોંચવાનું છે?... આ કામ તો બહુ જ જરૂરી છે, અગત્યનું પણ છે.’

‘હા બહેન! મારે ટ્યૂશનનો ટાઇમ આપેલો છે... પછી ત્યાં પહોંચતાં મોડું થાય ને!’

ધરતીકંપના મુખ્ય આંચકા પછી વારંવાર અાવતા આંચકા લોકોને ધ્રુજાવી નાંખતા હતા, તેમ અા બીજા અાંચકાએ મને ધ્રુજાવી નાંખી. ‘બાલમંદિરનાં બહેન! અને વળી તેય બાલમંદિરનાં આચાર્યા અને તે પાછું ટ્યૂશન કરે છે?...’

બાલમંદિરનાં બાળકોને માટે ટ્યૂશન ન રાખવા, હું જોરશોરથી માબાપોને ટકોર્યા કરું છું, ત્યારે બીજી બાજુ બાલમંદિરના જ શિક્ષકો ટ્યૂશનો શોધે છે, ટ્યૂશનો કરે છે અને તેમને નોકરી આપનાર માબાપ પણ મળી રહે છે... મને અેક ઘેરો આઘાત લાગ્યો... ક્યાં? ને કેવી રીતે શું કરવું? આભ ફાટ્યું છે થીંગડાં ક્યાં દેવાં!

માનસશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો પાંચ વર્ષ પૂરાં ન થાય ત્યાં સુધી ઔપચારિક શિક્ષણ જ શરૂ ન કરાય. તેને ઠેકાણે ત્રણચાર વર્ષનું બાળક થાય અને તેને લખાવવાનું શરૂ કરવામાં આવે. ભણતરના ભાર નીચે તેને કચડાવવાનું શરૂ થઈ જાય. નિજાનંદની મસ્તીમાં મહાલવાના દિવસો હોય, ત્યારે શાળાની ચાર દીવાલો અને વર્ગમાં તેને ગોંધી દેવામાં આવે. એ પણ ઓછું હોય તેમ લખાવવાનો અને વંચાવવાનો બોજો તેને માથે નાંખવામાં આવે... આ એક અત્યાચાર નહીં, તો બીજું શું છે? બાળક એની આસપાસના પર્યાવરણમાંથી પણ કેટલું બધું શીખી શકે છે? અને અેટલે જ અમે સતત આગ્રહ રાખીએ છીએ કે ચાર ધોરણ સુધી તો ટ્યૂશનના વિષચક્રમાં બાળકને ન જ પાડશો... અને છતાંય અમારા જ શિક્ષકોને જ્યારે હું આમ ટ્યૂશન પાછળ દોડધામ કરતા જોઉં છું, ત્યારે મને ઘડીભર મનમાં પ્રશ્ન થાય છે – આમાં જવાબદાર કોણ? શિક્ષકની આર્થિક જરૂરિયાત? અર્થ-ઉપાર્જન પાછળની, રાતોરાત હોશિયારી માટેની માબાપની અધીરાઈ? કે પછી પૈસા ખર્ચી ભાડૂતી માણસોને ભરોસે સોંપી દઈ પોતાની જવાબદારીમાંથી છુટકારો શોધવાની માબાપની મનોવૃત્તિ! આજની લગભગ મોટા ભાગની માતાઓ ગ્રૅજ્યુએટ તો હોય જ, શું ચોથા ધોરણ સુધી તે બાળકને જાતે ભણાવી ન શકે? પોતાના બાળકમાં પોતે જ રસ લઈ વહાલથી પોતે ભણાવી શકે એવું ભાડૂતી માણસ તો કેવી રીતે કરી શકે? તેની નજર તો ઘડિયાળના કાંટા ઉપર હોય અને મહિનાના અંતે હાથમાં અાવતા પગાર પર હોય, એનાથી વધુ બાળકનું હિત કેટલાક શિક્ષકનાં હૃદયને સ્પર્શતું હશે? પોતાનાં અને પરાયાં વચ્ચેનો ફેર એ તો ફેર જ ને!... અને છતાંય આજની કેટકેટલી શિક્ષિત માતાઓ ટ્યૂશનો રાખી પોતાનાં સંતાનનાં વિકાસના અગત્યનાં વર્ષોમાં પણ નિશ્ચિંતતા સેવે છે! હૃદય હાલી ઊઠે એવી આ પરિસ્થિતિ ચારેકોર જોવા મળે છે. મારાથી સહેજેય કમલબહેનને પુછાઈ ગયું, ‘કયા ધોરણના વિદ્યાર્થીઓનાં ટ્યૂશન કરો છો?’ ‘બહેન! કોઈ પણ વર્ગનું બાળક

હોય, હું તો અેના અક્ષર સુધારવા માટેના ટ્યૂશન કરું છું.' ને અા સાંભળી મારા મગજમાં ધરતીકંપ જેવો જ એક વધુ મોટો અાંચકો અાવ્યો. આજ દિન સુધી મેં ભણવાના વિષયોનાં ટ્યૂશન વિશે સાંભળ્યું છે, સંગીત, નૃત્ય, ચિત્ર કે અેવી કોઈ ઇત્તર પ્રવૃત્તિનાં ટ્યૂશન વિશે સાંભળ્યું છે. વાતચીત કરી શકાય એવું અંગ્રેજી શીખવાનાં ટ્યૂશન વિશે સાંભળ્યું છે, પણ અક્ષર સુધારવા માટેનાં ટ્યૂશનની વાત તો અા પ્રથમ જ વાર સાંભળી અને એવાં છ-છ ટ્યૂશનો અે બહેન કરે. એનો અર્થ એવો થયો કે બાળકની બધી જ જવાબદારી હવે અાજની ભણેલી-ગણેલી મા બીજાને સોંપતી જાય છે. વગર મહેનતે કે ઓછી મહેનતે તેની પાસે અઢળક પૈસો અાવે છે અને અેટલે પૈસાની એને મન કોઈ કિંમત નથી. પૈસા ખર્ચી એ બાળકની જવાબદારી કોઈને ને કોઈને શીરે સોંપવાનું શોધે છે અને એવા લોકો તેને મળી પણ રહે છે. 'પૈસો ખરચતાં શું ન મળે?' એ તો અા યુગનું સનાતન સત્ય છે અને એટલે અક્ષર સુધારવા માટે પણ તે જુદું ટ્યૂશન રાખે છે અને હાશ અનુભવે છે. 'પછી હું છુટ્ટી તો ખરી... મારે માથે કશી ચિંતા તો નહીં.' પણ મને એ માને પૂછવાનું મન થાય છે કે જો બાળકની કોઈ જ જવાબદારી લેવી ન હતી, તો તેને જન્મ જ શું કામ અાપ્યો?

આ વિજ્ઞાનના યુગમાં તો માતૃત્વ ઇચ્છાપૂર્વક આયોજન કરી સ્વીકારી શકાય છે અને જો માતા તરીકેની ફરજો નિભાવવાનો સમય કે રસ જ ન હતો, તો એ માતૃત્વને નોંતર્યું શાને માટે? માતૃત્વ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી સ્ત્રીને તેની પરિપૂર્ણતાનો અહેસાસ થતો નથી, એ સૌએ સ્વીકારેલું સનાતન સત્ય છે, પણ એ માતૃત્વ પ્રાપ્ત થયા પછી માતૃત્વના ગૌરવને છાજે તે રીતે જો બાળઉછેર ન કરીએ તો માતૃત્વપદ લાજે નહીં! એને માલિશ કરવા અને નવડાવવા માટે બાઈ, સાચવવા માટે અાયા, ભણાવવા માટે ટ્યૂશનો, બાળકોની કઈ જવાબદારી આજની માને સ્વીકાર્ય છે? ફાઈવસ્ટાર હોટલમાં જઈએ, લખલૂટ પૈસા ખર્ચી ખૂબ સગવડમાં રાચીએ છતાંય ઘેર આવીએ ત્યારે હૃદયને એક 'હાશ'નો અનુભવ થાય છે અને એટલે જ કહ્યું છે કે 'ધરતીનો છેડો ઘર' બાળકનેય પાસે બેસાડી, અરે! ખોળામાં બેસાડી માથે હાથ ફેરવી, વહાલથી ગાલે ચૂમી કરી તમે ક્યારેય પૂછ્યું છે ખરું... કે બેટા, તને મારી પાસે ભણવું ગમે કે ટ્યૂશનવાળાં બહેન પાસે? માના વહાલ જેવી અમૂલ્ય કોઈ અનુભૂતિ આ દુનિયામાં છે ખરી? અને અે વહાલથી પોતાના બાળકના અક્ષર સુધારી ન શકે? પૈસા ખર્ચી પોતાની જવાબદારીમાંથી અામ આજની શિક્ષિત માતાઓ છટકબારી ક્યાં સુધી શોધ્યા કરશે? એના હૃદયનું માતૃત્વ એને ઢંઢોળતું નહીં હોય?

*

જીવનનાં મૂલ્યો શીખવશે કોણ?

'નિમિત્તા... આવી ગઈ દીકરા! કેવું હતું પેપર? બધું બરાબર લખ્યું છે ને!'

'અરે શું મમ્મી! આમ તો ઘણું આવડતું હતું, પણ બે પ્રશ્નો એવા પૂછી નાખ્યા હતા કે તે આવડ્યા નહીં... ગઈ વખતે એ પુછાયા હતા અને એટલે અમે બધાએ એમ માન્યું હતું કે અા વખતે કંઈ એ પ્રશ્નો ફરી નહીં પુછાય અને વળી સાહેબે પણ એવું જ કહ્યું હતું કે 'એની પર બહુ ધ્યાન નહીં અાપો તો ચાલશે.' એટલે તો મેં વળી એ સાવ જ નહોતું વાંચ્યું. એમાંથી જ પૂરા બે પ્રશ્નો પુછાયા. મને તો પેપર જોઈને જ એવી ચિંતા થઈ... પહેલી દસ મિનિટ તો સમજ જ ન પડી કે શું કરવું. જરા ગભરાઈ પણ ગઈ... પણ પછી પાણી મંગાવ્યું ને પછી આવડતા હતા તે પ્રશ્નો લખવા માંડ્યા...'

'તે બધાંને જ એવું થયું હશે ને!' 'હા, મમ્મી, થોડુંઘણું તો એવું ખરું જ પણ અમારા ક્લાસમાં તો બધાં એટલી ચોરીઓ કરે છે કે ન પૂછો વાત...'

'કેમ ચોરી કેવી રીતે કરે? સુપરવાઇઝર ન હોય?'

'અરે! જવા દે ને વાત... મમ્મી... સુપરવાઇઝરને તે વળી શી પડી હોય? ક્યાં તો વર્ગની બહાર છેક બારણા આગળ જઈને ઊભા-ઊભા બહાર શું થાય છે તે જોતાં હોય... સપ્લીમેન્ટરી જોઈતી હોય અને કેટલીય વખત બેંચ પર ઠકઠક કરીએ ત્યારે માંડ સાંભળે ને તેય સપ્લીમેન્ટરી અાપવા અંદર આવે તો આવે ને નહીં તો કહે કે જાતે ઊભા થઈને લઈ લો.'

'શું વાત કરે છે? ચાલુ પરીક્ષાએ તમારે ઊભા થઈને સપ્લીમેન્ટરી લેવાની? સમય ન બગડે? અમે ભણતાં હતાં ત્યારે તો અેક વખત બેઠાં તે બેઠાં. પછી ન જરા ખસીએ કે ન વાત કરીએ ને તોય હંમેશાં મને ટાઇમ ખૂટે... એટલું બધું લખવાનું હોય... હવેની પરીક્ષાઓ તો કઈક જુદી જ થઈ ગઈ છે.'

'અરે મમ્મી, તું આવીને જુએ તો તને ખબર પડે... પેલો કેયૂર, ખિસ્સામાંથી વારાફરતી કાપલીઓ કાઢતો જાય અને લખતો જાય... સુપરવાઇઝર વર્ગમાં હાજર રહે તો તેમને ખબર પડે ને! અને એની પાછળ બેઠેલી નિકિતા, કેયૂર લખી-લખીને સપ્લીમેન્ટરી નીચેની પાટલી પર મૂકે એટલે એમાં જોઈ નિકિતા ધડાધડ પેપર લખ્યે જ જાય... પકડાવાની કંઈ ચિંતા વિના જ... બિંદાસ્ત થઈ તે કોપી કરતી હતી... હું એની પાછળ હતી, મેં પણ કીધું, તું લખીને સપ્લીમેન્ટરી મૂકતી જા ને! કેયૂરની જેમ, તો અેણે શું કહ્યું ખબર છે ને? 'હું પકડાઈ ન જાઉં? કેયૂરમાંથી કોપી કરતાં એને પકડાવાની બીક નથી લાગતી ને મને લખવાનું જોવા દેતાં એને બીક લાગે છે. ને મેં જરા ઊંચા થઈ જોવાનો પ્રયત્ન કર્યો તો અાખા પેપર ઉપર એવો તો હાથ ઢાંકી દીધો... ચાંપલી નહીં તો, સાવ કંજૂસ છે એ તો, થોડું એનામાંથી જોઉં તો અેમાં એના માર્ક્સ કંઈ ઓછા ઘટી જવાના હતા! બહુ હોશિયાર ન જોઈ હોય તો!'

'નિકિતાય ખરી છે ને! એટલું જોવા દે એમાં શું ફેર પડે?... પરીક્ષામાં નંબરેય કોણ જાણે એવો અાવી જાય છે કે ક્યારેક બધી બાજુથી તકલીફ પડી જાય છે. કોઈનું કંઈ ભલું થતું હોય તો અેમાં શો વાંધો?' નિમિતાનાં મમ્મીએ પણ નિમિતાને સાથ આપ્યો ને મને અાશ્ચર્ય થયું!

દિવસે-દિવસે આપણાં મૂલ્યો કેટલાં બદલાતાં જાય છે!... મને બરાબર યાદ છે. મારો નાનો ભાઈ રુચિર, તેને ચાર-પાંચ વર્ષ પહેલાં પરીક્ષા હતી. એ અંગ્રેજી મીડિયમમાં ભણતો હતો ને પ્રશ્નપત્રમાં કંઈક પ્રાર્થના પુછાયેલી જે તેમને શિખવાડેલી નહીં, પણ કેટલીક સ્કૂલમાં એ પ્રાર્થના ગવડાવવામાં અાવતી હતી. અેટલે થોડાંક છોકરાંઓએ તો તે ધડાધડ લખવા માંડી, એમાં જોઈને વર્ગનાં બીજાં કેટલાંક છોકરાંઓએ પણ તે લખી નાંખી. 'સર તો કઈ જ

બોલે પણ નહીં. મમ્મી સાચું કહું? ત્યારે મને પણ થયું કે હુંય શું કામ ન લખું? આટલા માર્ક્સ નકામા શું કામ જવા દઉં?' રુચિરે કહ્યું, 'પણ ત્યાં તો મમ્મી મને તારું મોં દેખાયું ને હું અેકદમ અટકી ગયો. 'ભલે અોછા માર્ક્સ આવે, પણ હું ચોરી નહીં જ કરું.' એવો મનોમન નિશ્ચય કર્યો, મમ્મી મને મનમાં ડર તો છે જ કે અોછા માર્ક્સ આવશે, પણ તો પછી હું શું કરું મમ્મી? અમારા બેન તો વર્ગમાં કંઈ પણ ધ્યાન અાપતાં જ નથી. બધું આવું જ ચાલતું હોય છે. મનેય બહુ મન થઈ જાય છે મમ્મી!'

'બેટા! તું ચિંતા ન કર, ભલે અોછા માર્ક્સ આવે... એમ ચોરી કરીને વધુ માર્ક્સ આવે અેનો શો અર્થ છે? આપણને અેવું ન પોસાય... ચોરી તો કરવાની જ નહીં... આપણને અાવડતું ન હોય, આપણે પૂરી મહેનત ન કરી હોય ને એમ બીજામાં જોઈને લખીએ અેટલે આપણા મનને ખોટો સંતોષ થાય કે કાંઈ નહીં બધું લખ્યું તો છે ને! અને વળી વધુ માર્ક્સ આવે અેટલે આપણે નિશ્ચિંત બની જઈએ અને અેટલે આપણો અભ્યાસ કાયમ માટે કાચો રહી જાય... મનને એવો ખોટો સંતોષ અાપવાથી સૌથી મોટું નુકસાન તો અાપણને પોતાને જ થાય છે, એમાં બીજાને એનો મોટો ગેરલાભ થતો નથી, બેટા! રુચિરને તેની માએ વહાલથી માથે હાથ ફેરવી સાચી શિખામણ આપી. રિઝલ્ટ આવ્યું, રુચિરને ઓછા માર્ક્સ આવ્યા તેનું દુ:ખ ચોક્કસ થયું, પણ તેણે ખોટું કામ નહોતું કર્યું, પરીક્ષામાં ગેરરીતિ આચરી ન હતી, તેનો તેના મનમાં સંતોષ હતો. તેનામાં આત્મવિશ્વાસ હતો. તેના જીવનનું એ જ સાચું ઘડતર હતું, પણ આજે આવા વિદ્યાર્થીઓ કેટલા? પરીક્ષાના માર્ક્સને જ ફક્ત પારાશીશી તરીકે ગણીને સંતાનના ઘડતરને જ વધુ મહત્ત્વ આપનાર માબાપ કેટલાં?'

અાજે તો ચારેકોર અનીતિનો એટલો બધો પવન ફૂંકાયો છે કે વિદ્યાર્થીમાં સત્યનિષ્ઠા અને જીવનનાં આવાં મહામૂલાં મૂલ્યોને જાળવી રાખવાં એ પણ બહુ કપરું કામ છે, માબાપ પણ યેનકેન પ્રકારેણ વધારે માર્ક્સ કેમ અાવે તે માટે જ સંતાનને પ્રેરણા અાપતાં હોય છે. 'એમાં શું? બાજુવાળી છોકરી જોવા ન દે? કંજૂસ નહીં તો... એમ થોડું જોવા દે ને લખવા દે તો અેમાં એનું શું બગડી જવાનું હતું?' આવી શિખામણ અને દોરવણી આપતાં માબાપોને હું જોઉં છું ને મનોમન ધ્રૂજી ઊઠું છું. હે ભગવાન! આ નવી પેઢીનું શું થશે? જેનો તમને અધિકાર નથી એ યેનકેન પ્રકારેણ મેળવનારા ચારેકોર આજે પથરાઈને પડ્યાં છે અને એટલે જ એ સિદ્ધિની આજે કિંમત કેટલી? સાધના વિના સિદ્ધિ હોય જ કેવી રીતે? પણ અાજે તો અેવું વિચારવાનું જ ક્યાં છે? મનમાં જે ધાર્યું તે થવું જ જોઈએ.

પેપર ખરાબ ગયું છે?... તેં વાંચ્યું નહીં, મહેનત ન કરી એટલે હવે અે ફળ તો તારે ભોગવવું પડશે જ ને! એવું કહેતાં આજે માબાપ જોવા મળે ખરાં? 'પરિશ્રમ એ જ પારસમણિ'નો પાઠ શીખવનાર અાજે માબાપ કેટલાં જોવા મળે છે? ઉપરથી બાળક આવી ફરિયાદ કરે, ત્યારે બીજું ચક્કર ચાલુ કરી દે છે. પેપર ક્યાં તપાસાવા ગયું છે... પાછલે બારણેથી માર્ક્સ કેવી રીતે વધારવા તેનાં પુરજોશમાં પ્રયત્નો ચાલુ કરી દે છે. 'કંઈ નહીં બેટા! ચિંતા ન કરીશ એ તો અાપણે બધું બરાબર કરી દઈશું... તારા બાપ પાસે પૈસા છે, ફિકર શું કરે છે? પૈસાથી આ દુનિયામાં બધુંય થાય છે.' કહી એ પોતાનાં જ સંતાનને ઊંધા પાટે ચડાવે છે. એના જ સંતાનની કર્તવ્યનિષ્ઠા તો તૂટે જ છે, પણ સાથે પ્રામાણિકતા પણ નષ્ટ થાય છે. પરીક્ષાના વધારે માર્ક્સની ઘેલછા પાછળ ધમપછાડા કરતાં અાવાં માબાપો તેમનાં જ સંતાનોમાં જીવનનાં મૂલ્યોને અડફેટે ચડાવીને પોતાના જ પગ પર કુહાડો મારે છે. અે જ સંતાનો ભવિષ્યમાં તેના પોતાના માટે પણ પછી એવી અપ્રામાણિકતા આચરતી અટકાવી અટકતી નથી ને ત્યારે માબાપને માટે પશ્ચાત્તાપના અગ્નિમાં શેકાયા કરવા સિવાય બીજો કોઈ જ વિકલ્પ રહેતો નથી ને ત્યારે બહુ મોડે તેમને સમજાય છે કે આ તો 'હાથનાં કર્યાં હૈયે

વાગ્યાં...' પણ બાજી હાથથી ગયા પછી શું? રાંડ્યા પછીના ડહાપણનો શો અર્થ? નવી પેઢીના આવા ઘડતર માટે આપણે પોતે જ આમ અવરોધ બનીને ઊભા રહી જઈએ તો કોઈ બીજું શું કરી શકે!!!

*

માબાપના તનાવની અસર સંતાન સુધી?

'મમ્મી, હું બહાર જાઉં છું... કદાચ થોડું મોડું થશે... પાછી ચિંતા ન કરીશ.'

'અરે! ઊભો રહે તો વિવેક... આ તેં શું પહેર્યું છે? આવાં કપડાં પહેરીને બહાર જવાય? જરા જો તો ખરો... કેવો બબૂચક જેવો લાગે છે...? જરા અરીસા સામે જઈને ઊભો તો રહે... હવે કંઈ તું નાનો કીકો છે? તેર વર્ષનો તો થયો... જા જરા સરખાં કપડાં પહેરીને જા... મને તો બહાર કહેતાંય શરમ આવે છે કે વિવેક મારો દીકરો છે...!'

...ને વિવેકનો બહાર જવાનો બધો જ ઉત્સાહ પત્તાંની મહેલની જેમ કકડભૂસ થઈને તૂટી પડ્યો. ચંપલ કાઢી નાખી... રૂમમાં ગયો... અરીસા સામે જરા નજર નાખી... ને પથારીમાં પડ્યો ને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો... એના મનમાં સખત દુ:ખ થઈ રહ્યું હતું. 'હું કાળો છું... સુંદર દેખાતો નથી... એમાં હું શું કરું? મારે કેવા થવું એ કંઈ મારા હાથની વાત તો હતી નહીં...' ને અેને મનોમન થઈ ગયું કે 'અાના કરતાં તો એણે જન્મ જ ન લીધો હોત તો કેવું સારું થાત?' મમ્મી હંમેશાં મને મારા દેખાવ માટે જ ટોક્યા કરે છે, પણ એમાં હું શું કરું?'

આમ જુઓ તો વિવેક કાંઈ દેખાવમાં અેટલો ખરાબ ન હતો. એ વાને જરા શામળો ખરો પણ એના ફીચર્સ એટલા ખરાબ ન હતા... પણ એ જન્મ્યો એ પહેલાં એનાં મમ્મીને સતત એમ જ ઇચ્છા હતી કે મને ખૂબ સુંદર અને રૂપાળું બાળક અવતરે તો કેવું સારું! અને એટલે એ ભગવાનને અે માટે પ્રાર્થના કરતાં, કોઈ દૂધ વધુ પીવાનું કહે, કોઈ સફરજન ખાવાનું કહે... એ બધું જ કરતાં... ગોરું બાળક મેળવવાની આશામાં જ, પણ વિવેક જન્મ્યો ત્યારે તેમની એ આશાઓ ફળીભૂત ન થઈ અને અેટલે વિવેક તરફનાં તેમનાં વહાલ અને ઉમળકામાં સાહજિક રીતે જ હોવી જોઈએ, તેનાથી ઓછી ઉષ્મા જણાવા લાગી... નાનકડા વિવેકમાં એ સમજ તો ન હતી કે અેવું કેમ થયું છે, પણ એને સતત કંઈક ખૂટે છે તેવું તો લાગ્યા કરતું જ હતું... અેટલે વિવેકના મોં પર ક્યારે ય પ્રસન્નતા દેખાતી નહીં... તેનો અાત્મવિશ્વાસ જ સાવ તૂટી ગયો હતો... મા તરફથી સતત ધિક્કાર... ને ધૂત્કાર સાંભળવા મળતાં... અે કઈ શ્રદ્ધાના બળે અાત્મવિશ્વાસ કેળવી શકે? અને એ નિરાશાને કારણે જ તેનો દેખાવ વધુ ખરાબ લાગતો હતો. આપણે કેટલાય લોકો અેવા જોઈએ છીએ જે ખૂબ દેખાવડા ન હોય, કોઈક વળી અેકદમ જાડાં હોય, તો કોઈ વળી સાવ સુકલકડાં ને છતાંય એવા લોકો જો હસતાં ખીલતાં હોય તો તેઓ ક્યારેય સામા માણસને સ્પર્શ્યા વિના રહેતાં નથી. માણસને દેખાવ નહીં, તેના હૃદયની પ્રસન્નતા જ સુંદર બનાવે છે અને એ પ્રસન્નતા તેને જો પ્રેમ અને સ્વીકાર્યતા મળે તો જ તેનામાં આવી શકે. વિવેકની માને અા કોણ સમજાવે? 'માણસની સુંદરતા બાહ્ય દેખાવમાંથી નહીં, પણ અંતરમાંથી પ્રગટે છે ને અે માટે આજુબાજુથી મળતો પ્રેમ ને પ્રોત્સાહન જ ખૂબ જરૂરી છે!'

કીર્તિદા અત્યારે તો લગભગ સોળ વર્ષની છે, પણ જન્મવાની હતી ત્યારના સંજોગોની અસર હજી તેને છોડતી નથી. મોટી બે દીકરીઓને પછી ત્રીજો દીકરો... અને અેટલે ભાવનાબહેનને એમ હતું કે હવે તે પરવારી ગયાં છે, પણ કોણ જાણે કેમ પણ તેમને ફરી દિવસ રહ્યા... ને તે ખૂબ અકળાઈ ઊઠ્યાં... 'હવે મારે બાળક નથી જોઈતું... મારામાં શક્તિ નથી, હવે મારામાં બાળક ઉછેરવાની હિંમત જ નથી...' પણ નીતિનભાઈ નસીબમાં માનવાવાળા અને આમે જરા ધર્મમાં આસ્થાવાળા. અેટલે એમણે ભાવનાબહેનને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે 'હવે ઈશ્વરના ગુનેગાર બનવાનો શો અર્થ?' અને ભાવનાબહેને મને-કમને પણ દીકરીને જન્મ આપવો પડ્યો... કદાચ કીર્તિદાની જગ્યાએ દીકરો અવતર્યો હોત તો ભાવનાબહેનને આટલું ન લાગત. પણ આ તો ત્રીજી દીકરી... અને અેટલે કીર્તિદા જન્મી

ત્યારથી જ ભાવનાબહેનને ક્યારેય એની પર ઉમળકો થયો નથી... વહાલથી ક્યારેય, માથે હાથ ફેરવ્યો નથી. પરિણામે કીર્તિદા સતત તેની પોતાની જાતને ધિક્કારતી જ રહી છે. તેને જીવનમાં ક્યાંય રસ પડતો નથી... તે અેટલે સુધી કે એક વાર તો તેણે આત્મહત્યાનો પણ પ્રયત્ન કર્યો...!

જન્મ પહેલાંના સંજોગો અને જન્મ પછી માબાપ તરફથી પ્રેમથી વંચિત રહેતાં સંતાનો, જીવનમાં જાણે ગુમરાહ બની ભટક્યા જ કરે છે ને ત્યારે એવા સંતાનોના હૃદયની વેદનાને સમજવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ ખરા? શ્રી ધૂમકેતુએ સાચું જ કહ્યું છે કે, 'દુનિયા જો બીજાની દૃષ્ટિએ જોતાં શીખે તો દુનિયાનાં અડધાં દુ:ખો ઓછાં થઈ જાય...' તેમાંય બાળક તો િડપ્રેશનનું ભોગ ન જ બનવું જોઈએ. મા-બાપની એ મહત્ત્વની ફરજ છે... એક છોડને પાંગરવા માટે સૂર્યકિરણો અને પાણીની જેટલી જરૂર છે, એથીય વધુ જરૂર ખીલતા, ઊછરતાં બાળકને માટે પ્રેમની જરૂર છે. પ્રેમ એ તેનો પ્રાણવાયુ છે. માબાપ જો બાળકને સરસ રીતે વહાલ કરે તો જ બાળકને તેનું જીવન જીવવા યોગ્ય ને યથાર્થ લાગે છે. માણસ તેની જિંદગી પોતા માટે ભલે જીવે છે, પણ બીજાને તેના અસ્તિત્વનો અહેસાસ છે તે જ અનુભૂતિ તેના જીવનને જીવતું બનાવે છે, તેના જીવનની તેને કિંમત લાગે છે.

અને આમ જીવનની કિંમત જેને લાગે છે, તેવાં બાળકો તેમનાં આસપાસનાં વાતાવરણમાં પણ સફળતાપૂર્વક અને સરસ રીતે હળીમળી શકે છે, પોતાની જાતનું જો યોગ્ય મૂલ્યાંકન અે કરી શકશે તો જ તેને યોગ્ય મિત્રો તે શોધી શકશે. બનાવી શકશે... એટલું જ નહીં... જીવનમાં તે ક્યાં છે, તે પોતે કોણ છે ને શું કરી શકે તેમ છે... તેનો તેને સાચો અંદાજ હશે, તો જ તેને યોગ્ય સમાજમાં અને વ્યવસાયમાં પણ એ ગોઠવાઈ શકશે... પોતાની જાત માટેનું સંતુલિત મૂલ્યાંકન માણસનાં જીવનની સફળતા માટે બહુ જ મહત્ત્વનું છે, પણ તે માટે માબાપે તેમને બાળપણથી આપેલો પ્રેમ અને મમતા જ પાયારૂપ છે...

મોનિકાને હું જ્યારે-જ્યારે જોઉં ત્યારે તે સાવ શોગિયું મોં લઈને ફરતી હોય...! હું વિચારું 'હજી તો ઊગીને ઊભી થાય છે... આમ આટલી નાની ઉંમરે તો અેને માથે એવા તે શું દુ:ખના ડુંગરો તૂટી પડ્યા હશે કે તે આમ સાવ ડિપ્રેશનમાં દેખાય છે, અરે! ડોક પણ ઊંચી રાખી શકતી નથી... ને આંખોમાં જાણે નરી નિરાશા જ વર્તાય છે, એના મોં પર જાણે ક્યાંય આત્મસંતોષ નથી, આત્મશ્રદ્ધા નથી... 'પોતાની જાતની જ પોતાને કિંમત ન હોય!' અે કેવી રીતે ચાલે? માણસને પોતાનામાં જ જો વિશ્વાસ ન હોય તો અે જીવન કેવી રીતે જીવી શકે? પણ એમાં એનો શો વાંક? કેટલો વાંક? મોનિકા પોતે કેટલી જવાબદાર? મમ્મી અને પપ્પા બંને ખૂબ હોશિયાર, બંને વકીલાતના વ્યવસાયમાં વ્યસ્ત... અસીલોનાં ટૅન્શન ઘર સુધી અાવે ને તેમાં ને તેમાં મોનિકાને જરૂરી એટલો પ્રેમ ન મળી શક્યો... મોનિકાનું હૃદય સતત પ્રેમ ઝંખતું રહ્યું... આંખો સતત માની મમતાને શોધતી રહી ને તેમાંને તેમાં તે ખુમારીથી જીવન જીવવાનો રાહ ભૂલી ગઈ. બીજાં અાપણી કિંમત કરે કે નહીં તે પ્રશ્ન તો પછી અાવે છે, પણ જો આપણે જ આપણી પોતાની કિંમત ન સમજી શકીએ, તો અાપણા જીવનની નિષ્ફળતા માટે બીજાને દોષિત ઠેરવવાનો શો અર્થ છે? આપણા જીવનની કિંમત આપણે જ આંકવાની છે, આપણા જીવનની યથાર્થતા આપણે જ પુરવાર કરવાની છે... બીજાને માટે આપણે શું કરવા જીવવું જોઈએ? અને એક વાર આપણે પોતે આપણા જીવનનું ઊંચું મૂલ્યાંકન કરી શકીશું તો જ આસપાસનાં સૌ આપણી કિંમત આંકશે 'હું જે છું ને તે જ બરાબર છું...' આ આત્મસંતોષ જ જીવન જીવવાની ખરી જડીબુટ્ટી છે, પણ એ બધાનાં પાયામાં બાળપણથી પ્રેમ મળે તો બહુ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.'

બાળક જન્મે છે, ત્યારે માબાપ જાણે ઘેલાં-ઘેલાં થઈ જાય છે... આજે પિન્ટુ હસ્યો...

આજે તેણે પહેલું પગલું ભર્યું... એના ફોટાને બાળપણની એક-એક મીઠી પળોને એ પ્રેમથી વાગોળે છે... પણ ઘણાબધા કેસમાં કમનસીબે એવું બને છે કે બાળક ત્રણ-ચાર વર્ષનું થતાં-થતાંમાં તો આખી બાજી જાણે પલટાઈ જાય છે. લાડ ને પ્રેમને બદલે એ જ બાળકને ધિક્કાર મળે છે, ધૂત્કારી કાઢવા માંડે છે. સમજણું થવા માંડે છે તે જાણે તેણે ગુનો કર્યો ન હોય! જે ગાલ પર રોજ વહાલ ભરી બચ્ચી મળતી હતી તે નાજુક ગાલ પર ક્યારેક ગુસ્સાભરી લપડાક મળે છે ને ક્યારેક તો અેવું બને છે કે માને બાળકને વહાલ કરવાનો તો સમય નથી... પણ એને ઉમળકાથી અડકવા જેટલોય ઉત્સાહ નથી... ને જે બાળક માટે તે ગર્વ લેતી હતી એ જ બાળક જાણે થોડું મોટું થતાં-થતાંમાં તો જાણે અાશીર્વાદને બદલે શાપરૂપ બની જતું દેખાય છે. વિષમ સંજોગોનો શિકાર બનતી આવી માનો આમાં કેટલો દોષ? તો પેલા બાળકનોય શો દોષ? બહુ તનાવ શાણાનેય બહાવરા બનાવે.

*

માબાપની અધીરાઈ સંતાનના વિકાસને અવરોધે છે?

'અનિકેત... ઓ અનિકેત.. ક્યાં ગયો કોણ જાણે...? આ બૂટ એક આમ નાંખ્યું છે, બીજું વચ્ચોવચ. આ તે ઘર છે કે જંગલ. મને સમજ નથી પડતી કે અા છોકરાને શું કરવું? સ્કૂલમાંથી આવે છે ને જાણે ઘરમાં વંટોળિયો ફૂંકાઈ જાય છે. આખો દિવસ ઘર કેટલું ચોખ્ખું ને વ્યવસ્થિત હોય છે પણ અનિકેત, તું ઘરમાં પેઠો નથી ને જાણે ઘર રમણભમણ થયું નથી. કોણ જાણે ક્યારે શીખશે તું? હવે કાંઈ નાનો નથી. તને નવ વરસ તો પૂરાં થવા આવ્યાં. આ જોઈ આવ... બાજુવાળાની શ્રેયા! તારાથી એક વર્ષ નાની છે, પણ કેટલી ડાહી છે! સ્કૂલમાંથી આવે અેટલે વ્યવસ્થિત રીતે બૂટ-મોજાં મૂકી દે. દફતર તેના રૂમમાં મૂકી આવે, હાથ-મોં ધોઈ યુનિફોર્મ બદલી નાંખે ને પછી દૂધ-નાસ્તો કરી લે... કશું જ કહેવું ન પડે... શિલ્પાબહેન તો કહેતાં હતાં કે 'શ્રેયાને મારે ક્યારેય ટોકવી પડી નથી કે ટકોરવી પડી નથી.' ને તું, જ્યારે જુઓ ત્યારે કહીએ તેનાથી કંઈક ઊંધું જ કરતો હોય. સમજ નથી પડતી તારું મગજ આમ ઊંધી દિશામાં જ કેમ દોડે છે? તારી ચિંતા કરી કરીને તો હવે હું થાકી ગઈ છું. લાખ પ્રયત્નો કરું છું, પણ સહેજેય સુધરે તો ને! ક્યારેક તો અેવો કંટોળો આવે છે કે આ ઘર છોડીને ક્યાંક ભાગી જાઉં? આના કરતાં તો છોકરાં ન હોય એ સુખી હોય છે. કશી પંચાત તો નહીં. કોણ જાણે ક્યાંથી પેટે પહાણો પડ્યો છે! મારુંય નસીબ બે ડગલાં આગળ ને અાગળ જ છે. પરણીને પાંચ-પાંચ વરસ સુધી પેટ ન મંડાયું... તે કેટલી બાધા આખડીઓ કરી... ત્યારે વળી તું જન્મ્યો. અરે! જન્મ્યો ત્યારે તો હું જાણે ગાંડી-ગાંડી થઈ ગઈ હતી, પણ તું તો જેમ-જેમ મોટો થતો જાય છે, તેમ-તેમ બગડતો જ જાય છે ને! મને હતું... 'અનિકેત મોટો થશે એટલે નિરાંત... હું છુટ્ટી તો ખરી. પણ આ તો ઊલટી ઉપાધિ વધી છે. પેટના છોકરાની જ વાત. કોને જઈને કહેવી? હવે તો નથી સહેવાતું ને નથી કહેવાતું.'

અને આમ બબડાટ કરતાં-કરતાં આરતીબેને દૂધનો ગ્લાસ ટેબલ પર મૂક્યો ને અનિકેતનું બાવડું પકડી તેને ટેબલ પાસે ખેંચી લાવ્યાં. હાથમાં ગ્લાસ લઈને તેને મોઢે માંડ્યો, પણ અનિકેત તો, હાલે કે ચાલે. મમ્મીના આ વાક્પ્રહારો ને આવું વાતાવરણ તેના કુમળા હૃદય પર ઘા પર ઘા પાડી રહ્યા હતા... એ દૂધ તેને કેવી રીતે ઊતરે! બકરીને ગમે તેટલું લીલું ઘાસ નીર્યું હોય પણ સામે પાંજરામાં વાઘ ઊભો હોય... એ બકરીને ઘાસ ગળે ક્યાંથી ઊતરે! અનિકેતની પરિસ્થિતિ પણ એ બકરી જેવી જ હતી. અને આ કંઈ એક દિવસની વાત ન હતી. રોજની જ વાત હતી. રોજ જ આ પરિસ્થિતિનું પુનરાવર્તન થતું હતું.

સ્કૂલ છૂટવાનો ઘંટ વાગે ને બાળકો ઘેર જવા અધીરાં બની જાય. દફતરમાં પેન-પેન્સિલ ચોપડી જેમતેમ નાખતાં જ ને દોટ મૂકે, પણ અનિકેત તો વર્ગમાંથી છેલ્લો જ નીકળે. તેને ઘેર જવાની ઉતાવળ જ ન હોય. ક્યારેક તો તેને ટોકવો પડે 'હવે ઘેર પહોંચી જા. તારી મમ્મી ફિકર નહીં કરતી હોય!' પણ અનિકેત તો કશું જ ન બોલે ન ચાલે... જાણે ન છૂટકે સ્કૂલેથી ઘેર પાછો જાય... બાળકને ઘેર જવું ન ગમે તેવું તે ક્યારેય હોય ખરું? માને મળવા તો તે હંમેશાં તલપાપડ હોય, તેને બદલે અનિકેતને તો ઘર તરફનું કશું જ આકર્ષણ ન હતું. ક્યાંથી હોય? તેના કૂમળા મગજમાં રોજેરોજ વમળો ઊમટતાં હતાં.

'આના કરતાં તો મારે ઘર જ ન હોય તો કેવું સારું? ઘેર જઈનેય શો લાભ છે? પેલો શ્રીપાલ તો કહેતો હતો કે રજા પડે તો મને ખૂબ મજા પડે છે. કેવી મજા? સ્કૂલે જ નહીં જવાનું... મન ફાવે તેમ રમ્યા જ કરવાનું... મને અે જ સમજાતું નથી કે અેની મમ્મી તેને રમવા કેવી રીતે દેતી હશે? અરે! મારી મમ્મી રમવા ન દે તેનો વાંધો નહીં, પણ મને જુએ છે ત્યારથી બસ વઢ્યા જ કરે છે! હું તો તેને ગમતો જ નથી... આનાં કરતાં તો હું જન્મ્યો ન હોત

તો જ સારું થાત. મને તો અેમ થાય છે કે અા ઘર છોડીને ક્યાંક જતો રહું... પણ ક્યાં જાઉં? કંઈ જ સમજ નથી પડતી. મારી કોઈને ક્યાં કશી પડી છે? એવો તો ગુસ્સો આવે છે કે અા ત્રીજા માળની ગૅલરીમાંથી એક વાર તો ભૂસકો મારું જ... પણ બહાર ડોકું કાઢીને નીચે જોઉં છું ને બીક લાગે છે. હવે તો સ્કૂલમાંય બધાં ટીચર મને વઢ્યા જ કરે છે. કાલ પેલાં ભારતીબહેને મારો વાંક ન હતો તોપણ મને વર્ગ બહાર કાઢ્યો... તોફાન પરીને કર્યું ને હજી હું સાચી વસ્તુ કહું એ પહેલાં તો મને ક્લાસ બહાર કાઢી મૂક્યો... મારું સાંભળવા જાણે કોઈ તૈયાર નથી. સમજ નથી પડતી. શું કરું... હમણાં-હમણાં તો ભાઈબંધોય જાણે મને એવું જ કરે છે... કાલે જય, અપૂર્વ બધાં સાથે નાસ્તો કરવા ગયો, તો બધાં કહે 'અમારી ટીમ થઈ ગઈ છે... તું નહીં... અનિકેત...' મને તો અેવો ગુસ્સો આવ્યો... ને એટલે જ જયનો નાસ્તાનો ડબ્બો મેં ઉછાળી મૂક્યો... શું કરું? બધાં જ મને અાવું કરે તો! મને તો કોઈ જ ગમતું નથી.' અનિકેતનાં બાલમાનસમાં પ્રલય ઘમસાણ ઊમટી રહ્યું હતું.

સૌ કોઈ અનિકેત માટે ફરિયાદ કરતાં હતાં. 'ખૂબ ઉધમાતિયો છે. ખૂબ તોફાની છે, એને ભણવું જ ક્યાં ગમે છે? કોણ જાણે મોટા થઈને શું કરશે?...' ચારે બાજુથી અનિકેતને આ જ સાંભળવા મળતું ને અનિકેતનું હૃદય હચમચી ઊઠતું... ઈશ્વરે માણસને 'અહમ્' આપ્યો છે અને અેટલે તેને પણ કંઈક બનવાની હંમેશાં આકાંક્ષા હોય છે. 'સારા થવું કોને ન ગમે?... અરે! કોઈ સહેજ હસતાં મોઢે આપણી સામે જુએ તોય જાણે હૃદયમાં કેવી અાનંદની લાગણી થાય છે!' પણ અનિકેતના નસીબમાં એ આનંદ અનુભવવાનું જ ન હતું.

આવા અનેક અનિકેત મને મારી આસપાસ દેખાય છે ને મારું મન કરુણાથી ભરાઈ જાય છે. બાળક જન્મે છે, ત્યારે માબાપના આનંદનો પાર નથી હોતો... ઈશ્વરે આપેલી એ મહામૂલી ભેટ... કોને અાનંદ ન થાય? પણ એ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ એક પછી અેક પ્રશ્નો ઊભા થતા જાય છે ને અાખીય પરિસ્થિતિ બદલાતી જાય છે. અેકબાજુ માની અનેક ભૂમિકાઓ, ઘરનું કામ, પત્ની તરીકેની ફરજો... સગાંસંબંધીઓને સાચવવાની ફરજો ને તેમાં વળી ક્યારેક પાછી નોકરી... માની પરિસ્થિતિ તો 'રાત થોડી ને વેશ ઝાઝા' જેવી હોય છે, એ ક્યાં પહોંચે ને ક્યાં ન પહોંચે?... પોતાનું બાળક કોને વહાલું ન હોય! પણ બધી અકળામણ એ બાળક પર કાઢે છે... કારણ બાળક હજી નાનું છે... તે સામું થઈ શકતું નથી... અને નાની સરખી ભૂલ ખૂબ મોટી બની જાય છે. કટુવચનો તેના અાત્મવિશ્વાસને છિન્નભિન્ન કરી નાખે છે, તે અાપણે ક્યારેય વિચારીએ છીએ ખરાં?

પેલો મહર્ષિ... મોં પરથી જાણે એટલો બધો ઢીલો લાગે... ને ક્યારેક તો દયા અાવે... પણ વારંવાર એની મારામારી માટે ફરિયાદ આવે... એના મમ્મીને બોલાવીએ તો એ પણ ખૂબ રડે... 'હું એને રોજ જ સમજાવીને મોકલું છું કે તું તોફાન ન કરીશ... બેન! પણ હું શું કરું એ જ સમજ નથી પડતી...' એના મમ્મીને મહર્ષિમાં એટલો બધો અવિશ્વાસ હતો કે અધીરાઈ અને અવિશ્વાસ ગુમાવી દીધો હતો.... તેણેય એક વાર તો કહ્યું: 'બેન! મારે તોફાન નથી કરવું... પણ મને શું થાય છે તે જ સમજ નથી પડતી...' ને તે ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો... મને થયું ક્યારેક માબાપની પોતાના સંતાન માટેની વધુ પડતી અધીરાઈ પણ કેવા પ્રશ્નો ઊભા કરે છે?

શ્રીપાલ લગભગ ચૌદ વરસનો છે. પણ હજીય એના પપ્પા ઘરમાં આવે ને એ એના રૂમમાં ભરાઈ જાય છે અને તેણે એક દિવસ તો કહ્યું કે હજી આજેય જાણે મને ક્યારેક પપ્પાની ગાડીનો અવાજ કાનમાં ગુંજે છે ને હું ધ્રૂજી ઊઠું છું. 'શ્રીપાલના પપ્પા શિસ્તના ખૂબ આગ્રહી છે ને ઘરમાં પેસે ત્યારથી જ એક સન્નાટો છવાઈ જાય છે... છોકરાંઓને ઘરમાં તેમના પોતાના ઘર જેવું ક્યાંથી લાગે? પપ્પાએ મને ક્યારેય વહાલ નથી કર્યું... અરે, બેટા! કહીને એમણે મને

ક્યારેય બોલાવ્યો નથી... કદાચ જો મમ્મી ન હોત તો હું ન હોત... એટલે હું જીવું છું... મમ્મીને કારણે... મમ્મી મને ખૂબ વહાલ કરે છે...' શ્રીપાલે એક વાર એના મનની વાત કરી.

બાળપણ એ જીવનનો ખૂબ નાજુક તબક્કો છે. એ દરમિયાન જે અનુભવો થયા હોય એની અસરો ને અેની યાદો સ્મૃતિ પટ પરથી ક્યારેય ભુલાતી નથી... ને સૌથી વધુ તો બાળપણ દરમિયાન જો વિષમ સંજોગો ઊભા થયા હોય તો માણસનું આખું વર્તન જ એવું વિચિત્ર રીતે બદલાતું રહે છે કે તે સમાજ સાથે તાલ મિલાવી શકતો નથી ને જીવનભર મૂંઝાય છે, અકળાય છે. નાનપણથી ધિક્કાર મળ્યા કર્યો હોય અે બાળક બીજાને પ્રેમ ક્યાંથી આપી શકે... અરે! તમે બાળક સામે એક જ સહેજ પ્રેમભર્યું સ્મિત કરો ને અેની આંખમાં એક એવી ચમક આવી જાય છે. જાણે તેને દુનિયાનું સ્વર્ગ મળી ગયું ન હોય! ધિક્કાર અને કટુવચનોની અસર તેના જીવન દરમિયાન ટકી રહે છે, એ બહુ મોટી કમનસીબી છે અને એટલે જ બાળકનાં મા અને બાપની પ્રસન્નતા એ બાળકના જીવનમાં એને માટે બહુ મહત્ત્વની જરૂરિયાત છે. કેટકેટલા લોકોને આપણે તેમના વ્યવસાયમાં લગ્નજીવનમાં નિષ્ફળ નીવડતાં જોઈએ છીએ તેની પાછળ વધતેઓછે અંશે બાળપણમાં મળેલ ધિક્કાર અને કટુવચનો જવાબદાર હોય છે. બાળપણના આ અનુભવોની અસર જીવનપર્યંત દેખાય છે. ક્યારેક તે સમાજ સાથે સુમેળ સાધી ન શકે તો ક્યારેક ગમે તેવી સારી નોકરી મળે હોશિયાર પણ ખૂબ હોય પણ ઠરીને નોકરી ન કરી શકે... લગ્નજીવનમાં પણ તેને મુશ્કેલી નડે... સુજાતાનું પહેલું લગ્ન નિષ્ફળ નીવડ્યું. તેણે છૂટા પડીને બીજું લગ્ન કર્યું. સુખી થવાની આશાએ પણ કોણ જાણે કેમ એમાં ય એણે ધાર્યું હતું, એટલું સુખ તે મેળવી શકતી નથી. દોષ કોને દેવો? નસીબને કે પછી બાળપણમાં રહી ગયેલી પ્રેમની ઊણપને!

જીવનમાં પૈસા કરતાંય પ્રેમ એ મહામૂલી મૂડી છે. પૈસો ઓછો-વધતો હશે તો ચાલશે, પણ જેને જીવનમાં પ્રેમ નથી મળ્યો એનું જીવન ક્યારેક જીવંત રહી શકતું નથી. પ્રેમથી વંચિત માણસ ક્યારેય જીવનમાં સફળતા મેળવી શકતો નથી. અને એટલે જ બાળકને ક્યારેય ધિક્કારવું ન જોઈએ. તેની ટીકા ન કરવી જોઈએ. અેનો અાત્મવિશ્વાસ તૂટવો ન જોઈએ. ભૂલ કર્યા વિના એ કંઈ કશું જ શીખવાનો નથી. માણસ ચાલતાં શીખવા માટે કેટલી વાર પડે છે? ને છતાંય તે ચાલતાં શીખે છે, તો બાળક ભૂલ કરીને પણ આગળ કેમ વધી ન શકે? તે માટે તેને ધમકાવવું, ધિક્કારવું શું યોગ્ય છે? બાળક માટેની વધુ પડતી અધીરાઈ ને ચિંતા બાળકના વિકાસમાં ઘણી વાર અવરોધ બની ઊભા રહી જાય છે. બાળકને એટલી હદ સુધી ન ચાહો કે તેની ક્ષણેક્ષણે ચિંતા તમને વ્યથિત બનાવી દે, કારણ બાળક માટે તમારી પ્રસન્નતા એ બહુ જ મહત્ત્વની છે.

*

માતાની મહત્ત્વાકાંક્ષા બાળકના બાળપણને છીનવી લે છે

‘શું વાત કરે છે નિકિતા? તેં આખુંય વૅકેશન તારા દીકરાને કંઈ જ ન કરાવ્યું? તું અને નિશિથ બંને ડૉક્ટર... આખો દિવસ તમારા કામમાં રચ્યાપચ્યાં હો.... છોકરું ઘરમાં એકલું કંટાળી ન જાય! મારા અતિકેતને તો ઘડી પણ એમ ને એમ બેસી રહેવું ન ગમે...!'

‘મમ્મી, હું શું કરું? મમ્મી ચાલ તું મારી સાથે રમવા... મમ્મી મને એક વાર્તા કહે...’ અરે! તું માનશે? ક્યારેક તો મને ઘરનું કામ કરતાં કરતાંય નાકે દમ આવી જાય છે... એમાં હું તો વળી તમારા લોકોની જેમ કામ પણ નથી કરતી અને છતાંય કંટાળી જાઉં છું, તો તમે લોકો કેવી રીતે છોકરા સાથે બધું પાર પાડી શકતાં હશો? એ જ મને તો નવાઈ લાગે છે અને એટલે જ મેં તો અનિકેતને માટે આખાય અઠવાડિયાનું એવું તો આયોજન કરી નાખ્યું છે કે ઘડીય વાર એને નવરાશ જ ન મળે... છોકરાને પ્રવૃત્તિ ન મળે એટલે કંટાળો કરી આપણો જીવ ખાઈ જાય છે. તેના કરતાં પ્રવૃત્તિ સારી... હવે તો કેટકેટલી પ્રવૃત્તિઓ ચાલે છે? અરે! હું એને સ્કૂલમાં લેવા જાઉં અને પાંચ-સાત મિનિટ પણ વહેલી હોઉં તો મમ્મીઓ જે વાતો કરતી હોય છે, હું તો એ સાંભળું ને મને એમ જ થઈ જાય કે જાણે હું અનિકેતને કશું જ કરાવતી નથી... એ ક્યાંક પાછળ તો નહીં રહી જાય ને?’

કોઈક કહેતું હોય, ‘મારો દીકરો સવારે સ્વીમિંગમાં જાય છે, સાંજે સ્કેટિંગમાં મોકલું છું. આ વખતે તો એ સ્ટેટ લેવલ પર ભાગ લેવાનો છે. એટલે હમણાં પંદર દિવસ રોજ પ્રેક્ટિસ કરાવવી પડશે... તમે માનશો? પંદર જ દિવસના રૂપિયા હજાર નક્કી કરી કોચ પાસે સ્પેશિયલ ટ્યૂશન નક્કી કર્યું છે, સાંજે છથી આઠનો ટાઇમ, મારે તો એને ઇન્ટરનેશનલ લેવલ પર જોવો છે સુનીતા...’ ને હું એ સાંભળી ઘડીભર તો ધ્રૂજી ઊઠી... બીજા ધોરણમાં ભણતો અનિકેત... એને એકધાર્યું આટલું સામટું સ્કેટિંગ કરવાની મજા આવતી હશે ખરી?... કે પછી એક વેઠની જેમ જ તેની પાસે એ સ્કેટિંગ, કરાવવામાં આવતું હશે! માબાપની મહત્ત્વાકાંક્ષા પણ ક્યારેક માઝા મૂકે છે, ત્યારે બાળકનું બાળપણ, એની નિજાનંદની મસ્તી કેવી છિનવાઈ જાય છે! બાળકને મુક્ત મને ક્યારેય રમવા જ નહીં દેવાનું?

કુલિનને એનાં મમ્મીએ સ્વીમિંગ માટે મોકલવાનું શરૂ કર્યું... એમને થયું ‘એ સવારે સમયસર ઊઠતો નથી, છેક આઠ વાગે ઊઠે અને સાડા આઠે દૂધ પીએ પછી સ્કૂલે જતાં જમે શું? અને એટલે સવારના સાત વાગે સ્વીમિંગ ક્લાસ શરૂ કર્યા હોય તો ફરજિયાત ઊઠવાની ટેવ તો પડી જાય... ને વળી એટલી કસરત કરે એટલે ભૂખ પણ લાગે એટલે જમી પણ શકે, આખોય દિવસ સ્ફૂર્તિમાં જાય... શરૂ-શરૂમાં તો કુલિનનેય થોડું ગમ્યું. પણ ઘરમાં રોજ જ રાતે બધા મોડે સુધી ટી.વી. જોતાં હોય એને એકલાને રૂમમાં જઈ સૂવાનું કેમ ગમે? અને સૂતાં મોડું થાય એટલે સવારે કેવી મીઠી ઊંઘ આવે! એવી મીઠી ઊંઘમાંથી ઊઠવાનું તો આપણા જેવાનેય ન ગમે તો આ તો નાનું બાળક... એક દિવસ સ્વીમિંગ કોશ્ચ્યુમ જ સંતાડી દીધું, શોધાશોધ કરી, સવારના પહોરમાં આખુંય ઘર ઉપરનીચે કરી નાખ્યું, પણ કોશ્ચ્યુમ ન જ મળ્યું. ક્યાંથી મળે? એની જ પથારીની ગાદી નીચે તેણે દાબી દીધું હતું... અને એ પણ કુલિને પોતે જ કબૂલ કર્યું... ‘મમ્મી, મને સવારના પહોરમાં આવું જવાનું જરા પણ ગમતું નથી, એટલે મેં જ તે સંતાડી દીધું હતું... મારે સ્વીમિંગમાં નથી જવું...’ સવારથી ઊઠ્યા હોઈએ અને આખાય દિવસમાં બેચાર વખત પણ જો આપણું ધાર્યું ન થાય તો! ક્યારેક કેવા ગુસ્સે થઈ જઈએ છીએ! ત્યારે બાળકનું તો ભાગ્યે જ આખા દિવસમાં તેની ઇચ્છા મુજબ થતું હશે... તેને અકળામણ નહીં થતી હોય? અને એટલે જ સ્વીમિંગ કોશ્ચ્યુમ એ ન સંતાડી દે તો બીજું કરે પણ શું? છતાંય બાળકો કેવા નિખાલય અને નિર્દોષ હોય છે! તેમને ક્યારેય જુઠ્ઠું બોલવાનું

ફાવતું જ નથી... પ્રયત્ન કરે તોપણ તેઓને જુઠ્ઠું બોલવાનું ફાવતું જ નથી, એટલે એણે સ્પષ્ટ કહી દીધું.

એક દિવસ અમિત મને પૂછે: 'મમ્મી એક વાત કહું?... આપણે ઘરમાં એકેય ઘડિયાળ જ ન રાખી હોય તો?'

'તો બેટા! ટાઇમસર સ્કૂલમાં કેવી રીતે પહોંચાય? સ્કૂલમાં પહોંચતાં સહેજ જ મોડું થાય છે તો-તો તું રડવા લાગે છે. ઘડિયાળ વિના તું બધું સમયસર કેવી રીતે કરી શકે?'

'પણ મમ્મી... એ ઘડિયાળ છે એટલે જ તું મને આખો દિવસ "જલદી કર, જલદી કર" કર્યા કરે છે ને! ઘડિયાળ જ ન હોય તો કેવી મજા પડે! મને જેમ મન ફાવે, જ્યારે મન ફાવે તે કર્યા કરવાનું... મારું ચાલે તો હું તો બધાં ઘડિયાળો જ ઘરમાંથી કાઢી નાખું.'

નાદાન, અમિતની વાત પણ મને સાચી તો લાગી જ કે આપણે ઘડિયાળને ભલે હાથે બાંધી ફરતા હોઈએ પણ એ જ ઘડિયાળ આપણા જીવનની પળેપળને કેવું જકડી લે છે!

એવા જ આપણે બાળકોને ઇતર પ્રવૃત્તિઓમાં જકડી લઈએ છીએ. દુનિયા હરણફાળે આગળ વધી રહી છે અને એટલે એની સાથે જો કદમ મિલાવી ચાલવું હશે તો બાળકને ઘણુંબધું શીખવવું પડશે... સાચું પૂછો તો રાત થોડી અને વેશ ઝાઝા જેવી પરિસ્થિતિ છે, પણ છતાંય બાળકનું બાળપણ ક્યારેય ફરી આવવાનું નથી... એક કવિએ એ બાળપણની અમૂલ્ય કિંમત આંકતાં કેવી સરસ ગઝલ લખી છે! 'મારી બધી જ મિલકત લઈ લો, મારી જુવાની પણ લઈ લો, પણ મને મારું બાળપણ પાછું આપી દો. પાણીમાં હોડી તરાવવાની મજા, ભરતડકે ઘરમાંથી ચૂપચાપ નીકળી પક્ષીઓ અને પતંગિયાં સાથે ખેલવાની એ મજા... ઢીંગલા-ઢીંગલી રમવાની મજા એ મજા કરતાં કરતાં દોસ્તો સાથે ઝઘડવાની પણ મજા... બાળપણની એ મસ્તી એ જ જીવનની સાચી દોલત છે...' બાળકની એ સાચી દોલતને તો આપણે છિનવી લઈએ છીએ... એના બાળપણને આપણે ક્યાં રહેવા દઈએ છીએ? આપણી મહત્ત્વાકાંક્ષા કેવી મુશ્કેલીઓ ઊભી કરે છે? મનોવૈજ્ઞાનિક લીન એટલે જ કહે છે કે, બાળકને મુક્તપણે વિહરવા દો તો એની રચનાત્મકશક્તિ ખીલશે. તેમને તેમની રીતે કલ્પનાની દુનિયામાં, વિહરવાનો અવકાશ આપો. વિચારોની દુનિયામાં ખોવાઈ જવાની તક આપો... વધુ પડતી પ્રવૃત્તિઓમાં જકડી દઈ તમે તેમની સર્જનાત્મક શક્તિને કુંઠિત કરી નાખો છો, નાની ઉંમરથી જ માબાપ તરફથી વધુ પડતા દબાણને કારણે જ બાળકો જ્યારે આ બધું શીખવાનો સાચો સમય થાય છે, ત્યારે તેમાંથી રસ ગુમાવી દે છે, એવું કનિંગહામે પણ બાળકો પરના અભ્યાસ પરથી તારણ કાઢ્યું છે. બાળમનોવૈજ્ઞાનિક ઓટો વેઈનીનગરે તો સ્પષ્ટ કહ્યું છે કે ત્રણ વર્ષની નીચેનાં બાળકો માટે ક્યારેય અમુક જ સમયે પહોંચવું પડે તેવી ઇતર પ્રવૃત્તિનું આયોજન કરવું જોઈએ નહીં. એમનામાં બીજા સાથે હળવામળવાની ટેવ કેળવાય માટે તેમને પ્લે ગ્રૂપમાં મોકલવું બરાબર છે, પણ આટલાં નાનાં બાળકોને ક્યારેય સમયના બંધનમાં જકડી ન લો.

બાળક પાંચ વર્ષનું થાય પછી એક કે બે જ પ્રવૃત્તિ તેને માટે ગોઠવો, કારણ કે તેને માટે પાછી સ્કૂલ તો હોય છે જ. બાળકને માથે બહુ બોજો ન નાખો. ક્યારેક બાળકોને તેમની સાથે મા કે બાપ હોય તો જ પ્રવૃત્તિ કરવાની મજા આવે છે. અમેરિકામાં બધાં જ બાળકોની આસપાસ જાતજાતનાં અને ભાતભાતનાં રમકડાંનો ઢગલો કરી દેવામાં આવે છે, પણ છતાંય એ બાળક એકલતાથી મૂંઝાય છે, રમકડાંની દુનિયા વચ્ચે મોં વકાસી નાનકડો કરન એક દિવસ પૂછે, 'હું શું રમું? મને કશી જ સમજ નથી પડતી, મને કશી જ મજા નથી આવતી...' બાળકોને માબાપ સાથે સહભાગીદારી માણવી ગમે છે. બાળકને આપણો સમય જોઈએ છે. નાનકડા અચ્યુતને કરાટે ગમતું તો હતું જ, પણ આખો દિવસ સ્કૂલમાં ભણ્યા પછી

એ કરાટે કરવા જાય ત્યારે જે ઉમંગ લાગવો જોઈએ તે જણાતો ન હતો, સાચોસાચ તો ઇતરપ્રવૃત્તિ બાળકને જીવનમાં રસ પેદા થાય, તે હળવું ફૂલ થાય તે માટે કરાવવામાં અાવે છે. તેને બદલે એને એ ભારરૂપ લાગે તે કેમ ચાલે? અને અે કરાટેમાંથી આવે એટલે સખત થાકી ગયો હોય, અકળાઈ ગયો હોય... અને અેટલે એનો કરાટેનો સમય સવારનો કર્યો, સવારના સ્ફૂર્તિ આવી જાય અને આખો દિવસ સરસ જાય એ આશાએ પણ ત્યાં તો તકલીફ પડી. સવારે વહેલા ઊઠવાની, વહેલી સવારની મીઠી ઊંઘમાંથી ઊઠવાનું કોઈને ગમે. મમ્મી અને પપ્પા બંને ડૉક્ટર, તેને લેવા મૂકવાય વહેલાં તો ઊઠવું જ પડે અને એટલે એના પપ્પાએ જ કરાટે વર્ગો તેની સાથે ચાલુ કર્યા. એક નવી પ્રવૃત્તિ શીખવા તો મળી જ, પણ પપ્પાના આ રસને કારણે અચ્યુતને હવે કરાટેમાં એકદમ રસ જાગી ગયો છે અને તેને ખૂબ મજા આવવા માંડી છે. એવું જ ચિત્રનું પણ થયું છે. રવિવારે એની મમ્મી અને અચ્યુત બંને સાથે બપોરે ચિત્ર સાહેબ આવે ત્યારે ચિત્રની દુનિયામાં એવાં તો ખોવાઈ જાય છે કે જાણે આખાય અઠવાડિયાનો થાક ક્યાંય ભુલાઈ જાય છે. ઇતરપ્રવૃત્તિથી જીવનમાં કંઈક શીખવા તો મળે જ છે, પણ તે સાથે એકધાર્યા જીવનમાંથી હળવાશ અનુભવવા માટેનું પણ એ એક માધ્યમ છે, એ આપણે કયારેય ભૂલવું જોઈએ નહીં. બાળકને મજા ન અાવતી હોય અેવી પ્રવૃત્તિમાં મોકલી તેમને શિક્ષા કરવાનો શો અર્થ? અને એટલે જ નિકિતા પોતે ખાસ્સી ભણેલી-ગણેલી હોવા છતાં તેણે તેના નાનકડા દીકરા માટે વૅકેશનમાં કશી જ પ્રવૃત્તિઓ નક્કી કરી નાખી ન હતી. દીકરો થોડા દિવસ દાદા-દાદી સાથે મજા માણી અાવ્યો. એમાંય મોસાળ એટલે તો છોકરાઓને વહાલામાં વહાલી જગ્યા, વૅકેશન સિવાય તેમને એવા વડીલો, સ્વજનોની હૂંફ અને પ્રેમ માણવાનો અવકાશ જ ક્યાં મળી શકે તેમ હોય છે? હવે તો એકેય દિવસ સ્કૂલ બગડે તો બાળકનું ભણવાનું બગડી જાય. બાળકને દાદા-દાદીનો પ્રેમ માણવાની તક ક્યારે મળે?... ફોઈ, માસી, દાદા-દાદી, નાના-નાની, બાળકના જીવનમાં અા બધાં પાત્રોની ભૂમિકા પણ નાનીસૂની નથી હોતી. એમની પાસેથી પણ બાળકનું ઘણું ઘડતર થાય છે. ઇતરપ્રવૃત્તિઓના ઔપચારિક વર્ગોમાંથી બાળકની સર્જનાત્મકતા કે રચનાત્મકતા જરૂર ખીલતી હશે, પણ બાળકનું લાગણીતંત્ર તો ખરેખર આ જીવન સંબંધોમાંથી જ વિકસે છે, વડીલો અને સ્વજનોની એ હૂંફ અને પ્રેમમાંથી બાળકને એક અદ્ભુત ખજાનો મળી રહે છે, જેમાંથી એનું અાગામી આખુંય વર્ષ જીવંત અને ધમધમતું બની રહે છે, એ સંબંધોની મીઠાશભરી સ્મૃતિઓથી તેનું આખુંય નવું વર્ષ ખૂબ ધમધમતું બની શકે છે. તેનામાં સામાજિકતા પણ ખૂબ વિકસે છે.

બાળકને આપણે પસંદ કરીએ તે નહીં, પણ એ પસંદ કરે તે ઇતરપ્રવૃત્તિ કરવા દો. એની સમક્ષ જુદા-જુદા વિકલ્પો આપો. સામાન્ય રીતે માબાપ 'તે જે ન શીખી શક્યા તે બાળક તો શીખે' એમ માની પોતાની અધૂરી રહેતી ઇચ્છાને પરિપૂર્ણ કરવા માટે બાળકને સાધન બનાવે છે. એને બદલે બાળકને તેના પોતાના રસને પારખવાની તક અાપો અને અે પછી અેણે જે પ્રવૃત્તિ પસંદ કરી હશે, તેમાં તે રસ લઈ અાગળ વધી શકશે. ક્યારેક એવું પણ બને છે કે અે પ્રવૃત્તિ પોતે જ પસંદ કર્યા પછી પણ તેને તેમાં કેટલોક સમય રસ ઊડી જાય છે તેવા વખતે તેને એકાદ અઠવાડિયું તેમાંથી મુક્ત રાખો, એકાદ અઠવાડિયાની તેમાંથી મુક્તિ લીધા પછી તેને અેની મેળે જ પાછી એ પ્રવૃત્તિ કરવાની પ્રેરણા જાગશે. ક્યારેક તેમાં નાના-મોટા ફેરફાર પણ કરી શકાય. ચિત્રમાં ચિત્રનો વિષય બદલીને, સંગીતમાં રાગ બદલીને, માણસને હંમેશાં ફેરફાર જોઈએ છે, એકધારાપણાથી તે કંટાળે છે. બાળકની કોઈ પણ પ્રવૃત્તિનું આયોજન કરતાં પહેલાં આપણે સતત ધ્યાન રાખીએ કે એ જીવંત માનવ છે, એને પ્રવૃત્તિ ગમે છે, પણ તેને માટે પૂરતી પ્રેરણા મળવી જોઈએ, એ જ મહત્ત્વનું છે. એને એમાં મજા આવવી

જોઈએ એ સૌથી વધુ જરૂરી છે.

*

‘મારે જીવવું જ નથી’

‘ગુંજન જરા અામ આવ તો, અાજે મારે ખૂબ મોડું થઈ ગયું છે. મહેમાન આવવાના છે. જરા મને મદદ કરવા લાગ તો દીકરા...’

‘ના મમ્મી, મને ટાઇમ નથી, મારે ભણવાનું છે. અાજે ખૂબ લેસન છે...’ ને એ સાંભળી મીનાબહેનને જરા અકળામણ તો થઈ જ કે ‘આવડી મોટી દીકરી, શું જરૂર પડે ને મહેમાન આવવાના હોય તો થોડી મદદ સુધ્ધાં ન કરે? અામ તો હું ક્યાં, ક્યારેય કોઈ કામ તેને ચીંધું છું? ગ્રીષ્મા ને ગુંજન બંને નાનાં હતાં, ત્યારથી જ મેં તેમના ભણવાને વધુ મહત્ત્વ અાપ્યું છે. ક્યારેય ઘરનાં કામમાં તેમને મેં જોતર્યાં નથી. મને હંમેશાં તેમનાં ભણવાની ચિંતા થાય અને એટલે એમ જ થયા કરે કે મોટા થઈને તો તેમને કામ કરવાનું છે જ ને! ઘરનો ભઠિયારો તો તેમને પરણશે એટલે પછી આખી જિંદગી કૂટવાનો છે, તો અત્યારે છો ને બિચારી બંને દીકરીઓ ભણે અને મજા કરે, એટલે હું ક્યારેય તેમની પાસેથી મદદ માટે અપેક્ષા રાખતી નથી. પણ એટલું ખરું, ગ્રીષ્માને મારો વિચાર આવે ખરો. મને જરાક ઢીલી જુએ તો તરત જ પૂછે, ‘મમ્મી તને શું થાય છે? તારી તબિયત સારી નથી? તું રહેવા દે. હું અાજે રોટલી કરી નાખીશ’ ને બોલે એટલું જ નહીં, બધું કરે પણ ખરી, ઉપરથી મને અેમ થાય કે બિચારીને ભણવાનું બગડશે.’ પણ એટલું ખરું, એ અવારનવાર આમ મને મદદ કરે, પણ એનું કામ ક્યારેય બગડવા ન દે. નાની હતી ત્યારથી એની સ્કૂલમાંથી ક્યારેય એની કોઈ ફરિયાદ નથી અાવી. ભણે તો સારું, પણ બીજી બધી પ્રવૃત્તિઅોમાં પણ એ હંમેશાં આગળ જ હોય. વરસ પૂરું થવા આવે ત્યાં સુધીમાં તો જુદી-જુદી પ્રવૃત્તિઅોમાં ઇનામો મળ્યાં હોય તેનાં ખાસ્સાં સર્ટિફિકેટો તેને મળ્યાં હોય. અરે! એની એક આખી ફાઈલ મેં તો જુદી બનાવી છે. ગ્રીષ્મા મારી દીકરી એવી છે કે જેને માટે હું ગૌરવભેર માથું ઊંચું રાખી એના વખાણ ચાર જણ વચ્ચે કરી શકું છું. મને ખાતરી છે કે અા દીકરી જ્યાં જશે ત્યાં મારું નામ ઉજાળશે.

પણ આ મારી ગુંજન! કોણ જાણે કેમ...? પણ ગ્રીષ્મા કરતાં એ સાવ જ જુદી છે. નાની હતી ત્યારે માંદી ખૂબ રહેતી હતી. ગ્રીષ્મા ક્યારે મોટી થઈ ગઈ તે મને ખબરેય પડી નથી, પણ આ ગુંજનને મોટી કરતાં તો મને નવ નેજાં થયાં છે. ગ્રીષ્મા વખતે તો અમે ભેગાં હતાં એટલે બા-બાપુજી બધાં જ ઘરમાં, મારે ભાગે તો અેની જવાબદારી ખૂબ ઓછી આવે ને, એ આમ જુઓ તો મારા કરતાંય બા-બાપુજીની વધુ હેવાઈ હતી... એટલે એનો અાખો ઉછેર જ જુદી રીતે થયો છે, ત્યારે ગુંજન તો અમે જુદાં રહેવા ગયાં પછી જન્મી, એના વખતે દિવસ રહ્યા, ત્યારથી મારી તબિયત ખૂબ ખરાબ રહેતી હતી... અને મનેય એ દિવસોમાં કેટલું ટૅન્શન રહેતું હતું? સતત મનમાં ચિંતા થતી હતી “ગ્રીષ્મા વખતે તો બા-બાપુજી ઘરમાં હતાં એટલે ખબર ન પડી, પણ હવે હું અાને કેવી રીતે મોટી કરીશ? હું એકલી આ બધો ભાર કેવી રીતે ઉપાડી શકીશ? મનોજ તેની નોકરીમાં વ્યસ્ત હોય તેના તરફથી મને થોડીય મદદ મળશે, તેની તો અાશા જ ક્યાંથી રખાય? શું થશે મારું? આના કરતાં તો બાળક માટે આ ચાન્સ ન લીધો હોત તો સારું થાત, પણ ગ્રીષ્મા એ તો દીકરી અેટલે બા-બાપુજીનેય સતત એમ થતું હતું કે ‘દીકરો તો જોઈએ જ’ દીકરો ન હોય તો કુળ – અરે! વંશવેલો કેવી રીતે ચાલુ રહે? ને મનોજ પણ... બા-બાપુજીને પગલે એવું જ માનતો થઈ ગયો હતો ને! અને એટલે નાછૂટકે મેં અા ચાન્સ લીધો, પણ મારુંય નસીબ બે ડગલાં આગળ... તે દીકરાને, બદલે અા દીકરી જન્મી... એના જન્મ વખતે અમને સૌને અાઘાત લાગ્યો, પણ શું થાય? એ કંઈ આપણા હાથની વાત થોડી જ છે?”

અને અેટલે એને ઉછેરતાં જ જાણે મારાથી નિ:સાસા નંખાઈ જતાં. બાકી હતું તે અે

વારંવાર માંદી પણ પડી જતી. માંદગીને કારણે કહો કે ગમે તેમ... પણ ગ્રીષ્મા નાની હતી, ત્યારે ક્યારેય કજિયો કરતી નહીં, જીદ કરતી નહીં, ત્યારે ગુંજન, એનો કકળાટ સતત ચાલુ હોય. વાતવાતમાં એને વાંકું પડી જાય. એ જે ધારે તે તરત થવું જ જોઈએ. ને એ ન થાય ત્યાં સુધી તો એવી રઢ લે કે આપણે અ◌ેને શિસ્ત શીખવવાનો ગમે તેટલો આગ્રહ રાખીએ તોપણ હારીને, થાકીને અ◌ાખરે એની જીદ આપણે પૂરી કરવી જ પડે. વળી એ માંદીસાજી રહે એટલે મને ને મનોજને પણ એમ થાય... કે રહેવા દો ને! ક્યાં કકળાટ કરાવવો? પાછી તબિયત વધુ બગડશે.' પણ એ બધાંને પરિણામે વસ્તુસ્થિતિ એવી બની છે કે એ હવે હંમેશાં એનું ધાર્યું જ કરે છે... અરે! ધાર્યું જ કરે છે, એટલું જ નહીં પણ હું કહું તેનાથી હંમેશાં ઊંધું જ કરે છે. હું એમને એમ એને કહું કે 'ગુંજન ભણવા બેસ' તો કહેશે 'આ શું મમ્મી? તું તો મને જુએ છે, ત્યારથી જ ભણવાનું કહે છે. આખો દિવસ શું ભણભણ કરવાનું? આ ભણવાનું તો મને ગમતું જ નથી. જા...' ને છનછન કરતી તે બહાર નીકળી જાય.

આજે મહેમાન આવવાના છે ને મદદ કરવાનું કહ્યું તો કહે છે... 'મારે ભણવું છે.' હું જાણું છું કે અ◌ે કેટલું ભણશે... આ તો કામ નહીં કરાવવાનાં બહાનાં છે. એને હું બરાબર રીતે અ◌ોળખું છું. એને કશું કરવું જ ગમતું નથી... બસ, આખો દિવસ હરવુંફરવું ને મોજામજા કરવાની. સારું-સારું ખાવા અ◌ાપો. સરસ મજાનાં કપડાં અ◌ાપો... હરવા-ફરવા દો. એટલે અ◌ે ખુશ, સહેજેય રોકટોક તેને ગમતી નથી, પણ એમ તે કાંઈ જિવાય? હરીફરીને અને ખાઈપીને મોજમજા તો પ્રાણીઓય કરે ને માણસ પણ જો તેમજ કરે તો પ્રાણી અને માણસમાં શો ફેર? મારે શું તેને પ્રાણી જેવું જીવન જીવતી કરવાની છે? જીવનમાં કોઈ ધ્યેય વિના તે કંઈ જીવન હોય? પણ એ ધ્યેય પણ નક્કી તો કરવું જ જોઈએ ને? ગ્રીષ્મા તો નાની હતી ત્યારથી કહે છે, 'હું ડૉક્ટર થઈશ.' ને એટલે એ સતત મહેનત કરે જ છે... પણ ગુંજનને તો એવું કશું જ નહીં. જાણે જીવનમાં કશો રસ જ નથી.

એક દિવસ મેં પૂછ્યું, 'બેટા ગુંજન... તારે મોટા થઈને શું થવું છે?' તો અ◌ેણે શું કહ્યું ખબર છે? 'મમ્મી, આ તે કંઈ પ્રશ્ન છે? મારે શું થવું છે તે કંઈ હું ઓછી નક્કી કરી શકવાની છું. ને ધારો કે નક્કી કરું તો પણ હું ઓછું જ એ બની શકવાની છું. મારું બધું તો તું નક્કી કરે છે પછી મને અ◌ાવો પ્રશ્ન શું કામ પૂછે છે? ને મારે ગમે તે થવું હોય... પણ એટલા માર્ક્સ પણ આવવા જોઈએ ને?'

ગુંજનને જીવનમાં જાણે કશામાં રસ જ નથી પડતો. સવારે ઊઠે ત્યારથી જ જાણે એનામાં શિથિલતા હોય. નિરસતા હોય, જાણે નાછૂટકે જીવતી ન હોય! ઘરમાં એક બાજુ ગ્રીષ્મા ને બીજી બાજુ ગુંજન બંને વચ્ચે જાણે આસમાન-જમીન જેવા ફરક. ક્યારેક તો અ◌ેમ જ થઈ જાય કે એક જ માને હાથે ઊછરતી બે દીકરીઓમાં આટલો બધો ફેર હોઈ શકે ખરો?

પણ ગુંજનનું આ ઘડતર એ અ◌ેક હકીકત છે. ગુંજનને પાસે બેસાડી માથે હાથ ફેરવી વહાલથી પૂછ્યું, 'બેટા! તારે તારી જિંદગી બનાવવાની છે... તું આમ કશામાં જ રસ ન લે તો કેમ ચાલે? તું હાથે કરીને તારું ભવિષ્ય શું કામ બગાડે છે? અત્યારે તું છોકરમતમાં અ◌ા બધું કરે છે, પણ તને તેનો ખ્યાલ નથી કે તારી અ◌ાખી જિંદગી તેમાંથી બગડી જશે... તારે મોટા થઈને આગળ વધવું છે કે નહીં? તારે સુખી થવું છે કે નહીં? સમાજમાં તારે ગૌરવથી જીવવું છે કે નહીં?'

ને એટલું હજી હું કહું, ત્યાં તો તે એકદમ ચીસ પાડી બોલી ઊઠી: 'મારે જીવવું જ નથી... નથી જોઈતી મારે આવી જિંદગી... હું કોઈને ગમતી જ નથી. મારું કોઈ જ નથી, હું જીવીને શું કરું? અ◌ાના કરતાં તો હું ન જન્મી હોત તો સારું થાત... ઘરમાં બધા જ ગ્રીષ્માબહેનને માન અ◌ાપે છે. મારી તો કોઈનેય પડી છે જ ક્યાં? અરે! મમ્મી-પપ્પા તો ઠીક પણ દાદા ને બા પણ

જાણે ગ્રીષ્માને જ વહાલ કરે છે. મને ક્યારેય કોઈ વહાલથી બોલાવે છે ખરું? નથી મમ્મી-પપ્પાને ટાઇમ કે નથી બા-દાદાજીનું વહાલ... બધાને ગ્રીષ્મા જ દેખાય છે. મારી તો ઘરમાં કોઈ હસ્તી જ ક્યાં છે? ના ના, મારે જીવવું જ નથી. ને એમ કહેતાં-કહેતાં તો અે સખત ડુસકાવા માંડી.

ગુંજનની લીધેલી માનસિક કસોટીઓમાં તેના વ્યક્તિત્વનાં આ લક્ષણો સ્પષ્ટપણે વરતાતાં હતાં. તેને ભણવામાં રસ નહોતો પડતો. તેને કશામાં જ રસ નહોતો પડતો, કુટુંબ સાથે તેને સુમેળ ન હતો, તેનામાં લાગણીઓનું પણ સમતોલન જણાતું ન હતું. અામેય કિશોરાવસ્થા એ નાજુક તબક્કો તો છે જ, પણ વ્યક્તિત્વનાં આટલાં બધાં વિષમ પાસાં જોતાં ગુંજનના ભાવિ વિશે ચિંતા થાય એવું હતું. સમસ્યા હતી. એનો ઉકેલ શો? કમનસીબે ગુંજન, તેની માના પેટમાં હતી, ત્યારથી જ પ્રતિકૂળ સંજોગોએ તેના વિકાસમાં અનેક વિરોધી પરિબળો ઊભાં કર્યાં હતાં, પ્રેગનન્સી દરમિયાન માનું સતત ટૅન્શન, જન્મ પછી ગ્રીષ્માને દાદા-દાદીનો પ્રેમ ને હૂંફ મળ્યાં હતાં, પણ ગુંજન તેનાથી વંચિત રહી હતી.

મા તેનું ધ્યાન રાખતી, પણ તે પણ ઘરકામમાં રોકાયેલી હોય. ગ્રીષ્માને જે મળ્યું હતું, તે તેને ક્યાંથી મળી શક્યું હોય? અને અેટલે ગુંજનમાં અસલામતી અને બધા તરફથી ઉપેક્ષાની ગ્રંથિ સતત બંધાતી ગઈ. તેનામાં હીનતાની ગ્રંથિ ઇન્ફીરીયોરિટી કૉમ્પ્લેક્ષ આવતો ગયો. તેને જીવનમાંથી રસ ઊડતો ગયો, તે જીવનને ધિક્કારવા માંડી.

માબાપને ધિક્કારવા માંડી. ગ્રીષ્મા જ તેનું મુખ્ય કારણ છે, તેવું માનવા માંડી, ગ્રીષ્માને તો તે જુએ ત્યારથી જાણે ધિક્કારતી 'હું કોઈને ગમતી જ નથી' દુનિયા આખી મારી દુશ્મન બની બેઠી છે. ના, ના, મારે જીવવું જ નથી...' ને આ બધી માનસિક તાણની અસર તેના ભણતર પર પડ્યા વિના રહે ખરી?... એ લગભગ હંમેશાં નાપાસ થાય છે... પણ એમાં એનો કેટલો દોષ?

એના મમ્મી ને પપ્પા ખૂબ મૂંઝાયેલાં રહે છે. અમારે માટે આ ખૂબ મોટી સમસ્યા છે... પોતાનું સંતાન કોને વહાલું ન હોય?'

ગુંજનને ફક્ત તમારો પ્રેમ ને હૂંફ બેની જ જરૂર છે. દરેક સમસ્યાનો ઉકેલ તો હોય જ. ગુંજનના હૃદયમાં એક વાર એવો અહેસાસ થવો જોઈએ કે તેના જીવનની તેના અસ્તિત્વની તમને સૌને કિંમત છે... તે તમારા હૃદયનો ટુકડો છે. તેવી તેના હૃદયમાં ખાતરી થવી જોઈએ. દરેક સંતાનને માબાપ પાસેથી સ્નેહ સ્વીકાર્યતા અને સલામતી જોઈતી હોય છે. માબાપ સ્નેહ તો અાપે જ, પણ તેનો અહેસાસ તેને થવો જોઈએ ને! દરેક બાળકમાં તેની અાગવી વિશિષ્ટતાઓ હોય છે, તેને પારખતાં શીખવું પડે એટલું જ નહીં, પણ જુદા-જુદા તબક્કે એની મનોસ્થિતિ બદલાતી રહે છે.

જીવનની હરેક પળ જુદી હોય છે... માબાપ જ્યાં સુધી સંતાનની નાડ પારખતાં ન શીખે, ત્યાં સુધી અાવી અનેક ગુંજનને અાપણે અકળાતી, મૂંઝાતી અને મૂરઝાતી જોવાનાં.

*

સંજનાની વ્યથા હું સમજું છું, પણ...

'અરે સુનિતા! સંજનાએ આજે શું પાછી પથારી બગાડી? તારે કંઈ કરવું જોઈએ. હવે તો એ મોટી થઈ... આટલી મોટી આઠ વર્ષની દીકરી આમ રાતે પથારી પલાળે તે બરાબર નથી...!'

બાની આ ટકોર સાંભળી હું સખત અસ્વસ્થ બની ગઈ, સંજનાની આ મુશ્કેલીથી આમેય હું ઘણી વ્યથિત તો છું જ, ઘણી મથામણ કરું જ છું અને વચ્ચે-વચ્ચે એ સાવ સારી પણ થઈ જાય છે, પણ કોણ જાણે કેમ અહીં અમે બધાં ભેગાં મળીએ છીએ ત્યારે તો એ અચૂક પાછી એ તકલીફ ઊભી કરે જ છે.

બા તો સતત વસ્તારીમાં રહી છે. ચાર દીકરા અને ત્રણ-ત્રણ દીકરીઓથી ગાજતું ઘર હતું... તેને ઠેકાણે હવે બે એકલાં થઈ ગયાં. દીકરીઓ પરણીને સાસરે ચાલી ગઈ છે. સૌ સૌના સંસાર લઈને બેઠી છે. મુંબઈમાં રહે છે, એટલે એટલું સારું છે કે અવારનવાર બા-બાપુજીની ખબર લઈ શકે છે, પણ છોકરાઓ તો ધંધાપાણી નોકરીને કારણે દૂર-દૂર જતા રહ્યા છે. એમાંય બાને સૌથી વહાલો નાનો અમિત, તે તો અમેરિકા જઈને વસ્યો, તને યાદ છે સુનિતા? અમિત ગયો ત્યારે બાને કેટલો બધો આઘાત લાગ્યો હતો!... ઍરપૉર્ટ પરથી પાછાં આવ્યા પછી બા ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી હતી... 'મારો પંખીનો માળો સૂનો થઈ ગયો... પાંખ આવે એટલે પંખી તો ઊડે જ, એને ઊડવાય દેવા પડે, નહીં તો એનો વિકાસ ક્યાંથી થાય?... પણ આ બધું સહન કરવું બહુ અઘરું છે સુનિતા.' અને એમ કહી એણે અભિલાષે મારી આગળ એનું હૃદય હળવું કર્યું હતું... અને એટલે જ મને હંમેશાં એમ થાય છે કે આવો રજાનો મોકો મળ્યો હોય કે કોઈ વાર તહેવાર હોય ત્યારે બા-બાપુજી પાસે બધાં ભેગાં મળીએ તો એમને એટલું ઓછું એકલું લાગે. ફરી પાછું ઘર ગાજતું થાય અને બાને સારું લાગે અને આમેય સાચું કહું સુનિતા! આમ વરસે દહાડે એકાદ વાર પણ કુટુંબ ભેગું ન મળે તો બધાં વચ્ચે પ્રેમ ક્યાંથી રહે? હજી તો બા-બાપુજી છે એટલે આપણને કુટુંબની એ એકતાની ગંભીરતાનો ખ્યાલ નથી આવતો, પણ જે દહાડે એમની હયાતી નહીં હોય તે દિવસે ભાઈઓ-ભાઈઓ વચ્ચે આ પ્રેમ ટકાવી રાખવો બહુ જરૂરી બની રહેશે, સુનિતા! અને એટલે જ હું તને મુંબઈ જવા માટે આગ્રહ કરું છું!... વર્ષે એકાદ વખત પણ આમ ભેગા ન મળીએ તો આપણે કુટુંબમાંથી ફેંકાઈ જઈએ, સુનિતા! આપણા પોતા માટે પણ મુંબઈ જવું ખૂબ મહત્ત્વનું છે...'

અને અભિલાષની આ વાત સાંભળી મારે સંમતિ આપવી જ પડતી... મનેય બધાંની સાથે ગમે છે તો ખરું જ, બધાંને મળવાથી મનેય ખૂબ સારું લાગે છે પણ મેં હંમેશાં જોયું છે, કે અમે ભેગાં થઈએ છીએ ત્યારે સંજનાની આ મુશ્કેલી ખૂબ વધી જાય છે. છેલ્લા છ મહિનાથી એણે એક્કેય દિવસ પથારી પલાળી નહોતી. કેવી સારી થઈ ગઈ હતી! અને ફરી પાછું અહીં એ શરૂ થયું... ઓ ભગવાન! હું શું કરું? માંડ-માંડ ઠેકાણું પાડ્યું હતું... ફરી પાછું હતું, ત્યાં ને ત્યાં આવીને ઊભું રહ્યું.

ડૉક્ટરે કેટકેટલું કહ્યું હતું! એને રાતે બહુ મોડી ન જમાડો. વહેલી રાતથી પ્રવાહી આપવાનું ઓછું કરી નાખો, પણ અહીં વસ્તારીમાં બધાં ભેગાં થયાં હોય, ત્યાં એ બધું હું કેવી રીતે સાચવું? કાલે મેં તેને કેટલી વાર કહ્યું કે, 'સંજના, તું વહેલી જમી લે, વહેલી જમી લે.' પણ એ માને તો ને? બધાં બેસે ત્યારે જ એને બેસવું હોય... અને બધાં વચ્ચે એની આ મુશ્કેલીની વાત કરું તો એનેય અસર ન થાય!... એને કેટલો બધો ક્ષોભ થાય? નાની છે તો શું થયું? એ ખૂબ sensitive છે. તેને આવું થાય ત્યારે ખૂબ ક્ષોભ થાય છે અને અહીં તો

આટલા બધા હોય એને મૂંઝવણ નહીં થતી હોય? પણ એય બાળક છે ને? બધાં ભેગાં થાય એ બધાંની સાથે જ જમવા બેસવું તેને ગમે... અને તોય મેં ખાસ ધ્યાન રાખ્યું હતું, નાનું છોકરું છે, ભાવતી વસ્તુ હોય એટલે જરા વધારે ખવાઈ પણ જાય ને છતાંય એ ઘણી સમજુ છે. એક વાર વહાલથી તેની આંખમાં અાંખ મિલાવી હું તેને ‘ના’ કહું એટલે એ સાનમાં સમજી જાય છે. આ ઉંમરે આટલી સમજ બહુ ઓછાં છોકરાંમાં જોવા મળે છે. આ બધું તો હજીય સચવાય.

પણ કાલે સાંજે... ભાભીનો પરાગ અને પ્રિયા અને સંજના રમતાં હતાં. ત્રણેમાં સંજના મોટી... પરાગને કંઈક વાંકું પડ્યું ને અેટલે જોરજોરથી રડવા લાગ્યો, ત્યાં તો બા આવી પહોંચ્યાં. સંજના પર કેટલાં બધાં અકળાઈ ગયાં? ‘સંજના, તું મોટી છે, તું કેમ સમજતી નથી?’ કહી તેને બાએ ધમકાવી નાખી, ત્યારે સંજના કેવી સૂનમૂન બની ગઈ હતી? સુધાભાભી કશું જ બોલ્યાં ન હતાં. એ તો પરાગની મા છે, એમને પરાગના સ્વભાવની ખબર હોય ને! પણ બા... છોકરાં ભેગાં થઈને રમે અેટલે ઝઘડે પણ ખરાં... બાએ છોકરાં ક્યાં મોટાં નથી કર્યાં? એ એટલું ન સમજે? સંજનાને કાલે અેમણે ધમકાવી ત્યારે જ મને ધ્રાસકો પડ્યો હતો કે ક્યાંય ફરી બગડે નહીં તો સારું... એના ડૉક્ટરે ખાસ કહ્યું હતું કે એને માનસિક આઘાત ન લાગવો જોઈએ. એનું હૃદય ખૂબ લાગણીશીલ છે અને અેને આની ખૂબ અસર થાય છે. બા વડીલ છે, એમને મારાથી શું કહેવાય? બા તેને ધમકાવતાં હતાં ત્યારે હુંય ત્યાં જ હતી, પણ વડીલની આમન્યાને કારણે હુંય કશું બોલી શકું તેમ ક્યાં હતી? ઉપરથી સંજનાને જરા વહાલથી વારવા ગઈ તો બા વધુ ગુસ્સે થઈ ગયાં, ‘તમે લોકો છોકરાંને અામ જ બગાડો છો’ મારી દશા તો કહેવાય નહીં ને સહેવાય નહીં એવી થઈ ગઈ અને અભિલાષ તો અામાં પડે જ નહીં ને! ચાર દિવસ મા સાથે દિવાળી માણવા આવ્યાં હોય, ત્યાં આમાં ક્યાંથી વચ્ચે પડે? હુંય એ સમજું છું... અને અામેય સંજનાના ઉછેરની જવાબદારી એમને માથે કેટલી? મેં એ જ વખતે વિચાર્યું હતું કે સંજનાને સુવડાવતી વખતે હું તેને વહાલથી સુવાડીશ અને અેના મનનું સમાધાન કરીશ. પણ સંજોગો પણ કેવા બને છે? રાત્રે એ જ સમયે કેટલા લોકો મળવા આવ્યા? બધાંને ચા-પાણી નાસ્તા, અગિયાર વાગ્યા સુધી કેટલી ધમાલ ચાલી? બિચારી સંજના, એકલી-એકલી ક્યારે રૂમમાં જઈને ઊંઘી ગઈ તે પણ મને ધ્યાન ન રહ્યું, હું સૂવા ગઈ ત્યારે બિચારી કેવી ઊંઘતી હતી! એના મોં પર કેવી ઉદાસીનતા હતી! મારો જીવ ખૂબ બળ્યો. મેં એને ખૂબ વહાલ કર્યું. ખોળામાં માથું લઈ કપાળે ખૂબ ચૂમી કરી, પણ બિચારી કેટલી થાકી ગઈ હતી! ઘસઘસાટ ઊંઘતી હતી. તેને ક્યાંથી ખબર પડે કે મમ્મી મને અાટલું વહાલ કરે છે! ને એ અજંપા સાથે ઊંઘેલી સંજના! પછી પથારી પલાળે જ ને! મને ડર હતો જ કે આવું ન થાય તો સારું. પણ હું શું કરું? છ-છ મહિનાથી બધું જ સાચવેલું ધૂળધાણી થઈ ગયું. સંજના! મારી વહાલી દીકરી માટે મારું દિલ દુ:ખી-દુ:ખી થાય છે, પણ હું શું કરું?

*

બાળકને તમારો સમય જોઈએ છે

'એલાવ! કોણ બોલો છો? તમે હજી સ્કૂલ બંધ કેમ નથી કરી? બીજી બધી જ સ્કૂલ બંધ થઈ ગઈ છે અને તમે હજી સ્કૂલ ચાલુ રાખી છે? સરકારના અાદેશનું પાલન તો કરવું જોઈએ ને?'

'હાજી... હું પણ માનું છું કે સરકારના આદેશનું પાલન કરવું જ જોઈએ, પણ અમારે ત્યાં ધરતીકંપથી કશું જ નુકસાન થયું નથી. બાળકો કદાચ તેમના ઘર કરતાં ય અમારે ત્યાં વધુ સહીસલામત છે. અમે તેને માટે પૂરા જાગ્રત રહીએ છીએ અને હાજરી લગભગ અઠ્ઠાણું ટકા છે અને અેટલે જ મને લાગે છે કે બાળકોના સમયનો સદુપયોગ થાય તો વધુ સારું. વગર કારણ આટલી વહેલી સ્કૂલ બંધ કરી અેમનું ભણતર બગાડીને શું કરવું? એમનો પાયો કાચો રહી જાય તો આગળ ઉપર તેમને કેટલી બધી મુશ્કેલી પડે? અને સાવ ઘેર બેસીને બાળકો કરે પણ શું? માબાપ અેમને પ્રવૃત્તિ અાપી શકશે ખરાં? અને પછી ટી.વી. સામે જડાઈને અે બાળકો બેસી જશે, એના ભાવિનું શું? બાળકોમાં રહેલી શક્તિને ખીલવા દેવાને બદલે અેને મૂરઝાવી નાખવાનો શો અર્થ?'

'ના, ના... પણ તમારે સ્કૂલ તો બંધ કરવી જ પડશે. બધી સ્કૂલ માટે સરકારે આ આદેશ આપ્યો છે.' અને નજર સામે ગમે તેટલા આદર્શો અને બાળકોનું હિત હૃદયમાં ગમે તેટલું હોવા છતાં અમારે સ્કૂલ બંધ કરવી પડી. માબાપમાં પણ ચર્ચાઓ ઊપડી. વ્યવસાય કરતાં માબાપ માટે તો આ નિર્ણયે અનેક પ્રશ્નો ઊભા કર્યા... આટલું લાંબું વૅકેશન? આખો દિવસ બાળક કરે શું? પહેલાંની જેમ હવે ઘરમાં ચારપાંચ બાળક તો હોય નહીં... બાળક રમે કોની સાથે? એકલું-અેકલું મૂંઝાઈ ન જાય? પહેલાં તો ક્યારેક કલાક, બે કલાક બાળકને ઘરમાં એકલું મૂકી બહારેય જવાતું પણ આ ધરતીકંપ થયા પછી ક્યારે આંચકો અાવે એનો શો ભરોસો! બાળકને ઘડીય અેકલું કેવી રીતે મુકાય! એનેય ડર ન લાગે? ધરતીકંપ પછી ટી.વી. અને વર્તમાનપત્રોમાં થયેલાં હૃદયદ્રાવક દૃશ્યોથી એનેય કેટલો બધો માનસિક આઘાત લાગ્યો છે? સ્કૂલ ચાલુ થઈ હતી તો સારું થયું હતું. તે બધા નોર્મલ થવા માંડ્યા હતા... 'માણસ દુઃખને ન મૂકે તો દુઃખ એનો કેડો કદીય મૂકતું નથી' એ તથ્ય જીવનમાં સ્વીકાર્યા વિના કંઈ છૂટકો છે? અને એને સ્કૂલ ચાલુ થતાં હાશ થઈ હતી કે 'હાશ, હવે પાછું બધું થાળે પડી જશે...' પણ ત્યાં તો આ બીજો આંચકો આવ્યો. સ્કૂલો બંધ કરી દેવામાં આવી... બાળકોને ઘડીભર તો અાનંદ થઈ ગયો... 'રજાની મજા, રમવાની મજા' માબાપોને પણ પહેલાં તો થયું, 'હાશ, પરીક્ષામાંથી છૂટ્યાં.' પણ હજી માંડ અઠવાડિયું ગયું હશે ને પૂછપરછ શરૂ થઈ.

'તમે વૅકેશનમાં કોઈ વર્ગો ચલાવવાના નથી? કેમ આ વખતે તો ખૂબ લાંબું વૅકેશન છે ને! બાળકો કરે શું? પહેલાં તો તમે વૅકેશનમાં શિબિરો ચલાવતા હતા ને!'

અને મેં પૂછ્યું: 'બેન! અમે તો અાવું આયોજન નથી કર્યું, પણ આપનું બાળક કેટલા વર્ષનું છે એ તમે કહો તો હું કંઈક માર્ગ ચીંધી શકું.'

'મારી બેબી છે. પાંચ વર્ષની, અંકિતા. હવે પહેલા ધોરણમાં આવશે.' અને અે સાંભળતાં જ હું ધ્રૂજી ઊઠી. પાંચ વર્ષના બાળકને માટે માબાપ આમ વર્ગોની શોધમાં નીકળે છે? શું દિવસો અાવ્યા છે? આજનાં શિક્ષિત માબાપ પાસે શું બાળક માટે સમય જ નથી? કે પછી બાળક સાથે કેવી રીતે સમય વીતાવવો, તેમને શું પ્રવૃત્તિ આપવી, એવી કોઈ સમજ જ તેમની પાસે નથી? કે પછી પોતાની જવાબદારીમાંથી છુટકારો મેળવવાનો આ પ્રયાસ છે?

બાળકને જ્યારે નિજાનંદની મસ્તીમાં મહાલવાના દિવસો હોય, માનો ખોળો ખૂંદવાનો સમય હોય, ઘરનાં ખૂણેખૂણાને માણવાના દિવસો હોય ત્યારે આજનાં શિક્ષિત માબાપ તેને

વર્ગોમાં મોકલી સમયના બંધનમાં બાંધી દઈ તેના બાળપણને છીનવી લેવા માંગે છે? કેવી મોટી કરુણતા! બાળકની આવી ઉપેક્ષા થતી હું જોઉં છું ને મારું હૃદય દ્રવી ઊઠે છે. પાંચ વર્ષના બાળકને મન થાય ત્યારે ગીત લલકારે, મન થાય ત્યારે ચિત્ર કરવા બેસે, એની કલ્પનાસૃષ્ટિને મુક્તપણે રેખા અને રંગ વડે અભિવ્યક્ત કરે, એની મસ્તી કેવી હોય – એનો આપણને ક્યારેય વિચાર કરીએ છીએ ખરા? ખેલતા, કિલ્લોલતા બાળકની મુખમુદ્રા જોવાનો આપણને અવકાશ કે સમય છે ખરો? સમજ છે ખરી? મા રસોડામાં હોય ત્યારે બાળક તેનો છેડો પકડી લે, તેની પાછળ કેવા કેવા વહાલથી ફર્યા કરતું હોય છે! તે માનું વહાલ સતત ઝંખે છે, તેવે વખતે તેને થાળી, ચમચી કે ઓરશિયો, વેલણ આપી મા તેની સાથે-સાથે ન રહી શકે! મા એક જ ફરિયાદ કરે છે, 'બહેન! હું તો એવી કંટાળી જાઉં છું... એ મને ઘડીય જંપીને કામ જ કરવા દેતી નથી. ઘરમાં શું કામ ન હોય? એના કરતાં એને કોઈ વર્ગમાં મોકલી દઉં તો કઈ શીખેય ખરી અને હું શાંતિથી કામેય કરી શકું, હું છુટ્ટી તો ખરી. ઘરમાં તો એ મારું એવું માથું ખાઈ જાય છે કે ન પૂછો વાત. ઘડીય જીભ મોંમાં રાખતી જ નથી ને! તમે માનશો? સાંજ સુધીમાં તો સો પ્રશ્નો પૂછતી હશે... હું તો થાકી ગઈ છું, એનાથી...'

એટલું સારું હતું કે એ બહેન આ ફરિયાદ મને કરતા હતા, ત્યારે તેમની દીકરી ત્યાં હાજર ન હતી, નહીં તો એના કુમળા માનસ પર કેવી અસર થાય? 'હું કોઈને ગમતી જ નથી' તેવી ગ્રંથિ બંધાઈ ન જાય? શિક્ષિત કહેવાતી માને આવો ખ્યાલ ક્યારેય આવે છે ખરો! નવ-નવ માસ સુધી ઉદરમાં ધારણ કરી, અસહ્ય પ્રસવવેદના પછી ઈશ્વરે તેને બાળક જેવી આ મહામૂલી ભેટ આપી છે – એ જ બાળકથી મા આટલી બધી જલદી કેમ કંટાળી જાય છે? એના પોતાના જ ઘરમાં એને મુક્તપણે મહાલવાનો શું એ બાળકને અધિકાર નથી? કેટલી મોટી કરુણતા!

પહેલાના વખતમાં તો ઘરમાં દાદા-દાદી હતા. મૂડી કરતાં વ્યાજ વહાલું હોય, અને સંસારની જવાબદારીમાંથી મુક્તિ હોવાને કારણે દાદા-દાદી બાળક માટે આશીર્વાદ સમા બની રહેતા પણ બદલાતા સમાજમાં ઘરમાં દાદા-દાદી રહ્યા નથી, તેમની જવાબદારી આજની નવી પેઢીને બંધન લાગે છે.

તેમની સ્વતંત્રતા છીનવાય છે, તેને કારણે આજના બાળકોએ દાદા-દાદીની હૂંફ, પ્રેમ અને છત્રછાયા ગુમાવ્યાં છે, એટલું પણ ઓછું હોય તેમ આજની શિક્ષિત માતાને કાં તો આર્થિક જરૂરિયાતને કારણે અને તેવા સંજોગો ન હોય તો ભણ્યાગણ્યા હોવાને કારણે બૌદ્ધિક સંતોષ મેળવવા કે સમાજમાં પ્રતિષ્ઠા અને મોભાભર્યું સ્થાન મેળવવા માટે પણ બહારનું કામ કરવાનું મન થાય છે. તેને માથે ગૃહિણી, પત્ની અને માતાની ત્રેવડી ભૂમિકા તો છે જ, પણ તેની ઉપરાંત ચોથી ભૂમિકા નોકરીની પણ આવી પડે છે અને એને કારણે બાળક ભાડૂતી માણસોના હાથમાં સોંપાતા છે. પ્રેમ અને સંસ્કાર ન આપી શકે તે કક્ષાના આવા માણસોના હાથમાં સોંપાતા એ બાળકના ઘડતરનું શું? પોતાનું બાળક એટલે માને માટે તો એના હૃદયનો ટુકડો.

એને પળભર પણ પરાયાને સોંપતા જીવ જ કેમ ચાલે? માતા કામ હાથથી કરે છે, પણ છેડો પકડી તેની પાછળ-પાછળ ફરતા બાળક સાથે વાતો તો કરી શકે ને?

બાળકને તમારો સમય જોઈએ છે, તમારી સહભાગીદારી જોઈએ છે. તમારો સ્નેહ તે ઝંખે છે, તમારી સ્વીકાર્યતા તે શોધે છે.

તમે તેને એટલુંય ન આપી શકો? તમને તમારા ઘરના ખૂણેખૂણા સાથે કેવો લગાવ છે?

તમારા બાળકને પણ તેનો અધિકાર નથી! તો પછી ઘરમાં જ તેને વિચારપૂર્વક પ્રવૃત્તિ આપવાને બદલે શાને માટે આવી ધંધાદારી સંસ્થા કે વ્યક્તિોના હાથમાં બાળકને સોંપી દેવા ફાંફાં મારો છો? એમાંથી કેટલાંને હૈયે બાળકનું હિત વસ્યું હશે?

'એ મારું બાળક છે, મારે તેનું બાળપણ માણવું છે, એના બાળપણની એક-એક પળને મારે યાદગાર બનાવવી છે. એ ગયેલી અમૂલ્ય ક્ષણો મને પાછી નહીં મળે.' આવી લાગણી તમારા હૃદયમાં ક્યારેય નથી થતી? અને સદ્નસીબે મારા હૃદયની બાળક માટેની સંવેદના અંકિતાનાં મમ્મીને સ્પર્શી ગઈ.

'બહેન! સારું થયું... હું વર્ગની તપાસ માટે પહેલી જ તમારી પાસે આવી. તમે મને આજે એક નવી દૃષ્ટિ આપી... તમને હું ક્યારેય નહીં ભૂલું... બાકી રોજેરોજ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલા હોબી ક્લાસની જાહેરાતો જોઈ મારું મન તો અ ેવું ચકરાવે ચડી ગયું હતું કે ન પૂછો વાત.' અને અ ાભાર અને સંતોષભર્યા સ્મિત સાથે તેમણે રજા લીધી...

*

બાળક ઝંખે છે માબાપની સહભાગીદારી

'અર્પણા, કેટલા દાખલા થયા? મને બતાવ તો તારી નોટ. ક્યારની તું શું કરે છે? પાંચ દાખલા કરતાં આટલી બધી વાર? લાવ તારી નોટ...' કહેતાં સ્મૃતિબહેન ગુસ્સે થઈ ગયાં. આજે અર્પણાને લેસનમાં ફક્ત પાંચ જ દાખલા આપ્યા હતા. સ્કૂલમાંથી આવી અને નાસ્તો કરીને તેને લેસન કરવા બેસાડી હતી, પણ કોણ જાણે તે શું કરતી હતી તે જ સમજાતું ન હતું. સ્મૃતિબહેને નોટ લીધી અને જોયું તો ફક્ત ત્રણ જ દાખલા અર્પણાએ કર્યા હતા અને તેમાંથી બે તો ખોટા હતા. હવે તો અર્પણા ચોથા ધોરણમાં હતી. કંઈ નાની નહોતી, આ બધું કેમ ચલાવી લેવાય? અને એટલે સ્મૃતિબહેન ગુસ્સે થઈ ગયાં.

'તને ભણવું જ ગમતું નથી.' સાવ 'ઢ' રહેવાની છે. કોણ જાણે શું લીલું વાળશે એ જ ખબર નથી પડતી. ચાર મહિના પછી તો પાંચમા ધોરણમાં આવશે અને પછી કેટલા વિષય વધશે તે ખબર છે? નાપાસ જ થવાની છે.' અને એટલે અર્પણાએ તો જોરશોરથી રડવાનું શરૂ કર્યું. જેવું રડવાનું શરૂ કર્યું કે નીચેથી દાદાજી આવી ગયા... મૂડી કરતાં તો વ્યાજ વહાલું જ હોય...

'સ્મિૃત! એને ક્યાં કમાવા જવાનું છે? છોકરીની જાત છે. ઓછું ભણશે તો શું આભ તૂટી પડવાનું છે? આમેય દીકરીને તો પરણાવીને સાસરે જ વળાવવાની છે, એને તો ઘર જ સંભાળવાનું છે, એને ક્યાં ધંધો કે ઑફિસ સંભાળવાની છે કે એની પાછળ આટલી બધી પડી જાય છે? સુખે જીવવા દે ને બિચારીને!...'

અને દાદાજી આવો પક્ષ લે, બચાવ કરે પછી તો પૂછવું જ શું? અર્પણા દાદાજીની પાસે લપાઈ ગઈ. વડીલની આમન્યા રાખ્યા વિનાય કેમ ચાલે? અને એમાંય અમારી તો પટેલની નાત. વહુની કિંમતેય ક્યાં હોય? અને વહુનું ઊપજેય શું? મનમાં ઘણો વંટોળ ઊમટ્યો... પણ શું કરું?

'દાદાજી પોતે તો શિક્ષક હતા. એક શિક્ષક પોતે જ પોતાની પૌત્રીને આમ નહીં ભણવા માટે પ્રોત્સાહિત કરે! મારા માન્યામાં આવતું નહોતું, પણ માણસમાં મમતાય ક્યારેક અવરોધ બનીને ઊભી રહી જાય છે. અને એને કારણે એ પૌત્રીનું ભાવિ બગડે તેવો તેમને ખ્યાલ આવતો હશે ખરો?'

બદલાતા સમયની સાથે-સાથે ડગ માંડવાં હોય તો બદલાતા આર્થિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક માળખાને અનુકૂળ થઈ વિચારસરણી બદલવી જ પડે. દાદાજી હજી પુરુષપ્રધાન સમાજના જ નશામાં છે. એમને હું કેવી રીતે સમજાવું કે હવે સમય બદલાઈ થયો છે. સ્ત્રીએ પગભર થયા વિના છૂટકો જ નથી... સ્ત્રી એક બાજુ સમાનહક્ક માટે જો માંગણી કરતી હોય તો તેણે તેવી ફરજો માટે સજ્જતા કેળવવી જ પડશે ને? હક્ક અને ફરજ તો એક જ સિક્કાની બે બાજુ છે અને એટલે જ આજે દરેક સ્ત્રીએ તૈયાર તો થવું જ પડે. ભણ્યા વિના એ જવાબદારી સંભાળી શકે એવી સજ્જતા ક્યાંથી આવશે?

બાળકને કંઈ પણ કરાવવું હોય તો તેને માટે આખું વાતાવરણ ઊભું કરવું પડે છે. માબાપ તરફથી વારસાગત રીતે કેટલીક શક્તિ અને આવડત બાળકમાં આવે જ છે, પણ તેને પાંગરવા માટેનું યોગ્ય વાતાવરણ જો બાળકને ન મળે તો એ શક્તિ એ આવડત ખીલે નહીં, મૂરઝાઈ જાય... દાદા શિક્ષક હોય એ કુટુંબમાં બુદ્ધિની તો ક્યાંથી કમી હોય, પણ અર્પણાને ભણવાનું ગમે, ભણવા માટે પ્રોત્સાહન મળે તેવું વાતાવરણ પણ સર્જવું પડે ને, બાળક તો નાનું છે. નાદાન છે. એને રમવું વધુ ગમે, એને આ ઉંમરે ભણવું ન ગમે એ પણ સાહજિક છે, પણ એને ભણવામાં રસ પડે તે માટે યોગ્ય વાતાવરણ મળે અને પ્રોત્સાહન મળે તો એને

અંદરથી જ ભણવાનું મન થાય. એનામાં રસ જગાડવો એ મહત્ત્વનું છે. એક વાર ગાડી ગીયરમાં પડે પછી તો તે દોડવાની જ છે, પ્રશ્ન ગીયરમાં પાડવાનો છે.

બાળકના વિકાસ માટે તે સરસ રીતે ભણીને આગળ આવે તે માટે એને અદરથી ભણવા માટે ઇચ્છા કેવી રીતે ઊભી કરવી? પ્રશ્ન બહુ કઠિન છે. આજે તો ચોરેકોર કેટકેટલાં પ્રલોભનો બાળકને આસપાસથી ઘેરી વળ્યાં છે? ટી.વી. બાળકોનો કેટલો સમય ખાઈ જાય છે?

‘અરે! તમને ‘કરોડપતિ’ને કશી જ ખબર નથી? શું વાત કરો છો? જિંદગીને જીવતાં તો શીખો... આવા સારા પ્રોગ્રામ માણો નહીં તમે? આખી જિંદગી શું માત્ર વૈતરું કરવા માટે છે?’ અને બીજીય બેચાર સિરિયલનાં નામ એ બહેન બોલી ગયાં... હું તો બધાની જેમ સાંભળતી જ રહી. ઘડી ભર મનેય જાણે કે હું પાછી પડતી હોઉં તેવું લાગ્યું. પણ બીજી ક્ષણે મારું અંત:કરણ સળવળ્યું અને મારા અંતરે પ્રશ્ન કર્યો... ‘ઈશ્વરે સૌની સાથે સમયની બાબતમાં ન્યાયપૂર્ણ રીતે વ્યવહાર કર્યો છે. દરેકને એક જ સરખો સમય ફાળવ્યો છે. કોઈનેય એક સેકન્ડ પણ વધુ નહીં કે ઓછી પણ નહીં... કદાચ આરોગ્ય કોઈને વધતું ઓછું આપ્યું હોય, પણ તે દવા કે આરામથી પાછું મેળવી શકાય, પૈસો કોઈને વધુ કે ઓછો આપ્યો હોય તે પણ મહેનત કરીને મેળવી શકાય, પણ સમય? સમયમાં તો બધાં જ સમાન અને તેમાંય જીવનની જે પળો ગઈ તે તો પછી આવતી જ નથી. તો આ મહામૂલા જીવનની એકાદ પળ પણ વેડફી કેમ દેવાય? અને તેમાંય જ્યારે જીવનમાં પાંગરવાનાં પ્રગતિ કરવાના દિવસો હોય ત્યારે તો એ પળોનું મૂલ્ય કેટલું બધું હોય? હું ઘરમાં ટી.વી. જોઉં તો બાળકને તો મન થવાનું જ છે. એને બદલે બાળકને આ ભયંકર પ્રદૂષણથી દૂર રાખવા માટે પણ મારે ટી.વી.થી દૂર રહેવું જ રહ્યું. એટલે સુધી કે હું પોતે ટી.વી.નાં નાટકોમાં અભિનય કરતી હોવા છતાં એ નાટકો જોવા માટેય મેં ક્યારેય ટી.વી.ની સ્વિચ ઘરમાં બાળકો હોય ત્યારે ચાલુ કરી નથી.’

બાળકો નાનાં હોય ત્યારથી જ તેમના મગજમાં કેટલી છીત-અછીતના ખ્યાલો ઊભા કરવા પડે છે. બાળકમાં ખૂબ સમજ હોય છે. એક વખત તેના પોતાના હિત વિશે તેને સમજ આપી હોય તેનાં મગજમાં એ ઠસી ગયું હોય પછી એને ક્યારેય ટોકવું પડતું નથી. બાળક આપણે કહીએ તેમ નહીં, પણ આપણે કરીએ તેમ કરે છે. એટલે સમયનો સદુપયોગ એ બાળકના મગજમાં બાળપણથી જ ઠસાવવા જેવી અગત્યની બાબત છે.

એટલું જ નહીં પણ બાળકને સહભાગીદારી માબાપનું involvement પણ ખૂબ પ્રોત્સાહિત કરે છે. ઘરમાં એક વાતાવરણ ઊભું કરવા મેં ચિત્ર શરૂ કર્યું ને મારાં બંને બાળકો મારી બાજુમાં બેસતાં થયાં. સારું એવું ચિત્ર કરતાં શીખ્યાં. ચિત્રકલાને માણતાં શીખ્યાં. એવી જ રીતે સંગીત કરવાનું શરૂ કર્યું ને દીકરો હાર્મોનિયમ, તબલાં અને શાસ્ત્રીય સંગીતમાં આગળ વધવા માંડ્યો. સિતાર શરૂ કર્યું ને એ સિતાર વગાડતો થયો. બાળકોને તેમની પ્રવૃત્તિમાં માબાપની સહભાગીદારી જોઈએ છે. છોકરાંઓને પરીક્ષા આવતી હોય અને વાંચવાનું વાતાવરણ ઊભું કરવું હોય ત્યારે હું પણ સાથે સાથે મારું વાંપવાનું લઈને બેસી જાઉં ને જાણે ઘરમાં એક જુદો જ માહોલ ઊભો થઈ જાય... કેરી ખાવી હોય તો આંબો વાવવો પડે, એનું જતન કરવાની મહેનત પણ કરવી પડે.

એને બદલે ઘરમાં દાદા જ જો દીકરીને નહીં ભણવા પ્રોત્સાહન આપે તો એ બાળકના ભવિષ્યનું શું? સ્મૃતિબહેન તો મા છે તેને દીકરીની કેટલી ચિંતા હોય? અને છતાંય કશું જ કહી પણ ન શકાય અને સહી પણ ન શકાય એવી વિહ્વળ સ્થિતિમાં મારી પાસે આવ્યાં.

મમતાય ક્યારેક સંતાનના વિકાસમાં કેવી અવરોધ બની ઊભી રહી જાય છે? ને ત્યારે બાળકના વિકાસ માટે માની ચિંતા?

*

બાળકમાં આટલો અજંપો કેમ છે?

‘અરે દેવાંગ! તારી નોટ લાવ તો... તેં કેવું લખ્યું છે મને બતાવ તો...’

‘બેન! મારી નોટો જુઓને... મેં લખી લીધું છે...’ પાર્થ બોલ્યો.

‘પણ આવા અક્ષર કઢાય? આ તેં શું કર્યું? મને તો એમાં કશી જ સમજ પડે તેવું નથી. જા ફરીથી બધા શબ્દો સરસ અક્ષરે લખી લાવ.’ અને અે સાંભળી પાર્થ અકળાઈ ઊઠ્યો. તેણે દેવાંગની નોટ ખેંચી લીધી. દેવાંગ એના બેનને નોટ બતાવવા જતો હતો... અને એમાંથી તો શરૂ થઈ મારામારી... દેવાંગ અને પાર્થ બે ઝઘડતા હતા, તેમાં ભળ્યો ચિંતન, તેનેય જુસ્સો ચડ્યો, બે જણ મારામારી કરે અને એ કેમ રહી જાય? અને એટલે ચિંતને પાર્થને પછાડ્યો. પાર્થનો નાસ્તાનો ડબ્બો ઢોળાઈ ગયો અને એમાંથી ભોંય પડેલો નાસ્તો દેવાંગ ઉછાળવા માંડ્યો. હજી તો આ ત્રણ છોકરાઓએ જ મચાવેલું ધાંધલ હતું. વર્ગમાં તો હજી બીજાં બાવીસ છોકરાં હતાં. પચીસ બાળકોને, આટલાં નાનાં બાળકોને સાચવવાં, ફક્ત સાચવવાં જ નહીં – તેમને ભણાવવાં, કેળવવાં એ કંઈ સહેલું કામ નથી.

કાલે જ શ્રુતિબહેન હાંફળાફાંફળાં ઑફિસમાં આવ્યાં... બેન! મારો અનુરાગ કશું જ કહ્યું માનતો નથી... સવારે અડધો કલાક સુધી બૂમો પાડું ત્યારે માંડ ઊઠે છે અને ઊઠ્યા પછી માથાકૂટ ચાલે બ્રશની, હાથમાં પેસ્ટ લગાડી બ્રશ તો આપું પણ મોં ખોલે તો ને!... ઊઠીને દૂધ પીતાં-પીતાં જ નવ-સાડા નવ વગાડી દે છે. પછી જમે શું? સ્કૂલનો ટાઇમ થવા આવે... રિક્ષાવાળો આવી જવાનો હોય એટલે એક રોટલીના ડૂચા માર્યા ન માર્યા ને મારે તેને ધકેલી દેવો પડે છે. અેને કશું જ કહેવાતું નથી અને કહું તોય સાંભળે છે કોણ?... બેન! મને તો જરાય ગાંઠતો જ નથી. મારે તેને શું કરવું એ જ સમજાતું નથી. એવી તો કંટાળી ગઈ છું. કાલે માંડ ભણવા બેસાડ્યો તો એવા ખરાબ અક્ષર કાઢવા માંડ્યો. સહેજ ટોક્યો તો અેકદમ નોટ ફેંકીને ઊભો થઈ ગયો. બેન! મારાથી તો હવે એને કંઈ કહેવાતું નથી. તમારે એને મારવો હોય તો મારો, પણ એને ઠેકાણે લાવો. હું તો અેની પાછળ એવી થાકી ગઈ છું. એની પાછળ હું કેટલો સમય બગાડું છું, છતાંય કશો જ ફેર પડતો નથી. બેન! આ તમને સોંપ્યો, કહેતાં ગુસ્સાથી અનુરાગને બાવડેથી પકડીને શ્રુતિબહેને એના બેનને સોંપ્યો અને એ દૃશ્ય જોઈ હું સજ્જડ થઈ ગઈ. આ બધું શું ચાલી રહ્યું છે? ચારે બાજુ બસ બાળકોનો અજંપો જ અજંપો જોવા મળે છે! બાળક અેટલે તો ઈશ્વરે મોકલેલા દેવદૂત! તેને બદલે એ જ બાળકોની આવી, આટલી બધી ઉપેક્ષા? મારું મન ક્યારેક તો ધ્રૂજી ઊઠે છે.

માનસશાસ્ત્ર પ્રમાણે બાળક પાંચ વર્ષ પૂરાં કરે તે પહેલાં ઔપચારિક શિક્ષણ શરૂ ન જ કરવું જોઈએ. ઉંમર થતાં તેને અંદરથી જ ઇચ્છા થાય છે. ભણવાનું, લખવાનું, વાંચવાનું મન થાય છે અને ત્યારે એ બહુ જ સહજતાથી, સરળતાથી નવું-નવું જ્ઞાન ગ્રહણ કરે છે. પણ આપણે અે સમજીએ છીએ ખરાં? આપણને તો બસ એક જ લગની લાગી હોય છે કે, ‘મારું બાળક જલદી-જલદી લખતાં-વાંચતાં શીખી જાય અને સરસ ભણીને જલદી પંડિત બની જાય.’ એને માટેનો સમય પાકવાની સમજ કે ધીરજ આપણામાં છે ખરી? આપણને ભૂખ લાગી ન હોય અને અાપણને સરસ મજાની વાનગીનો રસથાળ ધરવામાં આવ્યો હોય તો શું અાપણે તેમાંનું કશુંય માણી શકીશું ખરા?

પોણા કલાકના પિરિયડમાં સાડા ત્રણ કે ચાર વર્ષના બાળકને ત્રીસ શબ્દો લખવા આપવામાં આવતા હોય તો એ બાળક કરે શું? બાળકના ગમા-અણગમા, એના ગજાનો અાપણે ક્યારેય વિચાર કરીએ છીએ ખરાં? એને નિજાનંદની મસ્તીમાં મહાલવાના દિવસો હોય. હસવા ખેલવાના દિવસો હોય. ધૂળના દહેરા બનાવી તેમાં ફૂલ ખોસી ઈશ્વરની

સંકલ્પનામાં રાચવાના દિવસો હોય, હીંચકે હીંચવાના દિવસો હોય ત્યારે ચાર દીવાલો વચ્ચે તેને ગોંધી રાખી શબ્દો લખવાની ફરજ પાડવામાં આવે છે. આટલા નાના બાળક પર એનાથી મોટો માનસિક અત્યાચાર બીજો કયો હોઈ શકે? બાળકના બાળપણને આપણે છિન્નભિન્ન કરી દીધું છે. એના બાળપણને આપણે છીનવી લીધું છે. આવાં દૃશ્યો હું જોઉં છું, ત્યારે પેલા ગીતની પંક્તિઓ મારા કાનમાં પડઘાય છે. 'મને મારું બચપણ પાછું આપો... મારી બધી જ દોલત લઈ લો, ભલે મારી જુવાની પણ છીનવી લો, પણ મને મારું બાળપણ પાછું આપો... કવિ બાળપણની મીઠી સ્મૃતિઓને પાછી માગે છે. નાની વાર્તાઓમાં રજૂ થતો પરીઓનો દેશ વાર્તાઓની દુનિયામાં ખોવાઈ જતાં ટૂંકી લાગતી રાત્રિઓ, વરસાદનાં પાણીમાં કાગળની હોડી-હોડી રમવાની મજા, ભરબપોરના તડકામાં ગુપચુપ ઘરની બહાર નીકળી, પક્ષીઓ ને પતંગિયા સાથેની દોસ્તીની મજા ઢીંગલા-ઢીંગલીનાં લગ્ન કરાવવાની મજા અને હીંચકા પરથી પડવાની મજા બાળપણ તો કેવું મહામૂલું છે? આપણે એવું ક્યારેય વિચારીએ છીએ ખરાં? બાળપણનાં એ નિર્દોષ અને નિજાનંદની મસ્તીની મજાનું મૂલ્ય આપણને ક્યારેય સમજાયું છે ખરું? ચોપડીનાં પાનાં વચ્ચેનું જ શિક્ષણ એ શું શિક્ષણ છે?'

અરે! હમણાં જ એક લગ્નપ્રસંગમાં એક મા નાનકડી લગભગ સાડા ત્રણ-ચાર વર્ષની એવી મીઠડી દીકરીના નાજુક ગાલ પર લપડાક મારતાં ગુસ્સે થઈ ગઈ. 'ચાલ જલદી ઘેર! હજી તો તને ભણાવવાની બાકી છે, કાલે સવારે પરીક્ષા છે, તને ખબર છે?' લપડાકથી લાલચોળ બની ગયેલો એ કુમળો ગાલ અને એ નિર્દોષ આંખોમાંથી ડળક-ડળક પડતાં આંસુ જોઈ મારું હૃદય કંપી ઊઠ્યું... આ શું થવા બેઠું છે?... આટલા નાના બાળકને માથે આવો અત્યાચાર?... આવા શિક્ષણનો કંઈ અર્થ ખરો? માનવને જીવંત માનવ જ ન રહેવા દે એવા શિક્ષણને આપણે શિક્ષણ કેવી રીતે કહી શકીએ?

'બેન! આ પાર્થનું કંઈક કરો ને? એને ભણવું જ નથી ગમતું. વર્ગમાં કશું જ લખીને લાવતો નથી. એને મારે ભણાવવો કેવી રીતે? હું તો સાવ કંટાળી ગઈ છું... અરે! સવાર પડે છે ને નિશાળે આવવાની જ ના પાડે છે. જાતજાતનાં બહાનાં કાઢે છે. આજે પેટમાં દુખે છે. આજે માથું દુખે છે. આજે આંખો બળે છે... અને જો ભૂલેચૂકે ઘેર રાખું તો બાર વાગે છે ને રમવા માંડે છે. મને તો એવી ચિંતા થાય છે એ પાસ કેવી રીતે થશે બેન! એનું વર્ષ તો નહીં બગડેને?'

અને ત્યારે હું એવી માને એક જ વાત કહું છું. 'બેન! ટાગોર ક્યારેય સ્કૂલમાં ગયા નહોતા અને છતાંય તેમને નોબેલ ઇનામ મળ્યું હતું કે નહીં? દુનિયામાં ચારે બાજુ જ્ઞાનના ભંડાર પડ્યા છે. સવારથી ઊઠીને આંખ ખોલો અને ચારે બાજુ દૃષ્ટિ દોડાવો, જ્યાં જુઓ ત્યાં કંઈક ને કંઈક જ્ઞાન મળે જ છે, પણ તે માટે દૃષ્ટિ કેળવવાની જરૂર છે. જિજ્ઞાસાવૃત્તિ કેળવવાની જરૂર છે. માનો છેડો પકડી માની આસપાસ ફરતું બાળક ક્યારેક પૂછે: 'મા આ રોટલી કેવી રીતે આમ દડા જેવી થાય છે?' આપણી પાસે એનો વ્યવસ્થિત વૈજ્ઞાનિક ઉત્તર છે ખરો? એની જિજ્ઞાસાવૃત્તિને પાંગરવા દો... એના મનમાં પ્રશ્નો ઊભા થવા દો... એને પ્રશ્ન પૂછવા દો અને એના વ્યવસ્થિત જવાબ આપી શકવા જેટલી ક્ષમતા આપણે માબાપે કેળવવી જ પડશે. ત્રીસ શબ્દને બદલે ત્રણ જ શબ્દ એ લખશે તો ચાલશે પણ સારા અક્ષરે લખે, રસપૂર્વક લખે એ મહત્ત્વનું છે. Quantityને બદલે Qualityનું મહત્ત્વ અધિકગણું છે, એ આપણે ક્યારે સમજીશું? અને પછી આપણે ફરિયાદ કરીએ છીએ, આજનાં બાળકો ઉધમાતિયાં બની ગયાં છે, તેમના હૃદયમાં સખત અજંપો છે, મને કહેશો?... એને માટે જવાબદાર કોણ? આજના બાળકને કંઈક થયું છે કે આપણને કંઈ થયું છે? વિચારવા જેવો આ પ્રશ્ન છે.

*

હું સારી સ્કૂલને શોધું છું

'શું વાત કરો છો? તમે અર્પિતાની સ્કૂલ ફરીથી બદલાવી? એ જે સ્કૂલમાં હતી અે સ્કૂલનાં તો મેં બહુ જ વખાણ સાંભળ્યાં છે! વારંવાર સ્કૂલ બદલવાથી અર્પિતા મૂંઝાઈ નથી જતી? આટલી સારી કહેવાતી સ્કૂલને તમે કેમ નાપસંદ કરી?

'એ બધી વાત સાચી બેન... પણ મારે અર્પિતાનાં વિકાસનોય ખ્યાલ તો રાખવો પડે ને!... બાળકના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ ન થાય અેવી સ્કૂલને સારી કેવી રીતે કહી શકાય? એકલું ભણતર પણ ન ચાલે, એકલું ઘડતર પણ ન ચાલે. બંનેનું સરખું ધ્યાન તો અપાવું જોઈએ ને? મારે તો અર્પિતા અને અર્ચના બે જ, અમારા આખાય ભાવિનો મદાર અમે એમના ઉપર બાંધીને બેઠાં હોઈએ અને અેમના ઉછેરમાં, ઘડતરમાં ક્યાંક કચાશ રહી જાય તે કેમ ચાલે!'

'તો હવે આ સ્કૂલ તો બરાબર છે ને? કંઈ નહીં, જાગ્યા ત્યારથી સવાર... આમેય બાળકના જીવનનાં આ શરૂઆતનાં વર્ષો તેના વિકાસનાં ખૂબ મહત્ત્વનાં વર્ષો છે. અને એટલે તમે વિચારપૂર્વક જે પગલું ભર્યું તે સારું જ કર્યું. નવી સ્કૂલમાં અર્પિતાને ફાવી તો ગયું ને?'

'એ બધું તો બરાબર થઈ ગયું, પણ બેન! ફરી પાછો મને અેક આંચકો લાગ્યો છે... અર્પિતાના સ્કૂલનું મુખપત્ર હમણાં જ મારા હાથમાં આવ્યું, આમ તો હું એ બધું બહુ ઝીણવટથી જોતી નથી, અરે! ઘરનાં કામમાંથી સમય જ ક્યાં મળે છે? પણ પરમ દિવસે હું અર્પિતાનું ટેબલ વ્યવસ્થિત કરતી હતી, ત્યાં એ મુખપત્ર મને દેખાયું. મને રસ પડ્યો ને હું જોવા માંડી. આમેય મને બાળકોમાં પહેલેથી રસ ખરો અને એટલે એમનાં કાવ્યો લખાણો વગેરેમાં મને ખૂબ રસ પડે... બાળકોનાં હૃદયની સંવેદના એમનાં કાવ્યો અને લખાણોમાં ખૂબ સરસ રીતે વ્યક્ત થતી હોય છે. મને તે માણવી ખૂબ ગમે છે. પણ તમે માનશો? આ મુખપત્રે તો મને અેક ઘેરો અાંચકો અાપી દીધો, એમાં અેક પાના પર ફિલ્મ વિશેની વાતચીતો 'ફિલ્મ-ગોસીપ' હતી... આટલાં નાનાં બાળકો માટેના અા મુખપત્રમાં ફિલ્મ વિશેનું કૉલમ? શું થવા બેઠું છે! બાળકોને અા ઘેરા પ્રદૂષણથી બચાવવા માટે હું ઘરમાં ટી.વી. પણ નથી ચલાવતી, વર્ષોથી એક્કેય ચલચિત્ર જોયું નથી, એ ટી.વી. અને ચલચિત્રોનાં દૃશ્યો આપણી વૃત્તિઓને બહેકાવે તેવાં હોય છે. તો બાળકનું તો શું ગજું? આજનાં બાળકોને આ પ્રદૂષણમાંથી બચાવવા માટે હું સતત જાગૃતિ સેવું છું અને બીજાં માબાપોનું પણ તે માટે સતત ધ્યાન દોરતી રહું છું, ત્યારે મેં પસંદ કરેલી અા સ્કૂલનાં મુખપત્રમાં જ આ કૉલમ જોઈ હું સાચે જ મૂંઝાઈ ગઈ છું. બેન! આભ ફાટ્યું છે થીંગડાં ક્યાં દેવાં? એ જોયું છે ત્યારથી મનમાં સતત થયા કરે છે કે સ્કૂલમાં જઈને તેનાં પ્રિન્સિપાલને વાત કરું, પણ પાછો ડર લાગે છે કે ક્યાંક અર્પિતાને સહન કરવું પડે તો? એને હજી એ સ્કૂલમાં કેટલાં વર્ષો ગાળવાનાં છે! એને માટે સ્કૂલવાળાઓને ખરાબ અભિપ્રાય બંધાઈ જાય તો અેની કેરિયર બગડે ને?'

અને અર્પિતાનાં મમ્મીની આ વેદનાએ મને અેકદમ વિચારતી કરી દીધી. આપણે સારી સ્કૂલ કોને કહીશું? સ્કૂલમાં બાળક ભણે એ મહત્ત્વનું છે જ, પણ તે સાથે-સાથે એનું ઘડતર સારાં અાચારવિચાર એનું સ્થાન પણ જીવનમાં અોછું મહત્ત્વનું નથી. અે અાપણે શિક્ષણશાસ્ત્રીઓ કેમ ભૂલી શકીએ? બાળકના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય એ જ સાચું શિક્ષણ. ચોપડીમાં આપેલી વિગતોને ગોખી કાઢી, પરીક્ષામાં એને ઓકી કાઢી, મેળવાતા ઢગલાબંધ માર્ક્સ એ જ માત્ર શિક્ષણ નથી, એ આપણે ક્યારે સમજીશું? આજકાલ તો માબાપોને માર્ક્સનો મેનિયા લાગુ પડ્યો છે. ચારે બાજુ માર્ક્સ, માર્ક્સ અને માર્ક્સની જ મથામણ ચાલે છે. વાત સાચી છે કે દસમા અને બારમામાં સારી ટકાવારી ન આવે તો

ભવિષ્યની કારકિર્દી જોખમાઈ જાય. અને અેટલે સારી સ્કૂલમાં સંતાનને મૂકીએ, એટલે પછી બીજી ચિંતા તો નહીં, પરંતુ એ વખતે માબાપનેય પ્યાલ નથી હોતો કે સારું ભણતર હોય અે સ્કૂલમાં ઘડતર સારું થશે કે નહીં?

શિક્ષણશાસ્ત્રી પાસે બાળકનાં વિકાસનાં બધાં જ પાસાંઓને અાવરી લેવા જેટલી દૃષ્ટિની તો અપેક્ષા આપણે રાખીએ જ ને?

થોડાં વર્ષો પહેલાં એક પ્રતિષ્ઠિત શાળાનું ઍડ્મિશન ફોર્મ ભરાવવા માટે અેક બહેન મારી પાસે મદદ લેવા આવ્યાં. ફોર્મ ભરતાં ગયાં ત્યાં પ્રશ્ન આવીને ઊભો રહ્યો, 'તમે તમારા બાળકને શું બનાવવા ઇચ્છો છો?' હું આ પ્રશ્ન વાંચી ઘડી ભર સજ્જડ બની ગઈ. અઢી વર્ષના બાળકને હું શું બનાવવા ઇચ્છું છું એ હું કરી રીતે કહી શકું? એ મોટું થાય, એનો વિકાસ થાય, એના રસના વિષયો કેવા હોય, એનું ભણતરનું સ્તર કેવું છે – એ બધું વિચાર્યા પછી જ હું તેની લાઈન નક્કી કરી શકું. આમેય એને જે વાતાવરણ મળે. એની પોતાની અભિરુચિ અને અભિયોગ્યતાનો વિચાર કરીને પછી જ એ નિર્ણય લઈ શકાય... અઢી વર્ષની નાજુક ઉંમરે તો અા પ્રશ્ન જ અસ્થાને છે, શાળાના ઍડ્મિશન ફોર્મમાં આવો પ્રશ્ન હું જોઉં છું ને મને પ્રશ્ન થાય છે કોને ભણાવવા? બાળકને કે પેલા શિક્ષણશાસ્ત્રીઓને?

શાળાના મુખપત્રમાં જ ફિલ્મ ગોસીપ આવે એ બાળકને હું ટી.વી. ચેનલ કે ફિલ્મ કલ્ચરથી દૂર કેવી રીતે રાખી શકું? અને અાજનાં એ પિક્ચરોય કેવાં છીછરાં, કેવાં સંસ્કારવિહીન હોય છે? પહેલાં હતાં તેવા છોટાભાઈ, સ્વયંસિદ્ધા, સરસ્વતીચંદ્ર એવાં સંસ્કારી પિક્ચર આજે જોવા મળે છે ખરાં?... આપણાં છોકરાંઓને આ ઘેરા પ્રદૂષણમાંથી દૂર રાખવા ભારે મથામણ કરવી પડે તેમ છે... એમનેય એમના લોકો વચ્ચે જીવવાનું છે અને ત્યાં બધે જ જો અા જ કલ્ચર હોય તો એમાંથી એ બાકાત કેવી રીતે રહી શકશે? સામા વહેણે તરવું એ કાંઈ સહેલું નથી. પણ એમ વિચારી આપણા સંતાનને આવી વિકૃતિથી બહેકવાય કેમ દેવાય? આપણે તો આપણા સમગ્ર ભાવિનો મદાર તેની પર બાંધીને બેઠાં છીએ, અને એમાંય એક શાળાનું મુખપત્ર જો આવું સાહિત્ય રજૂ કરતું હોય તો તે માટે ધ્યાન દોરવું જ પડે. કેટકેટલાં બાળકો પર તેની અસર પડવાની? અે માટે માબાપે નૈતિક હિંમત કેળવવી જ પડે, શાળાનાં સંચાલકોના ધ્યાન બહાર રહી જતી આવી ક્ષતિ કે ત્રુટિને ધ્યાન પર ન લાવીએ – તો તેને કારણે બાળકોનું ભાવિ બગડે, તેને માટે અાપણને આપણું અંત:કરણ માફ કેવી રીતે કરી શકે? જમાના સાથે તાલ મિલાવવો મનેય ગમે, પણ નવી પેઢીના ભવિષ્યને હોડમાં મૂકીને તો નહીં જ.

*

આપણી મહામૂલી મૂડી બાળક

ઑફિસનું બારણું ખૂલ્યું અને એ ભાઈ પૌત્રને માંડ-માંડ તેડીને અંદર પ્રવેશ્યા. પૌત્રને નીચે ઊતરી દોડવું હતું અને દાદાએ એને માંડ-માંડ પકડી રાખ્યો હતો. દાદા અને પૌત્રની આ મથામણમાં, જાણે ગજગ્રાહના યુદ્ધમાં દાદાનાં ચશ્માં પૌત્રે ઉછાળ્યાં... એ તો નાદાન બાળક, એને શું? એને ક્યાં ખબર હતી કે આ તો શાળાપ્રવેશ માટેની પહેલી મુલાકાત છે!... એ કેટલી અગત્યની મુલાકાત હોય એનો ખ્યાલ આટલા બાળકને તો ન જ હોય. એને તો છુટ્ટા ફરવું હોય, દોડવું હોય, દાદાના હાથમાં જકડાવું કંઈ તેને ગમે?

પણ એની આ ધાંધલ-ધમાલથી દાદા બિચારા મૂંઝાઈ ગયા. મારાથી સાહજિક રીતે જ પુછાઈ ગયું, એનાં મમ્મી-પપ્પા ક્યાં છે? કેમ તમે તકલીફ લીધી? અમે તો માબાપને જ બોલાવ્યાં છે. બાળકનો ઇન્ટરવ્યૂ અમે લેતાં જ નથી. એ તો અમે તમને જણાવ્યું જ છે', પણ બાળકનાં માબાપ તરફથી અમને બાળક અમારી પાસે બાર પંદર વર્ષ રહે ત્યાં સુધી કેવો સહકાર મળશે તેનો અંદાજ બાંધી શકવા માટે જ અમે માબાપ સાથે બાળકને જોવા ઇચ્છીએ છીએ. બાળકનાં ભણતર અને ઘડતર, તેના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે અમે સ્કૂલમાં ગમે તેટલી મથામણ કરીએ, પણ તેમાં માબાપનો સાથ અને સહકાર ન હોય તો ધાર્યું પરિણામ ન આવે. અને તેમાંય શિક્ષિત અને સંસ્કારી માબાપનો ફાળો નાનોસૂનો નથી હોતો... બે હાથ વિના કાંઈ ઓછી જ તાલી પડે? પણ પૌત્ર દાદા સાથે આવે ત્યારે? દાદા લાચાર હતા. તેમણે કહ્યું, 'બેન! મારો દીકરો એની નોકરીના કામે બહારગામ ગયો છે અને એની મમ્મી નોકરી પર ગઈ છે...'

ઘડી ભર આ સાંભળી હું ધ્રૂજી ઊઠી... આજની શિક્ષિત માની શું આ તાસીર છે?... જેને તેની નોકરી જેટલી અગત્યની બીજી કોઈ જ પ્રવૃત્તિ નથી? તો પછી એ બાળક થવા શું કામ દેતાં હશે? આજના યુગમાં વિજ્ઞાન તો હરણફાળે આગળ વધ્યું છે અને એટલે માણસ બાળક માટે પોતે ધારે તે રીતે આયોજન કરી શકે છે. જીવનમાં જો બાળક માટે પ્રાધાન્ય ન હોય તો માતા શાને માટે બનવું? પીએચ.ડી. માટે સંશોધન કરતી હતી, ત્યારે ત્રીસ વર્ષથી નીચેની કેટલી બધી શિક્ષિત યુવતીઓએ પ્રતિભાવ આપ્યો હતો કે 'અમારે મન જીવનનું કેન્દ્ર બાળક નથી, અમારે અમારું જીવન અમારી રીતે જીવવું ન હોય? અમારેય અમારી મહત્ત્વાકાંક્ષા અને પ્રેરણાને પરિપૂર્ણ કરવી ન હોય! ઘર, વર અને છોકરામાં જ જીવનને બરબાદ કરી દેવામાં હું માનતી નથી. અભણ પણ ભઠિયારો કૂટે અને ભણેલાએ પણ જો ભઠિયારો જ કૂટવાનો હોય તો પછી ભણવાનો અર્થ શો? ભણ્યાં-ગણ્યાં છીએ તે કાંઈ ઘરની ચાર દીવાલો વચ્ચે ગૂંગળાઈ મરવા? ઘરમાં તો મને મૂંઝારો થાય છે. સ્ત્રીને માટે આર્થિક સ્વતંત્રતાનો હવે યુગ આવ્યો છે. સમાન હક્ક માટે થઈનેય હું નોકરી ન કરું તો કેમ ચાલે! બાળકને એક વાર જન્મ આપ્યો પછી એ મોટું તો થવાનું જ છે ને? બાળક પાછળ એમ અધીરાઈ રાખી મારા જીવનના વિકાસને રૂંધી નાંખવામાં હું નથી માનતી. નોકરી ન કરું, આર્થિક રીતે હું પગભર ન હોઉં તો મારો આત્મવિશ્વાસ કેવી રીતે કેળવાય? મારે મારી લાઈફ બનાવવી છે, સમાજમાં માનભર્યું સ્થાન મેળવવું છે.'

અને આવું કહેતી કોઈ માને હું સાંભળું છું, ત્યારે મને કહેવાનું મન થઈ જાય છે:

'બહેન! માતૃત્વનું માહાત્મ્ય શું છે એ તમને ખબર છે? ઈશ્વરે સ્ત્રીને તેનામાં વિશ્વાસ મૂકી બાળક જેવી મહામૂલી ભેટ આપી છે, એ ભેટનું જાળવીને જતન કરવાને બદલે તેની ઉપેક્ષા કરીને તમે ઈશ્વરે તમારામાં મૂકેલા વિશ્વાસનો શું કામ ઘાત કરો છો? માતૃત્વનું ગૌરવ પ્રાપ્ત કરવાને બદલે તમે પૈસા કમાઈને જ માત્ર ગૌરવ પ્રાપ્ત કરવાની વાત કરો છો?'

બાળકની ઉપેક્ષા કરી અેના જીવનના વિકાસને રગદોળી દઈને તમે નોકરી કરી-કરીને કેટલા પૈસા ભેગા કરશો? લાખ, બે લાખ, દસ લાખ? બેન! તમને ખબર છે? એક બાળકની શું કિંમત છે તે? તમારા આખાય ભાવિ જીવનનો મદાર એની ઉપર છે. એનામાં સંસ્કારનું સિંચન થયું હશે તો તમારા જીવનનો ઉત્તરાર્ધ સુખશાંતિમાં પસાર કરી શકશો, એના ભણતર પાછળ ધ્યાન આપ્યું હશે તો એની કારકિર્દી બનશે. તમે કેમ ભૂલી જાઓ છો કે 'વાવે તેવું લણે અને કરે તેવું પામે!' આંબો વાવીને તેનું સિંચન અને જતન ન કરીએ તો કેરી ખાવા મળે ખરી? બહેન! આટલા નાના બાળકને નિરાધાર મૂકી કે ભાડૂતી માણસને ભરોસે મૂકી નોકરીએ જતી બહેનોની જીવનયાત્રા ઘોડિયાઘરથી ઘરડાનાં ઘર સુધીની જ નીવડે તેમાં કોઈ શંકા હોઈ શકે ખરી? અાપણે જ આપણા પગ પર કુહાડો મારતાં હોઈએ તો કોઈ અાપણને શું કહે? આપણને કોઈ બચાવી શકે?

પહેલાંના વખતની જેમ હવે અેક માને પાંચ-સાત બાળકો તો હોતાં નથી. માંડ એક કે બે બાળક હોય. એ બાળકના બાળપણને કેમ માણવું એ તમને ખબર છે? બાળક જેવો તો જીવનમાં કોઈ આનંદ નથી.

નિજાનંદની મસ્તીમાં મહાલતાં એ બાળકનાં ખિલખિલાટ હાસ્ય આગળ દુનિયાનું કોઈ પણ સુખ વામણું છે.

બહેન! તમે અેનો ક્યારેય અનુભવ કર્યો છે ખરો? મને તમારા તરફ કરુણા ઊપજે છે કે તમે તળાવે જઈને તરસ્યાં પાછાં આવવા જેવી પરિસ્થિતિ ઊભી કરી રહ્યાં છો.

હું તો મારા સંતાનોનેય સતત કહ્યા જ કરું છું કે તમારા બાળકના બાળપણની એકાદ ક્ષણ, એકાદ પળ પણ તમે માણ્યા વિના હાથથી સરકી જવા ન દેશો, એના જેવી મહામૂલી ક્ષણો પછી જીવનમાં ક્યારેય નહીં મળે.

દૂધ ઢોળાઈ ગયા પછી એની પાછળ રડવાનો શો અર્થ?

મેં પોતે મારાં સંતાનોની એ મહામૂલી ક્ષણોને માણી છે, એમની એ નિજાનંદની મસ્તીમાં મહાલી છું, એ મસ્તીને મેં માણી છે અને અેટલે એનો એ સંતોષ, એનાં એ સોનેરી સંસ્મરણોના સહારે જ આજે મારા જીવનનો આ ઉત્તરાર્ધ – આવો હરિયાળો, હર્યોભર્યો, અાનંદથી હું જીવી રહી છું. બહેન! જાગ્યા ત્યારથી સવાર... આર્થિક રીતે જરૂરિયાત હોય અને સ્ત્રીને નોકરી કરવા જવું પડે. બાળકોની ઉપેક્ષા કરવી પડે એ હું સમજી શકું છું, એવી માને માટે મને દયા આવે છે, કારણ એની પાસે બીજો વિકલ્પ નથી... પણ પોતાનો અહમ્ પોષવા, પોતે ભણ્યાં-ગણ્યાં છે અને સમાજની દૃષ્ટિમાં ઊંચી નજરે જોવાય એ માટે પોતાનાં જ સંતાનોના ભાવિને હોડમાં મૂકી એની ઉપેક્ષા કરી અામ નોકરી પાછળ દોડતી માને હું જોઉં છું, ત્યારે મારા મનમાં એક અરેરાટી વ્યાપી જાય છે. સમાજમાં આખું વહેણ જ બદલાઈ ગયું છે. મહત્ત્વાકાંક્ષી માતાએ બાળકને નોંધારું બનાવી દીધું છે.

અેને કોણ સમજાવે? સામે વહેણ તરવું કંઈ એમ સહેલું ઓછું જ છે?

*

માબાપની ભૂલનો ભોગ સંતાન બને ત્યારે?

'મમ્મી, ઓ મમ્મી, ક્યાં છે તું?'

'શું છે સુજાતા? સ્કૂલમાંથી હજી તો ચાલી આવે છે ને કેમ આજે આમ બૂમાબૂમ કરે છે? કંઈ થયું છે કે શું?'

'મમ્મી એક વાત પૂછું?' અને અેમ કહેતાં-કહેતાં તો તે મને ગળે વળગી પડી... મને પણ આશ્ચર્ય થયું... 'આજે અેવું તે શું થયું છે કે સુજાતાને મારે માટે આટલું બધું વહાલ ઊભરાઈ રહ્યું છે? રોજ તો મારે તેને દિવસમાં બે-ચાર વાર વહાલ કરવું પડે છે તેને બદલે આજે અામ અવળી ગંગા કેમ વહેવા માંડી છે? અને અેટલું વહાલ કરું તોય એને અોછું આવી જાય છે. જરૂર આજે કંઈક છે ખરું...'

'મમ્મી આ રવિવારે અમારી ક્લાસની પિકનિક છે. હું જાઉં?' સુજાતાએ અચકાતાં-અચકાતાં પૂછ્યું..

અને હું ચમકી... મારી નજર આગળ ભૂતકાળ ખડો થવા માંડ્યો... 'સુજાતા સાતમા ધોરણમાં હતી, ત્યાં સુધી તો એને અમે એક પણ પિકનિકમાં જવાની ના કહી ન હતી... સ્કૂલમાંથી પ્રવાસ કે પિકનિક નક્કી થાય એટલે સુજાતાના ઉત્સાહનો કંઈ પાર જ ન હોય... 'મમ્મી... મારા પ્રવાસના પૈસા કાલે જ ભરી દેજે, નહીં તો પછી મારો ચાન્સ નહીં લાગે...' તેને સતત એવી બીક રહેતી. કારણ કે સ્કૂલનો પ્રવાસ એટલે બધાં જ છોકરાંઓની તેમાં જવા માટે પડાપડી હોય...

પણ સુજાતા આઠમામાં આવી અને અમારા એના તરફના વર્તનમાં એક મોટું પરિવર્તન આવ્યું. દર વર્ષની જેમ જ આઠમા ધોરણમાં સુજાતા ભણતી હતી, ત્યારે પ્રવાસની પત્રિકા લઈને અાવી અને ઉત્સાહમાં તરત જ પૈસા ભરી દેવા કહ્યું, ત્યાં તો તેના પપ્પા બોલી ઊઠ્યા: 'ના સુજાતા... આ પ્રવાસમાં તારે નથી જવાનું.' હું ચમકી, 'નિશિથને આજે શું થયું છે?' મને અાશ્ચર્ય થયું. ઘડી ભર મને જ સમજ ન પડી કે શું કરવું... પણ આવું બને ત્યારે સામાન્ય રીતે મારે જ પરિસ્થિતિ સંભાળી લેવી પડે છે અને એટલે મેં સુજાતાને કહ્યું: 'બેટા! હમણાં તું જા, ભણવા બેસ... હું પછી પપ્પા સાથે વાત કરી તને કહીશ...' નિશિથના મોં પરની વ્યગ્રતા જોઈ સુજાતા પણ અે વખતે સમજી ગઈ... અને ચુપચાપ તેના રૂમમાં જઈ બેઠી, મને પણ સમજાતું હતું કે સુજાતાના મગજમાં કેવો વંટોળ પેદા થયો હશે... સુજાતા જન્મી ત્યારથી એની આસપાસ જ અમે અમારા જીવનને ગૂંથી દીધું હતું... ક્યારેય એને કશાની પણ 'ના' કહી ન હતી અને અામ અચાનક નિશિથની તેના પ્રવાસ માટેની 'ના' સાંભળી મને પણ એક મોટો આઘાત લાગ્યો... પણ આવું બને ત્યારે સામાન્ય રીતે મનને શાંત કરવા માટેય પ્રયત્ન કરવો પડે છે. વિવાદને બદલે સંવાદનો રસ્તો અપનાવવો પડે છે અને અેટલે જ હું રસોડામાં ગઈ, ચા બનાવી અને ટ્રેમાં બે કપ લઈ નિશિથ પાસે રૂમમાં ગઈ...

'નિશિથ... આજે તબિયત સારી નથી? ઑફિસમાં બહુ કામ હતું? કેમ આમ એકાએક અકળાઈ ગયા?' થોડી વાર તો નિશિથ કંઈ બોલ્યા નહીં... પણ મારાથી ન રહેવાયું... એમના મૌનને જ કદાચ સંમતિ માની લેવા જેવું હજી હું વિચારતી હતી, ત્યાં તો અે અેકદમ અકળાઈ ઊઠ્યા... 'સુજાતા નાની છે, નાદાન છે, સમજતી નથી, પણ તુંય હજી કેમ સમજતી નથી? હવે એને આમ મોકલવાની નથી સમજી? મા થઈનેય તને સમજ નથી પડતી? હવે એ 'ટાઇમ'માં અાવે છે, મારે તને વધુ શું કહેવાનું હોય?'

અને મારા મનમાં પણ વિચારોનો વંટોળ જાગ્યો. સુજાતા માટે અમે સ્કૂલની પસંદગી કરતાં હતાં, ત્યારે જ નિશિથે થોડો અેવો આગ્રહ તો રાખ્યો જ હતો કે અેકલી છોકરીઓની

સ્કૂલ જો સારી હોય તો તેને માટે તે જ પસંદ કરવી. પણ એવી સ્કૂલ જ ત્યારે ક્યાં હતી? અને ત્યારે મેં જ નિશિથને કહ્યું હતું, ‘નિશિથ! તમે અાવા સંકુચિત વિચારના કેમ છો? અત્યારે તો બધાં જ સહશિક્ષણવાળી સ્કૂલમાં ભણે છે. સ્ત્રી-પુરુષના સમાન હક્ક અને સમાન અધિકારના જમાનામાં વળી તમે ક્યાંથી આવું વિચારતા થઈ ગયા?’ એમ કહીને હું હસી પડેલી અને ત્યારે નિશિથે કશું જ વધુ કહ્યું ન હતું... અને અમે સુજાતાને એ સ્કૂલમાં દાખલ કરી હતી.

જોતજોતામાં તો અે આઠમામાં આવી ગઈ ને પ્રવાસની પત્રિકાનો એ દિવસ આવ્યો ને અેક બીજો વંટોળ આવ્યો... મનેય સમજાતું ન હતું કે નિશિથ કેમ ના કહે છે? પણ એણે ટાઇમની વાત કરી અને મારાથી બોલાઈ ગયું... ‘એમાં શું થઈ ગયું? એ તો કુદરતનો ક્રમ છે. એને કારણે કંઈ તેને ઘરમાં અોછી જ ગોંધી રખાશે?... હવેનાં છોકરાંઓને તો અાપણા કરતાંય વધુ સમજ હોય છે. છોકરીની જાત છે, તેથી શું થઈ ગયું? એમ કંઈ ડરી-ડરીને ચાલીએ તો જિવાય પણ નહીં... એની જવાબદારી એની મેળે સમજશે. છૂટી મૂકીશું જ નહીં, તો પોતાની મેળે જાતને સંભાળતાંય ક્યાંથી શીખશે?’

અને ત્યારે નિશિથ સખત ગુસ્સે થઈ ગયા... ‘તને સમજ નહોતી? તું તો ત્યારે કૉલેજમાં ભણતી હતી... અને છતાંય...’ અને હું અેકાએક ચમકી... નજર આગળ ફરી પાછો ભૂતકાળ ખડો થઈને ઊભો રહી ગયો... મારા અને નિશિથના એ કૉલેજકાળના દિવસો... કેવા મીઠા હતા એ દિવસો! એકાદ દિવસ પણ નિશિથ એકાદ લેક્ચર મોડા આવ્યા હોય તો મારો જીવ જાણે વર્ગમાં હોય જ નહીં... મને જ સમજ નહોતી પડતી... ‘મને શું થાય છે!’ મન જાણે કહ્યામાં રહેતું ન હતું અને પછી તો નોટ લેવા કે અાપવાને બહાને અમારું મળવાનું વધતું ગયું... એકમેકમાં ક્યારે અને કેવી રીતે વધુ ને વધુ ઊતરતાં ગયાં તેની કશી ખબર જ ન પડી. અને હજી તો બી.એ.ની છેલ્લી પરીક્ષાનેય બે મહિનાની વાર હતી... ને એક દિવસ... અમે અમારા સંયમની, મર્યાદાની પાળ ચૂક્યાં... જીવનમાં એક ઘેરો વંટોળ જાગ્યો... મેં અને નિશિથે પરીક્ષા તો માંડ-માંડ આપી. વડીલોનેય વાત કેવી રીતે કરવી? પ્રેમ કર્યો હતો – હવે નાસીનેય લગ્ન કર્યા વિના બીજો વિકલ્પ જ ક્યાં હતો?... અને અેમ જ પરણ્યાં અને અાવવી જોઈએ એના કરતાં સુજાતા વહેલી જન્મી... પણ સંતાનોની આવી ભૂલોનેય ક્યારેક માબાપ કેવી કુશળતાથી સમાવી લે છે! ‘સુજાતા વહેલી જન્મી છે’ કહી બા બાપુજીએ અંતરથી બધી વાત સમજતાં હોવા છતાં તેને વધાવી લીધી. લોકોએ કરેલી ટીકાની સામે આંખ આડા કાન કરી સુજાતાને પહેલા ખોળાની લક્ષ્મી કહી વધાવી લીધી. અને અમે સુજાતાને ખૂબ પ્રેમથી મોટી કરવા માંડી. એના બાળપણની પળેપળ મેં અને નિશિથે માણી છે... નિશિથને પણ તે ખૂબ વહાલી છે.

પણ સુજાતા આઠમામાં આવી અને પ્રવાસની ‘ના’ કહી ત્યારથી આખીય બાજી પલટાઈ ગઈ છે. એ દિવસથી સુજાતા એના પપ્પા સાથે બોલતી નથી... હું મૂંગી-મૂંગી જોયા કરું છું... આજે સુજાતા બારમામાં ભણે છે. આજકાલ કરતાં બાપ-દીકરીના આ અબોલાને ચાર વર્ષ થઈ ગયાં...! જમવાના ટેબલ પર ત્રણેય સાથે હોઈએ છતાંય નિશિથ પાસે અથાણાંની બરણી પડી હોય તો સુજાતા મને કહે, ‘મમ્મી અથાણું આપ...’ ક્યારેક તો મારાથી ન કહેવાય અને ન સહેવાય... મનનું આ મૂંગું-મૂંગું યુદ્ધ મારાથી જોવાતું નથી, પણ હુંય શું કરું?

નિશિથને હું ઘણા સમજાવું છું – છોકરાં મોટાં થાય અેટલે એમને છૂટ આપવી જ પડે... આમ બંધનમાં જકડીને તેમને જિવાડવાં? છોકરાંઓને તો જીવતાં જ મૃત્યુ લાગે નિશિથ! તેમનેય તેમનાં સમવયસ્કોના સમાજ વચ્ચે સ્વમાનભેર જીવવાનું છે. એને પ્રવાસમાં જવાનું મન નહીં થતું હોય? આપણે અાપણી સાથે ગમે તેટલું બહાર લઈ જઈએ પણ મિત્રો સાથે અે મુક્તમને થતી મજા કંઈ જુદી જ હોય છે તેનો તમને અનુભવ નથી નિશિથ? પ્રવાસમાંથીય

જીવનનું એક શિક્ષણ મળે છે... એ તમે કેમ ભૂલી જાઓ છો?' પણ ત્યારે નિશિથ બસ એક જ વાક્ય કહે છે... 'આપણા જેવી ભૂલ એ કરી બેસે તો?... હું ના કહું અેટલે નહીં મોકલવાની બસ!' ને ફરી એ ગુસ્સે થઈ જાય છે.

પણ આ વર્ષનો પ્રવાસ તો સુજાતાની સ્કૂલનો છેલ્લો પ્રવાસ હતો. કૉલેજનાં વર્ષોય વિદ્યાર્થીકાળનાં સરસ વર્ષો તો હોય છે જ, પણ છતાંય સ્કૂલનાં વર્ષો એ કંઈક જુદાં જ વર્ષો હોય છે અને અાટલાં વર્ષો પછી બધાં ક્યાંય છૂટાં પડી જવાનાં... અને અેટલે જ આ પ્રવાસ માટે બધાંને જ એક જુદો જ રોમાંચ હોય અને અેટલે જ સુજાતાનાં બધાં જ મિત્રો પાછળ પડી ગયાં હતાં કે 'આ વખતે તો અમે તને છોડવાનાં જ નથી... તારે આવવું જ પડશે. હવે પછી આવો પ્રવાસ ક્યારે થવાનો છે?' વર્ગશિક્ષકે પણ ખાસ ભાર દઈને સુજાતાને કહ્યું હતું, 'સુજાતા અા પ્રવાસ તો શાળા-જીવનનો છેલ્લો પ્રવાસ છે, તારા જીવનનું અેક યાદગાર સંભારણું... આ પ્રવાસ તો કેમ મુકાય? તારે અાવવું જ પડશે. આ તો લગભગ તમારો વિદાય સમારંભ જ છે, તેમાં તો હાજર રહેવું જ પડે ને?' અને એટલે જ સુજાતા પણ આજે ખૂબ ઉમંગમાં હતી... એટલે જ એની માને ગળે વળગીને, વહાલ કરીને તેણે તેની સંમતિ માંગી હતી. તેનેય ખાતરી હતી કે તેની માની મમતા તેમાં ઢાલ બનીને ઊભી રહી જશે.

આટલાં વર્ષોથી ભલે તેને પપ્પાના હઠાગ્રહને લીધે શાળાજીવનની આ મસ્તીનો આનંદ માણવાની તક મળી નથી, પણ આ છેલ્લી તકને તો તેની મા પણ સમજશે તેવો સુજાતાને વિશ્વાસ હતો અને અેટલે જ એ આટલી ખુશ હતી... પણ હું ચમકી... મને નજર આગળ ફરી પાછાં ભૂતકાળનાં એક પછી એક દૃશ્યો જાણે ચલચિત્રની જેમ રજૂ થવા માંડ્યાં... ને એની પાછળ આભાસ થઈ રહ્યો હતો નિશિથના પેલા વ્યગ્ર ચહેરાનો... વહાલથી ગળે વળગીને આજીજી કરતી સુજાતા... હજી તો નાદાન છે, નિર્દોષ છે, એને હું કયા શબ્દોમાં કહું કે: 'માબાપે ભૂતકાળમાં કરેલી ભૂલોના પ્રત્યાઘાત ક્યારેક સંતાનોએ પણ ભોગવવા પડે છે.' મારી અે વ્યથાને હું કેવી રીતે વ્યક્ત કરું?... સુજાતાને હું શું કહું? અને નિશિથનેય હું કેવી રીતે સમજાવું? એનાથીય વધુ ડર તો મને અે હતો કે ક્યાંક સુજાતા એના પપ્પા સામે બંડ પોકારી આમન્યાની પાળ તો નહીં તોડે ને? તો એને હું સંભાળીશ કેવી રીતે?

*

બાળકને ભણાવવાની ઉતાવળ ન કરશો

'અમન', 'નમન', 'સરસ', 'તરત'... અરે પ્રિયંકા! તારી નોટ લાવ તો. તેં કેટલા શબ્દો લખ્યા?... મને બતાવ તો, અરે પ્રિયંકા! હું તને કહું છું... ઊભી થા ઝટ, અહીં આવ મારી પાસે, તારી નોટ લાવ. સાંભળતી નથી...?' કહેતાં-કહેતાંમાં તો કૃતિબહેન એકદમ ગુસ્સે થઈ ગયાં... અને ઊભાં થઈ પ્રિયંકા પાસે ગયાં... બાવડું પકડી પ્રિયંકાને એની નોટ સાથે લઈ તેમના ટેબલ પાસે લઈને અાવ્યાં... પ્રિયંકાનાં હીબકાં માતાં નહોતાં. અને અા બધી ધમાલ જોઈ બીજાં બાળકો પણ એવાં હેબતાઈ ગયાં હતાં કે કોઈ ચૂં કે ચાં કરતાં ન હતાં. ઘડી પહેલાં બાળકોનાં નિર્દોષ કિલકિલાટથી ગુંજી રહેલો વર્ગ પળભરમાં તો, એકદમ ત્યાં સન્નાટો છવાઈ ગયો. સંભળાતું હતું માત્ર પ્રિયંકાનું રુદન અને અેનાં હીબકાં અને અા અવાજ સાંભળી ઑફિસમાંથી આચાર્ય પણ વર્ગમાં અાવ્યાં: 'શું થયું કૃતિબહેન? પ્રિયંકા કેમ અાટલું બધું રડે છે?'

'બહેન! એ કશું જ લખતી નથી. પિરિયડ પૂરો થવાને હવે માંડ પંદર મિનિટ બાકી છે. આ પિરિયડમાં ત્રીસ શબ્દો લખાવવાના હોય છે. એને ઠેકાણે એણે હજી દસ શબ્દોય માંડ લખ્યા છે. હું એ કેવી રીતે ચલાવું? વર્ગમાં મારે તો પચીસ બાળકોનું ધ્યાન આપવાનું છે અને અે આમ વંકાય તો પછી મારી ધીરજ કેવી રીતે રહે? પછી તમે જ મને ટોકો છો કે કેમ પ્રિયંકા લખતી નથી? તમે બરાબર ધ્યાન આપો... બહેન! મને તો એ જ સમજાતું નથી કે હવેનાં છોકરાંને ભણવું કેમ નથી ગમતું?'

ચોરકોર માબાપોની, શિક્ષકોની ફરિયાદ છે કે હવેનાં છોકરાંઓને ભણવું જ ગમતું નથી. અેમને ટી.વી. જોવા આપો, તો ખુશ. પણ ભણવાનું નામ પડે છે ને એ આઘાંપાછાં થઈ જાય છે. કરવું શું? દુનિયાભરમાં વિજ્ઞાનની પ્રગતિને કારણે ટૅક્નૉલૉજી હરણફાળે આગળ વધી રહી છે. જ્ઞાનની ક્ષિતિજો ન કલ્પી શકાય તેમ વિસ્તરી રહી છે. એની સાથે કદમ મિલાવી ચાલવું હશે તો બરાબર ભણવું તો પડશે, પણ આ નાદાન બાળકને આની ખબર છે ખરી?

પણ હજી એની ઉંમરેય શું છે? અઢી વર્ષનું હજુ તો માંડ થાય, ત્યાં બાલમંદિરમાં દાખલ કરી દેવું પડે, નહીં તો સારી સ્કૂલમાં પછી વચ્ચેથી ઍડ્મિશન જ ન મળે. અને આમેય કુટુંબનિયોજનના અા યુગમાં એ બાળક ઘરમાંય એકલું-એકલું કંટાળી ન જાય! એને બદલે તો બાલમંદિરમાં બીજાં બાળકો સાથે એ રહેતાં શીખે. અેનું સામાજીકરણ થાય, હળીમળીને રહેતાં શીખે. એકબીજાનું જોઈ ખાતાં શીખે, રમતાં શીખે, બાલમંદિરમાં બાળક ખીલે છે તો ખરું જ, પણ આ ભણવાનું અાવે છે ને તે અકળાય છે, કંટાળે છે, મૂંઝાય છે, આવું કેમ?

મને રોજ એક વાગે અને ભૂખ લાગે અને ત્યારે જમવા બેસું તો જે કંઈ હોય તો તે બધું જ ખાવાનું મને ભાવે, પણ જ્યારે દસ વાગે કે અગિયાર વાગે, જમીને જવાનું હોય ત્યારે? ત્યારે ગમે તેવી સારી વસ્તુ હોય તોય મોઢે ચઢે જ નહીં. બાળકના ભણવાની બાબતમાં પણ આ જ પરિસ્થિતિ થાય છે. અઢી વર્ષનું બાળક હજી તો એ એની માથીય પૂરું છૂટું ન પડ્યું હોય, માનો છેડો પકડી ફરતું હોય તેને બદલે બદલાતા સંજોગોને કારણે તે બાલમંદિરમાં દાખલ થાય એટલે માબાપને અધીરાઈ આવે કે 'એ ક્યારે જલદી ભણીગણીને પંડિત બની જાય!' કેટકેટલાં માબાપ કહેતાં આવે છે કે 'બહેન! આ બાલમંદિરમાં બાળકને બહાર રમાડ્યાં જ કરે છે તો અે શીખશે શું? એને કશું શિખવાડતાં તો નથી. એને કંઈ રમવા માટે અોછું જ અમે બાલમંદિરે મોકલીએ છીએ! રમી તો એ ઘેર પણ શકે છે.'

હમણાં જ બીજાં અેક માબાપ આવ્યાં, બહેન! મારી બેબી બાલમંદિરમાં ભણે છે. એનો વર્ગ બદલાયો છે. એનાં જે બહેન હતાં, તેમની પાસે એ બહુ જ સરસ લખતાં શીખી ગઈ

હતી... એની પ્રગતિ અટકી જશે બહેન! એ આમ તો બહુ જ હોશિયાર છે. પણ આમ બહેન બદલાતાં તેની પ્રગતિનો આંક નીચો જશે બહેન... એ હતી તે જ વર્ગમાં તેને ગોઠવી આપો ને!' ત્રણ વર્ષના કુમળા બાળક પાસે આટલી બધી અપેક્ષા?

અને અા બધું સાંભળી મારા મગજમાં અનેક વિચારોના વમળ ઊમટ્યા, અઢી વર્ષના બાળકને માટે શું આ ઔપચારિક શિક્ષણ યોગ્ય છે ખરું? નિજાનંદની મસ્તીમાં મહાલવાના દિવસો, નિસર્ગને ખોળે રમવાના દિવસો, રેતીનાં દહેરાં બનાવી તેમાં ફૂલ ખોસી ઈશ્વરની સંકલ્પના માણવાના એ દિવસો છે – ત્યારે આપણે એ બાળકને બાલમંદિરની ચાર દીવાલ, બંધિયાર વાતાવરણ અને ભણતરના બોજ નીચે કચડવા માંડીએ છીએ. એની સાહજિકતાને આપણે મૂરઝાવી દઈએ છીએ. સર્વપલ્લી રાધાકૃષ્ણને તો કહ્યું છે. 'બાળકની સાહજિકતાને ક્યારેય મૂરઝાવી ન દેશો' ત્યારે આપણે તો માબાપ પોતે અને શિક્ષક ભેગા મળી અે જ કામ કરીએ છીએ. પાંચ વર્ષ પહેલાં એ શરૂ જ ન કરાય. અરે! થોડા વખત ઉપર એક શાળાની મુલાકાતે ગઈ. લોકોને મોઢે એ શાળાનાં કેટલાંક વખાણ સાંભળ્યાં હતાં, એટલે એ જોવા માટે આમેય ખૂબ ઇચ્છા હતી. ફરતાં-ફરતાં ત્રીજા માળે અગાશી જેવું હતું, ત્યાં પહોંચ્યાં તો તડકામાં દસબાર સાવ નાનાં બાળકો રડતાં-રડતાં બેઠાં હતાં. કોઈક ડૂસકાં ભરતાં હતાં. તો કોઈની આંખો સૂઝીને લાલ થઈ ગઈ હતી. કોઈના ગાલ ગરમીથી લાલચોળ થઈ ગયા હતા અને એ બધાં પાસે એક સાવ અણઘડ જેવી બાઈ બિલકુલ નિ:સ્પૃહીની જેમ બેઠી હતી. હું તો ડઘાઈ જ ગઈ. મારું હૃદય કકળી ઊઠ્યું. ને મેં નીચે આવી અેમના નિયામકને પૂછ્યું: 'પેલાં બાળકો કેમ અામ ઉપર છે?' તો જવાબ મળ્યો, 'એ લોકો વર્ગમાં સેટ નથી થયાં, રડે છે એટલે એમને એકલાં રાખ્યાં છે.' અને હું ધ્રૂજી ઊઠી! આવા નિર્દોષ નાજુક બાળક પર આવો માનસિક અત્યાચાર? અરે! ચિપાંઝીને એના સાથીદારોથી છૂટું પાડવામાં આવ્યું હતું. તો તેણે તેનું ખાવાનું બે દિવસ સુધી હડસેલી દીધું હતું. અરે! નાનકડા બાળકને આપણી આંખમાંય એનાં તરફનો રજમાત્ર ગુસ્સો કે બહિષ્કાર દેખાય તો તે સહન નથી કરી શકતું... 'જો હું તારી સાથે નહીં બોલું.' એના જેવી મોટી શિક્ષા બાળકને માટે બીજી કોઈ નથી. એવા બાળકને આમ એકલા પડાય? બીજા દેશમાં હોય તો અાવા સંજોગોમાં કાયદાકીય કાર્યવાહી થયા વિના રહે ખરી? અને અેને બદલે આપણે જ માબાપો બાળકને શાળામાં મૂકતાં પહેલાં એની ઝીણવટભરી તપાસ, એ શાળાની વિચારસરણી, બાળક માટેનો અભિગમ, બાળકનાં વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ માટેની જાગૃતિ એ કશાનોય વિચાર કર્યા વિના એની જાહેરાત માત્ર વાંચી બાળકને ત્યાં દાખલ કરી દઈએ છીએ અને પાછું પૂરું સમજ્યા કર્યા વિના ડોક ઊંચી રાખી ગૌરવભેર લોકોને કહીએ છીએ, 'અમારી પ્રિયંકાની સ્કૂલમાં તો, કે.જી.માં પણ સોળ વિષય શીખવે છે' ને ત્યારે મને અાવાં માબાપ માટે કરુણા ઊપજે છે. આપણે આ ઘેલછામાંથી ક્યારે છૂટીશું?

માનસશાસ્ત્ર પ્રમાણે પણ બાળક પાંચ વર્ષ પૂરાં કરે અે પહેલાં ઔપચારિક શિક્ષણ શરૂ ન જ કરાય. ત્રીજા વર્ષે એને પેન્સિલ અને પેન પકડવાનું મન ચોક્કસ થાય છે. એને એ સાધનો આપો. એની મેળે આકારો અને વળાંકો કરવા દો. અને અેમ કરતાં-કરતાં એ કક્કો-બારાખડી અને આંકડા એવી સહજતાથી અને સરળતાથી શીખી જાય છે કે ખબરેય નથી પડતી. આ તો કાચી ઉંમરે એને માથે બોજો લાદી દઈને અાપણે એને ખરું ભણવાનું આવે ત્યારે એને માટે અણગમો ઊભો કરીએ છીએ. પોણા કલાકમાં ત્રીસ શબ્દ લખવાનું તે અાટલા બાળકનું ગજું હોય? પછી ફરિયાદ કરીએ કે અક્ષર સારા નથી કાઢતું, લખવું જ નથી ગમતું પણ એને માટે જવાબદાર કોણ? બાળકને ભણવા માટે અંદરથી પ્રેરણા થાય તેવું વાતાવરણ ઊભું કરવાનું મહત્ત્વનું છે. શિક્ષણ એ રાતોરાત પરિણામ પામી શકાય એવી

પ્રક્રિયા નથી, એ આપણે ક્યારે સમજશું?

*

માબાપ સંતાનનાં ફ્રેન્ડ, ફિલોસૉફર અને ગાઇડ

'બહેન! મારી બેબી માટે મારે અા સ્કૂલમાં ઍડ્મિશન લેવું છે. ફોર્મ તો લીધું પણ તમે મને અેટલું કહી શકશો કે છેલ્લાં પાંચ-સાત વર્ષમાં તમારી સ્કૂલમાંથી કેટલા ટકા છોકરીઓ મેડિકલ અને એન્જિનિયરિંગમાં ગઈ છે? મારે મારી બેબીને એ લાઈન લેવડાવવી છે.'

અને મને અાશ્ચર્ય થયું. હજી તો તેમની બેબી અઢી વર્ષની છે. ત્યારથી જ 'તેને શું બનાવશું' તેના નિર્ણયો માબાપ લઈ લે છે! બિચારી નિર્દોષ એ બેબીની મને દયા આવી ગઈ. આપણે માબાપો પણ મહત્ત્વાકાંક્ષા પાછળ કેવી આંધળી દોટ મૂકીએ છીએ! બાળક કાંઈ આપણું ચાવીવાળું રમકડું છે? આજકાલ લગભગ બધાં જ માબાપોને એવી મહત્ત્વાકાંક્ષા હોય છે કે 'મારો દીકરો એન્જિનિયર બને, મારો દીકરો ડૉક્ટર બને...' અાપણાં સંતાનોને આપણે અાપણી પ્રતિષ્ઠાનાં પ્યાદાં સમજીએ છીએ... આપણે ગૌરવથી ડોક ઊંચી રાખી કહેવું છે કે 'મારો દીકરો એન્જિનિયર છે.' 'મારો તુષાર તો ડૉક્ટર છે.' પણ આપણા સંતાનની શક્તિ, મર્યાદા, અભિરુચિ, અભિયોગ્યતા કશાનો પણ આપણે વિચાર કરીએ છીએ ખરા?

એક પ્રતિષ્ઠિત ગણાતી સ્કૂલના ઍડ્મિશન માટેના ફોર્મમાં પ્રશ્ન હતો 'તમારે તમારા બાળકને શું બનાવવું છે?' મને એ પ્રશ્ન વાંચી ભારે દુઃખ થયું... 'આ સ્કૂલમાં શિક્ષણશાસ્ત્રી તો હશે જ. ફોર્મ તૈયાર કરતાં તેમને ખ્યાલ નહીં આવ્યો હોય કે બાળકને આપણે બનાવવું હોય તે ન બનાવી શકાય, પણ તેનામાં જે અભિરુચિ હોય અને તેનામાં જે અભિયોગ્યતા પાંગરે તે જ પ્રમાણે તેની કારકિર્દી નક્કી કરી શકાય! આપણે વાલીએ તો ફક્ત માળીનું જ કામ કરવાનું છે. ખાતર-પાણી પૂરાં પાડવાનાં ને ઊગતા છોડને પાંગરવા માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડવાનું છે. પ્રોત્સાહન અને પ્રેરણા બે જ ખૂબ મહત્ત્વનાં છે.'

આજના મોટા ભાગની શિક્ષિત માતાઓના મગજમાં તેમનાં સંતાનના ભણતર માટે ભારે અજંપો જોવા મળે છે. પરીક્ષાનો 'હાઉ' બાળકને બદલે તેમને જ એટલો સતાવે છે કે તેમની એ ચિંતા બાળક પર સવાર થયા વિના રહેતી નથી. 'પરીક્ષામાં અોછા માર્ક્સ આવે તો પછી બહાર મોં શું બતાડું?' દરેક માને આ ડર સતત સતાવ્યા કરે છે. બાળકે સાચેસાચ કેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું? એ જ્ઞાન તે પચાવી શક્યું છે કે નહીં? જીવનમાં તે જ્ઞાનનો તે તેનાં વ્યવહારિક જીવનમાં ઉપયોગ કરી શકે છે કે નહીં? આ કશું જ આપણે વિચારીએ છીએ ખરાં? એ દિશામાં વિચારવા જેટલી આપણામાં ક્ષમતા પણ છે ખરી? આપણો ડોળો તો માત્ર માર્ક્સ પર, બસ ફક્ત માર્ક્સ પર સતત રહે છે અને અેથીય વિશેષ આગળ વધી યેનકેન પ્રકારેણ વધારે માર્ક્સ તો આવવા જ જોઈએ. માર્ક્સની પાછળની આ અાંધળી દોટ, એણે અાજના શિક્ષણક્ષેત્રમાં કેટકેટલી મુશ્કેલીઓ અને અનિષ્ટો ઊભાં કર્યાં છે...? પરીક્ષાના માર્ક્સને જ અાપણે એની આવડત માપવાની પારાશીશી માની બેઠાં છીએ... એ શું યોગ્ય છે? આજની પરીક્ષાઓ અને તેનાં પરિણામો – એમાં કેટલો વિશ્વાસ રાખી શકાય તેમ છે?... હા... દુનિયાભરમાં હરણફાળે ટૅક્નૉલૉજી આગળ વધી રહી છે અને એટલે એની સાથે કદમ મિલાવવાં હશે તો ખૂબ ઝડપથી ખૂબ બધું જ્ઞાન મેળવવું પડશે. ક્યારેક તો 'રાત થોડી અને વેશ ઝાઝા' જેવી પરિસ્થિતિ પણ ઊભી થઈ જાય તેવું બને છે, પણ એનો અર્થ એવો તો નહીં કે 'યેન કેન પ્રકારેણ' પરીક્ષામાં વધુ માર્ક્સ આવી ગયા એટલે ગંગા નાહ્યાં. અભ્યાસ બરાબર કર્યો હોય, ખૂબ મહેનત કરી હોય અને માર્ક્સ વધુ આવે તો બરાબર... એનો એને અધિકાર છે, પણ સાધના વિનાય સિદ્ધિ માટેનાં આજે તો રસ્તા શોધવા માંડ્યા છે. અાપણાં સંતાનો તો નાદાન છે અને એટલે તો અે આમ ઓછી મહેનતે વધુ લાભ મેળવવા માટે મથામણ કરે, ક્યાંકથી પેપર જાણી લેવું. બીજામાંથી કોપી કરવી. કાપલીઓ સાથે રાખવી. ને તે બધુંય શક્ય

ન બને તો છેલ્લે જાણે મરણિયા બની પેપર ક્યાં તપાસવા ગયું છે તેની તપાસ કરી ત્યાં સુધી પહોંચી જવું. ધાર્યું કામ તો પાર પાડવું જ જોઈએ. પૈસો શું નથી કરી શકતો? આ બધું ક્યારેક જોઉં છું, ત્યારે મનમાં એક ઘેરો વંટોળ જાગે છે કે અાપણી ઊગતી પેઢીના ઘડતરનું શું? એ ટકશે? એમનાં ચારિત્ર્યનું શું? કઈ નિષ્ઠાને બળે માબાપ જ જો આ બધામાં સાથ આપે તો એ ઊગતું બાળક કાલે કઈ અનીતિ નહીં અાચરે?

આપણને અાપણું ધાર્યું થવું જ જોઈએ એવી ટેવ પડી ગઈ છે. 'Where there is the will there is the way.' અે ઉક્તિ ખરેખર સાચી છે. 'મન હોય તો માળવે જવાય' પણ તે માટે દૃઢ મનોબળથી પરિશ્રમ કરવો જોઈએ. એ દૃઢ મનોબળ આપણાં સંતાનોમાં આપણે ઘડી શકીએ છીએ ખરાં?... પુનિતા પરીક્ષા આપી ઘેર આવી... મમ્મીએ પૂછ્યું: 'બેટા, કેવું ગયું પેપર?' પુનિતાએ ફરિયાદ કરી: 'મમ્મી... આમ તો સારું હતું. પણ થોડુંક નહોતું આવડતું, મેં મારી આગળની છોકરીમાં જરા જોઈને લખવાનો પ્રયત્ન કર્યો, પણ એ તો એવી વિચિત્ર હતી કે કશું જ જોવા ન દે. ખાસ્સો પહોળો હાથ પ્રસારીને બેસી ગઈ હતી.' ને ત્યારે પુનિતાનાં મમ્મીએ તેને સમર્થન આપતાં કહ્યું, 'કંજૂસ નહીં તો... થોડું જોવા દે તો એમાં એનું શું ઓછું થઈ જવાનું હતું? એના માર્ક્સ કંઈ ઓછા જ લૂંટાઈ જવાના હતા!' એક મા પણ જ્યારે આવો પ્રતિભાવ આપે ત્યારે મારાથી સાચે જ ધ્રૂજી ઉઠાય છે. બીજાની મહેનત પર કંઈ આપણાથી ઓછો જ મદાર બંધાય છે! પરિશ્રમ વિના કશું પામવાનો તમને અધિકાર જ ક્યાંથી હોય? એ શીખવવાને બદલે એક મા પણ જો પોતાની દીકરીને આવું સમર્થન આપે તો એ દીકરીનું ઘડતર, તેના ચારિત્ર્યનો વિકાસ કેવો થવાનો? આપણો ડોળો સતત પરીક્ષાના માર્ક્સ પર મંડાયેલો રહે છે અને અેટલે જ પાર વિનાના અનિષ્ટો સર્જાય છે.

બાળકમાં આપણે ક્યારેય પ્રેરણા અને મહત્ત્વાકાંક્ષા જાગ્રત કરીએ છીએ ખરાં? 'Goal setting' હેતુ નક્કી કરવામાં આપણે તેને ક્યારેય મદદ કરીએ છીએ ખરાં?' અને એ નક્કી કર્યા પછી તેને સિદ્ધ કરવા પાછળ કરવી પડતી મથામણમાં આપણે તેને ક્યારેય યોગ્ય માર્ગદર્શન કે યોગ્ય પ્રોત્સાહન આપીએ છીએ ખરાં? 'સાધના વિના સિદ્ધિ જ ન મળે' એવો જીવનમંત્ર, એવી દીક્ષા આપણે એને આપીએ છીએ ખરાં!

બારમા ધોરણમાં આવતાં કુંતલને મેં પૂછ્યું, 'કેમ કઈ લાઈનમાં જવા વિચાર કર્યો છે? તો તેણે જવાબ આપ્યો... 'પપ્પા તો ડૉક્ટર થવા કહે છે, પણ માર્ક્સ આવે એ ઉપર આધાર...' પપ્પા ડૉક્ટર હોય એટલે દીકરો ડૉક્ટર બને એવું એ ઇચ્છે એ સાહજિક છે, પણ એ લાઈન માટે કુંતલને અભિરુચિ છે કે નહીં તે પ્રથમ વિચારવું જોઈએ. અને પછી એ માટેની અભિયોગ્યતા પ્રાપ્ત કરવા માટે તેને બધું જ વાતાવરણ પૂરું પાડવા સાથે તેને સતત પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. મહત્ત્વાકાંક્ષા ઊભી કરવી અને એને પરિપૂર્ણ કરવા તેને સતત પ્રેરણા આપવી એ બહુ જ મહત્ત્વનું છે. માબાપની અે બહુ જ અગત્યની ફરજ છે. નિશિથ અગિયારમા ધોરણમાં પ્રવેશ્યો ત્યારે જ તેની માને કહ્યું, 'મા, મારે ઇલેક્ટ્રોનિક એન્જિનિયર થવું છે.' મા તો ચમકી... 'બેટા! એ લાઈનમાં જવા માટે તો ઢગલો માર્ક્સ જોઈશે...' પણ નિશિથ મક્કમ હતો. તેણે કહ્યું: 'તું મને તપાસ કરી આપ કેટલા માર્ક્સ જોઈશે.' તેની માએ તપાસ કરી, એ વર્ષે એક્યાસી ટકે અટક્યું હતું. દર વર્ષે એ સ્તર ઊંચું થતું જ જાય છે અને અેટલે ત્ર્યાસી ટકાનું અનુમાન બાંધ્યું અને નિશિથે નક્કી કર્યું. મહેનત શરૂ કરી દીધી. અગિયારમું અને બારમું ખૂબ મહેનત કરી... ને બરાબર સાડાત્ર્યાંસી ટકા માર્ક લાવી દીધાં. ઇલેક્ટ્રોનિક્સમાં ઍડ્મિશન મળી ગયું. દૃઢ મનોબળ અને અથાગ પરિશ્રમે તેને બદલો આપ્યો. તે તેની કારકિર્દી બનાવી શક્યો. આજે તો તે ક્યાંય આગળ વધી શક્યો છે. જીવનમાં ફક્ત બે જ વર્ષ આમ પરિશ્રમ કરી માણસ એક વાર ધારી લાઈનમાં પ્રવેશ લઈ લે પછી તો તે તેમાં પારંગત થવાનો

જ છે, પણ તેમાં પ્રવેશ જ અઘરો છે અને તે માટે મક્કમ નિર્ધાર, દૃઢ મનોબળ સાથે અથાગ પરિશ્રમ, 'સાધના વિના સિદ્ધિ નથી' એ સૂત્રને જીવનમાં વણી લીધા વિના ચાલે જ નહીં. તો જ જીવન સફળ બની શકે, ધન્ય બની શકે... આપણે અાપણાં સંતાનોને આવું પ્રેરકબળ આપી શકીએ છીએ ખરાં...? કારણ કે અાખરે તો જીવનમાં સફળતા માટે નેવું ટકા પરિશ્રમ અને દસ ટકા જ પ્રેરણા ભાગ ભજવે છે. અાપણે માબાપોને ભાગે તે દસ જ ટકાની જવાબદારી છે, પણ આપણે સમજપૂર્વક એ જવાબદારી પણ અદા કરી શકીએ છીએ ખરાં? આપણે સાચા અર્થમાં સંતાનને માટે Friend, Philosopher and Guide બની શકીએ છીએ ખરાં? વાલી મટી માળી બની શકીએ છીએ ખરાં? અને પાંગરવા માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડી શકીએ છીએ ખરાં? અને તો જ આપણને, તેની કારકિર્દી નક્કી કરવાનો અધિકાર છે. તો જ તેની સફળતા માટે ડોક ઊંચી રાખી ગૌરવ લેવાનો અધિકાર છે.

*

કામચોરી, કેવું ભયંકર પ્રદૂષણ!

'શું વાત કરો છો? ગીતાબહેન આ નોકરી છોડી બીજે ગયાં? આવી સારી સ્કૂલમાં નોકરી જ ક્યાં મળે છે? અરે! શિક્ષકની નોકરી માટેય આજે તો કેટલા હજાર રૂપિયા આપવા પડે છે! પછી ભલેને ગમે તેવી સ્કૂલ ન હોય? એક તો કેટલી સિફારસ કરી નોકરી લીધી, સારા શિક્ષક તરીકેની એમની ક્ષમતા જ ક્યાં હતી! પણ છતાંય ક્યારેક બે અાંખની શરમ નડે છે ને આવા લોકોને નોકરી અાપવી પડે છે.'

'જોકે એ અેમની મેળે જ ગયાં તે સારું થયું, નહીં તો વધુ મુશ્કેલી પડત. જે થયું તે સારા માટે એ આપણે ત્યાં ચાલી શકે તેવાં નહોતાં. આચાર્યે તેમનું મંતવ્ય રજૂ કર્યું.'

'કેમ અેવું કહો છો? શૈક્ષણિક લાયકાત એટલે કે જરૂરી ડિગ્રી તો હતી જ ને!'

'બહેન! ડિગ્રીથી ફક્ત ઓછું જ ચાલે છે? આદર્શ શિક્ષક નીવડવા માટે વ્યક્તિત્વમાં બીજી પણ કેટલી બધી જરૂરિયાતો છે! એમનું બોલવું, ચાલવું, વર્તવું, બધું બહુ જુદું હતું, બહેન! આપણા અહીંના વાતાવરણને અનુરૂપ થાય તેવું નહોતું. બીજું તો કંઈ નહીં પણ આપણે તો બાળકો તેમને સોંપવાનાં, એ નાનાં બાળકો શિક્ષક બોલે, ચાલે, તેમજ બધું શીખે, બાળક આપણે કહીએ તેમ નહીં, પણ આપણે કરીએ તેમ કરે છે અને એટલે મને સતત ચિંતા રહેતી હતી કે એમના હાથ નીચે જ બાળકોને મૂકવાં પડ્યાં છે, તેમનું ઘડતર કેવું થશે?'

'મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે નોકરી જોઈતી હતી ત્યારે તો એ બે-બે વખત અહીં આવીને મને મળ્યાં. કેટકેટલી વાતો કરી અને અાામ એકાએક નોકરી છોડીને જતાં તેમને એક વાર મને મોં બતાવવાનુંય ન સૂઝ�ું? એમને જવું જ હોત તો કાંઈ આપણે પરાણે તો નહોતાં રાખવાનાં પણ જરા વાત કરી હોત તો કેવું સારું લાગત!'

'બહેન! વાત ક્યાંથી કરે? તમને ખબર છે? એણે અેમની જૂની નોકરી પણ ચાલુ રાખી હતી. અઠવાડિયામાં બેચાર દિવસ અહીં આવે અને બેચાર દિવસ ત્યાં ભરી આવતાં હતાં. એમની સાથેનાં બહેનોને કહેતાં હતાં, 'જોઉં છું. અહીં ફાવી જાય તો ત્યાં રાજીનામું આપીશ' પણ પછી એમને તો અહીં કામ ખૂબ ભારે લાગ્યું. પેલી તો સરકારી સ્કૂલ હતી. ત્યાં કોઈ બહુ પાછળ જોવાવાળું હતું નહીં! એટલે કામ થયું ન થયું. એ બધું ચાલી જતું, જ્યારે અહીં તો હું કામમાં નિયમિતતા અને ચોક્કસ રહેવા માટે અેમને આગ્રહ રાખતી અને એટલે એમને ન ફાવ્યું, કહેતાં હતાં: 'આપણને આટલું બધું કામ ન ફાવે... સરકારી શાળા કરતાં આ ખાનગી શાળામાં પગાર ઓછો અને કામ વધારે, રોજે રોજ કામનો હિસાબ આપવો પડે. આપણને તો અે ન પોસાય. એના કરતાં પેલી નોકરી સારી. પૈસા ખૂબ મળે ને પાછળ કોઈ જોવાવાળું તો નહીં!'

અને અે સાંભળી હું ઘડીભર ધ્રૂજી ઊઠી... ચારે બાજુ કામચોરીનું કેવું મોટું પ્રદૂષણ ફરી વળ્યું છે! 'ઓછું કામ ને વધુ પૈસા...' એ જાણે અાજના યુગનો જીવનમંત્ર બની ગયો છે.

મને બરાબર યાદ છે. નાની હતી... ત્યારે, ક્યારેક તબિયત સારી ન હોય કે કોઈક કારણસર ઘરના કામમાં હું મદદ કરી ન શકી હોઉં તો જમવા બેસું ત્યારે મન ડંખે... 'આજે તેં કામ નથી કર્યું... તને જમવાનો શું અધિકાર છે?' અને ત્યારે જાણે અેક અપરાધી હોઉં એવી લાગણી મનમાં થતી હતી. કોઈ ટોકનાર તો હતું જ નહીં ને છતાંય મારો અંતરાત્મા જ મને ટોકતો... અને અેને કારણે જ આજે રોજ સવારે ઊઠું ત્યારે અમુક કામ કરવાનો નિશ્ચય કરી પથારીમાંથી ઊઠું છું ને સૂવા જાઉં છું ત્યારે હું પોતે જ મારા મન પાસે હિસાબ માગું છું કે આજનો મારો દિવસ વ્યર્થ તો નથી ગયો ને?

મા તો સાત વર્ષની હતી, ત્યારે જ ગુજરી ગઈ હતી. પણ પિતા અમારી સારી સંભાળ

રાખે. વેપારી એટલે સવારથી જાય તે રાતે આવે, આવ્યા પછી અમને ચારેય ભાઈ-બહેનોને સાથે લઈને બેસે ને પૂછે, 'આજે શું કર્યું?' બાળપણ એટલે તો નિજાનંદની મસ્તીમાં મહાલવાના દિવસો. એ ઉંમરે સમયની કિંમત તો હોય જ ક્યાંથી? અને એટલે આખો દિવસ કશું જ ન કર્યું હોય, ફક્ત રમ્યાં જ કર્યું હોય એટલે સાહજિક રીતે જ કહેવાઈ જાય... 'આજે તો ખૂબ મજા કરી, ખૂબ રમ્યાં' ત્યાં તો બાપુજી તરત જ કહે... 'જો બેટા... ખાઈપીને મોજમજા તો પ્રાણી પણ કરે... પણ તમારે માણસ જેવું જીવન જીવવું હોય તો તમારે વિચાર કરવાનો કે અાજે તમે કોઈને ઉપયોગી બની શક્યાં...?

તમે તમારી જાતની કંઈક પ્રગતિ કરી શક્યાં?... તમારે જ નક્કી કરવાનું છે કે તમારે માણસ જેવું જીવન જીવવું છે કે પ્રાણી જેવું? ઈશ્વરે બધાંને એકસરખો સમય અાપ્યો છે. કોઈને અેક પળ વધુ નહીં કે અેક પળ ઓછી નહીં. એ સાથે ઈશ્વરે માણસને બુદ્ધિ પણ આપી છે અને તેથી માણસની જવાબદારી વધી જાય છે કે જીવનની એક પળ પણ નકામી રીતે વેડફાય નહીં. ગયેલી પળ ક્યારેય પાછી અાવતી નથી... અને એટલે જ કર્તવ્યનિષ્ઠાની અમને નાનપણથી જ ટેવ પડેલી, કામ માટે કોઈ શું આપણને પૂછે? આપણું અંતર જ આપણને ન પૂછે?

પણ આજે એવું અંતર કેટલાને છે? મનિષા દસમા ધોરણમાં આવી અને અેટલે વિચારણા ચાલી કે કયા વિષયો રાખીએ તો વધુ માર્ક્સ મેળવી શકાય? કોઈકે સલાહ આપી. પી.ટી. તો રાખજે જ, એમાં મહેનત કશી કરવાની નહીં અને માર્ક્સ વધુ આવે અને વડીલની એ શિખામણ સાંભળી હું ઘડી ભર ધ્રૂજી ઊઠી... 'આ શું થવા બેઠું છે? હજી તો આ છોકરાં ઊગીને ઊભાં થાય છે. અત્યારે તેમને મહેનત કરવાના દિવસો છે. જેટલી વધુ મહેનત કરશે તેટલો જ વધુ લાભ તેમને થવાનો છે અને કામ પ્રત્યે, શ્રમ પ્રત્યે શ્રદ્ધા કેળવવાને બદલે અાપણે જ તેને અોછી મહેનતે વધુ લાભ કેમ મેળવવો એવી મનોવૃત્તિ કેળવવાનું શીખવીએ છીએ. કેવી મોટી કરુણતા! અને પછી અાપણે જ બૂમ પાડીશું, ફરિયાદ કરીશું. 'આજની નવી પેઢીને થયું છે શું? એમને હાથપગ હલાવવા જ ગમતા નથી. કામ કરવું જ ગમતું નથી, એમને બધું જોઈએ છે ખરું, પણ કામ કર્યા વિના... મોંમાં કોળિયો મૂકી અાપનાર મળે તો 'ચાવે છે કોણ મારો બાપ?' જેવી મનોવૃત્તિ સેવતા લોકો આજે આપણને જોવા મળે છે અને ત્યારે મને ખૂબ દુ:ખ થાય છે.

પશ્ચિમના દેશોમાં કર્તવ્યનિષ્ઠા જોઉં છું ને મને થાય છે આપણે તેનું નહીં અપનાવવા જેવું અપનાવીએ છીએ અને અપનાવવા જેવું નથી અપનાવતાં, કેવી મોટી કમનસીબી છે! બાળક નાનું હોય ત્યારથી જ તેને પ્રેરણા આપતાં રહેવું પડે.

'તું શું બનીશ? તારામાં તો ખૂબ શક્તિ પડી છે. તું ધારે તો તું એન્જિનિયર બની શકીશ. હા... મહેનત કરવી પડે... પણ આમેય શ્રમ વિના તો સિદ્ધિ મળે જ ક્યાંથી?' જીવનમાં ધ્યેય હોય તો જ માણસ કંઈક કરી શકે... 'મારે કંઈક કરવું છે. મારે અાટલું સિદ્ધ કરવું છે...' એવી એના હૃદયમાં ઝંખના હોવી જોઈએ અને અે ઝંખના હશે તો જ તે મહેનત કરવા પ્રેરાશે, પણ તેનામાં એ ધ્યેય નક્કી કરવાને બદલે અને મહેનત માટે પ્રોત્સાહન આપવાની જગ્યાએ આપણે માબાપો જ તેમને અોછી મહેનત માટે પ્રોત્સાહિત કરીએ છીએ. કેવી ઊંધી મનોવૃત્તિ? અરે! એક શિક્ષક પણ જો 'ઓછી મહેનત અને વધુ પૈસા' જીવનનાં આવા Short-cut જ શોધતાં હોય તો એ બાળકને શું શીખવવાના? નવી પેઢીને જીવનનાં મૂલ્યો શીખવવાનું ચારિત્ર્યનું ઘડતર કરવાનું કામ આપણે સોંપીશું કોને?

*

માતૃત્વમાં મારી શ્રદ્ધા ડગી ગઈ છે

'અરે સાકેત! જો તો જરા પપ્પાનો સેલ ફોન ત્યાં પડ્યો છે? હમણાં તો ઑફિસેથી આવ્યા ને મૂક્યો હતો અને દેખાતો નથી. જો ને જરા બેટા!'

'મમ્મી, સેલ ફોન તો મેં લીધો છે. એ મારી પાસે છે.'

'તારી પાસે? તારે સેલફોનનું શું કામ છે? તું તો ગરબા ગાવા જાય છે... ત્યાં વળી સેલફોનને તું શું કરવાનો છે?'

'મમ્મી... તને ખબર છે? પાર્ટી પ્લોટો કેટલા મોટા હોય છે? આટલા મોટા પ્લોટમાં મારા ભાઈબંધોને શોધવા કેવી રીતે? એટલે અમે બધાં જ હવે સેલફોન સાથે લઈને જઈએ છીએ.'

'પણ એટલા ઘોંઘાટમાં? સેલફોન પર સંભળાય શું?'

'એ બધું તને સમજ ન પડે મમ્મી, રહેવા દે ને નાહકની ચર્ચા... અને જો તને એ પણ કહું કે આજે મારે બીજા પૈસા પણ જોઈશે... પહેલેથી લઈ રાખજે... પછી એમ ન કહીશ કે પપ્પા પાસેથી લેવાના રહી ગયા છે...!'

'તે તું જ પપ્પા પાસેથી માંગી લે ને!... બે દિવસ પર મેં તને હજાર રૂપિયા તો આપ્યા હતા. એ ખલાસ થઈ ગયા?'

'મમ્મી, મેં તને કહ્યું ને કે મહેરબાની કરી મારું મગજ ન બગાડ... પપ્પાની પાસે હું પૈસા માંગવા નહીં જાઉં... મને પપ્પા સાથે વાત કરવી નથી ગમતી. વાત-વાતમાં એવા વિચિત્ર પ્રશ્નો પૂછે છે! ઘડી-ઘડીમાં ઉતારી પાડે છે... મને એ નથી ગમતું. રોજ રાત પડે ગરબા પતે એટલે બહાર હોટલમાં ખાવા જઈએ એટલે પૈસા તો થાય જ ને!'

'આમ કેમ કહે છે, બેટા? તમારે વળી ઉત્સવોની ક્યાં ખોટ જ હોય છે! વેલેન્ટાઈન ડેના દિવસની પ્રેઝન્ટ કેટલાની લાવ્યો હતો? હોળી-ધુળેટીની ઉજવણી નહોતી કરી? ઉત્તરાયણનીય કાંઈ ઓછી ધમાલ હોય છે? અને આ તો નવ-નવ દિવસ સુધી ધાંધલ, આ બધું ક્યાં સુધી પહોંચાય? પપ્પા બિચારા રોજ ધંધાપાણી ઠંડાં છે કહી જીવ બાળે છે ને તમે! વળી, તારું બારમાનું વર્ષ છે – એનું પપ્પાને કેટલું ટૅન્શન હોય!'

'એમાં પપ્પાને ટૅન્શન કરવાની શી જરૂર છે? મારું બારમાનું વર્ષ છે એ હું નથી જાણતો? મારી ફિકર એ શું કામ કરે છે?'

'બેટા! બારમાનું વર્ષ એટલે તો કટોકટીનું વર્ષ, એના ઉપરથી જ તારું ભવિષ્ય, તારી ભાવિ કારકિર્દી નક્કી થવાની...!' પપ્પાએ આ વર્ષે આટલાં ટ્યૂશનો નક્કી કર્યાં છે! તને ખબર છે, આ વર્ષના ટ્યૂશનનો ખર્ચ? ભલભલાની કમ્મર ભાંગી જાય તેવા ખર્ચા હોય છે ટ્યૂશન પાછળ અને એ બધુંય કરવા છતાં તમે બરાબર ભણો તો સારું કે 'ચાલો મહેનત અને ખર્ચા બધુંય લેખે લાગ્યું.' પણ એને બદલે તમારા લોકોની આ દોડભાગ... અને જીવન પ્રત્યેની બેફિકરાઈ જોઈને તો સાચે જ અકળાઈ ઉઠાય છે, સાકેત...! અમને ચિંતા થાય છે તારા ભવિષ્યની!' કહેતાં સુષ્માબહેન ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યાં.

એમને રડતાં જોઈ સાકેતનો ગુસ્સો વધી ગયો. 'મમ્મી... જો તને કહી દઉં છું, મને તારાં આ ત્રાગાં ગમતાં નથી... મારે અમારા ભાઈબંધોની જમાત વચ્ચે જીવવાનું છે. બધા જે રીતે જીવતા હોય તેમ ન જીવું તો હું એમાંથી ફેંકાઈ ન જાઉં? મેં ક્યાં તમને ટ્યૂશન પાછળ આટલા બધા પૈસા ખર્ચવાનું કહ્યું હતું? તમને મોહ છે મને ડૉક્ટર કે એન્જિનિયર બનાવવાનો. મારી ચિંતા કરવાની મેં તમને લોકોને કેટકેટલી વાર ના કહી છે, છતાંય તમે લોકો ચિંતા કરો ને ખોટા ખર્ચા કરીને આખો વખત મને શું કામ સંભળાવ્યા કરો છો?' કહેતાં-કહેતાં ગુસ્સાથી બારણું પછાડી સાકેત સેલફોન લઈ ચાલી ગયો.

સુષ્માબહેનના હૃદય પર ઘેરો આઘાત લાગ્યો. તેમનું માથું ચકરાવા લાગ્યું. પાસેના સોફા પર માંડ તે ફસડાઈ પડ્યાં... પરણ્યા પછી પાંચ-પાંચ વર્ષ સુધી દહાડો નહોતો ચઢતો, ત્યારે તેમણે બાળક માટે કેટકેટલું કર્યું હતું! ડૉક્ટરની ટ્રીટમેન્ટ, બાધાઆખડી, અરે! પથ્થર એટલા દેવ કર્યા હતા અને સાકેતનો જન્મ થયો ત્યારે! ત્યારે તે બંને આનંદથી ઘેલાં-ઘેલાં થઈ ગયાં હતાં... એમના ઉછેર પાછળ પણ એમણે ક્યાં ઓછું કર્યું છે? ક્યાંય કશી કચાશ રાખી હતી ખરી! સાકેત પાણી માંગે ને તેઓ દૂધ હાજર કરતાં. રાતોની રાતો એની પલાળેલી પથારીમાં તે સૂતાં છે, એની પાછળ એમણે ટાઢ, તડકો, રાતદિવસ કે ભૂખતરસ કશુંય ક્યાં જોયું છે? અરે! એક દિવસ તો સાકેતને તાવ હતો, ત્યારે એ માંડ ત્રણ વર્ષનો હશે... અતુલ તો બિઝનેસ ટૂરમાં હતા, ઘરમાં હું એકલી હતી. એનું કપાળ ધીખી જતું હતું. સાકેતની આંખ પણ ઊંચી થતી ન હતી ત્યારે! આખી રાત એને પોતાં મૂકતી. હું મારા ખોળામાં તેનું માથું લઈ બેસી રહી હતી... આખી રાત આંખનું એક મટકું પણ માર્યું ન હતું... મારા સાકેતને સારો કરી દેવા મેં કેટકેટલા દેવોને પ્રાર્થના કરી હતી! અને એ દિવસથી મેં મીઠાઈની બાધા લીધી હતી, તે પૂરાં પાંચ વર્ષ પછી મૂકી... મારે માટે તો 'ગળ્યું એટલું ગળ્યું ને બીજું બધું બળ્યું.' એવી હકીકત હતી, મીઠાઈ વિના મને એક્કેય દિવસ ચાલે નહીં, તેને બદલે પૂરાં પાંચ-પાંચ વર્ષ મેં મીઠાઈનો ત્યાગ કર્યો હતો. આ બધી સાધના મેં શા માટે કરી હતી? મારે માટે તો સાકેત એ જ મારા ભવિષ્યની મહામૂલી મૂડી હતી ને? મારા ભાવિનો બધો જ મદાર હું સાકેતના આશરે બાંધીને બેઠી હતી. મને થતું હતું વર્ષોને જતાં ક્યાં વાર લાગે છે? કાલ ઊઠીને મારો સાકેત તૈયાર થઈ જશે, પછી મારે ક્યાં કશાની ફિકર કરવાની જરૂર છે? અતુલ પણ ક્યારેક થાકે ત્યારે હું તેમને હિંમત આપતી, હવે ક્યાં દિલ્હી દૂર છે? સાકેતને તૈયાર થવામાં હવે બે-પાંચ વર્ષ, ક્યાં ઝાઝી વાર છે! 'આટલું ખેંચ્યું, હવે થોડું વધારે' કહી હું અતુલને ધીરજ આપતી.

પણ છેલ્લાં બે-ત્રણ વર્ષથી જે રીતે સાકેતમાં પરિવર્તન થતું રહ્યું છે, એનું વર્તન, એનું બોલવું, ચાલવું મને જ સમજ નથી પડતી કે આ શું થયું છે! ક્યારેક તો એ એવું બોલે છે કે હું સાંભળી નથી શકતી, મારા અંતર પર જાણે કોઈ પ્રહાર કરતું ન હોય! એનું વર્તન દિવસે-દિવસે વિચિત્ર થતું જાય છે, 'એનો સરસ ઉછેર કરવો છે.' એ જ રટણ સતત મારા મનમાં હતું અને એટલે મેં ક્યારેય મારી જાત પાછળ મારા સુખ પાછળ જોયું નથી, મારા ગમા-અણગમાનો વિચાર કર્યો નથી, અતુલે ક્યારેય એની પાછળ પૈસા ખર્ચવામાં પાછી પાની કરી નથી, હા, એમને સમય ન મળે એટલે એ સાકેત સાથે વાતો ન કરી શકે, પણ મેં ક્યારેય એ માટે જરા પણ કચાશ નથી રાખી અને છતાંય સાકેત! આજનું એનું આ વર્તન જોઈ મને થાય છે એક મા તરીકે હું નિષ્ફળ નીવડી છું. મારી સાધના નિષ્ફળ નીવડી... હું શું કરું? માબાપ બનવું સહેલું નથી.

*

બાળક આપણે કહીએ તેમ નહીં, કરીએ તેમ કરે છે

આટલી બધી રિંગ વગાડું છું ને સુદીપ બારણું કેમ ખોલતો નથી? ઊંઘી તો નહીં ગયો હોય! ના... ના... એવું તો ન બને, કારણ કે હું ઑફિસે જવા નીકળી ત્યારે તેનો ભાઈબંધ શ્રીરાજ આવી ગયો હતો. બંને આજે તો આખો દિવસ વાંચવાના હતા... શું થયું હશે? રોજ સાંજે આવું ત્યારે તો તે બારણું તરત જ ખોલે છે ને આજે આ શું થયું? આજે કોણ જાણે શું થયું તે માથુંય એવું દુખવા માંડ્યું કે અૉફિસમાં બેસાય એવું જ ન હતું. નહીં તો હું તો ક્યારેય રજા લેતી નથી. પણ ગઈ કાલનો ઉજાગરો મને નડ્યો. હવેથી તો ચાલુ દિવસોમાં આમ પાર્ટી ગોઠવવી જ નથી. ભારે પડી જાય છે.

ખૂબ રિંગને અંતે સુદીપે બારણું તો ખોલ્યું, 'કેમ, ઊંઘી ગયો હતો બેટા! કેમ આટલી બધી વાર થઈ? મને તો અેટલી બધી ચિંતા થઈ, શ્રીરાજ નથી? ઘેર ગયો? એ તો આખો દિવસ અહીં વાંચવા રોકાવાનો હતો ને!'

ઉપરાછાપરી પૂછેલા આ બધા જ પ્રશ્નો, પણ સુદીપે એમાંના એક્કેયનો જવાબ ન આપ્યો અને સીધો જ તેના રૂમમાં ચાલી ગયો. એટલે મને પણ ખૂબ આશ્ચર્ય થયું. સુદીપ ક્યારેય આવી રીતે વર્તતો નથી... આજે કેમ આમ છે? જાતજાતના વિચારે મને ઘેરી લીધી.. 'તબિયત સારી નહીં હોય! પરીક્ષાનું ટૅન્શન થયું હશે! સુદીપને ક્યારેય પરીક્ષાનો ગભરાટ આમ તો થતો નથી. અરે! પરીક્ષા ચાલુ હોય એવા દિવસોમાં પણ તે આવો નથી દેખાતો. અને ઘડી વાર પણ મને જવાબ આપવાય ન રોકાયો અને સીધો રૂમમાં જ ચાલી ગયો! મને પણ મૂંઝવણ થઈ.

થોડીક વાર તો આ પરીક્ષાઓ માટેય અકળામણ થઈ. 'કોણે કરી હશે આ પરીક્ષાઓ! બિચારા છોકરાઓનું લોહી પી જાય છે. રાત અને દિવસ એકાકાર કરે ત્યાંય માર્ક આવે ત્યારે! એક ઘેરા આઘાત સિવાય કંઈ જ ન હોય ને પછી મહામહેનતે મન સાથે સમાધાન કરવું પડે.'

આમ ને અામ કેટલાં વર્ષો વીત્યાં? હવે તો સુદીપ કૉલેજના છેલ્લા વર્ષ સુધી પહોંચ્યો હતો અેટલે આમ બહુ ચિંતા જેવું ન હતું ને છતાંય માનો જીવ. એ પળવાર પણ તેના સંતાનના વિચારોથી અળગી રહી શકતી જ નથી. એને માટે એ શક્ય જ નથી. ઘણી વાર મને ચિંતન કહે છે પણ ખરાં. 'હવે સુદીપ મોટો થયો. તું ક્યાં સુધી તેની ફિકર કર્યા કરીશ? છોકરાં મોટાં થાય એટલે પછી થોડી માયા ઓછી કરવાની. આપણેય આપણું જીવન જીવવાનું છે ને! છોકરાં-છોકરાં કરી ક્યાં સુધી બધું જ જતું કરવાનું? અને મન માર્યા કરવાનું!'

અને એમના એવા આગ્રહને વશ થઈને જ મેં ગઈ કાલે રાત્રે ક્રિસમસ પાર્ટી મારે ત્યાં રાખવા દીધી હતી. બાકી આવી પાર્ટી મને ખુદને ઓછી જ ગમે છે. ડાન્સ હોય, પીવાનું હોય, બીજાને ત્યાં હોય ત્યાં સુધી તો વાંધો નહીં. હું બહુ થાય તો અેમાં સામેલ ન થાઉં... હાજરી આપવી પડે એટલે જાઉં ખરી... પણ ડ્રિંક્સને બદલે કોકોકોલા લઉં ને ડાન્સ પણ મને આમેય ઓછાં જ પસંદ છે. ગમે તેની સાથે એમ હાથમાં હાથ નાંખી મને એમ નાચવું ગમતું નથી... ગમે તેમ હોય... હું નાનપણથી જ એ રીતે ઊછરી છું ને! બાને ત્યાંનું આખું વાતાવરણ, સંસ્કાર જ પહેલેથી એવા હતા ને! હા... ક્યારેક જુનવાણી કહીને લોકો ટીકા કરે ખરાં, પણ છતાંય મને આવું બધું ક્યારેય રુચ્યું નથી... આમેય પાર્ટીમાંય હું જાઉં ચિંતનને કારણે જ... સોશિયલનો ખૂબ શોખ... ભાઈબંધ, દોસ્તારો, પાર્ટીઓએ બધાંનો એમને શોખ અને એટલે જ આ વખતે એમના ઘણા વખતનાં આગ્રહને કારણે મારે પાર્ટી રાખવી પડી, પણ ઘરમાં છોકરા હાજર હોય અને અેમના દેખતાં માબાપની આ ડાન્સ અને ડ્રિંક્સ પાર્ટી થાય એ મને બિલકુલ પસંદ નથી... પણ હુંય શું કરું!

ને આ બધી મથામણ કરતી-કરતી હું રૂમમાં ગઈ, તો અરે! આ કબાટ કેમ આમ ખુલ્લું

છે? હું એકદમ ચમકી. મને ફાળ પડી. બપોરે ઘરમાં નોકર તો આવતા નથી. તો પછી? અને હું એકદમ હાંફળીફાંફળી બની ગઈ. કાલે રાત્રે પાર્ટી પતી પછી ડ્રિંક્સની અડધી બાટલી વધી હતી ને મેં ખૂણામાં સહેજ પાછળથી મૂકી હતી. તે નથી? અરે! આ શું? ને હું અ ેકદમ પરિસ્થિતિ પામી ગઈ. મારે માથે જાણે આભ તૂટી પડ્યું. મારા પગ પાણી-પાણી થઈ ગયા. મેં તરત ચિંતનને ફોન કર્યો. 'તમે જલદી ઘેર આવો.' ને હજી હું બાથરૂમમાં જાઉં છું, તો બેઝીન આખું જ ઊલટીથી ખરડાયેલું હતું. મને ખ્યાલ આવી ગયો. સુદીપ કેમ બારણું ખોલતો ન હતો અને માંડ ઘણી વારે બારણું ખોલ્યા પછી પણ એ મારી સામે કેમ એક મિનિટ પણ ઊભો ન રહ્યો... મારા હૃદયમાં પ્રલય ઘમસાણ ઊમટ્યું હતું. આમાં વાંક કોનો? આને માટે જવાબદાર કોણ? અત્યારથી જ જો સુદીપ આ રસ્તે ચઢશે તો! મેં તો મારા આખાય ભાવિનો મદાર તેના પર બાંધ્યો છે.

મને ગઈ કાલની પાર્ટી માટે સખત પસ્તાવો થવા માંડ્યો. પણ એ તો 'રાંડ્યા પછીનું ડહાપણ' દૂધ વહી ગયા પછી એની પાછળ રડવાથી શું વળે? મને સમજાયું કે સંતાનો આપણે કહીએ તેમ નહીં, પણ આપણે કરીએ તેમ કરે છે. મા તરીકેની આટલાં વર્ષોની મારી સાધના જાણે, આજે નિષ્ફળ નીવડી હોય, એવો મને આંચકો લાગ્યો. માની ભૂમિકામાં હું કાચી પડી છું. તેવું મને લાગ્યું. મનોમન ચિંતન ઉપર પણ રોષ ચડ્યો, 'સોશિયલ સોશિયલ, હાઈ સોસાયટી... શું સાર કાઢ્યો એમણે આમાંથી?' એમને હું કેમ કરીને સમજાવું કે છોકરાં આપણે કહીએ તેમ નહીં પણ આપણે કરીએ તેમ કરે છે. હાઈ સોસાયટીનું એમને એક ઘેન ચડ્યું છે. હું એક સ્ત્રી છું. મારું હૃદય માનું હૃદય છે. એ તો બાપ છે, પુરુષનું હૃદય છે. એમને સંતાનના ભાવીની મારા જેટલી ચિંતા થતી હશે ખરી? મારા હૃદયની વ્યથા હું એમને કેવી રીતે સમજાવું?

ચિંતનને મારી આ વ્યથા કહેવાનો મને કોઈ જ અર્થ લાગતો નથી. એ સમજવા અને સ્વીકારવા જેટલી એમનામાં તૈયારી અને ક્ષમતાય હશે કે કેમ અ ે પ્રશ્ન મને મૂંઝવે છે. મને યાદ છે, સુદીપને અઢાર વર્ષ પૂરાં થયાં તે દિવસની પાર્ટીનો એ પ્રસંગ... સુદીપે કહ્યું, 'મમ્મી, હમણાં જ દેવાંગની પાર્ટી હતી. તેમાં તેના પપ્પાએ જાતે જ ભાઈબંધોને ડ્રિંક્સ પાયું હતું, 'હવે તો તે મોટાં થયાં... Enjoy you life' કહી એના પપ્પાએ એ પાર્ટી કેવી શાનદાર બનાવી દીધી હતી! આપણે પણ એવું કરીએ તો?' અને મને યાદ છે કે એ દિવસે મારે સુદીપને એ વિચારમાંથી વારતાં-વારતાં નાકે દમ આવી ગયો હતો. વહેતા પ્રવાહની સામે તરવું એ કંઈ સહેલી વાત નથી અને તેમાંય ચારે બાજુથી ટી.વી. અને કહેવાતી હાઈ સોસાયટીનું પ્રદૂષણ. એની સામે ટકી રહેવાનુંય બિચારા આ છોકરાંઓનું કેટલુંક ગજું? એને માટે તો છોકરાંઓમાં નાનપણથી જ આવી વસ્તુ માટે છીતઅછીત ઊભી કરવી પડે છે.

પૂર્ણાબહેને કહેલો એમનો પ્રસંગ મને અ ેકાએક યાદ આવ્યો, 'રુચિર કાલે રાતે મને કહે, 'મમ્મી આજે રાતે મારે હૉસ્ટેલ પર વાંચવા જવું પડશે. કાલની પરીક્ષાની તૈયારી કરવાની છે ને!' 'કેમ બેટા એમ? અહીં ઘેર વાંચે તો ન ચાલે? તારા ભાઈબંધને અહીં બોલાવ.'

'પણ મમ્મી બધું ડિસ્કસ કરવાનું હોય ને! તું કેમ હૉસ્ટેલ પર વાંચવા જવાની ના પાડે છે?'

'બેટા, સાચી વાત કહું? તમારી હૉસ્ટેલમાં ડ્રગ્સ અને દારૂ પીવાની વાતો ખૂબ સંભળાય છે એટલે મને ડર લાગે છે કે ક્યાંક.' ને હું અટકી ગઈ.

ત્યાં તો રુચિરે તરત જ કહ્યું, 'મા, તું એવી ફિકર ન કરીશ. તેં મને એવી રીતે મોટો કર્યો છે કે હું દસ દારૂડિયા વચ્ચે બેઠો હોઈશ, ત્યાંય પણ મને તેની કોઈ અસર થવાની નથી... તું ચિંતા ન કરીશ મા... ને તમે માનશો? એ પછી રુચિર ભણવા પરદેશ ગયો, ત્યારે પણ મેં તેને

શિખામણનાં બે શબ્દ સુધ્ધાં કહ્યા નથી.'

મને પૂર્ણાબહેનની માતા તરીકેની સફળતા માટે માન થયું... ને મારા મને પણ સ્વીકાર્યું કે માબાપ થતાં શીખવું પડે છે. તેની પાછળ સાધના કરવી પડે છે અને અ ે સાધના પછી જ સિદ્ધિ મળે છે. બાળક જન્મે એ જ દિવસથી પળેપળ આપણાં આચારવિચાર બધા જ વિશે એટલો બધો ખ્યાલ રાખવો પડે છે કે એની બાળકના ઘડતર પર શી અસર થશે? બાળક જે કંઈ શીખે છે તે નિરીક્ષણ અને અનુકરણથી જ...

અને એટલે જ માબાપના વર્તનમાં વિચારમાં જે કંઈ સારું કે ખોટું હશે તે બાળકમાં આવ્યા વિના રહેવાનું નથી જ... બાળકનું ઘડતર એ કંઈ નાનીસૂની વાત નથી. એ તો જીવનભર ચાલતી મહાન તપશ્ચર્યા છે.

*

આલીશાને એકાએક શું થયું?

'બહેન! મારી બેબીને તમારા પ્લેહટમાં મૂકવી છે. લેશો?' પુનિતાબહેને અેકદમ ગભરાતાં પૂછ્યું.

'બહેન, બેબી કેટલાં વર્ષની છે? આમ તો જગ્યા નથી પણ...'

ત્યાં તો એ એકદમ રડી પડ્યાં. માંડ-માંડ એમને પાણી પાઈ સ્વસ્થ કર્યાં. પછી એમણે વાત શરૂ કરી :

'બહેન, મારી આલીશા આમ તો ત્રણ વર્ષની છે.'

'ત્રણ વર્ષની? તો-તો તેને કાંઈ નર્સરી સ્કૂલમાં મૂકવી પડે બહેન. અહીં તો દોઢથી અઢી વર્ષનાં બાળકો જ આવે છે...'

'પણ બહેન... હું એ બધું જ જાણું છું... પણ છતાંય તમારી પાસે જાણીને જ આવી છું.' ફરી પાછાં તે રડી પડ્યાં... "મેં તેને અહીંની એક સારી ગણાતી સ્કૂલમાં જ મૂકી હતી... અઢી વર્ષની થવા આવી એટલે મહામુશ્કેલીએ તો ઍડ્મિશન મળ્યું.. ઓળખાણો કાઢી. ડોનેશન આપ્યું ને કેટલા તો ધક્કા ખાધા પણ છતાંય ઍડ્મિશન મળ્યું એ દિવસે તો મારા આનંદનો પાર ન હતો. મને થયું. 'હાશ' હવે મારે આલીશાની ચિંતા કરવી નહીં પડે... અંગ્રેજી મીડિયમની સ્કૂલ હતી એટલે હું તો જાણે મનમાં ફૂલી સમાતી ન હતી... મારી આલીશાની ભાવિ કારકિર્દીનાં સ્વપ્નોમાં હું રાચતી હતી... જોતજોતામાં તો 15મી જૂન આવી પહોંચી... જેની હું કાગને ડોળે રાહ જોતી હતી. આલીશા પણ સ્કૂલમાં જવા ખૂબ અધીરી હતી... જે દિવસે જવાનું આવ્યું ત્યારેય હોંશે હોંશે તૈયાર થઈ ગઈ. હું એને લઈને સ્કૂલમાં પહોંચી... એના વર્ગ આગળ તેને લઈ ગઈ. એનાં બહેને મને કહ્યું; 'બહેન! તમે હવે જાવ... મને એને સોંપી દો...' 'પણ...' હું જરા અચકાઈ, પણ એનાં એ બહેનનો તો આગ્રહ બહુ જ દૃઢ હતો કે ત્યાં એક્કેય મમ્મીએ બેસવાનું નથી અને એટલે મારે નાછૂટકે વર્ગની બહાર જવું પડ્યું.. હું જેવી બહાર નીકળવા પાછી ફરી કે આલીશા એકદમ મને વળગી પડી... ખૂબ રડવા લાગી. મેં બહેનને વિનંતી કરી, 'બહેન! તમે ઉતાવળ ન કરો. બે-ચાર દિવસમાં તો અે તમારી હેવાઈ થઈ જશે, પછી વાંધો નહીં અાવે' પણ બહેન તો ખૂબ જ મક્કમ હતાં.

'ના, ના, એવું ચલાવી જ ન લેવાય. મારે તો આટલાં છોકરાં સાચવવાનાં છે. અેમ હું બધાં માબાપને બેસવા દઉં તો મારું કામ જ કેવી રીતે થાય? તમ તમારે જાવ...' ને એમ કહેતાં તો તેમણે મારી આલીશાને મારી પાસેથી ખેંચી લીધી. આલીશા સખત રડવા માંડી. મારું મન માનતું ન હતું. છતાંય હું લાચાર હતી. મારાથી એ સહન થતું ન હતું... હું ભારે પગલે બહાર નીકળી ગઈ, પણ સ્કૂલનાં ઝાંપા સુધી મને અાલીશાનો રડવાનો અવાજ સંભળાતો હતો.

'હું ઘેર પહોંચી... મારો જીવ ઠેકાણે ન હતો. સારી સ્કૂલના મારા મોહ માટે મને સખત પસ્તાવો થતો હતો. હજી તો હું માંડ કામમાં મન પરોવવાનો પ્રયત્ન કરતી હતી ત્યાં તો ફોન આવ્યો 'આલીશાની સ્કૂલમાંથી જ ફોન હતો... બહેન! તમે જલદી સ્કૂલમાં આવો, આલીશાની તબિયત બગડી છે.' ને હું એકદમ ત્યાં પહોંચી. શ્વાસભેર તેના વર્ગમાં પહોંચી ગઈ. આલીશા લગભગ બેશુદ્ધ હાલત હોય તેમ ત્યાં સૂતી હતી.. મેં તેને બોલાવવાનો પ્રયત્ન કર્યો, પણ એ કશું જ બોલી શકતી ન હતી... કોઈ હાવભાવ તેના મોં પર ન હતા... સાવ શૂન્યમનસ્ક અને જડની જેમ તે ત્યાં પડી રહી હતી. મેં તેને વહાલથી તેડી લીધી. છાતી સરસી ચાંપી ને ઝડપભેર સીધી ડૉક્ટરને ત્યાં જ લઈ ગઈ... એને જોઈ ડૉક્ટર પણ મૂંઝાઈ ગયા. મેં આખીય વાત સમજાવી. ડૉક્ટર તો ડઘાઈ જ ગયા. અને પછી તો ડૉક્ટરનું ચક્કર ચલાવ્યું. બહેન! છેલ્લા થોડા વખતમાં મેં અનેક ડૉક્ટરોને બતાવ્યું છે, અરે! મુંબઈ સુધી પણ બતાવી આવી, મગજનાં

એક્સરે એમ.આર.આઈ. બધું જ કરાવ્યું. ડૉક્ટરો કશું જ નિદાન કરી શકતા નથી. એવું કહે છે કે એ ખૂબ રડી તેમાં તેની મગજની નસ ખેંચાઈ ગઈ છે ને એનો કોઈ ઇલાજ નથી. એની મેળે જ ધીરે-ધીરે સારું થશે, પણ હવે ફરી એને આવો માનસિક આઘાત લાગવો ન જોઈએ. તેને ટૅન્શન થવું ન જોઈએ. બહેન! ઘરમાં તો એ એકલી એકલી મૂંઝાય છે. બોલી શકતી નથી એટલે પહેલાં એ જે છોકરાંઓ સાથે રમી શકતી તેમની સાથેય રમી શકતી નથી... ને સૂનમૂન થઈને બેસી રહે છે. બહેન! મારો તો જીવ મૂંઝાય છે. મારી આલીશા એટલું બધું બોલતી હતી, કેવી કાલીઘેલી ભાષામાં સરસ મજાનાં ગીતો ગાતી હતી ને વાર્તાય કેવી સરસ લહેકા કરીને કહેતી હતી! છેલ્લા કેટલાય વખતથી એ એક્કેય શબ્દ બોલી શકતી નથી... બહેન! એને મૂંઝવણ નહીં થતી હોય? મારાથી તો એનું આ દુ:ખ જોવાતું નથી!" કહેતાં જ આલીશાનાં મમ્મી ફરી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યાં.

આ આખીય વાત સાંભળી મારાય મગજમાં એક પ્રલય ઘમસાણ ઊમટ્યું. સારી સ્કૂલ કોને કહેવી? – મકાન અને સાધનોનો દેખાવ સરસ હોય તેને? ભણાવતાં ઘણું હોય તેને?... ઘણું બધું શિસ્ત શીખવતાં હોય તેને? ઊંચી ડિગ્રીવાળા શિક્ષકો હોય તેને? બાળકોની સાહજિકતાને મૂરઝાવી દઈ ચાવીવાળા રમકડાની જેમ તેમને શિષ્ટાચાર શીખવતાં હોય તેને? પોપટની જેમ કડકડાટ ચોપડીના પાઠ બોલતાં શિખવાડતાં હોય તેને?

આપણી કેટલી મોટી કમનસીબી છે? આપણે આ બધાં પરિબળોથી એવાં તો અંજાઈ જઈએ છીએ કે ખુદ આપણા પોતાનાં જ સંતાનની સંવેદનાનો વિચાર સુધ્ધાં કરતાં નથી. બાળકને તો આપણે આપણાં ચાવીવાળાં રમકડાં હોય તેમ તેની સાથે વર્તન કરીએ છીએ. એને શું ગમશે, એને શું અનુકૂળ આવશે, એવો તો આપણે ક્યારેય વિચાર સુધ્ધાં કરતાં નથી. સ્કૂલની પસંદગી અને અમૂક સ્કૂલમાં ઍડ્મિશન એ તો આજે પ્રતિષ્ઠાનો વિષય બની ગયો છે. કેટલાં માબાપો એ સ્કૂલ પસંદ કરતાં પહેલાં મુલાકાત લઈ તેના પોતાના બાળકના સંદર્ભમાં ઝીણવટપૂર્વક અભ્યાસ કરે છે? સ્કૂલનું મકાન, સ્કૂલનાં સાધનો એ બધું જોઈને આપણે અંજાઈ જઈએ છીએ... પણ તેના કરતાં મહત્ત્વનું છે – તેમાં શિક્ષકો કેવા છે? સારી શાળા માટે સારા, સમજુ, અનુભવી, પ્રેમાળ, નિષ્ઠાવાળા શિક્ષકો મહત્ત્વના છે. આજે આપણને આવા નિષ્ઠાવાળા શિક્ષકો જોવા મળે છે ખરા?

હમણાં જ એક બહુ જ પ્રતિષ્ઠિત સ્કૂલની મુલાકાત લેવાનું મને સૌભાગ્ય સાંપડ્યું... તેમાં મેં શિક્ષકોને જોયા ને મને મનમાં કેટલાક પ્રશ્નો ઊભા થયા. હજી હમણાં જ કૉલેજમાંથી ભણીને કે બી.એડ્. બનીને બહાર પડેલી આ નાની-નાની છોકરીઓ ક્યારેક તો એમનું વર્તન પણ જાણે અલ્લડ લાગે, વારંવાર માથાને ઝાટકો મારી વાળને ઉલાળે, ન એમની આંખોમાં બાળકો માટે રજમાત્ર પ્રેમ દેખાય કે ન તેમનાં વર્તનમાં રજમાત્ર વિનમ્રતા કે વિવેક... હા... કદાચ બાલશિક્ષણની ચોપડીઓ વાંચી તેની પરીક્ષા તેમણે પાસ કરી હશે... અરે! ઘણા સારા માર્કે પાસ પણ કરી હશે, પણ બાળઉછેર એ તો જીવંત પ્રક્રિયા છે. બાળશિક્ષણ માટે બાળકમય બની જવું પડે. બાળકની રગેરગ અને પળેપળને પારખતાં શીખવું પડે, જે ખુદ પોતે જ બાળક જેવી ચંચળ લાગે છે એવી આ છોકરીઓ બાળકોને કદાચ ચોપડીઓની અંદર રહેલી માહિતી શીખવતી હશે, પણ આપણે તો એ બાળકમાંથી જીવંત માનવનું ઘડતર કરવાનું છે. જેને જોતાં જ હૃદયમાં માન થાય તેવી પ્રતિભા કે વર્તન ન હોય એવા આ શિક્ષકો બાળકનું કેવું ઘડતર કરી શકશે? આજે આવા શિક્ષકોની બહુ જ ખોટ વરતાય છે. એ પણ હકીકત છે. પણ જ્યારે સારી સ્કૂલ માટેનાં બીજાં બધાં જ પરિબળો ખૂબ સક્ષમ હોય ત્યારે આ એક જ પરિબળ આખીય સંસ્થાને ઊણી બનાવે છે.

પેલી રીયા... કેવી મીઠડી છે! કાલી કાલી ભાષામાં એવી સરસ વાર્તા તેણે કહી...

કોઈનેય મીઠી લાગે એવી ખીલતી કળી જેવી માસૂમ ભોળી, નાનકડી રીયા ત્યાં તો બોલી ઊઠી... 'હું ને મારી બહેનપણી વાતો કરીએ એટલે અમારા ટીચર અમને રોજ પનિશમેન્ટ કરે છે... આમ કાનપટ્ટી પકડી દસ ઊઠબેસ કરાવે ને નહીં તો ભીંત સામે ઊભા રાખે...' ને મને અેક ઘેરો અાઘાત લાગ્યો... આટલા અઢી વર્ષના બાળકને તે વળી શિક્ષા થતી હશે? એની માનસિક પરિસ્થિતિનું શું? એનો અાત્મવિશ્વાસ તૂટી ન જાય? અને સજાથી તો છોકરું રીઢું થઈ જાય. હકીકતમાં રીયાને એ સજાનો અાઘાત લાગતો જ ન હતો એ સજાથી રીયામાં સુધારો ક્યાંથી થવાનો હતો? શિક્ષક માટે માનસશાસ્ત્રનો અભ્યાસ બહુ મહત્ત્વનો છે અને તેની સાથે તેના હૃદયમાં સંવેદના પણ હોવી જોઈએ. એ સિવાય એ બાળકની સંવેદનાને કઈ રીતે પારખી શકે? બાળક સંસ્થાના કેન્દ્રસ્થાને હોય, એના દરેકેદરેક શિક્ષકના હૃદયમાં બાળકમાત્ર માટે લાગણી હોય... કર્તવ્યનિષ્ઠા હોય. હૃદયમાં બાળકમય થઈ જવાની ભાવના હોય તે જ સ્કૂલને સારી સ્કૂલ કહેવાય. સુંદર મકાન, ઘણાં બધાં સાધનો, આધુનિક સુવિધા. આ બધાંથી સ્કૂલ સારી દેખાય ચોક્કસ, પણ બાળકના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસમાં તે સારી નીવડી જ શકે તેવું કેમ કહી શકાય?

*

મને મારી રીતે જીવવા દેશો?

'અભિષેક! ઓ અભિષેક... ચાલને દીકરા... જલદી જમવા ચાલ તો... પછી કાલની જેમ સ્કૂલમાં મોડો પડીશ... કાલે તને પનીશમેન્ટ થઈ હતી ને!'

'મમ્મી, હમણાં આવું છું... મને આટલું ચિત્ર પૂરું કરી લેવા દે.'

'બેટા! આમ સ્કૂલના ટાઇમે તે વળી ચિત્ર કરવા બેસાતું હશે?'

'ના મમ્મી હું ચિત્ર પૂરું કરીશ જ, મારે નથી જમવું જા...'

અભિષેક છે માત્ર છ જ વર્ષનો, પણ ચિત્ર એ એની સૌથી પ્રિય પ્રવૃત્તિ છે... પણ ચિત્રની એ ધૂન કાંઈ સતત ઓછી જ ચાલી શકે?... સ્કૂલમાં પણ જવાનું તો હોય જ અને એટલે, સમયનું બંધન પણ સ્વીકારવું જ પડે, પણ નિજાનંદની મસ્તીમાં મહાલતાં બાળકને આ બંધન નથી ગમતું. અને એટલે મમ્મી ગમે તેટલી બૂમો પાડે. એ કશું જ ધ્યાન પર લેતું નથી. આખરે સ્મિતાબહેનનો ગુસ્સો ગયો. તેમણે અભિષેકનો હાથ પકડ્યો અને ડાઇનિંગ ટેબલ પાસે લઈ આવ્યાં. સ્મિતાબહેનની ધીરજનોય હવે અંત આવી ગયો હતો. એક બાજુ સવારથી ઊઠીને ઘરના કામની દોડાદોડ તો હોય જ.

તેમાં વળી અભિષેકની સ્કૂલનો ટાઇમ સાચવવાનો હોય અને રમતમાં મસ્ત અભિષેક જમવા આવે નહીં, પછી મગજ પણ ક્યાં સુધી શાંત રહી શકે?

પણ જેવું બાવડું પકડ્યું ને અભિષેક વધુ વંકાયો... એનું હૃદય પણ બંડ પોકારી ઊઠ્યું... અભિષેક એકદમ ગુસ્સે થઈ ગયો ને... એણે મમ્મીને સામું મારવા માંડ્યું. સ્મિતાબહેનની ધીરજ જાણે કસોટીનાં એરણ પર ટીપાતી હતી... મારવાથી બાળક સુધરે નહીં, તેવું તે પણ માનતાં હતાં. પણ એક બાજુ સ્કૂલના સમયનું ટૅન્શન, રોજનાં ગૃહકાર્યનું દબાણ ને એમાં વળી અભિષેકનું આમ મનમોજી વર્તન... રોજ સવારે ઊઠે ત્યારે હંમેશાં નક્કી કરે કે 'આજે તો મારે અભિષેક પર જરા પણ ગુસ્સે થવું જ નથી ને! આજે તો આખો દિવસ તેની સાથે ખૂબ વહાલથી વર્તવું છે!' પણ હજી તો માંડ ત્રણ-ચાર કલાક એ દિવસના પસાર થયા હોય ને પરિસ્થિતિ એકદમ જ બદલાઈ જાય... ને તેમાંય અભિષેક ખુદ એમને જ મારવા માંડે... એ તો કેમ સહન થાય? એક મા તરીકેય તેને તેના આવેગો, લાગણીઓ, ગુસ્સો કાબૂમાં રાખતાં તો શીખવવું પડે ને? બધું જ મને ફાવે તેમ ઓછું કરાય છે? ક્યારેક ક્યાંક 'ના' પણ પાડવી તો પડે જ ને! બાળક તો નાદાન છે, એને 'શું કરાય... શું ન કરાય...' એ બધું આપણે શીખવવું જ પડે... ને તે માટે વારે-વારે તેને રોકવોય પડે ને ટોકવોય પડે. પણ આજના બાળકને સહેજેય રોકટોક કેમ ગમતી નથી? સહેજેય રોકો સહેજેય ટોકો કે એ અેકદમ ગુસ્સે થઈ જાય... એકદમ આક્રમક થઈ જાય... આટલા નાના બાળકનેય કશું કહેવાય નહીં...! પ્રશ્ન એ ઊભો થાય છે કે – તો પછી એને કશું શીખવવું કેવી રીતે?

બધું જ તેને મન ફાવે તે રીતે તો કરવા જ ન દેવાય. એ તો શક્ય જ નથી. ત્યારે કોઈ પણ 'ના' તો તે સ્વીકારી શકતો નથી. એનું ઘડતર કેવી રીતે કરવું? બાળક જન્મે છે, ત્યારથી મા સતત તેની કાળજી લેતી હોય... તેનાં જીવનનું કેન્દ્ર જ બાળક હોય... માતા બન્યા પછી પત્નીની ભૂમિકા, ગૃહિણીની ભૂમિકાને ઓછું પ્રાધાન્ય આપવું જોઈએ, એવું એ પોતે મનથી પણ સમજતી હોય છે ને છતાંય એ ભૂમિકાઓને તે નકારી તો ન જ શકે. ક્યારેક કુટુંબમાં વિપરીત સંજોગો ઊભા થાય કે જ્યારે તેણે તેનાં હૃદયના ટુકડા જેવા વહાલા સંતાનને અગ્રતાક્રમમાં પાછળ મૂકવો પડે, તો ક્યારેક કેટલાક પતિ જ એવા હોય છે કે જે ખુદ બાળક જેવા હોય છે. કશું જ પોતાની જાતે ન કરે... અૉફિસે જતાં હાથમાં હાથરૂમાલ ને પગનાં મોજાં ને બૂટ સુધ્ધાંય એમની પાસે હાજર કરવાં પડે... પત્ની મનમાં ઘણુંય સમસમી ઊઠતી હોય છે... 'હવે

કંઈ તમે નાના નથી... આટલું જાતે ન કરી શકો?' પણ ભૂલેચૂકે મોંમાંથી એકાદ હરફ ઉચ્ચારે તો-તો ઘરમાં રમખાણ મચી જાય... છતાંય માણસનું મન છે, હૈયાની વરાળ ઠાલવવા ક્યાંય વાલ્વ તો જોઈએ જ અને સ્ટીમવાલ્વ છૂટે પેલા સંતાન પર... સંતાનનેય ત્યારે ન સમજાય કે 'મમ્મી કેમ આટલી અકળાય છે?' 'કેમ ગુસ્સે થાય છે?' ને અેટલે એનું હૃદય પણ બંડ પોકારી ઊઠે છે... આમેય બાળક તો ઘણું સંવેદનશીલ હોય છે... અેટલે મા જેટલી ગુસ્સે થાય એટલો તેનો તેને વહાલ કરવાનો આગ્રહ વધતો જાય છે, કારણ માનો ગુસ્સો જોઈ એનું હૃદય હચમચી ઊઠે છે... તેના હૃદયમાં અવિશ્વાસ જન્મે છે કે ક્યાંક મા મને ધિક્કારતી તો નહીં થઈ જાય ને! બાળક માટે તો માનો પ્રેમ અને સ્વીકાર્યતા એ જ એના જીવન માટે પ્રાણવાયુ છે... અે બાળક માનો સહેજ પણ ધિક્કાર કે ગુસ્સો કેવી રીતે સહી શકે?'

અભિષેકનું પણ તેવું જ છે, મમ્મી કહે તે સાંભળ્યું ન સાંભળ્યું કરવું, પોતાની મસ્તીમાં જ મસ્ત રહી રમત કર્યા કરવી, પણ જો પછી મમ્મી સહેજ ગુસ્સે થઈ તો પછી... 'બસ... પહેલાં વહાલ કર... પછી જમવા બેસું...' સ્મિતાબહેન પણ આ બધાંથી એવા ટેન્સ થઈ ગયાં હોય કે અાટલું બધું તંગ કર્યા પછી અભિષેક જ્યારે વહાલ કરવાની માંગ કરે ત્યારે તે વહાલ ન જ કરી શકે... વહાલ તે તો હૃદયની અભિવ્યક્તિ છે... મન શાંત ન હોય ત્યાં સુધી હૃદયમાંથી વહાલ કરવાનું મન જ કેવી રીતે થાય! ને એટલે સ્મિતાબહેન અકળાઈ ઊઠે... 'મમ્મીના મગજમાં તે કંઈ સ્વિચો છે કે અેક સ્વિચ દાબો અેટલે ગુસ્સો ઊતરી જાય ને બીજી સ્વિચ દાબો એટલે વહાલ કરવાનું મન થાય! મને અાટલી બધી તંગ કરે છે ને પછી પાછું વહાલ કરવાનું કહે છે... મને વહાલ કરવાનું મન ક્યાંથી થાય? વહાલ તો ડાહ્યા દીકરાને કરવાનું મન થાય... તું ડાહ્યો થાય. મારું કહ્યું માને તો મને વહાલ કરવું ગમે... મારે તો તને હોશિયાર બનાવવો છે, ડાહ્યો બનાવવો છે, પણ તું મારું માને છે જ ક્યાં?' ને સ્મિતાબહેનની આંખમાંથી ડળક ડળક અાંસુ ટપકી પડે છે... માને રડતી જોઈ અભિષેક એકદમ ઢીલો પડી જાય છે ને માને ગળે વળગી એકદમ એ પણ રડવા લાગે છે. તેને સખત પસ્તાવો થાય છે. તેને માની હૂંફ જોઈએ છે, માનો પ્રેમ જોઈએ છે, પણ તેને જ સમજાતું નથી... આખું વાતાવરણ જ જાણે ઊંધો વળાંક લઈ લે છે.

અને આ કાંઈ એક દિવસનું નથી... વારંવાર, લગભગ જાણે રોજનો ક્રમ થઈ જાય છે. પહેલાં તોફાન પછી વિરોધ, બંડ પછી લડાઈ... પછી રડવાનું ને પછી છેલ્લે વહાલ... અરે! કાલે તો અભિષેકે કહ્યું: 'મમ્મી... મને તું લડે છે ને ત્યારે મને અેમ થાય છે કે અા ગૅલરીમાંથી ભોંય પડીને મરી જાઉં...' હજી તો પાંચ વર્ષ પૂરાં કરી છઠ્ઠું વર્ષ અભિષેકને ચાલે છે... અત્યારથી જ જો આવો આત્મહત્યાનો વિચાર તેના મગજમાં સ્ફુરતો હોય તો છઠ્ઠા માળે રહેતા એ અભિષેકને માનસિક રીતે સાચવવો એ સ્મિતાબહેન માટે કેટલું કપરું કામ બની જાય? સાચું પૂછો તો સમસ્યા નાની સૂની નથી.

બાળકના સામાજીકરણની પ્રક્રિયા દરમિયાન તેને અનેક વખત... રોકવો પડે, ટોકવો પડે અને જો એ રોકટોક સહન જ ન કરી શકે એ કેમ ચાલે? જીવનમાં વહાલ પણ મા જ કરે ને કડવા ઘૂંટડા પણ માએ જ પાવા પડે... માની ભૂમિકા ખરેખર ખૂબ કપરી છે... મા બનવું સહેલું નથી... પહેલાંના વખતમાં મા-બાપ સંતાનોનાં આ માનસિક પાસા માટે બહુ જાગૃતિ સેવતાં ન હતાં. અને છોકરાંઓને મારતાંય ખરાં, ધમકાવતાંય ખરાં... ને છતાંય આવા પ્રશ્નો ઊભા થતા ન હતા... ત્યારેય બાળકમાં સંવેદના તો હશે જ ને!

સંવેદનશીલતા એ તો બાળકની સાહજિક લાક્ષણિકતા છે, પણ એ વખતે ઘરમાં બીજા ભાઈભાંડુ હતાં...

ઘરમાં દાદા-દાદી હતાં અને અેટલે બાળકની આવી પરિસ્થિતિમાં તેને માનસિક સહારો

મળી રહેતો. એ આઘાતની તેના હૃદય પર એટલી ઘેરી અસર થતી ન હતી... પણ આજે તો કુટુંબનિયોજનના અા યુગમાં એ બાળકને ઘરમાં નથી, ભાઈભાંડુ કે હૃદયના વિસામા જેવા વડીલો...

એ હૃદયનો ભાર ક્યાં જઈને, કેવી રીતે, હળવો કરે? એ એકલું અટૂલું પડી ગયું છે... એટલું જ નહીં પણ ટી.વી.નાં દૃશ્યો તેનામાં રોજેરોજ આક્રમકતા પ્રેરે છે. મારામારી, ધનાધની, હૃદયને શાંતિ આપે એવું ક્યાંય આજે એ બાળકને વાતાવરણ મળે છે ખરું! બાળકને આટલી નાની વયે આવી વૃત્તિ થાય. એમાં બાળકનોય શો દોષ છે?

નાનકડી કૃતિકા... હજી તો માંડ ચાર વર્ષની હશે... જમવા બેઠી હતી... બાળમંદિરનો ટાઇમ થયો હતો. મમ્મી ઉતાવળ કરતી હતી એટલે અકળાઈ ઊઠી... ‘જરા શાંતિ રાખશો? હું જમું છું તો ખરી... પ્લીઝ મને મારી રીતે જીવવા દેશો?’ ને અે સાંભળી મને તરત તો હસવું જ અાવી ગયું, પણ એ સાથે મારા મગજમાં અનેક વિચારો ઘૂમરાવા માંડ્યા... ‘આ બાળક કેવી માનસિક અવસ્થામાં જીવતું હશે? એનું માનસિક વિશ્લેષણ કર્યું હોય તો અેમાંથી શું નિષ્કર્ષ મળે? ખરેખર વિચારવા જેવો પ્રશ્ન છે! બાળકને સાચી રીતે ઉછેરવા માટે તેની દૃષ્ટિએ પણ દુનિયા જોતાં, મૂલવતાં મા-બાપે શીખવું જોઈએ.’

*

નાનકડો પાર્થ કેમ હિજરાય છે?

'અરે મીનાબહેન તમે! આવો આવો... ઘણા દિવસે દેખાયાં! કેમ ચાલે છે બધું? તમારા દીકરાનું ભણવાનું કેમ ચાલે છે?'

હજી હું આમ પૂછું છું ત્યાં તો મીનાબહેન એકદમ રડી પડ્યાં. હું પણ મૂંઝાઈ. મને જરા ક્ષોભ થયો. 'એક માને મેં ક્યાં આવો પ્રશ્ન પૂછ્યો?'

મીનાબહેનને પાસે બેસાડ્યાં. પાણી પાયું ને સ્વસ્થ કર્યાં અને વાત પૂછી.

'બહેન! મારો પાર્થ છેલ્લાં કેટલાય વખતથી બરાબર ભણતો નથી. પહેલાં તો અે બરાબર ભણતો હતો પણ છેલ્લા કેટલાક વખતથી શું થયું છે તે સમજાતું નથી. છેલ્લી પરીક્ષામાં તેનું રિઝલ્ટ ખૂબ ખરાબ આવ્યું છે અને એટલે એના પપ્પા એટલા તો ગુસ્સે થઈ ગયા છે કે અેમ જ કહે છે કે એને હવે બૉર્ડિંગ સ્કૂલમાં જ મૂકી દેવો છે. એમના આ નિર્ણયથી મને ખૂબ આઘાત લાગ્યો છે. હું મારા પાર્થને ઘડી ભર પણ મારી આંખથી અળગો કરી શકતી નથી. એને હું હૉસ્ટેલમાં કેવી રીતે મૂકી શકીશ? બહેન! મારો પાર્થ તો ત્યાં મારા વિના હિજરાઈ હિજરાઈને મરી જશે, તમે આમાં મને મદદ ન કરી શકો?'

'પાર્થ કયા ધોરણમાં ભણે છે?'

'બહેન! ત્રીજા ધોરણમાં' ને એ સાંભળી હું પણ ધ્રૂજી ઊઠી. ત્રીજા ધોરણમાં ભણતા છોકરાને અેનાં બાપ હૉસ્ટેલમાં મૂકવા તૈયાર થઈ ગયાં છે! શું વખત આવ્યો છે?

'તમે એમને સમજાવોને! એ પણ બાપ છે ને! તેમનેય બાળક માટે લાગણી ન હોય તેવું તે કંઈ હોય!'

'બહેન! લાગણી નથી તેવું નથી. પાર્થ તેમને પણ ખૂબ વહાલો છે, પણ એ શિસ્તના પણ ખૂબ આગ્રહી છે. બધાં જ કામમાં ચોકસાઈનો એમનો ખૂબ આગ્રહ હોય છે, પાર્થ નાનો હતો ત્યારે તો બહુ વાંધો નહોતો આવતો, હું ઘણુંબધું કરી લેતી હતી. ને વિચારતી હતી કે 'નાનો છે ને! એની મેળે બધું વ્યવસ્થિત મૂકતાં શીખશે, જેમ મોટો થતો જાય છે, તેમ-તેમ એના પપ્પાની એ બધી ચીવટ માટેની ચીકાશ અને આગ્રહ દૃઢ બનતાં જાય છે. એમણે પાર્થને એમના જેવો જ ચોક્કસ અને હોશિયાર બનાવવો છે અને એટલે પાર્થને તે સતત ટોક્યા કરે છે.'

'અરે પાર્થ? ક્યાં ગયો તું?... ક્યાં છે તારો કંપાસ? ટેબલ પરથી થાળી લઈ લેતો! આ ચોપડીઓ કેમ આમ પડી છે? બધું બરાબર મૂકી દે તો! મને અાવી ગંદકી જરા પણ નથી ગમતી સમજ્યો?'

'બહેન પોતાનો દીકરો છે, તેમને પણ તેનું ઘડતર કરવાની ઇચ્છા છે, એટલે ટોકે એમાં કશું જ ખોટું નથી. પણ આ બધી જ રોકટોક એ એવા તો ઊંચા અને ઉગ્ર સ્વરથી કરે છે કે પાર્થ પહેલાં કહ્યું માનતો હતો ને હવે એ માનતો જ નથી. અરે! ક્યારેક તો અેવું લાગે છે કે એ જાણી-જોઈને આપણું સાંભળતો નથી. અને એટલે એના પપ્પાનો ગુસ્સો વારંવાર જાય છે. મારી તો પરિસ્થિતિ એવી ખરાબ થઈ ગઈ છે બહેન! મારાથી તો નથી જોવાતું, નથી સહેવાતું કે નથી કશું કહેવાતું. છેલ્લા કેટલાક વખતથી એ પાર્થને સતત એક જ વાત કહ્યા કરે છે. 'હવે તને બૉર્ડિંગ સ્કૂલમાં જ મૂકી દેવો છે, એ સિવાય તું સુધરવાનો નથી. નથી સરખું ભણતો કે નથી ઘરમાં સરખી રીતે રહેતો... મારે તને અા ઘરમાં રાખવો જ નથી. હૉસ્ટેલમાં જઈને કૂટાશે, ત્યારે જ તને સાન આવશે અને તું સીધો થશે.'

પાર્થના પપ્પા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. ખૂબ હોશિયાર છે અને ખૂબ સારી પ્રેક્ટિસ ચાલે છે. પાર્થ તેમનો એકનો એક જ દીકરો છે. એટલે સાહજિક છે કે તે તેમના ભાવિનો બધો જ મદાર

પાર્થની ઉપર જ બાંધીને બેઠા હોય. અને એટલે પાર્થની પ્રગતિ માટે તે ખૂબ ચિંતિત રહે તે પણ સાહજિક છે. સંતાનના ઉછેર માટે સભાનતા અને જાગૃતિની ખૂબ જરૂર છે, એ સાચું પણ એની વધુ પડતી ચિંતા ક્યારેક ઘણી મુશ્કેલી ઊભી કરી દે છે.

બાળકના ઉછેરમાં એ ચિંતા જ ક્યારેક ખૂબ મુશ્કેલી ઊભી કરી દે છે. બાળકને તો નિજાનંદની મસ્તીમાં મહાલવું ગમે... તે તેની મસ્તીમાં ગુલતાન હોય, પણ આપણે તેનું ઘડતર કરવાનું છે, એ ઘડતર કંઈ રાતોરાત નથી જઈ જવાનું. બાળકનો ઉછેર અે કઇ નાનીસૂની વાત નથી. પળેપળ તેની પાછળ આપવી પડે છે. મથામણ કરવી પડે છે. પાર્થના પપ્પાને તેમના વ્યવસાયમાં એવા તો ગળાડૂબ રહેવું પડે છે કે તેને ભાગ્યે જ પાર્થ સાથે વાત કરવાનો સમય મળે છે. પાર્થ અને તેના પપ્પા વચ્ચે સાયુજ્ય જ ક્યાંથી થઈ શકે? પપ્પા તેને પોતાના જેવા નથી લાગતા, પારકા જેવા લાગે છે અને અેટલે પપ્પા તરફથી જે પ્રેમની અપેક્ષા પાર્થને હોય તેની અપેક્ષા પૂરી થતી નથી. ઉપરથી તેના બાલમાનસમાં તેને એવું જ લાગે છે કે, પપ્પા તેની ઉપેક્ષા કરે છે.

હજી થોડા વખત પર જ એણે મમ્મીને પૂછ્યું હતું: ‘મમ્મી, અાપણા પપ્પા કેમ કોઈ દિવસ આપણી સાથે બેસી વાતો કરતા નથી?’ હું કાલે અંકિતને ત્યાં રમવા ગયો ત્યારે અંકિતના પપ્પા તો અમારી સાથે રમવા પણ બેસી ગયા હતા. અમને કેવી મજા પડી હતી! પપ્પા તો અેવું ક્યારેક કરતા નથી... પપ્પા તો ઘરમાં આવે છે, ત્યારથી જ જાણે મારી પર ગુસ્સે થયા કરે છે. મા તને પપ્પાના આ ગુસ્સાથી કંટાળો નથી આવતો?’ અને ધીરે-ધીરે કરતાં પાર્થે એના પપ્પાનો આવવાનો સમય થાય ત્યારે રૂમમાં જ ભરાઈ જવાનું શરૂ કર્યું હતું, પણ જમવાનો સમય થાય અને મા બૂમ પાડે એટલે ટેબલ પર આવવું જ પડે. ટેબલ પર ત્રણેય ગોઠવાય. પાર્થ ત્યાં હોય ખરો પણ ન બોલે કે ન ચાલે. નાના છોકરાને તો અાખો દિવસ પપ્પા મળ્યા ન હોય એટલે તેને કેટકેટલી વાતો કરવાનો મનમાં ઉમંગ હોય! પણ પાર્થ કંઈક કહેવાનું શરૂ કરે ત્યાં તો પપ્પા એકદમ ઉગ્ર સ્વરે કહે: ‘ધીમે બોલતાં શીખ, આમ શું ઘાંટા પાડીને બોલે છે? ધીરેથી વાત કરતાં નથી આવડતી? ખબરદાર જો ઘાંટા પાડ્યા છે તો...!’ અને ત્યારે પાર્થને મનમાં થાય. ‘હમણાં ને હમણાં ઊભો થઈને અહીંથી ચાલ્યો જાઉં.’ પણ છતાંય પપ્પાની બીકે ત્યાં જડાઈ જવું પડે. આ આઘાતથી એની ભૂખ તો મરી જ ગઈ હોય. અને એટલે બીજી ભાખરી લેવાની ના પાડે. ત્યાં તો ફરી પપ્પાનો સત્તાવાહી સૂર શરૂ થાય. શું ખાતાં શીખવાના છો? ભાખરી ખાવી જ નથી ગમતી. હમણાં પિઝા આપો તો ખાય. ખાતાં ક્યારે શીખશો? એ શું વળી આ ખાઉં ને તે ન ખાઉં... જે કર્યું હોય તે ખાઈ જ લેવાનું. હવે તો હૉસ્ટેલમાં જ મૂકી દેવો છે એટલે ભણતાં તો શીખશે પણ ખાતાંય શીખશે. અહીં ઘરમાં તમને બધું બહુ મળે છે. એટલે આ બધું તમને સૂઝે છે. હવે મારે તને ઘરમાં રાખવો જ નથી.’

રોજેરોજ જમવાનો સમય થાય ને આ જ એકની એક વાત ઘૂંટાયા કરે. મમ્મી ક્યારેક પાર્થની વહારે ધાવા પ્રયત્ન પણ કરે પણ આપણો તો પુરુષપ્રધાન સમાજ... નવ-નવ માસ સુધી ગર્ભમાં ધારણ કર્યા પછી અસહ્ય પ્રસવવેદના પછી બાળકને જન્મ આપનાર માતાનો બાળક પરનો કેટલો અધિકાર સમાજ સ્વીકારે છે? ઘરમાં બાળકને બાપ વગરવાંકે ગમે તેટલું ટોકતા હોય, લડતા હોય. માથી જોયું જતું ન હોય છતાંય દેન છે માની કે અેક હરફ પણ એ ઉચ્ચારી શકે? છાની છૂપી પછી એને વહાલ કરી લે ખરી... પણ પ્રાર્થના હૃદય પર પડેલા આ ઉઝરડા કંઈ એમ ઓછા જ રુઝાય છે? પાર્થ સતત હૉસ્ટેલમાં મૂકી દેશે તો! ત્યાં હું મમ્મી વિના કેવી રીતે રહી શકીશ?’ અને સતત ચિંતામાં જીવતો પાર્થ દિવસે-દિવસે સુકાતો તો જાય છે જ, પણ ભણવામાંય ધ્યાન નથી આપી શકતો. આને માટે જવાબદાર કોણ?

*

પૂર્ણા! આ પેન્સિલ કોની છે?

‘મને પેલી કીચેઈન આપો ને! કેટલાની છે? કૃતિ જો તો આ કીચેઈન કેવી છે? મારે મારા પપ્પા માટે લેવી છે... સારી છે ને?’

‘એ મને એક કોકો-કોલા આપો ને! જલદી હોં નહીં તો બધાં આગળ નીકળી જશે.’

ત્યાં તો પાછળથી ચિરાગ બૂમ પાડતો હતો... ‘પેલું ટી શર્ટ બતાવો ને! વાયોલેટ નથી? રેડ તો મને બહુ જ ઘેરું લાગે છે.’

છોકરાંઓ નેપાળના પ્રવાસે ગયાં હતાં. ને નેપાળના બજારમાં એકસામટાં ખરીદી માટે નીકળી પડે ત્યારે ત્યાંના દુકાનદારો આટલા બધા એકસામટા ઘરાક જોઈ હરખાઈ ઊઠે... પણ બધાં જ એકસામટાં પડાપડી કરે તેમાં ક્યારેક માલ ચોરાય પણ ખરો... પૈસા લેવાના જ રહી જાય. પૂર્ણાએ કોકોકોલા લીધી ખરી ને પીધી પણ ખરી... પૈસા ચૂકવ્યા વિના જ નીકળી ગઈ... દુકાનદાર એક ને છોકરાં અનેક... કોનું ધ્યાન રાખે? ને કેટલું ધ્યાન રાખે? તેમણે કૃતિ પાસે પૈસા માગ્યા પણ કૃતિએ તો કોકા-કોલા પીધી જ ક્યાં હતી? એ તો પૂજા સાથે કીચેઈન જોતી હતી.

પૂર્ણા બે દુકાન છોડી ત્રીજી દુકાનમાં પેઠી... ત્યાં પણ ખાસ્સી ગિરદી હતી. એ હંમેશાં ગિરદીવાળી દુકાનમાં જ પેસતી...! ત્યાં તેણે જુદી-જુદી ચીજવસ્તુઓ જોઈ... વારંવાર ભાવ પૂછતી... ‘લઉં?’ ના લઉં...ની દ્વિધામાં અટવાતી ને પાછી નીકળી જતી. વળી પાછી એ એક દુકાનમાં પેઠી ત્યાં પણ ગિરદી હતી. તેમાંથી એકાદ નાની વસ્તુ લીધી ને પૈસા ચૂકવ્યા વિના નીકળી ગઈ. દુકાનદારે પૂજા પાસે પૈસા માગ્યા... ત્યારે ખબર પડી કે એ વસ્તુ તો પૂર્ણાએ લીધી હતી. પૂજાએ તો એ ખરીદી જ ન હતી. એને કારણે દુકાનદાર પૂજા ઉપર ગુસ્સે થઈ ગયો, પણ પૂજા શું કરે?

ખરીદી પત્યા પછી બધાં હૉટલ પર આવ્યાં, ત્યારે પૂજાએ પૂર્ણાને વાત કરી, ‘પૂર્ણા... પેલી દુકાનમાંથી તું વસ્તુ લઈને પૈસા આપ્યા વિના કેમ નીકળી ગઈ હતી? એ દુકાનદાર મને લડતો હતો.’ પણ પૂર્ણાએ તો જાણે કશું જ ન બન્યું હોય એમ સાવ સહજ રીતે જ એ સાંભળ્યું ન સાંભળ્યું કરી દીધું. તેણે ‘કશુંક ખોટું કર્યું છે, તેની ભૂલ થઈ છે, આવું ન કરાય...’ એવી કશી જ લાગણી તેને થઈ હોય તેવું જણાયું નહીં ને તે જોઈ તેના શિક્ષકને ખૂબ નવાઈ લાગી... બાળકો સ્કૂલમાં આટલા કલાક ભણવા આવે ત્યારે તેમના ગુણો-અવગુણો ધ્યાન પર આવે જ છે, પણ પ્રવાસમાં જ્યારે બાળકો આવે છે ત્યારે તેમને વધુ નજદીકથી જોવાની તક મળે છે ને ત્યારે તેમનાં માબાપ, તેમનું કલ્ચર, તેમણે બાળકોનું ઘડતર કેવું કર્યું છે, બાળકમાં કેટલો રસ લે છે – વગેરેનો સાચો અંદાજ આવે છે.

બાળક જન્મે ત્યારથી તેની સારસંભાળ મા લેતી હોય... એ સમજણું થવા માંડે એટલે એનું સામાજીકરણ શરૂ થાય... તેને ‘આમ કરાય’ ‘આમ ન કરાય’ એવું સમજાવવાનું શરૂ થાય. એ બધું બાળકને ક્યારેક ગમે, ક્યારેક ન પણ ગમે, ન ગમે ત્યારે બાળક એનો વિરોધ કરે, ગુસ્સો કરે, ક્યારેક બંડ પણ કરે ને છતાંય તેનામાં સારા સંસ્કાર રેડાય, તેનું વ્યક્તિત્વ સારી રીતે વિકસે તે માટે માએ જ કડવા ઘૂંટડા પણ પાવા પડે, ક્યારેક કળથી તો ક્યારેક બળથી, પણ એનામાં કેટલીક આચારસંહિતાઓનું સિંચન કરવું જ પડે પણ જો માબાપ જ તે માટે જાગ્રત ન હોય તો?

પૂર્ણા નાની હતી, ત્યારે ઘણી વાર વર્ગમાંથી કોઈની પેન્સિલ તો ક્યારેક કોઈનું રબ્બર લઈ આવે, તેનાં મમ્મી તેને ભણાવવા બેસે ત્યારે તેમનું ધ્યાન તો જાય પણ એ વસ્તુને તેમણે ક્યારેય સિરિયસલી લીધી ન હતી. અને એટલે અનધિકૃત રીતે કોઈનીય વસ્તુ લેવાય નહીં,

એવું એને નાનપણથી શીખવવામાં આવેલું જ નહીં... ત્યારે પેલી ક્રિશ્ના... ફક્ત એક જ દિવસ ભૂલથી કોઈની પેન્સિલ લઈ આવી. બીજે દિવસે તેનાં મમ્મી સ્કૂલમાં સાથે ગયાં ને જેની પેન્સિલ હતી તે છોકરાને ક્રિશ્નાને હાથે જ 'સૉરી' કહી પાછી અપાવી દીધી...! ક્રિશ્નાને જરા સંકોચ તો થયો જ પણ માનો આગ્રહ અને માનો સાથ... તેણે મનોમન નક્કી કર્યું, 'હવે ફરી ક્યારેય કોઈની વસ્તુ નહીં લઉં.' સંતાનમાં ચારિત્ર્યના ઘડતર પાછળ પ્રયત્નપૂર્વક પરિશ્રમ કરવો પડે છે, લડીને કે રોકી-ટોકીને એ કામ થતું નથી... પણ સમજાવટ અને સત્યનો દૃઢ આગ્રહ રાખીને જ એ સંસ્કારનાં બીજ બાળકમાં રોપી શકાય છે અને એક વખત તમે એ ચારિત્ર્યનું ઘડતર કરો પછી તો તે જીવનભર ટકી રહેવાનું છે, પણ આજના માબાપમાં એ ધીરજ છે ખરી? એમને બાળક પાછળ ખર્ચવા માટે એટલો સમય છે ખરો? પોતાની પ્રવૃત્તિ ને પોતાના મોજશોખમાંથી તેઓ સંતાન માટે સમય ફાળવી શકે છે ખરાં? બાળક સાથે દિવસ દરમિયાન વાર્તાલાપ કરવાનો અવકાશ તેમને છે ખરો?

'આજની શિક્ષિત સ્ત્રી પત્ની, માતા અને ગૃહિણીની ભૂમિકામાં કેવી નીવડે છે...' તેનો અભ્યાસ પીએચ.ડી. માટે કર્યો... ત્યારે જાણવા મળ્યું કે પાંત્રીસ વર્ષની નીચેની લગભગ એંસી ટકા, ભણેલી બહેનોને બાળકની ઇચ્છા છે, પણ બાળક પાછળ સર્વસ્વ અર્પણ કરવાની તેમની તૈયારી નથી. સ્ત્રીને માતૃત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેને જીવનમાં પરિપૂર્ણતા લાગતી નથી અને એટલે એને બાળક જોઈએ છે પણ એ બાળક પાછળ તે તેનો સમય આપવા તૈયાર નથી. તે કહે છે: 'કેમ! અમને અમારી મહત્ત્વાકાંક્ષા અને પ્રેરણા ન હોય! આટલું ભણ્યાંગણ્યાં તે શું ઘર, વર ને છોકરાં પાછળ જિંદગી બરબાદ કરવા?' ને મને ખૂબ આશ્ચર્ય થયું... શું થતું હશે એ બાળકોનું... અરે! આજનાં ઊગતાં બાળકોને તો મામા-માસી, કાકા-કાકી જેવા સંબંધોનોય પૂરો ખ્યાલ હોતો નથી. પ્રિયંકાએ એક વાર પૂછ્યું, 'સર, ભત્રીજો કોને કહેવાય?' મને ક્યારેક દ્વિધા થાય છે... આપણે સંસ્કૃતિમાં આગળ વધીએ છીએ કે પીછેહઠ કરીએ છીએ!' માનવસંબંધો એ તો જીવનની મહામૂલી મૂડી છે, પણ આજે તો કુટુંબો તૂટવા માંડ્યાં છે, ઘરમાં પહેલાં દાદા-દાદી હતાં, તેમની હૂંફ અને પ્રેમ બાળકોને મળતાં અને દાદા-દાદીના સતત સહેવાસથી એ બાળકોમાં સંસ્કારનું પણ સિંચન થતું, પણ આજે તો દાદા-દાદી ઘરમાં હોય તો જાણે પોતાની સ્વતંત્રતા છિનવાઈ જાય છે, પતિ અને પત્ની બંને નોકરી કરતાં હોય. આટલી મોંઘવારીમાં પતિપત્ની બંને કમાતાં હોય તો જીવનનું ધોરણ ઊંચું રાખી શકાય... અને નહીંતરેય ભણ્યા-ગણ્યા પછી ઘરની ચાર દીવાલ વચ્ચે આજની શિક્ષિત સ્ત્રીનો જીવ રૂંધાય છે. તેનેય માનસિક સંતોષની અપેક્ષા જાગે છે, પણ એ અપેક્ષા પરિપૂર્ણ કરવામાં તેણે તેનાં સંતાનોની ઉપેક્ષા કરવી પડે છે. એ સંતાનોના ચારિત્ર્યઘડતરનું શું? એમને સમય આપી શકે એવા દાદા-દાદી હોવા છતાં ઘરમાં સાથે જો દાદા-દાદી રહે તો તેનો બોજ એ માબાપને લાગે છે તે પણ ઓછું હોય એમ વળી આવ્યું ટી.વી. રાત પડે આખું કુટુંબ ભેગું મળે પણ ટી.વી. સામે બેસીને ફક્ત ટી.વી. જોયાં કરે. નહીં કશી વાતચીત કે નહીં કશો સંવાદ. બે વાત નવી જાણવાય ન મળે, ત્યાં વળી સંવાદમાંથી સંસ્કારની તો વાત જ ક્યાં?

અને એટલે જ આજે મોટા પ્રમાણમાં બાળકોમાં વર્તનની સમસ્યાઓ જોવા મળે છે. તોફાન, મારામારી... ધમાલ, દાદાગીરી... આજનાં નાનાં છોકરાંઓમાં પણ આ બધું જોવા મળે છે... ને ત્યારે મને પ્રશ્ન થાય છે – શું આજનો માનવ માનવ મટી ગયો છે? હરણફાળે વિજ્ઞાન આગળ ધપી રહ્યું છે એટલે જ્ઞાનની ક્ષિતિજો તો ખૂબ જ વિસ્તરી છે, પણ ફક્ત જ્ઞાનમાં આગળ વધવાથી જ માનવ માનવ બની શકશે ખરો? જ્ઞાન હોય પણ સંસ્કાર ન હોય તો માણસ માનવ નહીં, પણ પશુ જેવો બની જાય છે. આપણે રૉબોટ બનાવવાનાં નથી. આપણે તો જીવંત માનવ બનાવવાનાં છે અને એ માત્ર માહિતીપ્રધાન જ્ઞાનથી નહીં કરી શકાય. તે માટે

તો ચારિત્ર્યનું ઘડતર, સંસ્કારોનું વાવેતર કરવું પડશે, તેને માટે ઘરમાં દાદા-દાદી હશે તો માબાપનો ઘણો બોજ હળવો બની જશે, કારણ દાદા-દાદીને તો 'મૂડી કરતાં વ્યાજ વહાલું લાગવાનું જ' અને એટલે એ છોકરાંઓને ખૂબ હૂંફ અને પ્રેમ આપી શકશે... ઉપરાંત તેમને જીવનમાં દોડાદોડી ન હોય અેટલે એ બાળકોને શાંતિથી સમય પણ આપી શકે છે. બાળકને હૃદયમાં 'હાશ'નો અહેસાસ થાય છે ને અાવા બાળકોનાં વ્યક્તિત્વનો સરસ વિકાસ થાય છે. દાદા-દાદી પાસેથી સંસ્કારનો વારસો પ્રેમ અને હૂંફ મળી શકતાં હોય, તેવાં કેટલાં નસીબદાર બાળકો તમને આજે જોવા મળશે? કુટુંબસંસ્થાના પાયા ડગી રહ્યા છે. આજની નવી પેઢીનું ભાવિ શું? એમના હૃદયનો વિસામો કોણ? ભૌતિક સુવિધા પુષ્કળ હોય, પણ ફક્ત એનાથી જ શું માણસને સાચું સુખ મળે છે ખરું? સમસ્યા બહુ મોટી છે.

*

હીરા ઉપર પહેલ પાડવાનું કામ તમારું છે

'બહેન આવું?'

'અરે! એમાં તે કાંઈ પૂછવાનું હોય? આવો આવો, ઘણા વખતે દેખાયાં...'

'હા બહેન... લગભગ બે વર્ષ તો થઈ ગયાં, પણ માનશો? એક દિવસ પણ હું તમને યાદ કર્યા વિના નથી પસાર કરતી... અને અેટલે જ આજે ખાસ તમને રૂબરૂ મળવા અાવી છું.'

'શું વાત કરો છો? અેવું તે શું છે?'

'બહેન, તમારો તો હું આભાર માનું તેટલો ઓછો છે. તમે તો મારું આખુંય જીવન પલટી નાખ્યું... અરે! એમ જ કહોને કે ખરા સમયે તમે મારી આંખ ઉઘાડી, દીવાદાંડી બની મને મારા સંતાનના ઉછેરનો સાચો માર્ગ ચીંધ્યો.'

અને તેમણે આખીય વાત શરૂ કરી... 'બહેન! નંદીશનો તમે અાઈક્યુ અને અેપ્ટિટ્યુડ ટેસ્ટ લીધો હતો. તેના કાઉન્સેલિંગ માટે હું આવી હતી... એ દિવસે તમે જે માર્ગદર્શન આપેલું એના શબ્દો હજી અાજેય મારા કાનમાં ગુંજે છે.'

'તમે અાજે નવમા કે દસમામાં ભણતાં કોઈ પણ વિદ્યાર્થીને પૂછો કે 'તારે આગળ ઉપર કઈ લાઈનમાં જવું છે?' તો જવાબ મળશે... 'માર્ક્સ આવે અે ઉપર આધાર' આ તદ્દન ખોટી વાત છે, આપણે એંજિનને પાછળ અને ડબ્બાને અાગળ મૂકીએ છીએ, પછી ટ્રેન ક્યાંથી આગળ ચાલે? માર્ક્સ આવે એ રીતે લાઈન પસંદ કરવાની હોય? કે જે લાઈનમાં જવું હોય એ નિર્ણય પ્રમાણે માર્ક્સ લાવવાનું નક્કી કરવું જોઈએ?'

મારો દીકરો નાનો હતો ત્યારે હું પૂછતી, 'તારે શું થવું છે?' તો એ કહે કે, 'ઇલેક્ટ્રોનિક એંજિનિયર.'

'બેટા! એમાં તો ઘણા બધાં માર્ક્સ જોઈશે, અહીં તો અેની ખૂબ ઓછી સીટો છે ને હું તને અાટલી નાની અને કાચી ઉંમરે બહાર ભણવા તો ન મોકલું... કદાચ એટલો ખર્ચ પણ મને ન પોસાય...'

'તો મમ્મી મને તપાસ કરી આપો કે એ લાઈનમાં અૅડ્મિશન મળે તે માટે મારે કેટલા ટકા માર્ક્સ લાવવા પડે?'

અને મેં તપાસ કરી... અામેય દર વર્ષે એક-બે ટકા માર્ક્સનો ફુગાવો તો થાય છે જ એટલે 82 1/2% ટકા માર્ક્સ ન અાવે તો ઇલેક્ટ્રોનિક એંજિનિયરિંગમાં તેનો પત્તો ખાય તેમ ન હતું. મેં તેને વાત કરી અને અગિયારમું ને બારમું તેણે અેટલા માર્ક્સ લાવવાના દૃઢ નિશ્ચય સાથે ખૂબ મહેનત કરી પૂરું કર્યું. અર્જુનના મત્સ્યવેધની જેમ એની નજર તેનો ધ્યેય સિદ્ધ કરવા તરફ જ હતી અને એ ધ્યેય સિદ્ધ કરી શક્યો. આજે એ ઇલેક્ટ્રોનિક અેંજિનિયર બની અમેરિકામાં આગળ વધી રહ્યો છે. 'મન હોય તો માળવે જવાય' જીવનમાં આ ઉક્તિ સાચી નીવડે છે. જીવનમાં સફળ થવા માટે 90% પરિશ્રમ અને 10% પ્રોત્સાહન કામ કરે છે. માબાપે તો 10%નું જ કામ કરવાનું છે. સંતાનોને તેમના જીવનનું ધ્યેય નક્કી કરવામાં તેમને ફક્ત મદદ કરવાની છે. માર્ગદર્શન આપવાનું છે, તે માટે માબાપ મટી મિત્ર બનવાનું છે, કારણ આ તબક્કે સંતાનોને વાલીની નહીં, પણ હૃદયના વિસામાની જરૂર છે. માબાપની નહીં, પણ મિત્રની જરૂર હોય છે.'

'બહેન! તમારી આ વાત એ દિવસથી મારા હૃદયમાં એવી તો કોતરાઈ ગઈ છે કે ત્યારથી મારો નંદીશ સાથેનો આખો વ્યવહાર જ બદલાઈ ગયો. મેં પ્રયત્નપૂર્વક તેની સાથે મિત્ર બની વર્તવા માંડ્યું. બહેન! તમને તો યાદ નહીં હોય, પણ એ જ વખતે મારા પતિને કૅન્સર થયું હતું. હું સખત ડિપ્રેશનમાં હતી. નંદીશને પણ એનો આઘાત લાગ્યો હતો... તમે એને સમજાવ્યો કે

'તું તો નસીબદાર છે કે ઈશ્વરે તને અેક અગમચેતી આપી કે જેથી તું એની ગંભીરતા સમજી સમયસર ઘડતર કરી શકશે... ભગવાનનો પાડ માન કે તને ઈશ્વરે સમય અાપ્યો છે. એકાએક હાર્ટએટેક જ અાવ્યો હોત તો તું શું કરત? અા તો જીવનની પળેપળનું મહત્ત્વ સમજી તેનો સદુપયોગ કરી લેવાની તને ઈશ્વરે તક અાપી છે.'

'બહેન! એ દિવસથી મારા ઘરનું વાતાવરણ જ જાણે ફરી ગયું. એમના કૅન્સરની જાણ થઈ ત્યારથી અમે બધા ભાંગી પડ્યાં હતાં, પણ તમારી આ વાત સાંભળી ત્યારથી અમે ઘરનાં સૌ... એટલે કે હું નંદીશ અને અેની દાદી સૌનાં મગજમાં એક જ ધૂન સવાર થઈ ગઈ કે પ્રકાશના જીવનની હવે જે પળો બાકી છે તે પળેપળનો એવો ઉપયોગ કરવો કે જેથી પાછળથી સહેજ પણ પસ્તાવો ન થાય. અમે સૌ પ્રકાશના શેષ જીવનને પ્રકાશમય અને પ્રફુલ્લિત બનાવવા તરફ જ અમારું સઘળું ધ્યાન, શક્તિ ને સમય કેન્દ્રિત કરતાં ગયાં... જીવનનો આખો અભિગમ જ બદલાઈ ગયો.

તેમાંય બન્યું એવું કે નંદીશને તેના દાદા તરફથી પણ ખૂબ પ્રોત્સાહન મળ્યું. દાદા તેને કહેતા, 'બેટા! તું ગણિતમાં સો માર્ક્સ લાવી શકશે, મને શ્રદ્ધા છે...' દાદાજીની આ શ્રદ્ધા અને પ્રોત્સાહને તેનામાં ગજબનો આત્મવિશ્વાસ ઊભો કર્યો, તેણે ખૂબ મહેનત શરૂ કરી, પરીક્ષાના બે દિવસ પહેલાં જ દાદાજીનું અચાનક અવસાન થયું, નંદીશ ખૂબ ભાંગી પડ્યો... એનો તો પ્રેરણાસ્રોત ચાલ્યો ગયો હતો, પણ મેં ને પ્રકાશે તેને હિંમત આપી... તેને માંડમાંડ સ્વસ્થ કર્યો... એણે પરીક્ષા આપી અને પરીક્ષામાં તેને 96% માર્ક્સ આવ્યા, ત્યારે એની આંખમાં હર્ષાશ્રુ આવ્યાં... તે બોલ્યો: 'મા... આજે દાદા હોત તો તેમને કેવો આનંદ થયો હોત! આજે મને દાદાજીની ખૂબ ખોટ લાગે છે... મા, હું સાચું કહું? હું પેપર લખતો હતો ત્યારે મને દાદાજીનું મોં જ નજર સામે દેખાતું હતું... જાણે એ મને કહી રહ્યા હતા... 'નંદીશ બેટા! તું તો સોમાંથી સો માર્ક્સ મેળવી શકે તેવો હોશિયાર છે' તે સાંભળી મારું પણ હૃદય ભરાઈ ગયું... બહેન! પ્રેરણા અને પ્રોત્સાહન માણસના જીવનમાં શું નથી કરી શકતાં? ગમે તેવા સિદ્ધિનાં શિખરો પણ આનાથી સર કરી શકાય છે. તમારું એ લેક્ચર સાંભળ્યું, ત્યારથી તો જાણે અમારા અાખા કુટુંબનું વાતાવરણ જ બદલાઈ ગયું. પ્રકાશની આવી ગંભીર માંદગી, આવો જીવલેણ વ્યાધિ, દાદાજીનું અચાનક અવસાન ને આ બધાં છતાં જાણે જીવનને જોવાની એ દૃષ્ટિ જ અમારા સૌમાં બદલાઈ ગઈ છે... હવે તમે જ કહો બહેન! હું તમને એક્કેય દિવસ યાદ કર્યા વિના કેવી રીતે રહી શકું?'

ને... આ સાંભળી મારા મગજમાંય અનેક વિચારોનું પૂર ઊમટ્યું... હું તો દર વર્ષે વિદ્યાર્થીઓના એપ્ટિટ્યુડ ટેસ્ટ લઉં છું એમ જ એ ટેસ્ટ લીધા હતા અને અેનાં પરિણામ આપતાં પહેલાં એને કેવી રીતે સમજવા તેની સમજ અાપવા માટે કાઉન્સેલિંગ રાખતી હોઉં છું, એ માટેની હું જ્યારે વાતો કરતી હોઉં છું, ત્યારે મેં મારા સંતાનોનાં જીવનઘડતરના અનુભવો અને મારા માનસશાસ્ત્રના ઊંડા અભ્યાસને આધારે જ હું તેમને માર્ગદર્શન આપતી હોઉં છું... ત્યારે મારા હૃદયમાં બસ એક જ ઇચ્છા, એક જ તમન્ના હોય છે કે મારી સ્કૂલના એક પણ વિદ્યાર્થીનું ઘડતર કાચું ન રહેવું જોઈએ. મારા સંતાનોને મેં તૈયાર કર્યાં, એવી જ રીતે આ સૌ વિદ્યાર્થીઓની કારકિર્દી તેજસ્વી ઘડાવી જોઈએ. મને મારા આ બધાં જ વિદ્યાર્થીઓમાં મારા પોતાનાં સંતાનો દેખાયાં છે, મારા હૃદયની એક જ મનીષા સતત હોય છે કે મારા િવદ્યાર્થીઓની ભાવિ કારકિર્દી તેજસ્વી નીવડવી જોઈએ, એ માટે જીવનમાં નિયત કરેલ ધ્યેય સિદ્ધ કરવાની તેમનામાં તમન્ના હોવી જોઈએ, તમને ખબર છે બહેન? આજે દુનિયાભરમાં મારા વિદ્યાર્થીઓને સારા-સારા હોદ્દા પર ગોઠવાયેલા ને સારા વ્યવસાયમાં વ્યસ્ત થયેલા જોઉં છું, ગૌરવભરી ઊંચી ડોકે ખુમારીભર્યું જીવન જીવતાં જોઉં છું, ત્યારે મને મારું કર્તવ્ય સફળતાપૂર્વક

બજાવ્યાનો એક અનેરો સંતોષ થાય છે, આભાર મારો તો માનવાનો હોય? આભાર ને પાડ તો પ્રભુનો માનવાનો, હું તો અેક નિમિત્તમાત્ર છું ને મારી ફરજ જ માત્ર બજાવું છું. આજની ઊગતી પેઢીમાં 'મારે કંઈક થવું છે, હું કંઈક કરી શકીશ.' એવી એક લગન પણ જો ઊભી કરી શકાય તો મને લાગે છે કે આ દિશામાં મેં કરેલી મહેનત સફળ થઈ છે, નવી પેઢીની શક્તિમાં મને ઘણી શ્રદ્ધા છે. તેઓ શક્તિનાં સ્રોત સમાં છે, પણ આપણે તે શક્તિને પારખી શકતાં નથી... હીરાને પહેલ ન પાડો તો અે નર્યો પથ્થર જ રહે. પણ પહેલ પાડીએ પછી?... આપણે એ પહેલ પાડવાના છે, સમજપૂર્વક ધીરજપૂર્વક, કાળજીપૂર્વક, પ્રેમપૂર્વક...!!!

*

સાધના વિના સિદ્ધિ નથી

'બહેન! આજે મારે વહેલા ઘેર જવું છે... મારે ટુર્નામેન્ટ રમવાની છે...' સાત જ વર્ષના સમીરે મને વાત કરી અને હું આશ્ચર્ય પામી ગઈ... 'બેટા, ટુર્નામેન્ટ? આ ઉંમરે? શાની?' 'બહેન, મારે ચેસની ટુર્નામેન્ટ છે.'

'ચેસ? ઓહ... એ તો ઘણી બુદ્ધિ ચલાવવાની રમત છે? તું કેટલાં વર્ષથી ચેસ શીખે છે?'

'બે વર્ષથી...' ને મને આશ્ચર્ય થયું. હજી તો સમીર સાત વર્ષનો છે, બે વર્ષથી તે ચેસ શીખે છે... એટલે કે પાંચ વર્ષની ઉંમરથી તેણે ચેસ શીખવાનું શરૂ કર્યું હશે... બાળકની પાંચ વર્ષની ઉંમર એટલે તો થનગનાટની ઉંમર, ખેલે, કૂદે, નાચે, દોડે... ભાગ્યે જ પગ વાળીને બેસી શકે. તેને બદલે આ ઉંમરે એ ચેસ આટલા બધાં એકધ્યાને કેવી રીતે રમી શકતો હશે? ખરેખર તો આટલી નાની ઉંમરનાં બાળકમાં કઈ શક્તિઓ પડેલી છે ને તેનામાં કઈ વસ્તુ માટે કે કઈ પ્રવૃત્તિ માટે અભિરુચિ છે એ શોધવું જ મુશ્કેલ હોય છે, ત્યારે આટલા નાના સમીરમાં આ શક્તિ પારખી તેને માટેની યોગ્ય તાલીમ આપવી એ નાનીસૂની વાત ન હતી. મને તેનાં માતાપિતા માટે માનની લાગણી થઈ.

આજનાં શિક્ષિત માબાપો તેમનાં સંતાનના અભ્યાસ માટે તો ઘણાં સજાગ બન્યાં જ છે અને વધુમાં વધુ માર્ક્સ આવવા જોઈએ તે માટે તેઓ સતત જાગૃતિ સેવે છે. બધી જ બાજુથી પ્રયત્નો કરે છે... પણ પોતાનાં સંતાનમાં જે અભિયોગ્યતા પડેલી છે તેને પારખવી, તેને પિછાણવી ને તેને પાંગરવા માટેનું વાતાવરણ ઊભું કરવું એ નાનીસૂની વાત નથી...

પેલો કાર્તિક સાવ નાનો હતો, ત્યારથી કરાટે શીખતો હતો. શીખતો ગયો તેમ આગળ ને આગળ વધતો ગયો... ને એમ કરતાં તો રાષ્ટ્રીય કક્ષાએ પહોંચી ગયો... આટલી નાની ઉંમરમાં આટલી બધી સિદ્ધિ? એને માટે વારંવાર બહારગામ જવાનું થાય... રોજેરોજ એનું કોચિંગ લેવા માટે જવું પડે... આટલું નાનું બાળક તો નિજાનંદની મસ્તીમાં મહાલતું હોય... એને રમવાનું મન થયું હોય અને એ જ વખતે કોચિંગ ક્લાસમાં જવાનું હોય... ક્યારેક એને સમજાવીને પટાવીને એ તરફ વાળવો પડે... આ બધી તો રોજેરોજની વાત બની રહે... ને તેય એક-બે દિવસની નહીં, વર્ષો સુધીની... બાળક માટે તો તે સાધના છે જ પણ માબાપ માટેય સાધના છે.

ત્યાં તો પેલી ચાંદની નજર સામે આવે છે, નાની હતી ત્યારથી સ્કેટિંગમાં ખૂબ જ રસ... પહેલાં તો શહેરકક્ષા, પછી રાજ્યકક્ષાએ અને ત્યાર બાદ રાષ્ટ્રીય કક્ષાએ એક પછી એક સિદ્ધિનાં શિખરો સર કરતી જ ગઈ... ને જોતજોતામાં તો આંતરરાષ્ટ્રીય સ્કેટિંગ સ્પર્ધામાં પણ ભાગ લેતી ને ઇનામો જીતતી થઈ ગઈ... 'આ એ જ ચાંદની? જે આપણી સ્કૂલમાં ભણતી હતી, ને સ્કેટિંગ કરતી હતી!' આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચી ગઈ? જાણે જોતજોતામાં તો ક્યાંની ક્યાં પહોંચી ગઈ, ને એને જ્યારે એકલવ્ય એવૉર્ડ મળ્યો. રાષ્ટ્રીય કક્ષાનો, રૂપિયા એક લાખનો એવૉર્ડ મળ્યો ત્યારે તો જાણે મારું માથું એને માટે ગૌરવથી ઊંચું થઈ ગયું. એની એ સાધનાની સિદ્ધિથી એના માતાપિતાને એના કુટુંબીજનોને તો અપૂર્વ આનંદ અને ગૌરવ થયાં જ હશે... પણ મારી સ્કૂલની વિદ્યાર્થિનીની આ સિદ્ધિ માટે મેં પણ ગૌરવ અનુભવ્યું.

નજર સામે આવા કેટકેટલા વિદ્યાર્થીઓ તરવરે છે? ઑલમ્પિક્સમાં, સ્કેટિંગમાં નાનકડી તારાને ગોલ્ડમેડલ મેળવતી જોઈ... એનું નિર્દોષ મુખારવિંદ, એના પરનો અનેરો આનંદ... એનું નિખાલસ હાસ્ય... એની સાધનાની સિદ્ધિનો અનેરો આનંદ જાણે નજર આગળથી ખસતો નથી... અને એ દૃશ્ય જોતાં જ મારી નજર આગળ મારા એક પછી એક

વિદ્યાર્થીઓ ખડા થવા માંડ્યા.

ચેસમાં સ્કૉલરશિપ મેળવતી ને હંમેશાં આગળ રહેતી અનૂરી... એને મળો, એને જુઓ તો એના મોં પર જાણે ખિલખિલાટ હાસ્ય ક્યારેય ન દેખાય... મને ક્યારેક પ્રશ્ન થાય. 'ચેસ અને અભ્યાસ' બંનેમાં એકસાથે આટલું બધું ધ્યાન કેન્દ્રિત કરતી અનૂરી પર માનસિક બોજો ને તનાવ વધી જતાં નહીં હોય? પણ એની ટટ્ટાર ડોકનો પ્રભાવ જ એવો પડે કે મને થાય 'ભલે અે નાજુક લાગતી હોય... એનું મનોબળ, એનો 'વીલપાવર' જબરજસ્ત છે અને એટલે જ એ આટલી સિદ્ધિ હાંસલ કરી શકે છે... ત્યારે પેલો નાનકડો નાજુક નીરવ...! વાત કરો ને જુઓ તો એટલો હસતો, રમતો ને ચંચળ લાગે... બાપરે! ચેસ રમવા આટલી વાર એ એકધાર્યો કેવી રીતે બેસી શકતો હશે? પેલા જિલેશને જોઉં છું ત્યારેય મને એમ જ થાય છે... ખૂબ નાની ઉંમરમાં તેણે તેના પિતા ગુમાવ્યા છે અને એટલે સાહજિક રીતે જ જીવનમાં સંઘર્ષ તો વેઠવાનો રહે છે ને ત્યારે મને ક્યારેક થઈ જાય છે, માણસ જો પોતે જ નક્કી કરે કે 'તેણે શું થવું છે?' 'મારે શું કરવું છે?' તો તે ધારે તેવી ને ધારે તેટલી સિદ્ધિ હાંસલ કરી શકે છે.

ત્યાં તો શર્વિલ નજર અાગળ આવી ગયો. ચિત્ર કરવા માંડે ને જાણે બધું જ ભૂલી જાય. અામેય બાળકોને ચિત્રની દુનિયામાં ખોવાઈ જવું ખૂબ ગમે છે. એકાદ કાગળ આપો... પેન્સિલ, રબ્બર ને કલર આપો. બાળક તેની દુનિયા ઘડીભરમાં ખડી કરી દે છે. એની મુક્ત અભિવ્યક્તિ તેમાં વ્યક્ત થાય છે. આવી જ એક ચિત્રસ્પર્ધા... તત્કાલ ચિત્રસ્પર્ધા બાળકો માટે યોજાઈ. એક બાળકે નાનકડી સ્કૂલ દોરી. સ્કૂલ કરતાં મોટાં ટીચર ને બધાય કરતાં મોટો એને ઘંટ દોર્યો. ચિત્રમાં આટલી બધી અવાસ્તવિકતા અભિવ્યક્તિ થતી હોવા છતાં નિર્ણાયકે તેને પ્રથમ ઇનામ આપ્યું ને મને આશ્ચર્ય થયું... આવું કેમ? નિર્ણાયકે ઉત્તર આપ્યો: 'કલા એ માનવહૃદયની અભિવ્યક્તિ છે ને તે મુક્ત અભિવ્યક્તિ હોય એ વધુ ઇચ્છનીય છે... બાળકને મુક્ત રીતે રમવા માટે સ્કૂલ નાની પડે છે, તે હંમેશાં મોકળાશ ઝંખે છે ને તેથી તેણે સ્કૂલ નાની ચીતરી છે... બાળકને મન તેના શિક્ષક એટલે સર્વસ્વ. અરે! પેલી નાનકડી નિકિતાને અેની મમ્મીએ કહ્યું: 'તેં લખ્યું છે તેમાં ભૂલ છે... જો અામ સુધાર...' તો તેણે તરત જ કહ્યું: 'ના, મારા ટીચર તો આમ જ લખે છે એટલે એ જ સાચું.' બાળકને મન તેના શિક્ષકનું મહત્ત્વ ખૂબ વધુ હોય છે અને અેટલે એ બાળકે ચિત્રમાં શિક્ષકને સ્કૂલ કરતાંય મોટા દોર્યા હતા! એના હૃદયમાં એનું સ્થાન ખૂબ ઊંચું હતું. તેથી તેની એ અભિવ્યક્તિ સાહજિક હતી ને તે બધાંયમાં સૌથી મોટો હતો પેલો ઘંટ... સ્કૂલ છૂટવાનો ઘંટ વાગે ને બાળકનો અાનંદ તમે જોયો છે ખરો? એને ઘેર જવા, એની માને મળવા... એ કેવું અધીરું બની જાય છે! એ જ બાળક સ્કૂલમાં આવે ને જો ઘંટ વાગી ગયો હોય... ફક્ત બે-ચાર મિનિટ જ થઈ ગઈ હોય તોય દુ:ખી-દુ:ખી થઈ જાય છે. 'મારે મોડું થઈ ગયું.' કહી તે રડવા લાગે છે. જે ઘંટ તેને જીવનમાં શિસ્તના પાઠ શીખવે છે એ જ ઘંટ જુદા સમયે વાગીને તેનામાં અનેરા આનંદનો સંચાર કરે છે. બાળકની આ બધી સંવેદનાને એ નિર્ણાયક બરાબર સમજતાં હતાં... એ કલાકાર તો હતાં જ, પણ સાથે-સાથે માનસશાસ્ત્રી પણ ખરાં...ને એટલે જ અેમણે એ ચિત્રને ઇનામ આપ્યું... કલાની અભિવ્યક્તિમાં હૃદયની સંવેદના સાહજિક રીતે જ અભિવ્યક્ત થતી હોય, ત્યારે તે જોનારના હૃદયને સ્પર્શી જાય છે. જો તેની નોંધ લેવા જેટલી સૂઝ આપણામાં હોય તો...!

સ્કૂલમાં અભ્યાસ પર તો ધ્યાન અપાય જ, પણ ટેક્સ બુક્સમાં પાનામાં આપેલા જ્ઞાન કરતાંય આ વિવિધ પ્રવૃત્તિઓમાંથી બાળક ઘણું-ઘણું મેળવે છે. તેમાંથી તેના આખાય વ્યક્તિત્વનું ઘડતર થાય છે... એનામાં શિસ્ત કેળવાય છે. તેના હૃદયમાં સંવેદનાઓ સળવળે છે... તબલાનો તાલ પડે ને પેલા અચ્યુતનું હૃદય ડોલી ઊઠે! જ્યાં હોય ત્યાં પણ હાથ જાણે તબલા પર નાચવા માંડે ને ઘડીભર તો તે લય અને તાલની દુનિયામાં બધું જ ભૂલી જાય...

જીવનનો અ◌ા કેવો મોટો લહાવો છે! ને અ◌ામ જ નાની ઉંમરથી સાધના શરૂ થાય... એની પાછળ મહેનત કે શ્રમ કરીએ છીએ તેવો તો ખ્યાલ પણ ન આવે... એનો કોઈ અનેરો જ આનંદ હોય... એ સાધનામાં ક્યાંય કેટલાં વર્ષો વહી જાય તેનીય ખબર ન પડે પણ પછી જ્યારે એ અનંત સાધના પછી સિદ્ધિનું શિખર સર થાય, ત્યારે એ શિખર પરથી પાછળ નજર નાખીએ તો અ◌ાશ્ચર્ય થાય...!

‘અરે! સાધનામાં આટલાં વર્ષો વહી ગયાં? આંખના પલકારાની જેમ!’ જીવનની આ જ તો ખરી મજા છે ને!!!

*

કીર્તનને બૉર્ડિંગ સ્કૂલમાં મૂક્યો?

રવિવારની સવાર હતી અને અેટલે સહેજેય હું કામકાજ શાંતિથી કરી રહી હતી. ત્યાં તો ડોરબેલ વાગ્યો ને અશ્વિનભાઈ એમનાં કીર્તન અને કૃપાને લઈને પ્રવેશ્યા.

'અરે! અશ્વિનભાઈ તમે? અત્યારે? બોલો, શું કામ પડ્યું?'

મને થયું શાળાની શરૂઆતનો સમય છે એટલે ક્યાંક ઍડ્મિશન અંગેનું જ કામ હશે ત્યાં તો તેમણે વાત શરૂ કરી:

'બહેન, હું ગઈ કાલે તમને મળવા આવ્યો હતો, પણ તમે મિટિંગમાં હતાં અને અેટલે તમે મળી ન શક્યાં.'

'કંઈ ખાસ કામ હતું?'

'ખાસ તો નહીં... પણ કીર્તનને અમે બૉર્ડિંગ સ્કૂલમાં મૂકવા વિચાર્યું હતું, મને હતું તેનો નિર્ણય લેતાં પહેલાં તમારી સલાહ લઉં, પણ તમે મળી શક્યાં નહીં. રાત પહેલાં નિર્ણય લેવાનો હતો અને અેટલે આખરે અમે અેને એ સ્કૂલમાં દાખલ કરી જ દીધો. ગયા અઠવાડિયે અમે એ સ્કૂલ જોવા ગયાં હતાં. શું સરસ સ્કૂલ છે! અહીંથી વીસેક કિલોમીટર જ દૂર છે, પણ ત્યાં જ રહેવાનું, ફક્ત રવિવારે સાંજે બે કલાક જ અમે તેને મળી શકીએ. અને દિવાળી અને ઉનાળાનાં વૅકેશનમાં જ એ ઘેર આવી શકે... સવારે છ વાગે ઊઠવાનું, પ્રાર્થના, કસરત, રમતગમત, ભણવાનું બધું જ બહુ સરસ છે. મને લાગે છે એ સરસ તૈયાર થઈ જશે. ઘેર તો તેને આઠ વાગ્યા સુધી ઊઠવાનુંય ભારે થઈ જાય છે. અેની મમ્મી બૂમો પાડ્યા જ કરે. પણ સાંભળે તો ને!... અને સ્કૂલનું લેસન તો પૂરું કરાવતાં નાકે દમ આવી જાય છે. બહુ રમતિયાળ છે, અને અેટલે જ થયું કે અાવી સ્કૂલમાં મૂકી દીધો હોય તો બરાબર શિસ્ત પણ શીખે અને તૈયાર પણ થઈ જાય....'

મને એક ઘેરો આઘાત લાગ્યો.... કીર્તનને હું નાનો હતો ત્યારથી ખૂબ નજીકથી જોતી અાવી છું... ક્યારેય ક્યાંય એનામાં શિસ્તનો અભાવ હોય એવું મને દેખાયું નથી... ગોરો વાન, ભૂરા સુંવાળા વાળ, ભૂરી નિર્દોષ આંખો, હસે ત્યારે મીઠાં ખંજન પડતાં તેના ગાલ, જોતાં જ વહાલો લાગે એવો એ કીર્તન ભણવામાંય લગભગ સારો. ક્યાંય પાછળ નહીં... હા... પહેલા પાંચમાં ન હોય પણ એવો નાપાસ પણ ન થાય... નાનો હોય અેટલે રમતમાં જરા જીવ હોય પણ મને તો તેના વર્તનમાં ક્યાંય ક્યારેય કશું જ અજુગતું લાગતું ન હતું અને જ્યારે તેનાં મમ્મી-પપ્પાએ આવો નિર્ણય લીધો હતો ત્યારે મારા મનમાં એક ઘેરો અાંચકો લાગ્યો હતો. 'આટલો મીઠડો, આટલો નાનો... કુમળો કીર્તન મમ્મી-પપ્પા વિના રહી શકશે? એકનો એક દીકરો... કેટલા લાડકોડમાં એને ઉછેર્યો છે તેમણે? હવે આમ એકાએક એને એ છોડી શકશે? અને ધારો કે એના ભવિષ્ય માટે માબાપ તો હૃદય પર પથ્થર મૂકીનેય તે છોડશે, પણ કીર્તનનું શું?... માબાપ તો એકબીજાની હૂંફને સહારે કીર્તનનો વિયોગ સહન કરી શકશે. મોટાં છે, મનને કાબૂમાં રાખી શકશે પણ કીર્તન તો સાવ નાનો છે, માત્ર દસ જ વર્ષનો, ઘરમાં પેસતાં જ 'મા'ની બૂમો પાડતો કીર્તન, ત્યાં કેવી રીતે રહી શકશે? તેની લાગણીનું શું? એક ઘેરો શૂન્યાવકાશ જાણે મારા મગજને ઘેરી વળ્યો હતો અને છતાંય એક બાપ તરીકે પોતાના જ દીકરાના ઊજળા ભાવિ માટે લીધેલા આ નિર્ણય માટે મારે કશું કહેવું જોઈએ નહીં એવી સભાનતા સાથે મેં કીર્તનને વહાલથી આશીર્વાદ આપ્યા, એના મોં પર હાસ્ય તો હતું, પણ એ હાસ્ય જાણે અંતરમાંથી ડોકાતું ન હતું એવો મનને આભાસ થયો ને છતાંય મેં મારા મનને મનાવવા પ્રયત્ન કર્યો, આ તો જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ તેવું છે... મને આઘાત લાગ્યો છે એટલે મને અાવું લાગે છે, કહી મેં મારું મન મનાવ્યું.

પણ એકેય પળ મારી સ્મૃતિમાંથી કીર્તનનું એ નિર્દોષ અને હસતું મોં ખસતું ન હતું. ક્ષણે-ક્ષણે 'મને એનું શું થતું હશે?' એવો વિચાર આવ્યા જ કરતો હતો... અને એટલે ત્રણેક દિવસ તો મેં માંડ પસાર કર્યા, પણ પછી ન રહેવાયું એટલે ચોથે દિવસ મેં તેનાં મમ્મીને ફોન કર્યો... કીર્તનના સમાચાર જાણવા... કીર્તન ત્યાં ગોઠવાઈ ગયો હોય તો મને પણ જરા સારું લાગે એ જ માટે...

'હલ્લો... કોણ? ક્રિષ્નાબહેન? શું ખબર છે કીર્તનના? સરસ ગોઠવાઈ ગયો છે ને?'

ને સામેથી ક્રિષ્નાબહેનનો અવાજ સંભળાવાને બદલે ફક્ત તેમનાં ડૂસકાં જ સંભળાવા માંડ્યાં. માંડ-માંડ એ બોલતાં હતાં: 'બહેન! શું વાત કહું? કીર્તન મારી અાંખ આગળથી જરા પણ ખસી શકતો નથી. તમે માનશો? ત્રણ દિવસથી હું નથી ખાઈ શકતી કે નથી ઊંઘી શકતી, અન્નનો એક દાણોય નહીં કે આંખનું એક મટકુંય હું મારી શકતી નથી... બહેન! મને એટલો તો પસ્તાવો થાય છે કે મેં આ શું કરી નાંખ્યું? સતત એક જ વિચાર અાવ્યા કરે છે કે હું હમણાં ને હમણાં ત્યાં જાઉં ને અેને લઈ આવું... પણ અશ્વિન મને વારે છે... આટલી બધી ફી ભરી છે... એમ કાંઈ ઓછો જ હવે પાછો લઈ અવાય છે? બહેન! તમે અશ્વિનને સમજાવો ને! હું કીર્તન વિના નહીં જીવી શકું... ભલે એની ફી બગડે... પણ મને મારો દીકરો તો મળશે.' ને ફરી પાછાં એ ખૂબ રડવા માંડ્યાં... અને હું પણ મૂંઝાઈ. એમને હું શું સાંત્વન આપું? કેવી રીતે આપું? મને પણ વિચાર આવ્યો કે જો અહીં આ મા આટલી હિજરાય છે, તો ત્યાં એ કીર્તનનું શું થતું હશે? સાવ જ નવું વાતાવરણ, નવા લોકો... એકાએક આટલું બધું પરિવર્તન! આટલું નાનું બાળક કેવી રીતે જીરવી શકશે? હૃદયના ટુકડાની જેમ આજ સુધી એનું જતન કર્યા પછી આમ એકાએક એને દૂર કરી એમણે આ શું કરી નાંખ્યું છે? સંતાનનો વિકાસ દરેક માબાપ ઇચ્છે જ, પણ વિકાસ એટલું શું? કેવો વિકાસ?

આજે ચોરકોરથી એક જ અવાજ ઊઠે છે. આજની ઊગતી પેઢીમાં શિસ્ત નથી. તેમને ભણવું ગમતું નથી. માબાપનું કહ્યું તેઓ સાંભળતા નથી... 'કોણ જાણે આજની નવી પેઢીને થયું છે શું?' એમાંય ટી.વી. અને ચેનલોએ તો જાણે હદ કરી નાખી છે. માબાપોને માટે તો જાણે લોઢાના ચણા ચાવવા જેવી વાત થઈ ગઈ છે... કરવું શું? સંતાનોને આ બધાં પ્રદૂષણથી બચાવવાં કેવી રીતે?... અને અેટલે માબાપ આવી સ્કૂલમાં બાળકને મૂકવાનો વિચાર કરે કે નિર્ણય લે એ પણ સ્વાભાવિક છે... માર્ગ જ ન સૂઝે તો શું કરે?... પણ મુશ્કેલી ત્યાં જ છે કે અાપણે વિકાસનો સાચો અર્થ સમજી શકતાં નથી. આજે ચારે બાજુથી, પરીક્ષાના માર્ક્સને જ આપણે સંતાનને માપવાની પારાશીશી માનીએ છીએ. વિજ્ઞાન હરણફાળે આગળ વધી રહ્યું છે. ટૅક્નૉલૉજી દુનિયાભરમાં કૂદકે ને ભૂસકે આગળ વધી રહી છે અને એટલે એની સાથે કદમ મિલાવી ચાલવું હશે તો સારું ભણ્યા વિના તો ચાલવાનું જ નથી એ તો હકીકત છે જ પણ ફક્ત એ ભણતરથી જ માનવ માનવ બની શકશે ખરો? આજનું શિક્ષણ માહિતીપ્રધાન શિક્ષણ બની ગયું છે, એમાં ક્યાંય જીવનનાં મૂલ્યો વિશે જ્ઞાન મળે છે ખરું? ભણતર છે, પણ ઘડતર છે ખરું? કામ કરવાની નિષ્ઠા, વડીલો પ્રત્યેનો અાદરભાવ, સત્ય, અહિંસા, નમ્રતા પ્રમાણિકતા, શિસ્ત આજના માહિતીપ્રધાન શિક્ષણમાં ક્યાંય જીવનનાં આ મૂલ્યો જણાય છે ખરાં?... આપણે તો ફક્ત પરીક્ષાના માર્ક્સથી જ તેને માપીએ છીએ, પણ એને જીવંત માનવ બનાવતાં એક્કેય પરિબળ વિશે વિચારસુધ્ધાં કરીએ છીએ ખરાં! પહેલાં બાળકને ખૂબ લાડ લડાવીએ ને પછી બાજી હાથથી વણસી જાય એટલે છેલ્લે પાટલે બેસી જઈ એને બૉર્ડિંગમાં મૂકી દઈએ... પણ એની લાગણીનું શું? એની લાગણીને મૂરઝાવી દઈને એને શું આપણે માનવ બનાવી શકવાનાં છીએ ખરાં? આપણે રૉબોટ બનાવવાં છે કે જીવંત માનવ... એ આપણે નક્કી કરવાનું છે. માણસની લાગણીને મૂરઝાવી દઈને, કચડી નાખીને અાપણે એનો

કયો વિકાસ સાધી શકીશું? ને તેમાંય એ જ્યારે કિશોરાવસ્થાને ઉંબરે પગ મૂકશે ત્યારે? ત્યારે તો તેને માબાપનાં પ્રેમ અને હૂંફની સખત જરૂર પડશે ને ત્યારે તેનાં હૃદયમાં લાગણીનાં અનેક પૂર ઊમટશે ત્યારે તેને માથે વહાલથી હાથ ફેરવવા એની પાસે નહીં હોય એની મા કે નહીં હોય એનો બાપ... ત્યારે એના હૃદયનું શું? એ ‘હાશ’ ક્યાંથી અનુભવશે? હૃદયમાં સતત અજંપો જ અનુભવતું હોય એવું બાળક વિકાસ સાધી શકે ખરું? આપણે પોતેય માનસિક રીતે અસ્વસ્થ હોઈએ છીએ ત્યારે આપણે સરખું કામ કરી શકીએ ખરાં?... તો પછી આ તો બાળક છે! એની સંવેદનાઓને રૂંધી નાખવાનો અ઼ાપણને શો અધિકાર છે?

‘બહેન! લાગણી લાગણી શું કરો છો? મારા બાપે હું પાંચ વર્ષની હતી, ત્યારે મને હૉસ્ટેલમાં ભણવા મૂકી દીધી હતી... મારો બાપ મરી ગયો હતો, ત્યારે હું તેનું મોં જોવા પણ નહોતી ગઈ... લાગણીની વાતો તો બધી પોકળ છે’ એ પ્રોફેસર બહેનના શબ્દો હજી મને કાને અથડાય છે ને ત્યારે મને થાય છે – ક્યાંક અશ્વિનભાઈએ એમના જ પગ પર તો કુહાડો નથી માર્યો ને?

*

આદર્શ મા-બાપ બનવાની કેળવણી કેમ નથી અપાતી?

'બહેન! મારો ચિરાગ ધોરણ ત્રણમાં ભણે છે એ નાસ્તાનો ડબ્બો લાવવો ભૂલી ગયો છે. તેને આ પેકેટ આપી દેવડાવશો?' અને એમ કહેતાં એ બહેને એક પ્લાસ્ટિકની થેલી મારા હાથમાં મૂકી. એમાં છાપાનાં પડીકામાં કંઈક હતું. મારા હાથમાં જ આવતાં મને એમાં કંઈક ગરમ-ગરમ હોય તેવું લાગ્યું, અને હજી હું જોવાનો પ્રયત્ન કરું છું ત્યાં તો અંદરથી દાળવડાંની સુગંધ આવી. હું આશ્ચર્ય પામી ગઈ... એક બાજુ અમે બાળકોને બજારુ વસ્તુઓ નહીં ખાવા માટે સતત સમજાવ્યા કરીએ છીએ ત્યારે બીજી બાજુ આ મા પોતે જ ઝાંપે ઊભેલી લારીમાંથી દાળવડાં લઈને છોકરા માટે આપી જાય છે! આ તે કેવી મા? આ મા બાળકનું ઘડતર કેવી રીતે કરી શકે?

મારા મનમાં દ્વિધા થઈ... બાળકને એ નાસ્તો આપવો કે નહીં? મા તો પેકેટ આપીને ચાલી ગઈ હતી એટલે એને તો હવે શું કહી શકાય? અને જો ચિરાગને એ પેકેટ ન પહોંચાડું તો એ બિચારો રિસેસમાં ભૂખ્યો રહે... જો તેને આ પેકેટ પહોંચાડું તો બજારુ વસ્તુ ન ખવાય એવો અમારો એ શિક્ષણ માટેનો આગ્રહ એળે જાય, ને બાળક બજારુ વસ્તુઓ ખાવા પ્રેરાય છે... અમે પ્રયત્નપૂર્વક બજારુ અને ગંદી વસ્તુ માટે મનમાં અણગમો ઊભો કરવા સખત પ્રયત્ન કરીએ છીએ, કારણ તે આરોગ્યને નુકસાન કરે છે અને એટલે જ મારાથી આ સહન ન થઈ શક્યું અને મેં ચિરાગને વર્ગમાંથી બોલાવ્યો ને તેની પાસેથી તેના ઘરનો ફોન નંબર લીધો. તેની મમ્મીને ફોન કર્યો.

'બહેન! તમે હમણાં ચિરાગ માટે નાસ્તો આપી ગયાં, પણ માફ કરજો એ નાસ્તો હું ચિરાગને નહીં આપું... છોકરાંઓને બજારુ ચીજો ખાવા માટે અમે પ્રોત્સાહિત કરતાં નથી. તમને આની જાણ એટલા માટે કરું છું કે તમારે તે માટે બીજી કોઈ વ્યવસ્થા ગોઠવવી હોય તો ગોઠવી શકો.'

અને ચિરાગનાં મમ્મીએ બચાવની દલીલો શરૂ કરી દીધી: 'બહેન! મારે આજે સવારે મહેમાન જમવા આવ્યા હતા એટલે રસ-રોટલી મગની દાળ બધું જ બનાવ્યું હતું, એટલે મેં તો ચિરાગને સ્કૂલે લઈ જવા રોટલી અને મગની દાળ જ આપ્યાં હતાં. હું તો એને તળેલા નાસ્તા આપતી જ નથી પણ એ ડબ્બો ભૂલી ગયો... મહેમાન ગયા પછી મેં જોયું તો ડબ્બો ત્યાં જ રહી ગયો હતો અને એટલે હું જલદી તૈયાર થઈને ડબ્બો આપવા આવવા માટે નીકળી, પણ બહેન! ઉતાવળમાં હું ડબ્બો જ ઘેર ભૂલી ગઈ, સ્કૂલનાં ઝાંપા સુધી આવી ત્યારે ડબ્બો યાદ આવ્યો, પછી ફરી ક્યાં ડબ્બો પાછો લેવા જાઉં? અને એટલે ત્યાંથી લારીમાંથી એ દાળવડાં લઈ મેં આપી દીધાં, ચિરાગને આ દાળવડાં બહુ જ ભાવે છે.' અને મારે એમને કહેવું પડ્યું, 'બહેન! એ ગમે તે હોય... હું એ નાસ્તો ચિરાગને નહીં જ આપું...' આમેય ચિરાગને મેં ઑફિસમાં બોલાવ્યો ત્યારે જ જોયું કે તેનું વજન ઉંમરના પ્રમાણમાં ઘણું વધારે છે ને એટલે દાળવડાં એક તો બજારુ, બીજું તળેલો નાસ્તો, આમેય બાળકો નાનાં હોય ત્યારથી જ તેમને તંદુરસ્તી જળવાય અને પૌષ્ટિક હોય તેવા ખોરાકની સમજ આપી તે માટે જાગૃતિ કેળવવી તે જરૂરી છે જ અને એટલે ચિરાગને અને એની મમ્મીને એ પાઠ મળે તે કારણસર પણ મને તેની મમ્મીને બીજો ધક્કો ખવડાવવો એ ઉચિત લાગ્યું.'

બાળકને તો આ બધી જાગૃતિ માટે સતત અમે કહ્યા જ કરીએ છીએ, પણ એનો પૂરો અર્થ ક્યારે સરે? જો માબાપ તરફથી પણ એટલી જ જાગૃતિ સેવાય તો... આજે માબાપ એટલાં સજાગ છે ખરાં!... સોમવારની સ્કૂલ શરૂ થાય ને છોકરાંઓની પેટમાં દુખવાની ફરિયાદો શરૂ થાય. દરેક વર્ગમાંથી ખાસ્સાં છોકરાંઓ પેટમાં દુખવાની ફરિયાદ લઈ ફોન

કરાવવા મારી ઑફિસમાં આવતાં હોય છે, ને મને અાશ્ચર્ય થાય કે, ‘સોમવારે જ કેમ પેટમાં વધુ દુખે છે?’ બાળકને હું પૂછું, ‘કાલે શું ખાધું હતું? ક્યાં ખાધું હતું?’ તો મોટા ભાગનાં બાળકોનો જવાબ હોય ‘બહેન! અમે કાલે જમવા હોટલમાં ગયા હતા.’ રવિવાર હોય એટલે સાંજે રસોડાની રજા એવી એક હવા આજે પ્રવર્તે છે. અઠવાડિયામાં બધા જ દિવસો રસોડાની મહેનત કર્યા પછી ગૃહિણીઓને પણ કંઈક મોકળાશ જોઈએ. છુટ્ટીની ઇચ્છા થાય એ સમજી શકાય એવી હકકીત છે અને અેટલે રવિવારે સાંજે બહાર જમવાથી રિલેક્સેશન પણ મળે, કુટુંબના સભ્યો શાંતિથી સૌ સાથે બેસી શકે, પણ એની સાથે આરોગ્ય અને તંદુરસ્તી પણ એટલાં જ મહત્ત્વનાં નથી?

આજે બહાર મળતા એ ખોરાકમાં સ્વચ્છતા કેટલી? પૌષ્ટિક તત્ત્વની વાત તો જાણે બાજુ પર મૂકીએ, કારણ કે કમાવા પાછળ જ ડોળો રાખી ધંધો માંડી બેઠેલા એ માણસોને મન એની પૌષ્ટિકતાને બદલે એમાંથી કેટલું બધું કમાઈ શકાય છે તે જ મહત્ત્વનું હોય છે, પણ એની બનાવટ પાછળ ચોખ્ખાઈ કે અારોગ્ય માટે પણ રજમાત્ર ધ્યાન રખાય છે ખરું? દાળવડાંની દાળને પલાળવા માટે વપરાતું પાણી અને અેને બાંધી રાખવામાં આવતી જગ્યા એની વિગતો સાંભળતાં તો ધ્રૂજી ઉઠાય. શું માનવના જીવન સાથે અાવાં ચેડાં? આ કેમ ચલાવી લેવાય? પાણીપૂરીના પાણીમાં સ્વચ્છતાનું પ્રમાણ કેટલું? ચામાં ઉમેરાતાં પોષનાં ડોડાં... કે જેથી માણસને તેની અાદત પડી જાય તે પછી રોજ જ એ પીધા સિવાય ચેન પડે નહીં... એવી જ રીતે ગાંઠિયાની ચટણીમાં માદક દ્રવ્ય કે જેથી માણસ અેક વાર એનો સ્વાદ ચાખે પછી તેના પગ તે તરફ જ દોડે... લારી ઉપર વેચાતી ચામાં પણ આવી જ નશાયુક્ત ભેળસેળ... માણસના કીમતી... અરે! અમૂલ્ય જીવન સાથે કેટકેટલાં ચેડાં થાય છે? ને તે માટે સરકાર તો કશું નથી જ કરી શકતી પણ આપણેય તે માટે જાગૃતિ સેવતાં નથી... એ પણ કેટલી મોટી કમનસીબી છે! એટલું જ નહીં પણ હોંશે-હોંશે બાળકોને એ તરફ વાળીએ છીએ... એણે તો અેની તબિયત જાતે જ સાચવતાં શીખવાનું છે. પૌષ્ટિક, આરોગ્યપ્રદ અને ચોખ્ખા ખોરાક તરફ તેને જાગ્રત બનાવવાને બદલે અેવો કચરો પેટમાં ઠાલવવા આપણે જ એમને પ્રોત્સાહિત કરીએ છીએ, એમના આરોગ્યને જાણીબૂજીને હોડમાં મૂકીએ છીએ... ને બહારનું ખાવા પ્રેરીએ છીએ. આજની ઊગતી પેઢીનાં ઘડતરનું શું? રવિવારે સાંજ એકાદ ઓછી મહેનતવાળી હળવી વસ્તુ બનાવી કુટુંબના સૌ સભ્યો સાથે બેસી જમીએ એની મજા જ કંઈ અનેરી નથી? હોટલમાં લાંબી લાઈનમાં બહાર ઊભા રહેવાનું. પૈસા ખર્ચીને પણ જાણે ભીખ માગતાં હોઈએ એ રીતે ખાવાનું મેળવવાનું કે પછી ફાસ્ટ ફૂડ, ભલે જીભને મીઠું લાગે પણ આરોગ્યનો વિચાર નહીં જ કરવાનો... આ બધું નવું કલ્ચર આજની ઊછરતી પેઢી પર બહુ જ વિપરીત અસર કરે છે... ને તે તેમના ભાવિ માટે ખૂબ જોખમકારક છે.

સ્કૂલ છૂટે અેટલે બાજુમાં જ આવેલા આઇસક્રીમ પાર્લર પર રોજ જ પચીસ ત્રીસ છોકરાંઓનું ટોળું અચૂક હોય જ. પહેલાં તો છોકરાનાં હાથમાં પૈસા જ ન અાપતા. આજે પૈસાની છૂટ ખૂબ વધી ગઈ છે, સમજ ન હોય એવા નાનાં ધોરણોનાં બાળકો પાસેય દસ-વીસ રૂપિયા જેવી રકમ તો જોવા મળે જ અને અેટલે એ બાળક ગમે તેવી લારીઓમાંથી, આવી દુકાનોમાંથી ગમે તેવી ચીજો લેવા પ્રેરાય. તેને શું સારું ને શું નરસું તેવી સમજ માબાપે અાપી જ ક્યાં હોય છે? અરે! એવી સમજ બાળકને આપવા માટે અાજનાં માબાપોમાં જાગૃતિ છે ખરી? ને પરિણામે એ બાળકો તેમની જ તંદુરસ્તીને, તેમના જ આરોગ્યને તેમની જાતે બરબાદી તરફ ઘસડે છે, આ બધું જોઉં છું, ત્યારે મને ક્યારેક થઈ જાય છે કે બાળકોને શાળામાં શિક્ષણ આપીએ ત્યારે સાથે સાથે તેમનું ઘડતર થાય તેનો અમે સતત પ્રયત્ન કરીએ જ છીએ, પણ જ્યાં સુધી આ માબાપોમાં આ સમજ નહીં કેળવાય ત્યાં સુધી અમારા એ પ્રયત્નોનું ધાર્યું

પરિણામ ક્યાંથી આવી શકે! અને એટલે જ હવે માબાપને માટેની કેળવણી, આદર્શ માબાપ થતાં શીખવાનું શિક્ષણ – અે પણ આજના જમાનાની એક તાતી જરૂરિયાત બની ગઈ છે. ફક્ત હરવું-ફરવું ને મજા કરવી, ધ્યેય વિના કે અાદર્શ વિનાનું જીવન જીવવાથી માનવ-માનવ કેવી રીતે બની શકે? સાધના વિના ક્યારેય સિદ્ધિ શક્ય બને ખરી?

*

બાળકો મહેનતથી દૂર કેમ ભાગે છે?

'અરે નીરવ! કેમ રડે છે દીકરા? શું થયું?'

'બહેન મારી નોટો ખોવાઈ ગઈ.'

'અરે! નોટો તે કંઈ ખોવાતી હશે? તું બરાબર જો.. ક્યાંક આઘીપાછી મુકાઈ ગઈ હશે...'

'ના બહેન! મેં બધે જ જોયું... હું રિસેસમાં પાણી પીવા ગયો હતો. મને બરાબર યાદ છે ને પાછો અાવ્યો ત્યારે ગણિત-વિજ્ઞાનની નોટ જ ન હતી... બહેન! હવે હું શું કરીશ? પરીક્ષાના તો કેટલા ઓછા દિવસ રહ્યા છે! હજી ચાર દિવસ પહેલાં મારી ગુજરાતીની નોટ જતી રહી હતી તે મેં રાતે-રાતે મોડે સુધી બેસી માંડ નવી બનાવી. અા નોટો ગઈ... હવે હું કેવી રીતે ભણીશ?...' ને એમ કહેતાં કહેતાંમાં તો તે ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો.

આખાય વર્ગમાં બધાં જ છોકરાંઓને પૂછ્યું. અરે! બધા જ વિદ્યાર્થીઓનાં દફતર પણ તપાસ્યાં પણ ક્યાંય નોટ ન મળી... છોકરાઓને શાળા છૂટ્યા પછી અડધો કલાક રોકી ખાસ વાત કરી કે 'આ ખૂબ ખોટું થયું છે... જે વિદ્યાર્થીએ લીધી હોય તે અાપી દે... તેને શિક્ષા કરવામાં નહીં આવે...' પણ કોઈ જ મગનું નામ મરી ના પાડે... ને આખરે નાછૂટકે બધાંને જવા દેવાં પડ્યાં અને નીરવ આટલો હોશિયાર છોકરો... આખું વર્ષ ખૂબ મહેનત કરી હોય... સારામાં સારી નોટો બનાવી હોય અને સારા પરિણામનો મદાર બાંધ્યો હોય તે બધો જ ઘડીક વારમાં તૂટી પડે. એની કર્તવ્યનિષ્ઠાનેય કેટલો મોટો અાઘાત પહોંચે!

આજે ચારે બાજુથી અવાજ ઊઠવા માંડ્યો છે કે અાજનું શિક્ષણ ફક્ત માહિતીપ્રધાન બની ગયું છે... તે માણસને ઘણીબધી માહિતી અાપે છે, પણ તેનાથી, તેના જીવનનું ઘડતર જરા પણ થતું નથી... નૈતિક મૂલ્યો, જ્યાં સુધી જીવનમાં ઊતરે નહીં, ત્યાં સુધી માનવ માનવની જેમ જીવી કેવી રીતે શકે? શિક્ષણ માનવને જીવંત માનવ બનાવવા માટે છે... એ ફક્ત માહિતી જ અાપે ને જીવન જીવવાની કલા જો ન શીખવી શકે તો એ શિક્ષણનો કશો અર્થ સરે ખરો? આજનાં શિક્ષણમાં આ બહુ મોટી ઊણપ વરતાય છે. બીજાની વસ્તુ આમ લેવાય જ કેવી રીતે? મેં મહેનત ન કરી હોય તો એનું ફળ ભોગવવાનો મને અધિકાર જ ક્યાંથી હોઈ શકે? અનધિકૃત રીતે હું કોઈ પણ વસ્તુનો કે કોઈની પણ મહેનતો લાભ જ કેવી રીતે લઈ શકું? આપણા સંતાનોને આપણે નાની ઉંમરથી આ શીખવીએ છીએ ખરાં?

અરે! હમણાં જ અર્ચિત આવ્યો... 'બહેન! પેલા ચિરાગે મારું એસાઈનમેન્ટ ચોરી લીધું હતું. એ તો સારું થયું... મેં પકડી પાડ્યું ને પાછું લઈ લીધું, નહીં તો હું એ ક્યાંથી મેળવત? તમે ચિરાગને બોલાવીને કહો...' અને મેં ચિરાગનાં મમ્મીને મળવા બોલાવ્યાં.

'બહેન! ચિરાગે અર્ચિતનું એસાઈનમેન્ટ કહ્યા વિના લઈ લીધું તે બરાબર ન કહેવાય... એણે કહ્યું હોત ને પૂછી લીધું હોત તો! તેણે અર્ચિત પાસે માગવું જોઈતું હતું.'

ત્યાં તો ચિરાગનાં મમ્મીએ એક વકીલની અદાથી તેનો બચાવ શરૂ કરી દીધો... 'હા... ગઈ કાલે સાંજે એણે મારી પાસે પૈસા માગ્યા હતા. મને કહ્યું કે, 'મારે અેસાઈનમેન્ટ ખરીદવાનાં છે.' મૈં પૈસા આપ્યા ને તરત તે ક્યાંક બહાર ગયો, બહેન છોકરાં મોટાં થાય ને ક્યાં જાય ને શું કરે તે રજેરજ અોછી જ તપાસ કરાય છે! એટલું બધું તો ક્યાંકથી ધ્યાન રખાય? અને અેણે એ એસાઈનમેન્ટની ઝેરોક્ષ કરાવી તો એમાં શું ખોટું કર્યું છે?... જે કર્યું છે તે ભણવા માટે જ કર્યું છે ને... સારા માટે જ કર્યું છે ને?... એમાં એણે શું ખોટું કર્યું છે?'

અને મને આશ્ચર્ય થયું... આ માને મારે છોકરામાં નૈતિક મૂલ્યોના ઘડતર માટે શું સમજાવવું? એ પોતે જ એના વિશે સમજ ધરાવતા નથી, તો તેમના સંતાનને તો તે શું શીખવી

શકવાના? માબાપ બનવું કંઈ સહેલું નથી... અરે! સારાં માબાપ નીવડવું એ કઈ સહેલું નથી... માબાપ બનીએ એ જ પળથી બાળકમાં અાપણી વાણી, આપણું વર્તન, આપણા વિચારો ક્યાં, કેવી અસરો કરશે તેનો સતત વિચાર કરવો જ પડે છે... અનધિકૃત રીતે માબાપને કોઈ પણ વસ્તુ વાપરતાં બાળકો જુઓ એટલે એ બાળકમાં પણ એ ટેવ આવવાની જ... 'એમાં શું? આપણે જરૂર હોય તો કોઈની વસ્તુ લેવાય... એમાં કહેવાની શી જરૂર? પછી તો હું ચૂપચાપ એ પાછું જ મૂકી દેવાનો છું ને? એ કઈ ઓછી જ ચોરી કહેવાય...!' બાળક મનોમન તર્ક કરે છે ને તેના પોતાના મનને છેતરતાં શીખે છે... બીજાને છેતરવાની વાત તો પછી આવે છે... ને આવે પ્રસંગે જો મા જ તેના બાળકની ભૂલ કે મર્યાદા સમજવા અને સ્વીકારવાના બદલે તેનો બચાવ કરે છે, તો અે બાળક એની ભૂલ છે તેમ સમજી શકતું જ નથી ને વારંવાર તેજ રીતે વર્તે છે... માબાપની અણસમજ બાળકના વિકાસમાં કેવી અવરોધ બની ઊભી રહી જાય છે!

અરે! હમણાં જ એપ્ટિટ્યુડ ટેસ્ટ લીધા... એની બે પ્રશ્નપુસ્તિકાઓ પણ વર્ગમાંથી ગુમ થઈ... વર્ગમાં વિદ્યાર્થીઓ કે શિક્ષક સિવાય તો કોઈ જ હતું નહીં... એ ક્યાં જાય? એ પુસ્તિકાઓ કોઈનાંય હાથમાં જવી ન જ જોઈએ ને છતાંય ઘણી મથામણ છતાં તે ન જ મળી.

આવા તો રાજેરોજ પ્રસંગો બને છે ને ત્યારે નવી પેઢીના ભાવિ માટે, ઘડતર માટે અેક ઘેરી ચિંતા ઘેરી વળે છે. અરે! હમણાં જ છઠ્ઠા ધોરણમાં વિદ્યાર્થી પરીક્ષામાં ચોરી કરતાં પકડાયો. જવાબો કાપલીઓ પર લખીને લઈ અાવ્યો હતો... માર્ક્સ પાછળની ઘેલછાએ કેટકેટલા દૂષણો સર્જ્યા છે! નોટો ચોરાય, એસાઈનમેન્ટ ખોવાય, કાપલીઓ લવાય... 'યેન કેન પ્રકારેણ' માર્ક્સ વધારે અાવવા જોઈએ... આપણને એને માટે અધિકાર છે કે નહીં તે પ્રશ્ન કોઈ જ તેના અંતરાત્માને પૂછે છે ખરાં? જીવનમાં એ મૂલ્યો તો જાણે 'સાપ ગયા ને લિસોટા રહ્યા'ની જેમ ધરમૂળથી ભૂંસાવા માંડ્યા છે. દરેક માબાપને તેના સંતાનને રાતોરાત હોશિયાર બનાવી દેવું છે... આખું વર્ષ એણે શું કર્યું, કેટલું કામ કર્યું... અરે! બરાબર રોજરોજ ભણે છે કે નહીં તે જોવાનો સમય છે ખરો? પણ પરીક્ષામાં તો સારા માર્ક્સ આવવા જ જોઈએ. નહીં તો બહાર મોઢું શું બતાવવું? પ્રતિષ્ઠાને ધોકો ન પહોંચે! અને અેટલે પછી અાવા રસ્તા બાળક અપનાવે ત્યારે આંખ અાડા કાન કરવા પડે છે. એ વખતે માબાપનેય ખ્યાલ તો અાવે છે કે 'આ ખોટું થયું છે.' પણ પરિણામલક્ષી જ અભિગમ ને માર્ક્સ તરફ જ ડોળો, આ બધાંને બાજુ પર મૂકી દે છે. ને ઉપરથી બાળકની પ્રતિષ્ઠા ન બગડે તે માટે તેની વહારે ધાય છે, તેની મર્યાદા સ્વીકારવાને બદલે તેનો બચાવ કરે છે. અરે! ક્યારેક તો માને અેવું પણ કહેતી સાંભળું છું 'ભણવાનુંય કેટલું વધી ગયું છે? છોકરાં બિચારા કરે શું?' આપણે તેમને કર્તવ્યનિષ્ઠા કેમ કરી શીખવી શકવાના?

એસ.એસ.સી.માં આવે અેટલે સલાહ આપીએ છીએ, બેટા! સંગીત લઈ લે, પી.ટી. લઈ લે... એટલે એટલું ભણવાનું ભારણ તો ઓછું... દસમામાં માર્ક્સનું મહત્ત્વ ખરું પણ જેણે ક્યારેય 'સા' ગાયો નથી, જે નાકા સુધી ચાલતો જતો નથી તે સંગીત કે પી.ટી. કેવી રીતે કરી શકે? ને છતાંય તે એ વિષયો લે છે... ને માર્ક્સ મેળવી... ઇડરિયો ગઢ જીત્યા જેટલો અાનંદ માણે છે... જ્યારે નવું-નવું શીખવાના, ગ્રહણ કરવાના દિવસો હોય તે માટે શક્તિ હોય ત્યારે જ તેને કામચોરી શીખવી... મહેનતથી દૂર ભાગવાનું માર્ગદર્શન આપી અાપણે માબાપ પોતે જ સંતાનોને પ્રગતિને બદલે અધોગતિને માર્ગે દોરીએ છીએ. સૌ પ્રથમ તો અાપણે જ આપણા અંતરાત્માને પૂછવાનું છે...

'મને અા ફળનો અધિકાર છે ખરો!' અરે! આપણા બાળક માટે આપણે જ આપણું જીવન અાદર્શ રીતે જીવવાનો ભેખ લેવાની આપણી તૈયારી છે ખરી?... આપણે જ ખુદ

આપણા અંતરાત્માના અવાજને ઓળખતાં જ શીખ્યાં નથી, તો સંતાનને તો અ ે માટે શું શીખવી શકવાનાં છીએ? સાધના વિના સિદ્ધિ શક્ય જ કેવી રીતે બને! માણસ છે એટલે ભૂલ તો થાય પણ એ ભૂલને ભૂલ તરીકે સ્વીકારીએ જ નહીં તો જીવનમાં સુધરવાની શક્યતા જ ક્યાંથી રહે? પરીક્ષાનાં માર્ક્સ કરતાંય જીવનમાં નૈતિક મૂલ્યો, કર્તવ્યનિષ્ઠા વધુ મહત્ત્વનાં છે. એ જ આપણાં સંતાનોને જીવંત જીવન બક્ષશે. કોઈ પણ સિદ્ધિ મેળવતાં પહેલાં એને માટે મને અધિકાર છે ખરો? અ ે પ્રશ્ન કોઈ બીજા આપણને પૂછે તેને બદલે આપણા અંતરાત્માએ જ આપણને પૂછવાનો છે. અ ાપણાં સંતોનોને એમના અંતરાત્માનો અ ા અવાજ સાંભળતાં અ ાપણે કયારે શીખવીશું?

*

સંજનાને સ્કૂલમાં કેમ નથી ગમતું?

'મમ્મી, મને પેટમાં બહુ દુખે છે... મારે સ્કૂલે નથી જવું...' નમને કહ્યું ને મને ખૂબ નવાઈ લાગી. હમણાં જ તો નિરાંતે બે રોટલી ને ભાત ખાધાં ને આમ એકાએક કેમ પેટમાં દુખવા લાગ્યું? આજે તો ઇન્સ્પેક્શન છે. સ્કૂલના ટીચરે ખાસ કહ્યું હતું કે 'બધાં બરાબર તૈયાર થઈને આવજો.' ને સ્કૂલે ન મોકલું તો કેમ ચાલે?... ને એટલે મેં તેને દવા ને ફાકી આપી ને કહ્યું: 'આ દવા આપી છે એટલે મટી જશે...' ને એનેય સાચું લાગ્યું હોય કે ગમે તેમ પણ એ પછી કશાય વિરોધ વિના સ્કૂલમાં ગયો તો ખરો... મને લાગ્યું કે કદાચ કાલે સ્મૃતિને પેટમાં દુખતું હતું તેથી ઘેર રાખી હતી, એ જોઈ તેને આજે ઘેર રહેવાનું મન થયું હશે...

છોકરાંઓને ઘેર રહેવું કેમ બહુ ગમે છે? એમને સ્કૂલે જવું કેમ નહીં ગમતું હોય? અર્ચન તો રોજ જમવા બેસે, ત્યારથી તેના ભાઈબંધોની અવનવી વાતો કરવા મંડી પડે... 'આજે અમલને કોણ હરાવવાનું છે? આજે પ્રણવ સાથે બૉલ કોણ કોણ રમવાનું છે?' ને આ બધી વાતો થાય પછી જ અર્ચનને સ્કૂલમાં જવાનું મન થાય. તો રાહુલને તો રોજ જ મમ્મીએ કહેવું પડે... 'બેટા! આટલું પેટમાં દુખે એમાં ઘેર ન રહેવાય.. તું અત્યારે સ્કૂલે જા. ને જો પછી બહુ જ દુખે તો મને ફોન કરજે, હું તને લેવા આવીશ...' ને તમે માનશો? રાહુલ લગભગ અઠવાડિયામાં બે દિવસ તો ઘેર જવા માટે ફોન કરાવવા આવે જ, ઘેરથી જ એવી માનસિક તૈયારી સાથે આવ્યો હોય ને! ને એ મમ્મી પણ શું કરે? સવારના પહોરમાં ઘરનું કામ હોય ને નોકરીએ પહોંચવાની ઉતાવળ હોય... રાહુલને સ્કૂલમાં ગમે તે માટે શાંતિથી સમજાવવા જેટલો સમય પણ તે ક્યાંથી ફાળવી શકે? જમાડે તો માંડ-માંડ... ત્યાં એ બધું તેમને ક્યાંથી ફાવે? ને આખરે રાહુલ અધવચ્ચે ઘેર જાય ત્યારે જ જંપે... ને ઘેર જાય, પછી નિરાંતે રમવા માંડે...

મોટા ભાગનાં વહેલાં ઘેર જતાં બાળકોનાં મમ્મીની આ જ ફરિયાદ હોય છે કે 'બહેન! અહીં ફરિયાદ કરે છે, પણ પછી ઘેર જઈને તો એવો રમે છે... પગ વાળીને બેસતો પણ નથી... હજી તો સ્કૂલ ચાલુ થયાંને માંડ અડધો કલાક થયો હોય, ત્યાં આવા ફોન કરવા માટે બાળકો આવવા માંડે... કોઈને પેટમાં દુખે, કોઈને માથું દુખે, કોઈને કાનમાં દુખે, કોઈને ઊલટી થાય... પંદર છોકરામાંથી માંડ ચારેક છોકરાને જ સાચી ફરિયાદ હોય... ક્યારેક તો અકળામણ થાય કે 'છોકરું માંદું હોય તો મમ્મી મોકલતાં શું કામ હશે? ફોન ન ચાલતો હોય તો છોકરાં હેરાન ન થાય?' પણ તેને લેવા મમ્મી આવે ત્યારે જ ખબર પડે કે ઘેર કશું જ ન હતું. આ બધું એકાએક શરૂ થયું હોય... તાવનું કહે તો શરીરેય ગરમ લાગે... પેટ કે માથું દુખવાની વાત કરે એટલે તો માની જ લેવું પડે... ને ન માનીએ ને ક્યારેક સાચું જ નીકળે તો! અને આમેય એક વાર બાળક માનસિક રીતે નક્કી કરે કે 'આજે ઘેર જવું જ છે' પછી એ સ્કૂલમાં ઠરે ખરું?

સંજના નાની હતી, ત્યારથી જ ખૂબ ડાહી ને કહ્યાગરી પણ તેને સ્કૂલમાં જરાય ગોઠે નહીં... રોજ પાર વિનાનું રડે... ને ઘેર પાછી આવે ત્યારે જ જંપે... બહુ મોટી તકલીફ હતી... પણ સ્મિતાબહેને સ્કૂલમાં જઈને તપાસ કરતાં ખબર પડી કે તેના સ્કૂલમાં બેન હમણાં જ નવા-નવા આવ્યાં છે, આવાં નાનાં બાળકો સાથે પ્રેમથી કેમ વર્તવું તેનોય તેમને અનુભવ નથી. ભણી હોય એટલે ડિગ્રી હોય... પણ બાળક સાથે પાનું પાડતાંય આવડવું તો જોઈએ ને? બાળક તો શિક્ષકની આંખમાંથી નીતરતો પ્રેમ ઝંખે છે... શિક્ષકના હૃદયમાં એ પ્રેમ જાગે તો તે આંખમાં દેખાય ને? તેને માટે તો બાળક માટે અંદરથી ઉમળકો આવવો જરૂરી છે... પ્રેમ એ તો બાળક માટે પ્રાણવાયુ છે, તેને સ્નેહ ને સ્વીકાર્યતાની જ ઝંખના હોય છે.... ને તે ન મળે તો બાળક

ખોવાયું-ખોવાયું રહે છે, 'તેનું જાણે કોઈ નથી' એવી લાગણી તેને થયાં કરે છે ને તેથી તેને સ્કૂલમાં ગમતું નથી. સંજનાનો વર્ગ બદલાવ્યો ને પ્રેમાળ હંસાબહેનના વર્ગમાં જતાં જ તેનું સરસ ઠેકાણું પડી ગયું.

પૂજાનાં મમ્મી-પપ્પાને વારંવાર ઝઘડો થાય છે. પપ્પા ખૂબ હોશિયાર છે ને ઑફિસની ઘણીબધી જવાબદારી તેમના માથે હોય છે અને એટલે વ્યવસાયનું ટૅન્શન ઘર સુધી અાવી જાય છે ને તેથી ઘરમાં પણ વાતાવરણ તંગ રહે છે. પૂજાના મગજ પર તેની ખૂબ અસર થાય છે ને તેને કારણે તે સ્કૂલમાં સેટ થઈ શકતી નથી. આશમાનાં મમ્મી ને પપ્પા બન્ને નોકરી કરે છે ને છતાંય આર્થિક સંકડામણની વાત વારંવાર આશમાના દેખતાં જ ચર્ચાય છે, આશમાને એવી તો અસલામતી લાગે છે. 'આપણે ગરીબ થઈ જઈશું તો? કાલે ખાવા નહીં મળે તો? હું શું પહેરીશ?' નાદાન ને નિર્દોષ માનસ આ ટૅન્શન સહન કરી શકતું નથી ને તેથી તે ઘરમાં ને સ્કૂલમાં સતત અસ્વસ્થ રહે છે. જીવનમાં હરેકને કંઈ ને કઈ સમસ્યા તો હોય જ, 'સુખી માણસનું પહેરણ તો ક્યાંય શોધ્યું ન જ જડે' પણ છતાંય દરેક સમસ્યાનો ઉકેલ શક્ય હોય છે જ, માબાપે તેનો વિચાર કરી ઉકેલ લાવવાનો હોય, બાળકના દેખતાં તેની ચર્ચા કરવાની ન હોય. બાળકમાં તેને કારણે અસલામતીની લાગણી જાગે છે ને પરિણામે તે સ્કૂલમાં સ્થિર થઈ શકતું નથી. બાળક ચિંતામુક્ત હોવું જોઈએ. પ્રિયાંગીના પપ્પા એક દિવસ ગુસ્સે થઈ ગયા ને પ્રિયાંગીની હાજરીમાં જ મમ્મીને લપડાક ચોડી દીધી! બીજે જ દિવસથી પ્રિયાંગી સ્કૂલમાં ખૂબ રડવા માંડી. આશ્ચર્ય થયું... 'આમ એકાએક શું થયું?' ઘણી તપાસને અંતે સમજાયું કે તેના મગજમાં ભય સવાર થઈ ગયો હતો કે 'હું સ્કૂલમાં હોઉ ને ઘેર મમ્મી અેકલી હશે તો પપ્પા તેને મારશે' બાળકોનાં નાનાં કુમળાં મગજ કેવાં નાજુક હોય છે! એમને ખીલવા પાંગરવાના દિવસો હોય તયારે માબાપ તેમની લાગણી પર ઘડી બે ઘડી કાબૂ ગુમાવે તેમાંથીય ક્યારેય કેવા અનર્થો સર્જાય છે! બાળકને સ્કૂલમાં મોકલતાં પહેલાં તેને ચિંતામુક્ત કરીને પછી જ મોકલવું જોઈએ નહીં તો તે સ્કૂલમાં સ્થિરતાથી બેસી પણ નહીં શકે ને ભણી પણ નહીં શકે કે પ્રવૃત્તિ પણ નહીં કરી શકે. અરે! મિત્રો સાથે હળીમળી પણ નહીં શકે કે રમી પણ નહીં શકે. બાળક તો ખૂબ સંવેદનશીલ હોય છે. યાદ રાખીને ગમે તેટલી ઉતાવળ હોય તોપણ રોજ જ બાળકને હોંશથી ને વહાલથી 'આવજો' કહી તેને હૈયાધારણ આપો કે, 'તમને જરૂર પડશે તો હું દસ મિનિટમાં ગમે ત્યાં હોઈશ તોપણ તને લેવા આવીશ' ને તો જ તે ચિંતામુક્ત બની હસતું રમતું સ્કૂલમાં આવી શકશે. બાળકનાં હૃદયને 'હાશ'ના અહેસાસની ખૂબ જ જરૂર હોય છે.

મહર્ષિ છઠ્ઠા ધોરણમાં ભણે છે. આટલાં વર્ષો થયાં, એ હજી સ્કૂલમાં સેટ નથી થઈ શકતો, તેની રોજ જ ફરિયાદ આવે છે. એનાં મમ્મી જ્યારે અાવે કે બોલાવીએ ત્યારે રડી પડે કે 'એને હું રોજ જ સ્કૂલે આવે ત્યારે કહું છું કે 'તારી ફરિયાદ આવવી ન જોઈએ' બહેન! એને હું રોજ ટોકું છું, હવે શું કરું તે જ સમજ નથી પડતી.' મહર્ષિનાં મમ્મીની આ વધુ પડતી રોકટોકને કારણે મહર્ષિમાં આત્મવિશ્વાસ જ નથી રહ્યો. 'હું સારો નથી, તોફાની છું, ખરાબ જ છું' એવું તેના મગજમાં સ્થાપિત થઈ ચૂક્યું છે... 'આત્મવિશ્વાસ વિના માણસ સારો થવા ઇચ્છે તોપણ સારો કેવી રીતે બની શકે?' બહુ સમજવા ને વિચારવા જેવી વાત છે.

બાળકને શિક્ષકમાં વિશ્વાસ ઊભો કરવો પડે છે. 'અચ્યુત... જયશ્રીબહેનને નમસ્તે તો કરો બેટા! જયશ્રીબહેન તો તમને ખૂબ વહાલ કરે છે.' અેટલે અચ્યુતને મનમાં વિશ્વાસ બેસે છે કે 'મને કંઈ પણ મુશ્કેલી ઊભી થશે, તો જયશ્રીબહેન મારી પડખે રહેશે.' બાળક માટે આ હૈયાધારણ બહુ જ મહત્ત્વની છે. સાયુજ્ય, આત્મીયતા, સ્નેહ સલામતી, બાળકને સ્કૂલમાં સ્થાયી થવા માટે અા બધાં બહુ મહત્ત્વનાં પરિબળો છે.

પરીક્ષા આવે ને અાદિત્યને ઊલટીઓ શરૂ થઈ જાય. ગભરાટ સખત ગભરાટ,

‘આદિત્ય હોશિયાર છે, છતાંય આવો ગભરાટ?’ આત્મવિશ્વાસ હોવો જોઈએ ને? આને માટે ઘેર તેનો ટેસ્ટ લઈ શકાય. ઘેર પ્રેક્ટિસ કરાવી તેને ભયમુક્ત કરવો જરૂરી બને છે. શર્વિલને સ્કૂલમાં સરસ મોટો પ્રોજેક્ટ કરવાની તક મળી, પણ એ ખૂબ નર્વસ થઈ ગયો... ‘હું કરી શકીશ? આટલી મોટી જવાબદારી મને સોંપાઈ છે!’ ને ત્યારે શર્વિલનાં મમ્મીએ જાતે રસ લઈને આખાય પ્રોજેક્ટને જુદા-જુદા ભાગોમાં વહેંચી, તેને સરળ ને સહેલો બનાવી આપ્યો. શર્વિલના માથેથી ચિંતા જતી રહી ને તે ખૂબ સરસ રીતે પ્રોજેક્ટ પાર પાડી શક્યો. તેને સ્કૂલમાં પ્રશસ્તિપત્ર મળ્યું. બાળકમાં આત્મવિશ્વાસ જગાડવો પડે છે, કેળવવો પડે છે. તેનામાં અપાર શક્તિ તો પડેલી જ છે. તેને પારખવાની જરૂર છે, વાલીએ તો ફક્ત માળી જ બનવાનું છે, પ્રેરણાનું સિંચન જ માત્ર કરવાનું છે. એ મહેનત તો કરશે જ, એ શક્તિનો અખૂટ સ્રોત છે.

સ્કૂલમાં દાખલ થયે વર્ષ પૂરું થવા આવ્યું, પણ રોહનને હજી કોઈની સાથે દોસ્તી જ નથી થતી. તેને સ્કૂલમાં ક્યાંથી ગમે? લોકો સાથે હળતાં-મળતાંય તેને શીખવવું પડે છે. તેને બધાં વચ્ચે બોલતાં, હળતાં-મળતાં, ભાષણ કરતાં, ગીતો ગાતાં શીખવવું પડે છે, તે માટે પ્રોત્સાહિત કરવો પડે છે. સામાની આંખમાં આંખ પરોવી બોલતાં ને વાત કરતાં તેને શીખવવું પડે છે. ને તે, તેની સાથે બને અેટલી વધુ વાતો કરવાથી આપોઆપ આવડે છે, કારણ કે બાળકમાં સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરવાની અગાધશક્તિ પડેલી છે અને અનુકરણ તો તે હંમેશાં કરે જ છે, બાળક અાપણે કહીએ તેમ નહીં, પણ કરીએ તેમ કરે છે.... ને આટલું આવડે એટલે બાળક અાપોઆપ તેનાં ‘અહમ્’ને પોષી શકશે... ને તેને સ્કૂલમાં ‘હું કંઈક છું’ તેવી લાગણી સંતોષાશે. તેને સ્કૂલમાં જવું ગમશે જ.

જય નાનો હતો, ત્યારથી એટલો મળતાવડો... જેને મળે તેને તરત પૂછે, ‘તારું નામ શું છે? ચાલ અાપણે રમીએ... લે તમને ચૉકલેટ અાપું.’ જ્યાં જાય ત્યાં મોટું હોય કે નાનું... તેને દોસ્તી થઈ જ જાય... ને સ્કૂલમાં તો ઘણાંબધાં છોકરાં હોય. તેને અનેક દોસ્તો મળી રહે... તેને સ્કૂલે જવું શું કામ ન ગમે? બાળકમાં રહેલી શક્તિઓની અોછી કે વધુ પડતી પ્રશંસા ન કરીએ પણ તેનામાં જે આવડત હોય તેનાથી જાગ્રત તો રહેવું જ જોઈએ ને? ‘અમારા નીરજને તબલાંનો બહુ શોખ. એવા સરસ હાથ પડે છે.’ ને નીરજને એમ થાય કે, ‘ક્યારે સ્કૂલમાં જાઉં ને સંગીતના વર્ગમાં પહોંચી જાઉં!’ બાળકને તેની આવડત બતાવવી ખૂબ ગમે છે. ખુશામત તો ખુદાને પણ ગમે છે, તો બાળકને કેમ ન ગમે? બાળકમાં અાત્મવિશ્વાસ અને સ્વમાનની લાગણી માબાપે જ પ્રયત્નપૂર્વક જાગ્રત કરવી પડે છે ને તો જ બાળક તેનાં સામાજિક વાતાવરણમાં ગોઠવાઈ શકે છે.

નીરજ સાવ નાજુક ને નાનકડો દેખાય. મગજ ચાલે પણ શરીરથી હારી જાય ને અેટલે વર્ગના બધા મોટા છોકરાઓની દાદાગીરીનો તે ભોગ બને... ને એટલે અેને સ્કૂલે જવું ન ગમે... પણ પ્રિન્સિપાલને અને શિક્ષકને વાત કરી તેને આ દાદાગીરી સામે રક્ષણ અપાવ્યું, હવે એ હસતો-રમતો સ્કૂલમાં જાય છે.

શિક્ષક સાથે આત્મીયતા એ તો બાળકને સ્કૂલમાં ગમવા માટેનું બહુ જ મહત્ત્વનું પરિબળ છે. બાળક સર્વત્ર સ્નેહ અને સ્વીકાર્યતા ઝંખે છે... એની અાંખોમાં શાની ઝંખના છે – તેને પારખતાં શીખીએ તો?!

*

ટી.વી. નવી પેઢી માટે ધીમું ઝેર

'અરે કુણાલ! આ શું કરે છે તું? કેમ એની ચોપડી આમ ખેંચે છે? જો એની ચોપડી ફાટી ગઈ! આવું તોફાન કેમ કરે છે? અેક તો તું પોતે ભણતો નથી અને જે ભણે છે તેને ભણવા દેતો નથી... ઊભો થઈ જા... અને વર્ગની બહાર જઈને ઊભો રહે... આમ આવ કુંતલ મને તારી ચોપડી આપ તો... હું તને સાંધી અાપું ચાલ...'

'અરે! આ શું? આ બધા કાગળ કેમ આમાં છૂટા છે? આ શું પડ્યું બધું?' અને ત્યાં તો કુંતલે બધાં કાગળિયાં ઝટપટ ભેગાં કરી લીધાં...

'મને જોવા દે તો... શાના કાગળ છે એ બધાં?'

પણ કુંતલ તો બેઉ હાથ પાછળ રાખી સજ્જડ થઈ ઊભો રહ્યો... અને અેટલે મને થયું... નક્કી કંઈક ગરબડ છે. મેં ઊભા થઈ તેની પાછળના હાથમાંથી એ કાગળ લીધાં... તો...

'અરે! આ શું? અા તો ફિલ્મના નટ-નટીઓના ફોટા! હજી તો કુંતલ માંડ પાંચમા ધોરણમાં છે. અત્યારથી જ જો અા તરફ દોરાશે તો આગળ જતાં શું થશે?... હું ઘડીભર એ વિચારે ધ્રૂજી ઊઠી... આપણાં સંતાનો કેવા ભારે પ્રદૂષણ વચ્ચે જીવી રહ્યાં છે!... ચારે બાજુ ચલચિત્રો અને ટી.વી.નું જ જાણે સામ્રાજ્ય છવાઈ ગયું છે... એમનાં જ ગીતો, એમની જ રીતરસમો, આજની ઊગતી પેઢીને જીવનમાં શું આ જ આદર્શો શીખવા મળશે? પિકનિકમાં લઈ ગયા હોઈએ અને બસમાં ગીતો ગાવાનું શરૂ થાય તો તેમાંય ફિલ્મીગીતો જ હોય... એના શબ્દો એના હાવભાવ અને ગાતી વખતે કરાતાં ચેનચાળા જોઉં ને મને થાય... 'આ નવી પેઢીનું શું થશે? એને અા અધોગતિના માર્ગેથી બચાવી શકશે કોણ?'

હમણાં જ અેક જાણીતી સંસ્થાના બે ભાઈ અાવ્યા... 'બહેન! અમે એક સાંસ્કૃતિક વર્તુળ ચલાવીએ છીએ અને એના ઉપક્રમે અમે કેટલીક સ્પર્ધાઓ યોજી છે, તમારી શાળા તો આટલી મોટી છે અને ઘણી આગળ પડતી શાળાઓમાં તેનું નામ છે, તમારી પાસે ટેલન્ટેડ વિધાર્થીઓ છે, તો તમે એમાં ભાગ લેવા તમારા વિધાર્થીઓને પ્રોત્સાહિત કરો, આ એક ભવ્ય પ્રોગ્રામ યોજ્યો છે અને તેમાં અમે નિર્ણાયક તરીકે ટી.વી.ની જાણીતી સિરિયલનાં કલાકારોને આમંત્રણ આપ્યું છે. ઘણીબધી સ્કૂલમાંથી, ઘણીબધી એન્ટ્રી આવી છે. બહેન! બોલો... તમારે ત્યાંથી સ્પર્ધકોનાં નામ લેવા ક્યારે આવું?'

અને હું ઘડીભર વિચારમાં પડી ગઈ... સાચું પણ કડવું સત્ય કહેવું કે નહીં તેની મથામણમાં હતી, પણ પછી મારાથી ન જ રહેવાયું ને મેં પ્રયત્નપૂર્વક સ્વસ્થતા જાળવી કહ્યું, 'ભાઈ! મને માફ કરજો... પણ હું મારા વિધાર્થીઓને આ ટી.વી. અને ફિલ્મી કલ્ચરથી દૂર રાખવા માટે સતત મથામણ કરું છું... હું સમજું છું, ચારે બાજુ આ ઘેરું પ્રદૂષણ ફરી વળ્યું છે અને અાપણાં ઊછરતાં સંતાનો તેમાં ઘેરાઈ ગયાં છે, અરે! વર્તમાનપત્રનું છેલ્લું પાનું... ત્યાં નટનટીઓનાં જ ફોટા... અને ફોટો છાપે તેનો પણ વાંધો નથી પણ અંગઉપાંગોનું વરવું પ્રદર્શન કરે અેવા એ ફોટાથી કેટકેટલાની વૃત્તિ બહેકે છે! રોજેરોજ છેડતીના અને બળાત્કારના કેટકેટલા બનાવો નોંધાય છે! અા બધું ક્યાં જઈને અટકશે? જીવનને સંસ્કારથી મહેકાવે તેવી સંસ્કૃતિનું સિંચન એ નવી પેઢીમાં કરવાને બદલે આપણે તેમની વૃત્તિઓને બહેકાવીએ છીએ... આપણે શું કરી રહ્યાં છીએ?... અને તમે તેને સાંસ્કૃતિક વર્તુળ કહો છો?... કેવી વાત કરો છો?'

સમૂહમાધ્યમની લોકોના માનસ પર ખૂબ અસર પડે છે અને અેટલે ટી.વી., સમાચારપત્રો, સામયિકો એ બધાની ફરજ તો લોકોને ઊર્ધ્વગમનનો માર્ગ ચીંધવાની છે. તેને

બદલે એ બધાં તો તેમને અધોગતિનો માર્ગ ચીંધે છે... અને તમારા જેવા સાંસ્કૃતિક વર્તુળો પણ સાંસ્કૃતિક પ્રવૃત્તિના ઓઠા હેઠળ આવા ગેરરસ્તે દોરે એવા કાર્યક્રમો યોજી નવી પેઢીને તેના શિકાર બનાવો છો!... એમને આપણે અફીણની જેમ ધીમું ઝેર તો નથી આપી રહ્યાને! માફ કરજો... પણ નવી પેઢીના ઉત્કર્ષ અને હિત માટે હૃદયમાં સખત વેદના થાય છે અને તેથી જ આટલું કહેવાઈ જાય છે. મારાં વિદ્યાર્થીઓને આ ટી.વી. કલ્ચરથી દૂર રાખવા હું સતત પ્રયત્ન કરું છું.

થોડા વખત પહેલાં જ ટી.વી. પર બાળકો માટે રજૂ થતો કાર્યક્રમ ‘સબરંગ’ જોયો હતો અને હું અકળાઈ ઊઠી હતી. નાનકડું નિર્દોષ નાદાન બાળક કાળો વાઘો પહેરી ‘તું ચીજ બડી હૈ મસ્ત મસ્ત’ ધ્રૂજી ઉઠાય એવા ચેનચાળા સાથે ગાઈ રહ્યું હતું... ને ત્યાં આજુબાજુ બેઠેલાં સૌ કોઈ તેને તાળીઓથી વધાવી રહ્યાં હતાં, એમાં એનાં માબાપ પણ હશે જ, અને ત્યારે મને વિચાર આવ્યો, આ બાળક તો નાદાન છે, તે શું કરે છે એની અેને ખબર નથી, પણ શું એનાં માબાપ પણ નાદાન છે! કેળવણીની જરૂર બાળકને તો હોય જ પણ શું માબાપનેય હવે કેળવણીની જરૂરત ઊભી થઈ છે? મને થયું... ‘આભ ફાટ્યું છે, થીંગડાં ક્યાં દેવાં?’ ને મારાથી ‘દૂરદર્શન’ને ‘ધૂળદર્શન’ જેવું ઉપનામ મનોમન દેવાઈ ગયું... નવી પેઢીનાં ઉત્કર્ષ અને હિતની ચિંતાએ મને મજબૂર બનાવી... મારી વેદનાને કોઈ સીમા ન હતી.

ટી.વી. એ લોકોને વાંચતાં બંધ કરી દીધાં છે. અમે નાના હતા ત્યારે શરદબાબુ, રમણલાલ વસંતલાલ દેસાઈ, ક.મા. મુનશી, ધૂમકેતુ, પન્નાલાલ પટેલ, કેટકેટલું સાહિત્ય વાંચતા! અને અે વાંચતા ત્યારે સાહિત્યની એક મજા તો અાવતી જ, હૃદય અાનંદથી ભર્યુંભર્યું બની જાય – એવા નિસર્ગનાં વર્ણનો અને સંસ્કાર અને ચારિત્ર્યનું ઘડતર થાય તેવી પાત્રસૃષ્ટિ વચ્ચે ખોવાઈ જવાની પણ એક મજા હતી. ત્યારે આજે? ટી.વી. લોકોનો કેટલો બધો સમય ખાઈ જાય છે! ભણવાનુંય માત્ર પરીક્ષાના માર્ક્સ મેળવવા માટે, ‘યેન કેન પ્રકરેણ’ માર્ક્સ આવવા જ જોઈએ, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે તે માટે ભણતરનો તો અાજે ખ્યાલ જ ચાલ્યો ગયો છે. ત્યાં વળી ઇતરવાંચનની તો વાત જ ક્યાં! કેટલાં ઘરોમાં આજે શિષ્ટ અને સંસ્કારનું ઘડતર થાય તેવાં સામયિકો આવે છે? અખંડાનંદ, કુમાર, નવનીત સમર્પણ, શ્રી ઘરશાળા, બાળમિત્ર... કેટકેટલાં સારાં સામયિકો બહાર પડે છે...! એ વાંચનારનો વર્ગ વસ્તીના પ્રમાણમાં કેટલો?... ક્યારેક તો એવું દુ:ખ થાય છે કે મનોમન આહ્ સરી પડે છે... ‘તળાવે જઈને તરસ્યાં પાછાં આવે’ તો અાપણે શું કરીએ? કરુણા ઊપજે છે મને આ નવી પેઢીની અને તેમનાં માબાપોની... માબાપને સાચા માર્ગદર્શનની આજે બહુ મોટી જરૂરિયાત ઊભી થઈ છે અને અે નહીં કરીએ તો આપણું ભાવિ ધૂંધળું બની જશે. બહુ જલદી જાગવાની જરૂર છે. જાગ્યા ત્યારથી સવાર!!!

*

માતૃત્વ અેટલે 'સ્વ'નું સમર્પણ

'મમ્મા...ઓ મમ્મા... જો તો ખરી હું શું લાવ્યો છું?'

'બેટા... હમણાં નહીં... તું થોડી વાર રમ. મને જરા આટલું કામ પૂરું કરી લેવા દે...'

'પણ મમ્મા, જો તો ખરી...!' ને અેમ કહેતાં કહેતાંમાં તો શ્રીરાજ એના હાથમાં છીપલાં લઈ રસોડામાં હું રસોઈ કરતી હતી, ત્યાં આવી પહોંચ્યો. ખૂબ ઉત્સાહભેર... એના મનમાં આ છીપલાં મને બતાવવાની ખૂબ અધીરાઈ હતી... કારણ કે દરિયાકિનારે ફરવા ગયાં ત્યારે તે છીપલાં તેણે પોતે શોધ્યાં હતાં. તે તેની મહામૂલી મૂડી હતી અને એથી એના આનંદમાં સહભાગીદાર કરવા તે આતુર હતો...

પણ મને? મારે મન રસોઈની ઉતાવળ હતી અને એટલે મને શ્રીરાજ તરફ જોવાની ય નવરાશ ન હતી. એટલું જ નહીં પણ એના એ ઉત્સાહ, અે અાનંદને પ્રતિસાદ અાપવા જેટલોય અવકાશ ન હતો... અને એટલે શ્રીરાજની ધીરજ ખૂટી... બાલસહજ રીતે તે અકળાયો ને તેનાં વહાલસોયાં છીપલાં તેણે છુટ્ટાં ફેંક્યાં... આખાય રસોડામાં એ છીપલાં વેરાયાં... કામ જલદી પૂરું કરવાની મારી અધીરાઈ હતી, તેમાં વળી અેક કામ વધ્યું... મારો ગુસ્સો અેકદમ ગયો...ને સખત ગુસ્સા સાથે મારાથી બૂમ પડાઈ ગઈ...

'આ શું કરે છે? શ્રીરાજ... ખબરદાર જો ધમાલ કરી છે તો!... ઘરની બહાર જ કાઢી મૂકીશ... ચાલ, ભરી લે આ છીપલાં... નહીં તો આજે જમવા જ નહીં આપું...' ને ગુસ્સાથી હું કાંપતી હતી. શ્રીરાજ ત્યાં ને ત્યાં સડક થઈને ઊભો હતો. ન તો બોલ્યો કે ન ચાલ્યો, નીચું જોઈને જાણે ધરતી માર્ગ આપે તો આ ધરતી પરથી અદૃશ્ય થઈ જાઉં! શ્રીરાજના જીવનનું કેન્દ્રબિંદુ તો તેની મા જ... સાડા ત્રણ વર્ષની ઉંમરે બાળકના જીવનમાં મા સિવાય બીજું હોય પણ કોણ?... ને એ જ મા રુઠે ત્યારે? એ બાળક ક્યાંયનું ન રહે... ને એટલુંય બાકી હોય તેમ મેં તેને બે હાથે જોરથી ઊંચકી બાજુ પર મૂક્યો... અરે! મૂક્યો જ ક્યાં? રીતસર જાણે ઝીંક્યો... મારાય ગુસ્સા... મારાય આવેશ પર મારીય લગામ ક્યાં હતી?... ને શ્રીરાજ ખૂબ ચીસ પાડી રડી ઊઠ્યો... એને માટે આ પરિસ્થિતિ અસહ્ય હતી... 'મમ્મા... મમ્મા' કરતો મને વળગી પડ્યો. પણ હજીય મારો ગુસ્સો ક્યાં ઓછો થતો હતો!... 'મમ્માને સોરી કહે, નહીં તો હું તારી સાથે બોલવાની જ નથી...'

પણ શ્રીરાજ... તેના કુમળા હૃદય પર આ આખાય પ્રસંગથી એટલો સખત આઘાત લાગ્યો હતો કે 'સોરી' કહેવા જેટલીય તેનામાં હામ ન હોતી. તેને મનમાં પસ્તાવાનો પાર નહોતો... તે તેના મોં પરથી સ્પષ્ટ કળાતું હતું. તેની નિર્દોષ આંખોમાં ભારોભાર પસ્તાવો વરતાતો હતો, પણ મારા મગજમાં? મારા મગજમાં ધૂન સવાર હતી... 'આવું કેવી રીતે ચલાવી લેવાય? મારે એને સારી રીતે કેળવવાનો છે, તે સ્વચ્છંદી થાય તે કેમ ચલાવી લેવાય?... તે એટલું કેમ સમજે નહીં કે મમ્મી હમણાં કામ કરે છે?... ને ભૂલ કરે ને 'સોરી ન કહે તે તો ચાલે જ કેમ?'

...ને મારી જીદ એને 'સોરી' કહેવડાવવા એકબાજુ દૃઢ થતી ગઈ. બીજી બાજુ તેનું બાલહૃદય એ અૌપચારિકતા માટે કબૂલ થતું ન હતું... અને અમે બંને સામસામાં ખેંચાયાં... એક બાજુ મારો અપાર ક્રોધ ને બીજી બાજુ અેનું રુદન... વાતાવરણ ઉગ્ર બની ગયું. પણ એ નાદાન, નિર્દોષ બાળક, એને શું ખબર પડે? જિદ્દી એ ન હતો... જિદ્દી હું હતી... મારા મગજમાં. એનાં સામાજીકરણની ધૂન સવાર હતી. હું ભૂલી ગઈ હતી કે અે બાળક છે... એનેય નિજાનંદની મસ્તીમાં મહાલવું ગમે...ને એકદમ રડતો-રડતો અે અાખરે મારે શરણે અાવ્યો... મારા ખોળામાં બેસી મારે ગળે વળગી ખૂબ રડ્યો... 'મા હવે ફરી આવું નહીં

કરું... બસ... એક વાર મારી સામે હસી કર... મને વહાલી કરને મમ્મી!... ને અેના અંતરના આ પશ્ચાત્તાપે મારા માતૃત્વને ઢંઢોળ્યું.. મારે માટે અે અસહ્ય થઈ પડ્યું... હું પણ તેને વળગીને ખૂબ રડી... અમે બંને અેકબીજાનાં પ્રેમ અને પશ્ચાત્તાપમાં ખૂબ ભીંજાયા... એટલું ભીંજાયા કે અે ક્રોધ અને જીદનો અગ્નિ ક્યારે શમી ગયો તેનુંય મને ભાન ન રહ્યું... ને ઘડી બે ઘડી પછી તો પાછો શ્રીરાજ જાણે કશું જ બન્યું નથી, તેમ પાછો સ્વસ્થ થઈ ગયો... ને હસતો રમતો બહાર ઓટલે રમવા દોડી ગયો.

મને થયું... 'બાળક કેટલું જલદી ભૂલી પણ શકે છે ને માફ પણ કરી શકે છે!... 'Forget & Forgive' 'હે ઈશ્વર! મને પણ તેં આ બે શક્તિ બાળપણમાં અાપી હતી પણ બાળપણની નિર્દોષતાના અસ્ત સાથે મારી એ બે ભેટો પણ ક્યાંક ખોવાઈ ગઈ... ને 'ભૂલની ક્ષમા અને ભૂલવું.' અે બંને જાણે મારા જીવનમાંથી ભુલાતાં ગયાં. પરિણામે મારા જીવનની માણવા જેવી પળોને માણી લેવા કરતાં દુ:ખદ અનુભવોની પળો મારા મનમાં વારંવાર વાગોળાય છે... ઘણો પ્રયત્ન કરું છું. 'એવી પળોને યાદ કરી મનને નાહકનું શું કામ દુ:ખી કરવું?' પણ મન પણ મારું એટલું વિચિત્ર છે કે જે ભૂલવાનો પ્રયત્ન કરું છું તે જ ફરી-ફરીને સ્મરણપટ પર અફળાયા જ કરે છે, અફળાયા જ કરે છે... ને સતત પશ્ચાત્તાપના અગ્નિમાં હું શેકાતી જ રહું છું. મારું મન સતત મને કસોટીના એરણ પર શેક્યા જ કરે છે... 'એક મા થઈને તેં તારા જ હૃદયના ટુકડા પર આવો જુલમ કર્યો? તારા માતૃત્વે તને ઢંઢોળ્યું સરખુંય નહીં?... ક્યાં ગઈ તારી મમતા? ક્યાં હતી તારી ધીરજ?...'

ઘણો વખત થઈ ગયો એ પ્રસંગ બન્યે, પણ છતાંય એ જગ્યાએ હું ઊભી-ઊભી રસોઈ કરતી હોઉં છું ને જાણે ભણકારા વાગે છે... બહારથી શ્રીરાજ દોડતો અાવી જાય છે, છીપલાં... એ જ છીપલાં લઈને 'મમ્મી! જોતો ખરી' કરતો ને પછી... અેક પછી એક શબ્દો... આખોય પ્રસંગ સ્મરણપટ ફરી-ફરી અે જ રીતે અંકાય છે... ને મારું હૃદય વેદનાની સંવેદનાથી ભરાઈ જાય છે... અસહ્ય વેદના સાથે હું ગૅસ બંધ કરી શ્રીરાજને શોધતી બહાર આવું છું. શ્રીરાજ તો તેની મસ્તીમાં મહાલતો રમતો હોય... પણ એને તેડી લઈ... પાંચ સાત બચ્ચીઓ કરી લઈ, હૃદયસરસો ચાંપી હું વારંવાર મારી એ ભૂલનું પ્રાયશ્ચિત્ત કરી લઉં છું. એ નિર્દોષ ને નાદાન બાળકને સમજ પણ નથી પડતી કે મા કેમ આવું કરે છે?

એને તો બસ એટલી જ ખબર છે 'મા મને ખૂબ વહાલ કરે છે.' એને ક્યાં પેલો પ્રસંગ યાદ છે? 'ભૂલવાની અને ક્ષમાપનાની' ઈશ્વરે આપેલી ભેટો અેની પાસે હજી અકબંધ છે અે એનું સદ્ભાગ્ય છે... અને એટલે જ મને ઘણી વાર ઈશ્વરને પ્રાર્થના કરવાનું મન થાય છે... 'હે ઈશ્વર! તું ભલે મારી પાસેથી બધું છીનવી લે... પણ મારા બાળકનું બાળપણ ન છીનવી લઈશ.'

કેટકેટલી માનાં હૃદયો આ વેદનાની સંવેદનાથી છલોછલ છલકાતાં જ પડ્યાં છે એનો ખ્યાલ એ બાળક મોટું થાય, ત્યારે ઘણું ખરું ભુલાઈ જાય છે. એવી બહુ જૂજ મા શોધી શકાશે કે જેના હૃદયમાં એવો સંપૂર્ણ સંતોષ હશે કે 'હું ક્યારેય મારા સંતાનને લડી નથી... મેં ક્યારેય મારા બાળકને ધમકાવ્યું નથી... રડાવ્યું નથી.' આમ કર. આમ નહીં કર-ની ઘટમાળ તો સદાય ચાલ્યા જ કરવાની... કારણ બાળકને માએ ઘડવાનું છે.

એના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવાનો છે. ઈશ્વરે એ માટે એનામાં વિશ્વાસ મૂક્યો છે. એ ફરજ એ કેમ ચૂકી શકે? પણ એ સાથે એને તલવારની ધાર પર પણ ચાલવાનું છે... એની મમતાની કસોટી... એની ધીરજની કસોટીમાંથી તેણે પાર પાડવાનું છે... એ અગ્નિપરીક્ષામાંથી તેણે પાર ઊતરવાનું છે... એ અેટલું સહેલું નથી... કારણ શાહીથી લખેલું તો ભૂંસી શકાય છે, પણ સ્મરણપટ અંકિત થયેલ કશું જ ભૂંસાતું નથી.

કેટકેટલી માતાઓને એમનાં જીવનના આવા ન ભુલાય તેવા પ્રસંગોને વેદના સાથે વ્યક્ત કરતાં સાંભળું છું ને ત્યારે મારા હૃદયમાં ક્યારેક થઈ જાય છે ‘હે ઈશ્વર! તેં સ્ત્રીને માતૃત્વ બક્ષીને તેને અ ાશીર્વાદ આપ્યા છે કે અભિશાપ?’ ‘મા બનવું અઘરું છું... સ્ત્રી મા બને છે, ત્યારથી તેના હૃદયનો કાબૂ તેના હાથમાં રહેતો નથી... તેનું જીવન તેના સંતાનની ક્ષણેક્ષણમાં, પળેપળમાં વાણાતાણાની જેમ વણાઈ જાય છે... એનો હરેક શ્વાસ જાણે તેના સંતાનમાં જ ચાલતો રહે છે... ને છતાંય જો માતૃત્વથી સ્ત્રી વંચિત રહે તો સ્ત્રીને તેના જીવનની પરિપૂર્ણતા નથી લાગતી... તેને તેનું જીવન ખાલી-ખાલી લાગે છે... અધૂરું લાગે છે... સોફિયા લોરેને સાચું કહ્યું છે, ‘જ્યારે તમે મા છો ત્યારે તમે ક્યારેય તમારી જાતને અ ેકલી રાખીને વિચારી શકતાં નથી. તમારા વિચારો સતત તમારાં સંતાનોને અને તમારી આસપાસના લોકો સાથે સંકળાયેલા જ હોય છે. માએ હંમેશાં બે વખત વિચાર કરવો પડે છે. એક વખત તેના પોતાના માટે ને બીજી વખત તેના બાળક માટે. માતૃત્વમાંથી જ જીવનની સાચી ફિલસૂફી સમજાય છે. સ્ત્રી જ્યાં સુધી મા ન બને ત્યાં સુધી માતૃત્વની મહત્તા ને મહાનતા તેને ક્યારેય ન સમજાય... બાળક તરફથી મળતો નિ:સ્વાર્થ પ્રેમ અને વહાલભર્યું ચુંબન એ જ સ્ત્રીના સાચા સુખની પરાકાષ્ઠા છે. ઈશ્વરની એ અમૂલ્ય ભેટ છે.’

*

માની મહત્ત્વાકાંક્ષાએ માનસીનું બાળપણ છીનવી લીધું

‘અરે માનસી! તું શું કરે છે? જલદી દૂધ પી લે ને! સ્કૂલમાંથી આવ્યે દસ મિનિટ થઈ ગઈ, ત્યાં હજી દૂધનો ગ્લાસ એમનો એમ પડ્યો છે. પછી સ્કેટિંગમાં જવાનું મોડું થશે.’

‘મમ્મી, મારે સ્કેટિંગમાં નથી જવું... મને બહુ થાક લાગ્યો છે, આજે રહેવા દે ને!’

‘રહેવા શું દે? થાક શાનો લાગે છે? સ્કૂલમાં જઈને આવો એમાં થાક લાગે છે? હજી તો ઊગીને ઊભાં થાવ છો... ને ‘થાક’ શબ્દ મોંમાં જ કેમ આવે છે? હજી તો બીજા ધોરણમાં છે તું, ભણવાનુંય ક્યાં વધારે હોય છે? અત્યારથી થાકશો તો મોટાં થઈને શું કરવાનાં! ચાલ પી લે જલદી દૂધ...’

પણ માનસીને આજે જરા પણ ઇચ્છા હતી જ નહીં... તેને આજે સ્કેટિંગમાં જવું જ ન હતું... એટલે મમ્મી એકધાર્યું બોલ્યે જતી હતી તો પણ માનસી તો એ કશા પર ધ્યાન આપ્યા વિના ડાઇનિંગ ટેબલ આગળ ઊભી-ઊભી વાર્તાની ચોપડી વાંચતી હતી અને એટલે મમ્મીનો ગુસ્સો એકદમ ગયો. એક બાજુ સ્કેટિંગમાં જવાનો સમય થઈ ગયો હતો. સાંજ પડ્યે ટ્રાફિક પણ કેટલો હોય છે! પાંચ દિવસ પછી તો સ્કેટિંગની હરીફાઈ હતી અને માનસીને તેમાં ભાગ લેવાનો હતો. માનસીના મમ્મીના મગજ પર પણ કાબૂ કેવી રીતે રહે? છોકરાં ભલે નિજાનંદની મસ્તીમાં મહાલતાં હોય પણ માને તો તેની ચિંતા હોય જ ને! અને એટલે મમ્મીએ એકદમ બાવડું પકડી માનસીને ખેંચી દૂધનો ગ્લાસ પકડી મોઢે ધર્યો... માનસી પણ અકળાઈ.. બલકે ગભરાઈ જ ગઈ. મમ્મીનો ગુસ્સો તેને માટે સહન કરવો મુશ્કેલ હતો. અરે! મમ્મીની આંખમાં સહેજ અકળામણ પણ દેખાય તો માનસી મૂંઝાઈ જતી હતી... તો આજે તો મમ્મીએ ફક્ત ગુસ્સો જ નહીં, એને બાવડેથી પકડી ઘસડી હતી. એના નાજુક હૃદય પર આ એક ઘેરો આઘાત હતો. તે આ કેવી રીતે સહન કરી શકે? અને એટલે એ મોટેથી રડવા માંડી... દૂધ દૂધને ઠેકાણે રહ્યું.. અને રડવાનો અવાજ સાંભળી અંદરથી દાદીમા આવી ગયાં.

‘અરે શ્રુતિ! શું થયું? કેમ આટલી આકળી થઈ ગઈ છે? કેમ આટલું રડે છે બેટા! માનસી... આમ આવ તો મારી પાસે! શું થયું બેટા... દાદીમાને નહીં કહે!’ કહેતાં તેમણે માનસીને વહાલથી તેમનાં ખોળામાં બેસાડી. માથે હાથ ફેરવી તેને શાંત પાડી. ને દૂધનો ગ્લાસ હાથમાં લઈ તેને દૂધ પાવા માંડ્યું... માનસીનાં આંસુ એમનાં પાલવથી લૂછી એને ગળે લગાડી ખૂબ વહાલ કર્યું ને માનસી હીબકાં ભરતી બંધ થઈ...

શ્રુતિબહેન તો આ બધું જ જોઈ અંદર અને અંદર સમસમી રહ્યાં હતાં. તેમની નજર ઘડિયાળના ઝડપભેર દોડી રહેલા કાંટા પર જ હતી. સ્પેશિયલ કોચિંગ માટે કેટલી વિનંતી કરી સ્કેટિંગનાં સ્પેશિયલ કોચ ઉષાબહેનનો ચાર દિવસ માટે ટાઇમ લીધો હતો. માંડ એક કલાક રોજનો, કેટલી બધી મથામણ પછી તેમણે માનસી માટે ફાળવ્યો હતો. એના પૈસાય કેટલા બધા નક્કી કર્યા હતા... ને એટલે એનો પૂરો લાભ માનસીને ન મળે તે કેમ ચાલે? સ્પર્ધામાં માનસીને ઇનામ ન મળે તે કેમ ચાલે? સ્પર્ધામાં માનસી ઝળહળતો વિજય મેળવે એ માટે શ્રુતિબહેન શું નથી કરતાં! અરે! આકાશ-પાતાળ એક કરે છે. પૈસા પાછળ તો જોતાં નથી જ, પણ સમય અને શક્તિનોય ક્યારેય તેમણે વિચાર કર્યો છે ખરો! પોતે વ્યવસાયે ડૉક્ટર છે એટલે કેટલી દોડભાગ હોય! અને છતાંય માનસીની પ્રગતિ માટે થઈને એ ગજા બહારની દોડ કરે છે. એમનાં મનમાં બસ એક જ સ્વપ્ન છે. એક દિવસ માનસીનું નામ સ્કેટિંગમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકવું જોઈએ. ‘Where there is will there is way’ તપ વિના સિદ્ધિ નહીં અને એટલે સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે તે ઉગ્ર સાધના કરી રહ્યાં હતાં, પણ પેલી નાનકડી માનસી... એ કેટલું ખમી શકે?

સવારના અગિયારથી પાંચ સ્કૂલમાં બંધિયાર વાતાવરણમાં ભણી-ભણીને કંટાળો આવ્યો ન હોય! માંડ એકાદ પિરિયડ રમતનો મળે એમાંય માંડ ઠેકાણું કેટલું પડે! સવારના તો ઊઠીને લેસન હોય. ભણવાનું હોય અને સાંજે આવીને હજી શ્વાસ લેવાનોય ટાઇમ ન હોય ત્યાં સ્કેટિંગ માટે દોડવાનું હોય. બિચારી માનસી મુક્ત મને રમે ક્યારે? એને રમવાનું મન ન થાય? છોકરું છે ને! મશીનની જેમ પળેપળે બંધનમાં રહી પ્રવૃત્તિની પાછળની ભાગદોડ એ કઈ રીતે કરી શકે! એને બાળપણની મસ્તી માણવા ક્યારે મળે?

અને એટલે જ હવે એનું મન સ્કેટિંગ પરથી ઊઠી ગયું છે. કાલે જ એની કાલીઘેલી ભાષામાં એ દાદીમાને કહેતી હતી, ‘દાદીમા, મને સ્કેટિંગમાં નથી જવું... તમે મમ્મીને કહો ને! મને થાક લાગે છે... મને મજા નથી આવતી. દાદીમા મને તો તમારી વાર્તા સાંભળવાનું બહુ જ ગમે છે. તમે મને વાર્તા કેમ નથી કહેતાં?’

‘બેટા! તું નવરી જ ક્યાં હોય છે? હું તો તારી સાથે રમુંય ખરી... પણ તને ટાઇમ હોવો જોઈએ ને?’ ને એ વહાલથી દાદીમાના ખોળામાં બેસી જતી... ઘડી ભર જાણે હાશ માણી લેતી... પણ ત્યાં તો મમ્મીની બૂમ પડે... ‘ચલ, જલદી કર મોડું થાય છે... ને તે પાછી જાણે માનવ મટી મશીન બની જતી... એનું બાળપણ તો સાવ છીનવાઈ જ ગયું હતું. તેના મોં પર બાલસહજ પ્રસન્નતા કે ઉમંગ ક્યાંથી રહે? જ્યારે જુઓ ત્યારે આવી ઊગતી કળી જેવી માનસીનું મોં જાણે દુ:ખના ભારથી કરમાયેલું જ લાગે. થાક કંટાળો ને ચિંતા... અને એટલે દાદીમાથી આ સહન કેમ થાય? આમેય મૂડી કરતાં વ્યાજ વહાલું જ હોય... અને એટલે આજે આટલી ધમાલ થઈ ગઈ એટલે દાદીમાએ ધીરેથી શ્રુતિબહેનને કહ્યું, ‘શ્રુતિ! રહેવા દે ને! એને બિચારીને રસ ન પડતો હોય તો શું કામ એને પકડી-પકડીને સ્કેટિંગ કરાવે છે! કેટલી થાકી જાય છે એ! અને તુંય પણ કેટલી થાકી જાય છે! અરે, મરશે એ બધાં ઇનામો. આપણે કંઈ એવા લોહી બાળી નામ કાઢવાં નથી... છાપામાં ફોટો આવ્યો કે ન આવ્યો શો ફેર પડે છે! એનું બાળપણ કંઈ એને ફરી મળવાનું છે! મોટી થઈને પછી એને રસ પડશે તો સ્કેટિંગ કરશે. અત્યારથી શું કામ એની પાછળ પડી ગઈ છે, બેટા!’

અને ત્યાં તો શ્રુતિબહેન એકદમ અકળાઈ ઊઠ્યાં. ‘મમ્મી... તમને હું કેટલી વાર કહું? તમારે આ બધી વાતમાં વચ્ચે પડવાનું નહીં. મારે એની જિંદગી બગાડવાની નથી. મહેનત નહીં કરે તો એ આગળ ક્યાંથી વધશે? આટલી ઉંમરે વળી થાક શાનો લાગે? મારે એને ખડતલ બનાવવાની છે. પોચકી બનાવવાની નથી... ‘થાક’ શબ્દ તો મારે જોઈએ જ નહીં. મમ્મી પ્લીઝ તમે માનસીની બાબતમાં વચ્ચે ન પડશો. મને મારી રીતે તેને ઉછેરવા દો. તમે છોકરાંઓને સુંવાળાં બનાવી દીધાં છે, એવાં મારે નથી બનાવવાનાં...’

એમ કહેતાં-કહેતામાં તો તે માનસીને લઈને સ્કૂટર પર બેસી ગયાં ને પૂરઝડપે સ્કેટિંગમાં જવા નીકળી ગયાં. પણ દાદીમાના મગજમાં સ્કૂટરના ઘુઘરાટ કરતાંય ઘેરો ઘુઘરાટ ચાલી રહ્યો હતો, એમના હૃદયમાં ભારે વમળો ઊમટી રહ્યાં હતાં. તેમના હૃદયમાં, માનસી તેમના હૃદયથીય અધિક વહાલી માનસી માટે અનુકંપા જાગી રહી હતી. આજની શિક્ષિત કહેવાતી આ માતાઓ, તેમની મહત્ત્વાકાંક્ષા બાળકના બાળપણને મૂરઝાવી દે છે! ‘મારું બાળક ચિત્ર કરે છે એને સંગીત આવડે છે, અરે! સ્કેટિંગમાં તો તે હવે નૅશનલ લેવલ સુધી પહોંચવા આવી છે. કાલે જ તેને બ્રોન્ઝ મેડલ મળ્યો.’ ‘માબાપને મન તેમનાં સંતાનો અને તેમની સિદ્ધિ એ તેમના પોતા માટે પ્રતિષ્ઠાનો વિષય બની ગયાં છે. તેમણે તેમને તેમનાં પ્યાદાં બનાવી દીધાં છે અને એ ઘેલછામાં ને ઘેલછામાં એ બાળકની ઇચ્છા-અનિચ્છા તો જોતાં જ નથી. તેની રુચિ કે અભિરુચિ તો જોતાં જ નથી, પણ તેની વેદના કે સંવેદનાનો પણ ખ્યાલ સુધ્ધાં રાખતાં નથી. ઇનામોનો નશોય ક્યારેક હેરાન કરે છે અને એટલે જ આવી પ્રવૃત્તિઓની પાછળ પરાણે

ખેંચાતાં બાળકોને તમે જુઓ તો તેમનાં જીવનમાં ક્યાંય ઉમંગ કે ક્યાંય પ્રસન્નતા તમને જોવા નહીં મળે. નથી તેમને તેમની માતા તરફથી પ્રેમનો સંતોષ કે નથી તેમને મળતી બાળપણની નિજાનંદ મસ્તીનો આનંદ! જેનું આખુંય બાળપણ છીનવાઈ ગયું છે એવી-આવી અનેક માનસીની મને દયા આવે છે.'

*

ભણતરના ભારથી બાળકને મૂરઝાવી ન દો

'બહેન! મારી મમ્મીને ફોન કરો ને હજી મને કોઈ લેવા આવ્યું નથી. મારે મોડું થાય છે.' રત્નાના મોં પર ઘેરી ઉદાસીનતા હતી અને એ જોઈ મનેય પ્રશ્ન થયો... પહેલા ધોરણમાં ભણતી રત્ના આટલી ઉદાસ? આ ઉંમરે તે વળી બાળકને શું ચિંતા હોય? ખેલતા, કૂદતા, કિલ્લોલતા ને પાંગરતા હોય તેને બદલે જાણે ચિંતા ને માથા પર અનેક ભારથી લદાયેલી હોય તેવી તેની મુખમુદ્રા હતી અને એટલે મને તેના માટે હમદર્દી થઈ અને મેં તેને પૂછ્યું.

'બેટા! એમાં આટલી મૂંઝાય છે શું કરવા? હમણાં લેવા આવશે... ઘડીક મોડું થશે તો શું થયું? થોડીક વાર અહીં રમ, હમણાં તને લેવા આવી જશે... જા દીકરા...'

પણ રત્ના તો એટલી ટેન્સ હતી કે તેની નજર સ્કૂલનાં ઝાંપા પર જ મંડાયેલી હતી... અને એટલે મને પણ આશ્ચર્ય થયું.

'બેટા! તું અકળા નહીં...'

'પણ બહેન! મારે સ્કૂલમાંથી સીધા ટ્યૂશનમાં જવાનું છે... અને ટ્યૂશનમાં મોડું થાય છે, તો ત્યાં મને ખૂબ વઢે છે...'

મને અેક ઘેરો આંચકો લાગ્યો... પહેલા ધોરણમાં ભણતી રત્ના... ખરેખર તો અગિયારથી પાંચ સુધીનો સમય આટલા બાળકને વધુ જ લાગે... અને તે પાછું ઓછું હોય તેમ ત્યાંથી સીધી તેને ટ્યૂશનમાં મોકલવાની! માબાપનેય કોણ જાણે શું ઘેલછા લાગી છે?

આજની શિક્ષિત માતા. શું તેના બાળકને જાતે ભણાવી ન શકે?... કે અેને ટ્યૂશનમાં મોકલવું પડે? પહેલા ધોરણના બાળકને તે વળી ટ્યૂશન હોય! સ્કૂલમાં ભણે એટલું જ બસ થઈ જાય...

'પણ પછી પરીક્ષામાં માર્ક્સ ઓછા ન અાવે?... બહેન! એ ઘેર મારી પાસે તો ભણવા જ બેસતી નથી... અેક તો મને સમય મળે નહીં ઘરનું કામકાજ હોય. સોશિયલ એટલું બધું વધી ગયું છે કે ન પૂછો વાત... સમય જ કયાં મળે છે? ને છતાંય માંડ સમય કાઢી હું ભણાવવા તો બેસું જ છું, પણ એ સ્વસ્થતાથી મારી પાસે બેસતી જ નથી અને એટલે મારે નાછૂટકે ટ્યૂશન રાખવું પડ્યું છે. પરીક્ષામાં ઓછા માર્ક્સ આવે તો મારે તો બહાર મોં બતાવવુંય ભારે થઈ પડે હાં...'

અને... આ બધું સાંભળી મને રત્ના પર તો કરુણા ઊપજી જ, પણ એની મમ્મી માટે પણ દયા આવી... રત્ના તો નાની છે, નાદાન હોય... પણ મા પણ આમ જ વિચારે ને વર્તે તો અેમાં બાળકની શું હાલત થાય? મા બન્યા પછી સ્ત્રી તેની માની ભૂમિકાને અગ્રતાક્રમ આપી ન શકે, તેમાંથી કેટકેટલા પ્રશ્નો ઊભો થાય છે? સ્ત્રીની ત્રણ ભૂમિકા, ગૃહિણી, પત્ની અને માતાની. અને હવે શિક્ષિત માતાને માટે એમાં એક ભૂમિકા વધી છે વ્યવસાયની... 'ભણ્યાંગણ્યાં છીએ તો શું ચાર દીવાલો વચ્ચે ગૂંગળાઈને મરવા માટે? ભણેલાય ભઠિયારો કૂટે અને અભણ પણ ભઠિયારો કૂટે? તો પછી ભણવાનો અર્થ શો? મારો તો ઘરમાં જીવ રૂંધાય છે... અને વળી આજની કાળઝાળ મોંઘવારીમાં પાંચ પૈસા પેદા કરું તો શાંતિથી ને સારી રીતે જીવી તો શકું... ને વળી ચાર માણસમાં પુછાઉં તે જુદું... સોશિયલ સ્ટેટસ પણ મળે ને! ઘર તો છે જ ને! ને છોકરાંય મોટાં થવાનાં જ છે... એમ કઈ કશું બગડતું નથી... એ તો બધું એમ જ ચાલે... ઘરઘર ને છોકરાં-છોકરાં કરી કાંઈ આખી જિંદગી ઓછી બગાડી મુકાય છે! ખરી જુવાનીમાં જીવન ન માણીએ તો પછી ક્યારે માણવાનું?'

...અને રત્નાનાં મમ્મીની આ ફિલસૂફી સાંભળી મારા મગજમાં વિચારોનાં અનેક વમળો પેદા થયાં... આપણે ક્યાં જઈ રહ્યા છીએ?

મને બરાબર યાદ છે... હું નાની હતી... સ્કૂલ છૂટે, એનો ઘંટ વાગે ને મારા મનમાં જે આનંદ થતો... હજીય એ આજે યાદ આવે છે ને જાણે રોમેરોમ એક રોમાંચ અનુભવું છું... જાણે ક્યારે ઘેર પહોંચું... 'ધરતીનો છેડો ઘર' એ યથાર્થ ઉક્તિ તો છે જ, પણ મને તો મારા એ ઘરમાં પેસું ને જાણે સ્વર્ગીય સુખનો અનુભવ થતો હતો – એવું આજેય વર્ષો પછી જાણે લાગે છે... ઘરમાં પેસું ને મારા મોંમાં શબ્દો હોય... 'મા... ક્યાં છે તું? ને મારી મા પણ હું ઘેર પહોંચું ત્યારે જાણે મારી રાહ જ જોતી હોય... મારા બાળહૃદયમાં અનેક વાતોનો ઉભરો હોય મારી મા પાસે, મારે તેને ઠાલવવાનો હોય અને મારી મા પણ જાણે એ સાંભળવા ઉત્સુક હોય... હું ને મારી મા બેસીએ... મા વહાલથી મને નાસ્તો આપે... દૂધ આપે મારી વાતો સાંભળે... વચ્ચે-વચ્ચે વહાલથી માથે હાથ ફેરવે, કપાળે પરસેવો લૂછે ને ક્યારેક ખૂબ પ્રેમથી ગાલે બેચાર બચ્ચી ભરી લે ત્યારે તો મને એટલું સારું લાગે... હું હળવીફૂલ બની જાઉં ને થોડી વારમાં તે રમવા દોડી જાઉં... મારું હૃદય જાણે એક પરમ હાશ અનુભવે આજના બાળકને આવી હાંશ અનુભવવા મળે છે ખરી?'

ચારે બાજુ શિક્ષણનો વ્યાપ વધ્યો છે, હરણફાળે આગળ વધી રહેલી દુનિયા સાથે કદમ મિલાવવા હોય તો શિક્ષણનો વ્યાપ વધાર્યા વિના ચાલે તેમ જ નથી... વિજ્ઞાન અને ટેક્નોલૉજી કેટલી ઝડપે આગળ વધી રહ્યાં છે! અને એટલે જીવનની એક પણ પળ વેડફ્યા વિના જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તાર્યા વિના બીજો વિકલ્પ જ નથી... પણ આ બધું શું ઔપચારિક શિક્ષણમાંથી જ મળે છે? ચોપડીનાં પાનાં અને શાળા-મહાશાળાઓના વર્ગોમાં અપાતું શિક્ષણ એ જ ફક્ત શિક્ષણ છે? ઈશ્વરે માણસમાં જિજ્ઞાસા મૂકી છે અને એટલે એ સવારે ઊઠે છે ને આંખ ખોલે છે, ત્યારથી તે જે કાંઈ જુએ છે તેમાંથી તેનાં મનમાં અનેક પ્રશ્નો ઊભા થાય છે, એ પ્રશ્નના ઉત્તર માટે તે સતત મથામણ કરે છે અને એટલે જ બાળક બોલતું થાય અને સમજવા માંડે ત્યારથી અનેક પ્રશ્નો પૂછવા માંડે છે. આપણે એના વ્યવસ્થિત ઉત્તરો આપીએ છીએ ખરા? અરે! એ ઉત્તરો આપવા જેટલી આપણામાં ક્ષમતા અને ધીરજ છે ખરાં?... 'બોલ બોલ ન કર... આખો દિવસ માથું ખાઈ ગઈ... ઘડીક ચૂપ રહીશ?...' બાળકનો આપણને આટલો કંટાળો કેમ આવે છે?... બાળક તો આપણું જ સર્જન છે. આપણા જ હૃદયનો ટુકડો છે, તેનો વિકાસ થાય... તેવું વ્યક્તિત્વ સર્વાંગી રીતે વિકસે તે માટે આપણામાં અધીરાઈ હોય, તેને માટે આપણે સતત પ્રયત્નશીલ હોઈએ તેને બદલે આપણે તેનાથી થાકીએ છીએ, કંટાળીએ છીએ, 'એટલો ઉધમિાતયો છે... ઘડીય પગ વાળીને બેસતો નથી...' પણ બાળક તો શક્તિનો અખંડ વહેતો સ્રોત છે. એને પગ વાળીને બેસવું કેમ ગમે? આપણે તેને માટે પ્રવૃત્તિ શોધી કાઢવાની છે... એને રસ શામાં પડે છે તે શોધવાનું છે તેને બદલે આપણે તો બસ તે ભણવામાં હોશિયાર થઈ જાય, પહેલો નંબર લાવે... એની ઘેલછામાં જ પડી જઈએ છીએ... બાળકના વિકાસમાં એક પછી એક તબક્કામાં તેને પ્રવેશ આપવા માટે આપણે તેનું કોઈ ને કોઈ રીતે મૂલ્યાંકન તો કરવું જ પડે અને તેને કારણે પરીક્ષાનું આયોજન કરવું પડ્યું છે, પણ આપણે તો એ સાધનને સાધ્ય માની બેઠાં છીએ... પરીક્ષાને જ આપણે બાળકની બુદ્ધિ ચકાસવાની પારાશીશી માની લઈએ છીએ, પરીક્ષાના માર્ક્સ એ જ શું એને માપવાની પારાશીશી છે?... બાળક તો નિજાનંદની મસ્તીમાં મહાલતું હોય... પેપર લખવા ટાણે તેને આવડતું હોય છતાંય ન લખે તેવું પણ બને... એટલે શું એ બાળકને આપણે ઠોઠ માની લઈશું?... શિક્ષણનું કામ બાળકમાં જિજ્ઞાસા જાગ્રત કરવાનું છે... નવું-નવું જાણવાની ને શીખવાની તેનામાં અભિરુચિ કેળવાય એ જ શિક્ષણનું સાચું ધ્યેય છે. આપણે આ કરી શકીએ છીએ ખરા? પરીક્ષાના માર્ક્સ સારા આવે તે માટે એકનાં એક પાઠ પાંચ-પાંચ વાર વંચાવી, અરે! ગોખાવી આપણે બાળકને વેઠિયો બનાવી દીધો છે... એને શિક્ષણમાં રસ

ક્યાંથી પડે?

દુનિયામાં ચારે બાજુ નજર નાંખો... અઢળક જ્ઞાનના ભંડાર પડ્યા છે, પણ આપણે એ બાળકને ચોપડીના પાનાની બહાર નજર નાંખવા દઈએ છીએ ખરાં! આપણે એમને જાણે ચાવીવાળા રમકડાં માની બેઠાં છીએ. 'મારા બાબાને તો પંચ્યાસી ટકા માર્ક્સ આવ્યા.' એની પાસે વેઠ કરાવી આપણે ગૌરવથી આપણું માથું ઊંચું રાખવું છે. મારો દીકરો ડૉક્ટર છે, એન્જિનિયર છે એવું કહી સમાજમાં Status મેળવવું છે, એને આપણે Status Symbol બનાવી દીધાં છે... પણ એ બાળકની દુનિયાને આપણે બાળકની દૃષ્ટિથી ક્યારેય જોવાનો વિચાર કર્યો છે ખરો? કવિશ્રી ટાગોર ક્યારે સ્કૂલમાં ગયા હતા?... ને છતાંય એ નોબેલ પ્રાઇઝ જીતી શક્યા! જિજ્ઞાસા, આત્મશ્રદ્ધા, આત્મવિશ્વાસ કેળવી આત્મગૌરવથી આપણે બાળકને જીવંત જીવન જીવતાં શિખવાડવાનું છે તેને બદલે આપણી મહત્ત્વાકાંક્ષાએ એને યંત્રવત્ બનાવી દીધું છે. અરે! ખુદ આપણી મહત્ત્વાકાંક્ષાએ જ બાળકના બાળપણને છિનવી લીધું છે...

કેટલી મોટી કરુણતા... ભર તડકે બપોરે બાર વાગે સ્કૂલમાંથી પાછી ફરતી હતી ને અે તડકામાં સાતેક વર્ષની એક છોકરી આનંદથી નાચતી કૂદતી ને ગાતી મસ્તીમાં રસ્તાની એક બાજુ આગળ વધી રહી હતી તે જોઈ હું ઘડીભર તો એવી પ્રસન્ન થઈ ગઈ...!

નિર્દોષ બાળપણમાં મહાલતી એ છોકરીને જોઈ મને થયું... આપણાં શિક્ષિત માબાપોની મહત્ત્વાકાંક્ષાએ સાચે જ બાળકના બાળપણને છિનવી લીધું છે! એના કરતાં અા Ignorance is Bliss... એવું મને ઘડીભર થઈ ગયું.

*

સંતાનની કિશોરાવસ્થાથી શરૂ થતી માબાપની કસોટી

'અરે સુનીલ! ઓ સુનીલ! શું કરે છે તું ક્યારનો? આવ્યો છે ત્યારથી રૂમમાં ભરાઈને બેઠો છે. કોણ જાણે, તમને લોકોને તે શું કહેવું? કેટલા કલાક સુધી બાથરૂમમાં ભરાઈ રહેવાનું હોય! જિંદગીમાં તમે લોકો શું કરવાના?... સવારથી ઊઠ્યા ત્યારથી કશું કરવાનું જ નહીં... બસ હર્યાફર્યા, ખાધુંપીધું ને મોજ કરી... ક્યારેય વિચાર આવે છે ખરો કે આમ ને આમ તમે જિંદગી શી રીતે જીવશો? આ તો અમે છીએ તે સારું છે. પણ અમે નહીં હોઈએ ત્યારે શું? હું તો રોજેરોજ આ તારી ચિંતામાં ને ચિંતામાં સિઝાયા કરું છું.'

સુનીલ નાનો હતો ત્યારે મનમાં મેં કેટકેટલા મદાર બાંધ્યા હતા... અરે!... એણે પહેલી વખત 'મા' શબ્દ ઉચ્ચાર્યો ને હું આનંદથી ઘેલી ઘેલી બની ગઈ હતી... કેવો મીઠડો હતો અે નાનો હતો ત્યારે!... ગોળમટોળ મોં, વાંકડિયા સુંવાળા વાળ, ખિલખિલાટ હસતાં ગુલાબી ગાલ અને અેની આંખો!... નરી નિર્મળતા અને નિર્દોષતા તેમાંથી નીતરતાં હતાં... હું અને અમિત... અમારું જીવન સુનીલની આસપાસ એવું તો વણાઈ ગયું હતું કે અમને અેક્કેય દિવસ એને કલાક મૂકીને બહાર કામ માટેય જવાનું ગમતું ન હતું. મને યાદ છે એ નાનો હતો ત્યારે હું એવી ગોઠવણ કરતી કે મારે બજારમાં પણ ન જ જવું પડે. એમાં અમિતનો સાથ પણ કંઈ નાનોસૂનો ન હતો અને અમિત ઑફિસેથી આવે પછી સુનીલને લઈને બાગમાં જવાનો અમારો નિત્યક્રમ. સુનીલને બાગમાં લઈ જવાના સમયે કદાચ કોઈ આવી ચડે તો અમિત તેમની સાથે જલદી વાત પતાવી જ દે. મારા કરતાં તો અમિતને સુનીલને લઈને ફરવા જવાની તાલાવેલી લાગતી હતી... મારે ક્યારેક કહેવું પડે. 'આમ શું અાપણે અાંગણે આવેલા મહેમાનને વિદાય કરી દો છો? ખરાબ ન લાગે? નસીબદારને ત્યાં મહેમાન હોય...' અને ત્યારે અમિત મને બસીને કહી દેતો... 'નસીબદારને ત્યાં બાળક હોય. આપણે તો સુનીલ પહેલો... બીજા બધાંય પછી' અને અમે નિશ્ચિત થઈ નીકળી પડતાં.. અરે! એના ફોટા પાડ્યા છે કાંઈ! પાર વિનાના, હજી ગયા અઠવાડિયે જ હું કબાટ સાફ કરવા બેઠી તો મોટાં-મોટાં બે બોક્સ ભરીને સુનીલના ફોટા... મન લલચાઈ ગયું ને જોવા બેઠી ને ઘડિયાળ જોઈને હું ચમકી... અરે! હજી તો રસોઈ બાકી છે. હમણાં અમિત ઑફિસેથી આવી જશે અને હું કામે લાગી... સુનીલનું બાળપણ અમે કેટલું બધું માણ્યું છે?... એ પળો આજે યાદ અાવે છે ને મન પર એક વિષાદ છવાઈ જાય છે... આ એ જ સુનીલ! જેને મેં કેટકેટલા લાડકોડથી મોટો કર્યો છે... ને હવે આજે?...

સુનીલ સાતમા ધોરણમાં આવ્યો, ત્યાં સુધી તો હજીય બધું બરાબર ચાલ્યું, પણ અાઠમામાં આવ્યો ને ધીરે-ધીરે કરતાં જાણે આખુંય વહેણ બદલાવા માંડ્યું. ભણવામાં રસ ઓછો થવા માંડ્યો ને ભાઈબંધ-દોસ્તો વધવા માંડ્યા... સુનીલ નાનો હતો, ત્યારે હું પણ કેવું વિચારતી હતી. 'એ ચાલતો થશે એટલે બસ પછી મારે તેને તેડીને નહીં ફરવું પડે...' ચાલતો થયો અેટલે એની પાછળ દોડતાં હું થાકી જતી... 'એ બોલતાં શીખશે એટલે સારું... પછી મૂંઝવણ નહીં થાય કે એને શું થાય છે! એને શું જોઈએ છે તે ખબર તો પડે, પણ બોલતો થયો ને બહુ પ્રશ્નો પૂછવા માંડ્યા, ત્યારે જાણે મારી કસોટી થતી હોય તેવું લાગવા માંડ્યું.. પછી એને ભણવાનું શરૂ થયું... અેક પછી એક, રોજ જ કંઈક નવું હોય... એ વખતે સમયની તાણ પડતી. થાકી જતી પણ હવે અાજે લાગે છે એ દિવસો ખરેખર ખૂબ મજાના દિવસો હતા... શારીરિક શ્રમ પડતો હતો, પણ અત્યાર જેવું ટૅન્શન તો નહોતું થતું!'

તમે માનશો? દસમામાં સુનીલ આવ્યો. રોજેરોજ હું તેને કહેતી. 'બેટા! તારે જ તારી કરિયર બનાવવાની છે. સારા માર્ક્સ નહીં લાવે તો ધારી લાઈનમાં ઍડ્મિશન નહીં મળે... પણ

મગજમાં બેસે તો ને! મને ને અમિતને તો કેટકેટલી ઇચ્છા હતા કે સુનીલને એન્જિનિયર બનાવીશું. તેને પરદેશ ભણવા મોકલીશું. આપણા દીકરા માટે અ ાપણે ઊંચી ડોક રાખી ગૌરવથી ચાર માણસ વચ્ચે ગર્વ લઈ વાત કરી શકીએ તેવો એને તૈયાર કરવો છે, પણ કંઈ એક હાથે તાળી ઓછી જ પડી શકે છે? હું ગમે તેટલું ઇચ્છું, ગમે તેટલી સગવડો ઊભી કરી અ ાપું, પણ સુનીલે પણ મહેનત તો કરવી પડે ને?... અ ેને મહેનત જ કરવી ક્યાં ગમે છે? મોટાં થાય એમ ભાઈબંધોનું વર્તુળ વધે ને તેમાં વળી ટી.વી. આજનાં છોકરાં તેમાં જીવનની કેટલી બધી પળો કેવી વેડફી મારે છે? મારો તો જીવ બળી જાય છે... પણ તળાવે જઈ એ તરસ્યા પાછાં આવે તેને અ ાપણે ય શું કરી શકીએ!... દેખી-દેખીને દાઝ� ા કરવાનું... ન કહેવાય અને ન સહેવાય... ક્યારેક તો એટલું ટૅન્શન થઈ જાય છે કે એમ થાય છે કે આના કરતાં છોકરાં નથી તે સુખી છે. નિરાંતે ઊંઘી તો શકે છે...!'

કિશોરાવસ્થામાં છોકરાંઓ પ્રવેશે છે ને માબાપની કસોટી શરૂ થઈ જાય છે. આ તો ઘર ઘરની વાત છે. એમાં શું છોકરાંઓ એકલાં જ જવાબદાર છે? પોતાનાં સંતાનની પ્રગતિ માટે કઈ માને ઝંખના ન હોય? અરે! ઝંખના તો હોય જ અને એની ચિંતા પણ હોય, દરેક માબાપ એવું ઇચ્છતાં જ હોય છે કે મારું સંતાન સર્વગુણસંપન્ન થવું જોઈએ. અને અ ેટલે એના ઉછેરમાં ક્યાંય કચાશ ન રહી જાય તે માટે તે ખૂબ જાગ્રત રહે છે. અ ા જાગૃતિ તો સારી પણ એ જાગૃતિને ઠેકાણે જ્યારે અધીરાઈ આવે છે, ત્યારે બાજી હાથથી બગડી બેસે છે, કારણ આ ઉંમરે છોકરાંઓને એવું લાગે છે કે 'હવે અમે મોટાં થયાં.' એમને રોકટોક નથી ગમતી. આમેય કિશોરાવસ્થામાં એમનો બધી જ રીતે વિકાસ એકદમ શરૂ થઈ જાય છે. હોરમૉન્સના ફેરફારને કારણે પણ તેઓ ક્યારેક એકદમ લાગણીવશ બની જાય છે, તો ક્યારેક સાવ બેફિકરાઈથી વર્તે છે. તેમનો 'અહમ્' એકદમ જાગ્રત થઈ જાય છે. અ ાવે વખતે તેમને વધુ પ્રેમ, વધુ હૂંફની જરૂર પડે છે. જ્યારે આપણે એમ માનીએ છીએ કે 'હવે એ મોટા થયાં. હવે એમને શું પંપાળ-પંપાળ કરવાનાં?' પણ આપણને અ ે પણ નથી સમજાતું કે સ્પર્શમાં... પ્રેમમાં જે જાદુ છે તે બીજા કશામાં નથી, અને એટલે એ સંતાનને પાસે બેસી માથે હાથ ફેરવી, વહાલથી ગળે લગાડીને તેના મનની વાત પૂછવાને બદલે આપણે તેને વારંવાર કેવા-કેવા પ્રશ્નો પૂછીએ છીએ?

'તેં તારું હોમવર્ક કર્યું છે? તું જેની સાથે મોટરમાં ફરે છે તેને સારી ગાડી ચલાવતાં આવડે છે? તેની પાસે લાયસન્સ છે? તેં કેટલા વખતથી તારો રૂમ સાફ નથી કર્યો? કોનો ફોન હતો? કોણ જાણે તારામાં બુદ્ધિ ક્યારે આવશે? કેમ આવા બબૂચક જેવા કપડાં પહેર્યાં છે? કેવો દેખાય છે તું? જરા અરીસા સામે તારું મોં તો જો...' અને ત્યારે ઘણું ખરું આનો જવાબ મળતો જ નથી... અને જવાબ માંગવાની જો ફરજ પાડવામાં આવે તો 'હા', 'ના' કે 'શટઅપ' જેવાં જ જવાબ મળે છે... એની સહનશીલતાને આપણે મોટેરા જ તાવીએ, ત્યારે એ કરે પણ શું? અરે! પેલો મનીષ એન્જિનિયરિંગ કૉલેજમાં ભણતો હતો, પ્રોજેક્ટ માંડ-માંડ પૂરો કરી રાતે મોડો ઘેર આવ્યો, ખૂબ થાકેલો હતો. એની આંખો ઢીલી હતી, ત્યાં તો બારણું ખોલતાં જ એની મમ્મી એનાં મોં સામે જોઈ પાસે જઈને મોં સૂંઘતા બોલી ઊઠી. 'અરે! શું તું દારૂ પીને આવ્યો છે કે શું?' આવું સાંભળી મનીષનું મગજ ફટકે નહીં તો બીજું શું થાય? આપણે વડીલો પણ ધીરજ રાખી શકતાં નથી... સંયમ રાખી શકતાં નથી. અ ાપણે પણ યુવાન ક્યાં નહોતાં? અ ાપણને સમજ ન પડવી જોઈએ કે જુવાનીય ક્યારેક દીવાની હોઈ શકે.

સંતાનો સાથે સારા સંબંધો રાખવા હોય તો 'Sayless and listen more' 'ઓછું બોલો ને વધુ સાંભળો' એ બ્રહ્મવાક્ય જીવનમાં અપનાવવું વધુ સારું છે. તેમને સ્વતંત્રતા અ ાપો. સંતાનોનું હૃદય વારંવાર પોકારી ઊઠે:

'મને અ ા દંભથી ઢાંક્યા બધા ચહેરા નથી ગમતા.'

જુવાની પર હજારો જાતના પહેરા નથી ગમતા.’

દંભ એ જીવનનો પરાજ્ય છે, નિષ્ફળતા છે, આપણા અહમ્ના પડદાને ખસેડવાની જરૂર છે. ભૂલ તો થાય, પણ પ્રેમ અને લાગણીથી તેને વાળતાં શીખવું પડે છે. કારણ યુવાનીનું લક્ષણ છે —

‘નહોતું તેને પેખતી,
ને હતું તેને નિહાળતી નહીં.’

જુવાન હૃદયની આ લાક્ષણિકતાને અ◌ાપણે ધ્યાનમાં રાખવાની બહુ જ જરૂર છે. ‘આપણી જિંદગી માત્ર મિજાજ કરવા માટે નહીં, પણ આપણા સંતાનના મિજાજની માવજત કરવા માટે પણ છે.’ એ શું યથાર્થ નથી? આપણે ધારીએ એમ જ આપણાં સંતાનો વર્તે એવો આગ્રહ રાખવો એના જેવી મોટી જીવનમાં કોઈ જ ભૂલ નથી – એ આપણે કેમ ભૂલીએ?

*

સંતાનની નાડ મા જ પારખે

'અરે શાલિન! આમ આવ તો... આ શું કર્યું છે તેં? આ તે કંઈ ઘર છે કે ઉકરડો? દીવાનખાનામાં એક બાજુ આ રમકડાં. બીજી બાજુ આ ચોપડીઓ, એક્કેય વસ્તુ ઠેકાણે મૂકતાં શીખ્યો જ નથી... ચાલ જલદી ઊભો થા, મૂકી દે તો આ બધું. કોણ જાણે તને આ કેવી ટેવ પડી છે? સાંભળે છે? તને કહું છું શાલિન? ઊભો થા તો ઝટ.'

પપ્પાનો આ ગુસ્સો સાંભળી શાલિન પણ ગભરાયો અને એટલે પરિસ્થિતિથી છૂટવા તેણે ઊંડું બગાસું ખાધું ને આંખો ચોળતો-ચોળતો તેનાં રૂમ તરફ જવા માંડ્યો અને એટલે આસિતભાઈનો ગુસ્સો વધારે ગયો... એકદમ શાલિનની પાસે જઈને કાન પકડી પાછો ખેંચી લાવ્યા ને ફરી બૂમ મારી ધમકાવવા માંડ્યા.

'ભરે છે કે નહીં આ બધું? હું આજે તને છોડવાનો નથી... રોજેરોજ એક-એક નવું લક્ષણ શીખે છે તું... હું એ કશું ચલાવી લેવાનો નથી સમજ્યો? આ ઘરમાં જ નહીં રાખું તને... સમજે છે શું તારા મનમાં? મારા ઘરમાં રહેવું હશે, તો મારી રીતે રહેવું જ પડશે સમજ્યો?'

અને શાલિન જોરજોરથી ઘાંટા પાડી રડવા લાગ્યો. સાત વર્ષનો શાલિન... ગુસ્સો ખમવાનું એનું ગજું પણ શું હોય?... સુષ્માબહેન તો આ બધું જોઈ ડઘાઈ જ ગયાં હતાં... આસિતભાઈનો સ્વભાવ આમ ગરમ ખરો, પણ કારણ વગર ગુસ્સે ન થાય... પણ જ્યારે ગુસ્સે થાય ત્યારે કોઈનાય નહીં... એમને શાંત રાખવા ભારે થઈ પડે... અરે! સુષ્માબહેનનેય ઘડી વારમાં કોડીનાં કરી નાખે અને એટલે સુષ્માબહેન પણ મૂંઝાયાં. શાલિનની આ પરિસ્થિતિ તેમનાથી જોવાતી ન હતી. બીજી બાજુ આસિતભાઈનો આ બેકાબૂ બનેલો ગુસ્સો, એ પણ શાલિન પર ક્યારેય અકળાતા નથી તેવું તો નથી, છોકરું નાનું હોય એટલે ધમાલ કરે, ક્યારેક કહ્યું પણ ન કરે અને ત્યારે ક્યારેક કળથી, ક્યારેક બળથી તેને વારવું પડે... એક વાર તો એ પણ શાલિન પર ગુસ્સે થઈ ગયા હતા ને શાલિનને લડવા માંડ્યા, ને એવા વ્યગ્ર થઈ ગયા, ધ્રૂજવા માંડ્યા ને શાલિનનું નામ જ તેમને યાદ ન આવે... માણસ ક્યારેક લાગણીના આવેશમાં એવો તો આવી જાય છે કે તેની બુદ્ધિ પણ જાણે કામ કરતી અટકી જાય છે, પણ આવું થાય ત્યારે નાનકડો શાલિન મા સામું જોઈ એવું નિર્દોષ હસી પડે અને પળવારમાં તો સુષ્માબહેનનો ગુસ્સો એકદમ ઊતરી જાય... વહાલથી પાછો શાલિન એમને વળગી પડે... અને કાલીઘેલી ભાષામાં માને કહે, 'સોરી મમ્મી, હવે આવું નહીં કરું... મને વહાલી કરને!...' ને પાછું ઘડી વારમાં તો આખુંય વાતાવરણ પ્રસન્ન બની જાય. બધું જ એકદમ ભુલાઈ જાય... મા અને બાપમાં, સ્ત્રી અને પુરુષમાં આ જ ફરક છે અને એટલે જ પરિસ્થિતિને સાચવી લેવા સુષ્માબહેને શાલિનને પાસે રાખીને ખેંચી લીધો... ને વાતને વાળતાં વહાલથી કહ્યું: 'ચાલ બેટા! આપણે બધું ગોઠવી દઈએ... આપણું ઘર સરસ કરી દઈએ... પપ્પાની તબિયત આજે સારી નથી ને એટલે ગુસ્સે થઈ ગયા... આવતો રહે દીકરા...' શાલિન એની મા સાથે બધું વ્યવસ્થિત મૂકવા લાગ્યો... ઘડી વારમાં તો ધરતીકંપનો આંચકો શમી ગયો!

આમ તો બાળકના ઉછેરની બાબતમાં એક હકીકત બહુ જ મહત્ત્વની છે કે બાળકને શિસ્ત શીખવવું હોય તો મા લડે ત્યારે બાપે વચ્ચે ન પડવું જોઈએ અને બાપ ગુસ્સે થાય ત્યારે માએ તેનો પક્ષ લેવો ન જોઈએ, કારણ કે એવું બને ત્યારે બાળક મા કે બાપની નબળાઈનો અને તકનો લાભ લેતું થઈ જાય છે ને ધાર્યું કરાવતું થઈ જાય છે. છતાંય એ પણ એક સત્ય છે કે બાળઉછેરના ઘણાબધા સિદ્ધાંતો આપનાર મનોવૈજ્ઞાનિકોને હકીકતમાં મા તરીકેનો અનુભવ હોતો નથી, બાળક જીવંત છે, એની પળેપળ જુદી હોય છે અને એટલે એની નાડ મા વિના

કોઈ પારખી ન શકે અે પણ હકીકત છે અને એટલે જ ક્યારેક મનોવિજ્ઞાનના સિદ્ધાંતોને બાજુ પર મૂકીને માએ વર્તવું જ પડે છે. માબાપ થવું સહેલું નથી.

બાળક વિનાનું ઘર કેવું સૂમસામ લાગે? બાળકનું ખિલખિલાટ નિર્દોષ હાસ્ય, ઘરના ચારે ખૂણે એની ધાંધલધમાલ, બૂમાબૂમ, વેરણછેરણ પડેલાં રમકડાં, અહીંતહીં પડેલી ચોપડીઓ, બહારથી અાવનાર મહેમાનને કદાચ જોવું ન ગમે... મનોમન વિચાર કરે... 'ગૃહિણી તરીકે સુષ્માબહેન નિષ્ફળ છે, ઘરમાં રસ જ ક્યાં છે? અેમનું ઘર તો જુઓ... કશું જ વ્યવસ્થિત નહીં...' પણ જો એ જોનાર એક મા હશે તો તે તેને જુદી રીતે જ મૂલવશે... 'છોકરાં હોય તો ઘર તો અસ્તવ્યસ્ત હોય જ ને? છોકરા માટે ઘર છે કે ઘર માટે છોકરાં છે? નસીબદારને ત્યાં જ છોકરાં હોય અને છોકરાં હોય ત્યાં ઘર અસ્તવ્યસ્ત હોય જ એ વિના ઘર જીવંત, ધમધમતું કેવી રીતે લાગે?...'

આપણે ક્યારેય વિચારીએ છીએ ખરાં કે આપણને બાળક માટે ઇચ્છા શા માટે થાય છે? સુષ્માબહેનના લગ્નને પાંચમું વર્ષ થયું... ને તેમને દિવસ નહોતા રહેતા... કેટલાં ચિંતામાં પડી ગયાં હતાં એ! ડૉક્ટરોની ટ્રીટમેન્ટ અને કેટકેટલું કર્યું હતું તેમણે? માતૃત્વ પામ્યા વિના સ્ત્રીને ક્યારેય તેના જીવનમાં પરિતૃપ્તિની અનુભૂતિ થતી નથી અને પુરુષનેય ઘરમાં બાળક ન હોય તો સૂનું-સૂનું લાગે છે, દામ્પત્યજીવનમાં ગમે તેટલી ઉષ્મા હોય, એકબીજાની હૂંફ હોય પણ બાળક બંનેને જકડી રાખતી અેક જીવંત કડી છે, એની અાસપાસ બંને એવાં ગૂંથાયેલાં રહે છે કે જીવનમાં એક અનેરી મીઠાશનો અનુભવ થાય છે. કોઈ કહેશે બાળક માણસનો વંશવેલો ચાલુ રાખે છે અને અે રીતે તેને અમરત્વ બક્ષે છે, બાળક એ અાપણું સર્જન છે. અાપણી જ પ્રતિકૃતિ છે અને અેટલે અાપણને તે મૃત્યુ પછી પણ જીવંત રાખે છે. કોઈક બાળકમાં વૃદ્ધાવસ્થાનો સહારો શોધે છે, તો કોઈક વળી એને પતિપત્નીના પ્રેમનું પ્રતીક છે, તેમ કહે છે. ગમે તે હોય પણ એક વાત તો સત્ય જ છે કે બાળકના ખિલખિલાટ હાસ્ય અને નિર્દોષ, નિજાનંદની મસ્તી અને ધાંધલમાલ વિના ઘર તો સૂમસામ બની જ જાય, પણ જીવન પણ શૂન્યાવકાશ જેવું બની જાય... અને છતાંય આપણે ક્યારેક બાળક પર અકળાઈ જઈએ છીએ ત્યારે!... ઘડીભર થંભી જઈને એની આંખોમાં આંખ પરોવી અાપણે અેના હૃદયની ભાષાને સમજવા જેટલો પ્રયત્ન કરી શકીએ છીએ ખરા? એવી ધીરજ ધરી શકીએ છીએ ખરા!

આપણે બાળકને કેમ ચાહીએ છીએ? ક્યારેય અાપણે અાપણા અંતરને એ પૂછ્યું છે ખરું? નાનકડો નિશાંત ચશ્માં પહેરી સ્કૂલમાં આવ્યો હતો. કાળા ગોગલ્સ પહેર્યાનો તેના મોં પર આનંદ હતો. પણ આંખ આવેલી હતી અને બીજાને ચેપ લાગે તો?... એટલે એને મેં પાસે બોલાવ્યો... 'બેટા! આંખ આવી છે, તોપણ તું કેમ સ્કૂલમાં આવ્યો? બીજાને ચેપ ન લાગે?' અને તે તરત જ બોલી ઊઠ્યો, 'મમ્મીએ કહ્યું કે તું સ્કૂલે જા... ઘેર નાની બહેનને પછી આંખો અાવે ને!' અને એ સાંભળી હું ઘડી ભર ધ્રૂજી ઊઠી... આ તે કેવી મા? પોતાની નાની દીકરીની ચિંતા એને હોય એ સમજી શકાય પણ તેને કારણે આંખ આવેલા નિશાંતને અા શિક્ષા? અને સ્કૂલના બીજા છોકરાને ચેપ લાગે તેનું શું? પણ બાળકો તો કેવાં નિર્ભય હોય છે! તે સાવ નિર્દોષતાથી સાચું હોય તે કહી જ દે છે. તેમને ક્યારેય ગોળ-ગોળ કે ઊંધુંચત્તું બોલવાનું ફાવતું જ નથી... અરે! એવો તેમને વિચાર પણ આવતો નથી અને ગમે તેટલું મારો, બીક બતાવો તોપણ તે ભાગ્યે જ જૂઠું બોલશે અને બીકના માર્યા બોલશે તો તેને ફાવશે જ નહીં ને પકડાઈ જશે. બાળકની અા નિર્દોષતા આપણને જીતી લે છે.

આપણે જ્યારે-જ્યારે મા કે બાપ બનીએ છીએ, ત્યારે આપણે સૌ પહેલાં તો મનમાં એ સમજવાની જરૂર છે કે હવે આપણે ઘરના સરતાજ નથી. બાળકનું પણ ઘર છે. એનો અવાજ

પણ ઘરમાં હોવો જોઈએ. એને પણ એનું ઘર છે, તેવી લાગણી થવી જોઈએ.

'મારા કહ્યા પ્રમાણે નહીં રહે તો તને ઘરમાંથી કાઢી મૂકીશ' આવી ધાકધમકી જેવી નઠોર શિક્ષા અને અાકરો આઘાત બાળક માટે બીજો કયો હોઈ શકે? અાવું સાંભળીને બાળકના હૃદયમાં ઊઠતા વંટોળનો, બિનસલામતીની બીકનો ક્યારેય ખ્યાલ કરીએ છીએ ખરા? બાળક આપણું જ છે અને એટલે એ ઘરના અણુએ અણુ પર આપણા જેટલું જ હક્કદાર છે અે કેમ ભુલાય? એ કહે કે, 'થાકી ગયો', 'કંટાળી ગયા', 'ખાવું નથી', 'ગમતું નથી' ત્યારે અાપણે વિચારવું પડે કે અેના હૃદયમાં ક્યાંક કશુંક ખટકે છે, જે એ વ્યક્ત કરી શકતો નથી, બાકી બાળક તો સતત વહેતો શક્તિનો સ્રોત છે. એને થાક કે કંટાળો હોય જ ક્યાંથી? આદર્શ મા કે બાપ બનવા માટે તો રોજેરોજ કંઈક શીખવાની ને આપણા દૃષ્ટિબિંદુ બદલવાની તૈયારી રાખવી પડે... 'હું પંદર વર્ષનો હતો, ત્યાં સુધી મને થતું હતું મારા પપ્પાને કંઈ જ સમજ નથી પડતી. પણ હું એકવીસ વર્ષનો થયો ત્યારે જ મને લાગે છે કે શું માત્ર છ જ વર્ષમાં મારા પપ્પામાં આટલું બધું ડહાપણ આવી ગયું?'

માબાપને મૂલવવાની સંતાનની આ કેવી સ્પષ્ટ અને સાહજિક છતાંય નિર્દોષ અને સરળ અભિવ્યક્તિ !... કૌમાર્ય અવસ્થામાં સંતાનની એ આગવી લાક્ષણિકતા છે અને એટલે જ આપણે માબાપ બનીએ ત્યારથી બાળકની દુનિયાને, બાળકોની દૃષ્ટિએ જોતાં શીખવાની જરૂર છે... હા ક્યારેક વાદ થાય, વિવાદ પણ થાય, સ્નેહભર્યા સંવાદથી જો અાખીય બાજી વાળી લેવામાં આવે તો સંતાનો સાથે સ્નેહનો સેતુ વધુ મજબૂત બને. સાયુજ્ય વધુ મજબૂત બને... અને એ જ છે સફળ માબાપ બનવાની કળા.

*

બાપ બનવું સહેલું નથી

'ડૉક્ટર, હું ગૌરાંગ બોલું છું. ઉષાને તાવ અેકદમ વધી ગયો છે. ગઈ કાલે રાતથી 104થી નીચે જતો જ નથી. અાજે તો તેને ત્યાં લાવી શકાય તેમજ નથી... તમે અાવી શકશો? પ્લીઝ...'

'હું આવીશ તો ખરો પણ કેટલા વાગે આવી શકીશ તે કહી શકતો નથી, પણ આજે સોમવાર છે એટલે પેશન્ટ ઘણાં છે પણ હું અાવીશ ચોક્કસ, ચિંતા ન કરશો.'

અને મેં ફોન મૂક્યો. હું પાછો ઉષાની રૂમમાં ગયો... લગ્ન થયાને કેટકેટલાં વર્ષો નીકળી ગયાં? પણ મને ક્યારેય જીવનમાં ક્યાંય કશી જ મુશ્કેલી પડી જ નથી... અનુરાને છઠ્ઠું વર્ષ જાય છે અને અનુજને ત્રીજું... બંને બાળકોના જન્મ થયા, ઉષા હૉસ્પિટલમાં હતી, પછી ઘેર હતી... બંને ડિલિવરીમાં પણ મને ક્યાંય કશી જ ખબર પડી નહીં, કારણ ઘરનાં વડીલો બધું સાંભળી લેતાં હતાં, અનુજ નાનો હતો અને અમો અમારા નવા ઘરમાં રહેવા ગયા હતા... હું તો જાણે મહેમાનની જેમ જ ત્યાં ગયો ન હોઉં...! ઉષાએ બધું જ આજ દિન સુધી અેકલે હાથે સંભાળ્યું છે. અનુરા મોટી થઈ. તેની સ્કૂલની પસંદગી, તેના ઍડ્મિશનના આટાપાટા... અરે હું એનો બાપ છું, પણ મને કશી જ ખબર નથી! અનુજ પણ બાળમંદિર જતો થઈ ગયો છે. અનુરા તો કેવી ચબરાક અને હોશિયાર છે! અરે ઉષા આટલી માંદી છે છતાંય એણે અેક્કે દિવસ મને અૉફિસે જવાની ના નથી કહી... આટલી નાની અનુરા એની માની પાસેથી જરા પણ ખસતી નથી... એની દવાઓ પણ એ યાદ કરે છે ને અાપે છે. છોકરીઓને શું ઈશ્વર પહેલેથી જ જવાબદારી માથે લેવાની શક્તિ આપતો હશે? આટલી નાની છે પણ એની માની માંદગીની ચિંતા જાણે મારા કરતાં એને વધુ ન હોય! કાલે રાતે અનુજને કેવા વહાલથી સુવાડતી હતી! કેટલીય મોટી સમજુ અને શાણી દીદી ન હોય! ક્યારેક તો મને થાય છે, ઈશ્વરે મારા ઉપર પાર વિનાની મહેર કરી છે... સંસારની બધી જ જવાબદારી હસતે મોંએ ઉપાડી લે તેવી ઉષા અને એના હાથ નીચે ઘડાતી આવી લાડકી દીકરી અનુરા... અનુજ પણ ક્યાં ઓછો મીઠડો છે... પણ ગઈ કાલ રાતથી મને ચેન નથી પડતું.

'ઉષાને કંઈક થઈ જશે તો...? તાવ કાબૂમાં આવતો નથી... અને કારણ પકડાતું નથી... શાનો તાવ છે એ ખબર પડે તો-તો ટ્રીટમેન્ટ પણ થાય અને બે દિવસ મોડું પણ ઠેકાણું તો પડે પણ નિદાન જ ન થાય તો કરવું શું? બ્લડ ટેસ્ટ, યુરિન ટેસ્ટ, એક્સ-રે, સોનોગ્રાફી ક્યાં કશું બાકી રાખ્યું છે? હે ભગવાન! તેં મારા ઉપર અત્યાર સુધી ખૂબ-ખૂબ મહેર કરી છે અને તારી એ મહેરને કારણે હું મારી પતિ તરીકેની ફરજો ચૂક્યો છું... ઉષાના સરળ સ્વભાવે મારી પાસેથી ક્યારેય કોઈ અપેક્ષા રાખી જ નથી, ફક્ત પૈસા કમાવા સિવાય મેં કશા જ ઉપર અાજ દિન સુધી ધ્યાન નથી અાપ્યું. અરે... હું આંખ મીંચું છું તો મને અનુજ અને અનુરાનું મોં પણ નજર આગળ આવતું નથી. શું હું તે કંઈ બાપ છું?... મારા જ હૃદયના ટુકડા જેવાં મારાં જ એ સંતાનોના ચહેરા તો નિરંતર નજર આગળ તરવરવા જોઈએ તેને બદલે કાલે અાખી રાત ઉષાની ચિંતામાં હું આંખનું મટકુંય મારી શકતો ન હતો અને ત્યારે મેં વારંવાર પ્રયત્ન કર્યા અનુરા અને અનુજના ચહેરાને નજર સામે જોવા... ઘણી મથામણ કરી ઉષાનો ચહેરો નજર આગળ આવતો હતો પણ અનુરા અને અનુજને ચહેરો? મારી કલ્પનાસૃષ્ટિ મેં ઘણી-ઘણી ફંફોળી પણ વ્યર્થ... અને મને મારા પોતા પર જ ગુસ્સો આવ્યો... અરે! હું તે કંઈ બાપ છું? મારાં સંતાનોના ચહેરાનેય હું યાદ ન કરી શકું? કલ્પનાસૃષ્ટિ સમક્ષ ખડાં ન કરી શકું! મને બાપ બનવાનો અધિકાર છે ખરો? હું મારી જવાબદારી ચૂક્યો છું, હું મારી ફરજ ચૂક્યો છું. ઉષાની સ્વીકાર્યતા, સ્નેહ અને સૌમ્યતાએ આજ દિન સુધી મારી આ બધી જ નબળાઈઓને

ચલાવી લીધી. ધન્ય છે એની સહનશીલતાને! પણ કાલે ઉષાને કંઈ થયું તો...? અને હું ધ્રૂજી ઊઠ્યો... મારા હૃદયમાં એક ધરતીકંપનો આંચકો મેં અનુભવ્યો, એક ઘેરો શૂન્યાવકાશ ચારે બાજુ છવાઈ ગયો અને બીજી જ ક્ષણે હું પથારીમાંથી સફાળો બેઠો થઈ ગયો.' બાજુમાં જ ઉષા સૂતી હતી તેને માથે હાથ મૂક્યો, કપાળ ધીકતું હતું. મારા હાથના સ્પર્શથી ઉષાએ આંખ ઊંચી કરી... માંડ-માંડ બોલી... 'શું થયું ગૌરાંગ? ડૉક્ટર કહ્યું છે એટલે આવશે જ, ચિંતા શું કામ કરો છો?'

'મને માફ કરી દે ઉષા... મને માફ કરી દે' ઉષાનો હાથ હાથમાં લઈને પંપાળતા પંપાળતા હું રડી પડ્યો.

'મને કશું નથી થવાનું, ગૌરાંગ ચિંતા ન કરો... મને કંઈ થયું નથી...' ઉષાની ઈશ્વર પરની શ્રદ્ધા, એનો આત્મવિશ્વાસ, એની આત્મશ્રદ્ધા તરફ મારું શિર ઝૂકી ગયું... મેં વહાલથી એના કપાળને ચૂમી લીધું અને એ જ પળે મનોમન ઈશ્વર પાસે માફી માગી નક્કી કર્યું કે, 'આજથી હવે મારા જીવનમાં પતિ અને પિતા તરીકેની ભૂમિકાને જ પ્રાધાન્ય આપવું છે, બીજું બધું જ પછી. મારા જીવનમાં આજથી હવે ઉષા અનુરા અને અનુજ જ સર્વસ્વ, એ પછી જ બધું.'

અને પરિવર્તનની એ પળ પછી મને હવે સમજાવા લાગ્યું છે કે બાળકના જીવનમાં ભલે માનો ફાળો બહુ જ મહત્ત્વનો હોય. નવ-નવ મહિના સુધી ઉદરમાં ધારણ કરી અસહ્ય પ્રસવવેદના પછી જન્મ આપતી માને માટે બાળકથી મહાન કોઈ હોઈ શકે? પોતાના જ સર્જનનો ગર્વ કોને ન હોય? અને છતાંય એ મા કેવી મહાન છે? એનું હૃદય કેવું વિશાળ છે કે એ બાળકના નામની પાછળ પોતાનું નામ લગાડવાને બદલે એ બાપનું નામ લખે છે! એના હૃદયની વિશાળતાની આથી તે કઈ મોટી પરખ હોઈ શકે!

અને બાપ! કશી જ મહેનત વિના સંતાન કંઈક સારું કરે તો 'એ મારું બાળક છે' કહી, ગર્વ લેતાં ફૂલ્યો સમાતો નથી. ઉષાની માંદગીએ મને જીવનમાં નવી દૃષ્ટિ આપી.. મને ત્યારે જ સમજાયું કે 'અરે! મેં જીવનનું ખરું સત્ય જ ગુમાવ્યું છે, જવાબદારી વિનાય હક્ક ભોગવવાનો અધિકાર હોઈ જ ન શકે. અધિકાર અને ફરજ બે હંમેશાં સાથે જ શોભે, સાથે જ હોઈ શકે. બાળકને જન્મ આપવાની અને એને ઉછેરવાની શક્તિ અને જવાબદારી ભલે ઈશ્વરે સ્ત્રીને આપી છે, પણ બાળકને શિસ્તના પાઠ અને બહારની દુનિયા સાથે પરિચય કેળવતાં શીખવવાની ફરજ તો બાપની જ છે. બાળકના હૃદયને માના ભરપૂર પ્રેમની જરૂર છે. તેની સાથે બાપના છત્રની, તેમાંથી સલામતીની અનુભૂતિ પણ એટલી જ અનિવાર્ય છે. બાપ સાથેની વાતોમાંથી બાળક દુનિયા વિશેની જાણકારી મેળવી એની બુદ્ધિની ક્ષિતિજોની મર્યાદાને વિકસાવી શકે છે. મા સાથે તેનું વહાલનું બંધન ઘણું મજબૂત હોય એ સ્વાભાવિક છે, પણ તે સાથે-સાથે બાળકને બાપની પણ એટલી જ જરૂર હોય છે. ફક્ત કમાઈને લાવી આપી બાપ માને કે એનું ભરણપોષણ હું કરું છું એ જવાબદારી કંઈ નાનીસૂની નથી. પણ પેટ તો ધરતી પર પ્રાણીઓ પણ ભરી શકે છે! માનવ અને પ્રાણીમાં ઘણો ફરક છે... માનવ માટે તો પેટ ભરવા કરતાં પ્રેમ વધુ મહત્ત્વનો છે, એના વિના એ જીવંત માનવ બની શકે જ નહીં. કેટકેટલાં બાળકોની પાછળ માએ ખૂબ-ખૂબ ધ્યાન આપ્યું હોય છતાં એને બાપનો પ્રેમ અને છત્ર ન મળ્યાં હોય એવાં બાળકોના વ્યક્તિત્વમાં અધૂરપ જણાય છે! બાળકના ઉછેરમાં બાપની ભૂમિકાની અગત્ય પણ નાનીસૂની નથી અને 'બાપ બનવું પણ સહેલું નથી.' એ પણ એટલી જ સત્ય અને વાસ્તવિક હકીકત છે. ઘણાંબધા મનોવૈજ્ઞાનિકો અને મનોચિકિત્સકોએ તેમના અભ્યાસને આધારે જણાવ્યું છે કે શક્તિશાળી પિતાની ખોટને કારણે કંઈ કેટલાય લોકો ગુનેગાર કે માનસિક વિકૃતિનો ભોગ બન્યા છે! પુરુષ પોતે પણ ધારે તો બાળકને મા જેટલો જ પ્રેમ આપી શકે. માથી પણ અધિક સાચવી શકે, 'Where there is the will there is

the way' મન હોય તો માળવે જવાય. બાપ તરીકે લાગણીથી તેનું હૃદય અંદરથી હાલવું જોઈએ. આજે તો સમાન હક્કની હવા ચારે બાજુ પ્રસરી ગઈ છે અને એટલે બાળઉછેર એ સ્ત્રી-પુરુષ બંનેની સહિયારી ફરજ છે – એવું સ્વીકારાતું જરૂર થયું છે, પણ આપણા પુરુષપ્રધાન સમાજમાં એ સંપૂર્ણપણે જોવા મળે છે ખરું?

બાપ તરીકે બાળકના ઉછેરમાં સંપૂર્ણ ભાગીદારી અદા ન કરી શકીએ, તો કંઈ નહીં પણ બાળક જ્યારે નાનું હોય ત્યારે બાળઉછેરમાં ઘરકામમાં અને બીજી બધી જવાબદારીઓથી ઘેરાઈ જતી, મૂંઝાતી અને અકળાતી માને જાગૃતિપૂર્વક શક્ય હોય ત્યાં હાથ દઈ શકીએ. મદદ કરી શકીએ, તોય ઘણું... કારણ બાળકના ઉછેરમાં માની પ્રસન્નતાનું પણ મહત્ત્વ નાનુંસૂનું નથી અને સંસારની જવાબદારીમાં પતિની સહભાગીદારીથી અરે! હમદર્દીના બે શબ્દોથી પણ સ્ત્રીને કેટલું સારું લાગે છે!

એ તો સ્ત્રીને પૂછો ત્યારે જ ખબર પડે... એક બાપ હોવાને નાતે આટલી ફરજ બજાવી શકીએ તોપણ ઘણું... અને એટલે જ કહું છું કે, 'બાપ બનવું સહેલું નથી.'

*

દિશાશૂન્ય બનતાં સંતાનો!

અમેરિકામાં ટી.વી. પર સમાચાર જોતી હતી. ત્યાં તો અેક સ્કૂલ, બાજુમાં તેની બસો ને મોટરો... ત્રણ-ચાર છોકરાં ગોળીથી વીંધાયેલા પડ્યાં હતાં... ને સર્વત્ર હાકાકાર પ્રસરી ગયેલો હતો... પ્રાયમરી સ્કૂલનું કંપાઉન્ડ... જ્યાં નિર્દોષ ને મસ્ત છોકરાંઓ ખેલતાં હોય, કૂદતાં હોય ને હસતાં કિલ્લોલતાં હોય – ત્યાં અાવો હત્યાકાંડ? ઘડીભર તો અા દૃશ્ય જોઈને હું સમસમી ઊઠી... અરે! આ શું થવા બેઠું છે!... માનવ માનવતા ખોઈ રહ્યો છે! એક બાજુ જ્ઞાનની ક્ષિતિજો હરણફાળે આગળ વધતી જાય છે. વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી આગળ વધી રહ્યાં છે. જેણે માણસને અકલ્પ્ય એવી સુવિધાઓ પૂરી પાડવા માંડી છે ને છતાંય માનવનાં મનમાં – અરે! આ ઊગીને ઊભા થતાં નિર્દોષ ને નાદાન બાળકોના હૃદયમાં આટલો અજંપો શાને? હું જાણે બેચેન બની ગઈ હતી... હજી એ ભાર તો હૃદય પરથી અોછો થયો ન હતો, ત્યાં માંડ ત્રણચાર દિવસ વીત્યા હશે ને ફરી પાછું એવું બીજું દૃશ્ય સમાચારમાં નજરે પડ્યું... સાતમા ધોરણના બે છોકરાઓએ રિસેસ પડી ત્યારે તેર છોકરાંઓ પર ગોળી ચલાવી – જેમાંથી 'પાંચ સ્થળ પર જ ખલાસ થઈ ગયાં ને બાકીનાની હાલત ગંભીર છે!' મારું મન અાકુળવ્યાકુળ થઈ ગયું... આ શું થવા બેઠું છે? અાવું શાથી? આ બધું ક્યાં જઈને અટકશે?... શું અાનો કોઈ ઉપાય જ નહીં?

રોજેરોજ સમાચારપત્રોમાં પણ આવા જ સમાચાર ચમકતા હોય... અેક કિશોરે એની જ ટીચરનું ખૂન કર્યું... ટીચર સ્કૂલમાં અાવતાં ગ્રોસરી સ્ટોરમાં ખરીદી કરવા ગઈ હતી. બહાર આવતાં જ તેના વિદ્યાર્થીએ તેનું ખૂન કર્યું ને તેની ગાડી લઈને તે ભાગી છૂટ્યો. પકડાયો તો ખરો... તેની પર કેસ ચાલ્યો.

તેણે ગુનો કબૂલ કર્યો ને કહ્યું કે, 'હું રોજ ટીચરને એ ગાડીમાં જોતો ને મને થતું 'મારે આવી ગાડી જોઈએ છે... પણ મને તે મળી શકતી ન હતી... હું મારા મનને રોકી ન શક્યો અને એટલે મેં તેનું ખૂન કર્યું...' બાળકો આટલાં ગુનાહિત માનસવાળાં કેમ થતાં જાય છે? અમેરિકામાં દર વર્ષે લગભગ 35000 કિશોરો ગાડી ચોરવામાં સંડોવાયેલાં પકડાય છે... આપણે ત્યાંય હવે સ્કૂટર અને ગાડીઓની ચોરી દિવસે દિવસે કૂદકે ને ભૂસકે વધતી જ જાય છે. સમસ્યા બહુ મોટી છે... કાગડા જાણે બધે કાળા જ છે.'

'ગુરુર્દેવો ભવ, પિતૃદેવો ભવ, માતૃદેવો ભવ...' નવી પેઢીનાં ભણતર અને ઘડતરમાંથી આ સૂત્રો ક્યાં લોપાઈ ગયા છે? સમજ નથી પડતી!... શહેરીકરણ અને સામાજીકરણમાંથી શું આપણે આ સાર કાઢ્યો છે? એક ચિંતકે તેની અા હૈયાવરાળ ઠાલવતાં બહુ સરસ લખ્યું છે, 'જંગલથી દૂર દૂર જેમ જતો જાઉં છું, તેમ-તેમ મને જંગલિયત વધુને વધુ દેખાતી જાય છે.' માનવ બુદ્ધિશાળી બનતો જાય છે, પણ હૃદયની લાગણીઓને તે અંદર અને અંદર ભંડારતો જાય છે... શું ફક્ત બુદ્ધિથી માણસ માનવની જેમ જીવી શકશે ખરો? માબાપે તંદ્રામાંથી જાગવાનો સમય આવી ગયો છે. આંબો વાવો અને અેનું જતન કરો તો જ તમને કેરી ખાવાનો અધિકાર મળે અને અે મહેનત પછી ખાવા મળતી એ કેરી પણ કેવી મીઠી લાગે? સંતાનોની બાબતમાં ય આ જ હકીકત સાચી છે.

માબાપ બનતાં પહેલાં ખૂબ સ્વસ્થતાપૂર્વક વિચાર કરી લેવાની જરૂર છે કે એ જવાબદારી આપણે સ્વીકારવી છે ખરી?

એને માટે આપણામાં ક્ષમતા છે ખરી?... એને માટે પૂરી સુવિધા આપણી પાસે ઉપલબ્ધ છે? કે પછી અાપણા અાવેગો અને લાગણીઓનાં સંતોષમાંથી જ પેદા થતાં બાળકોને આપણે 'જણી-જણી ને રઝળતાં મૂકી દેવાં છે?' બહુ ગંભીર અને વિચારવા જેવો પ્રશ્ન છે.

માબાપ, સફળ માબાપ બની શકાય એવાં આપણે મેચ્યોર છીએ ખરાં? આ બધાંય પ્રશ્નોનો સ્વસ્થતાપૂર્વક વિચાર કર્યા પછી જ સંતાનની જવાબદારી જો સ્વીકારાય તો કદાચ ઓછા પ્રશ્નો ઊભા થાય.

ફક્ત પશ્ચિમમાં જ નહીં પણ આપણે ત્યાં પણ બહુ ઝડપથી પરિસ્થિતિ બદલાતી જાય છે. કિશોરાવસ્થામાં અાટલા ગુના કેમ વધતા જાય છે? અમેરિકામાં તો અા કિશોરોને બહુ ગંભીર સજા પણ કરવામાં અાવતી નથી. કારણ?... 'તેઓ હજી નાદાન છે ને!' એવા અભિગમ કેમ ચલાવી લેવાય? આપણે ત્યાંય ગમે તેટલાં કાયદા, પોલીસ કે જેલ વધારીશું કે સબળ બનાવીશું પણ તેનાથી આ સમસ્યા હલ થવાની નથી... ગુના ન કરે તેને માટેનાં તે ઉપાય છે... પણ આવા ગુના તરફ એ છોકરાઓ પ્રેરાય જ નહીં તે માટે શું કરવું?

કુણાલ કૉલેજનાં પહેલાં વર્ષમાં હતો... અઠવાડિયા પછી તેની પરીક્ષા હતી અને એટલે એના બે ભાઈબંધ આજે ઘરે વાંચવા આવ્યા હતા. રાતે તે લોકો સાથે વાંચવાના હતા... અગિયાર વાગે કુણાલની મમ્મીએ ચા કરી આપી... 'છોકરાં રાતે ઉજાગરો કરે તો સારું વાંચી શકે' એ આશાએ... ને પછી સૂવા ગયાં... સવાર પડી ને બાજુવાળાએ સ્મિતાબહેનનું બારણું ખટખટાવ્યું... 'કાલે રાતે કુણાલ કોઈનું સ્કૂટર લઈને બે વાગે બહાર નીકળ્યો હતો. તમે તેને સ્કૂટર અપાવ્યું છે?' ને સ્મિતાબહેનને ફાળ પડી... 'અરે આ શું? એના ભાઈબંધનું હશે? પણ રાતે બે વાગે? ચા તો મેં મૂકી અાપી હતી. શાને માટે બહાર જવું પડે?' કશું સમજાતું ન હતું. ત્યાં તો ટેલિફોનની ઘંટડી રણકી... પોલીસમાંથી ફોન હતો. 'પોલીસ સ્ટેશન પર આવી જાવ. કુનાલ સ્કૂટરની ચોરીમાં પકડાયો છે...' ને સ્મિતાબહેને હાંફળાંફાંફળાં તેમના પતિને ઉઠાડ્યા. અધ્ધર શ્વાસે પોલીસ સ્ટેશને પહોંચ્યાં. સુમનભાઈને સવારે આઠ વાગે ઑપરેશન માટે હૉસ્પિટલ પહોંચવાનું હતું.

પેશન્ટને ટાઇમ આપ્યો હતો તેને બદલે સાત વાગે તેમને કુણાલ માટે પોલીસ સ્ટેશન દોડવું પડ્યું હતું અને એટલે સાહજિક રીતે જ સ્મિતાબહેન પર ગુસ્સો ઠાલવી રહ્યા હતા. 'તેં તેને બહુ જ ફટવી મૂક્યો છે... એને કહ્યામાં રાખ્યો નથી... હું આખો દિવસ કામમાં હોઉં પણ તેં કેમ ધ્યાન ન રાખ્યું? તું અાખો દિવસ કરે છે શું? એક છોકરાનુંય ધ્યાન નથી રાખી શકતી?' સ્મિતાબહેન સમજતાં હતાં કે સંતાનના ઉછેરમાં માની જવાબદારી ગમે તેટલી મનાતી હોય છતાં બાપની પણ અસર તેમાં ઓછી નથી હોતી... સંતાનને માની મમતા ને બાપ તરફથી સલામતી, છત્ર જોઈએ છે. મા અને બાપ બંનેની સંયુક્ત જવાબદારી તેમાં છે... પણ આ આપણા પુરુષપ્રધાન સમાજની એક આગવી લાક્ષણિકતા જ છે કે દીકરો જો કાંઈ સારું કરે તો બાપ છાતી ફુલાવી કહે કે એ મારો દીકરો છે, કારણ તેની પાછળ બાપનું નામ લાગે છે. કાંઈ ખરાબ કામ કરે તો હંમેશાં માને જ દોષ દેવાય છે કે 'એણે શું ધ્યાન રાખ્યું?' છોકરો બગડ્યો એમાં મોટે ભાગે માને જ જવાબદાર ગણવામાં આવે છે. અા છટકબારી કેટલી યોગ્ય છે?

ખરો પ્રશ્ન તો એ છે કે નવી પેઢીને, ઊગતી પેઢીને માનવજીવન પ્રત્યે માનની લાગણીથી જોતાં કેવી રીતે શીખવવું? માનવજીવન કેટલું અગત્યનું છે? અને જીવનમાં મૂલ્યો કેટલાં મહત્ત્વનાં છે! એ કેવી રીતે શીખવવું? અાપણું શિક્ષણ અને ઘડતર... એ બેમાં આ જીવનનાં મૂલ્યોની ઊણપ ને ખોટ દિન-પ્રતિદિન વધતી જ જાય છે. 'શું સાચું? ને શું ખોટું? પ્રેય શું ને શ્રેય શું? પ્રેય ગમે તેટલું તેટલું પ્રબળ હોય પણ શ્રેય માટે ય જીવનમાં જતું કરવું પડે, ઝઝૂમવું પડે...' એ પાયાનું ઘડતર આપણે બાળકમાં કરીએ છીએ ખરાં? એનામાં અેવાં ચારિત્ર્યનું ઘડતર કરવા માટે આપણે સજાગ છીએ ખરાં? આજે કેટલાં ઘરોમાં મહાન પુરુષોની આત્મકથા કે ચારિત્ર્યકથા જોવા મળે છે? ટી.વી. આવવાથી આમેય છોકરાંઓનાં ઇતર વાંચન પર તો જાણે સાવ જ ચોકડી લાગી ગઈ છે... ક્યારેક કંઈક માંડ વાંચે તોય આછુંપાતળું ને

છીછરું જ... જેમાંથી ન જ્ઞાન મળે કે ન થાય ચારિત્ર્યઘડતર... સ્કૂલમાં કોર્સ પૂરો કરવા તરફ જ ધ્યાન કેન્દ્રિત હોય અે શિક્ષકોય ભણતર ભલે ઘણું અાપી શકે, પણ ઘડતર કેટલું કરી શકે? અને અાટલા બધાં વસ્તીનાં વિસ્ફોટને કારણે એક એક વર્ગમાં પચાસથીય અધિક વિદ્યાર્થીઓ હોય ત્યારે એ શિક્ષક બાળકમાં ઊંડો રસ લઈ તેના અંતર સુધી પહોંચી પણ કેવી રીતે શકે? ભારતની અસલની સંસ્કૃતિમાં ગુરુ-શિષ્યનાં સંબંધો એ તો તેનું એક જમાપાસું હતું. પણ આજે અેવા સંબંધો શક્ય છે ખરાં?... ઘડિયાળને કાંટે જ ચાલતી અાંધળી દોટમાં આજે જીવનનાં મૂલ્યો તો જાણે ક્યાંય એક બાજુ હડસેલાઈ ગયાં છે.

ચારિત્ર્ય ઘડતરની અપેક્ષા સ્કૂલ કે શિક્ષક પાસે તો કેટલી રાખી શકાય?... માબાપે જ એ જવાબદારી લેવાનો સમય આવી પહોંચ્યો છે.

પણ આજે ભૌતિક સુવિધા પાછળની પણ દોટ એવી મુકાઈ છે કે એ માટે મા ને બાપ બંનેએ નોકરી કરવી પડે તેમ છે. જીવનનું ધોરણ ઊંચું જાળવવું હોય, છોકરાંની માંગો સારી રીતે પૂરી કરવી હોય તો અા કાળજાળ મોંઘવારીમાં બંને ન કમાય તો બે પલ્લાં સમતુલા જાળવી શકે તેમ નથી. અને કામ કરતી મા... આમેય તેની પત્ની ગૃહિણી અને માતાની ભૂમિકામાં તો અટવાયેલી હોય છે જ તેમાં વળી વ્યવસાયની ભૂમિકા ઉમેરાતાં તેની માતાની ભૂમિકા અે બરાબર રીતે ભજવી શકતી નથી... એનીય ક્ષમતા અને શક્તિને મર્યાદા તો હોય ને? એય માનવ છે ને! અાખો દિવસ નોકરી કરીને સાંજે થાકી પાકી ઘેર આવે ત્યારે એવી કંટાળી જાય કે ને તેના ચારિત્ર્યઘડતર માટે કંઈ કરી ન શકે, આવે વખતે દાદા-દાદી બહુ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે... પણ આજે કેટલાં ઘરોમાં દાદા-દાદી પોષાઈ શકે છે? સંયુક્ત કુટુંબો બહુ ઝડપથી તૂટતાં જાય છે. ઘરમાં વડીલ માબાપ હોય, વૃદ્ધ માબાપ હોય ત્યારે પતિપત્નીને એમની જવાબદારીનું ભારણ લાગે છે. તેમની સ્વતંત્રતા પર જાણે પહેરો મુકાતો હોય તેવું લાગે છે... અને અેટલે દાદા-દાદીના હૃદયમાં તેમનાં પુત્ર કે પૌત્રો ને પૌત્રીઓ માટે ગમે તેમ તેટલી મમતા હોય પણ તેઓ તેમની નજદીક રહી શકતાં નથી. જીવનની આ કેવી મોટી વિષમતા? પરિણામે માબાપ પોતાનાં સંતાનને જાતે તો સાચવી શકતાં નથી જ, પણ સાચવી શકે તેવાં દાદા-દાદીને પણ તેઓ સાચવવા તૈયાર નથી હોતાં... ને પરિણામે પોતાનાં માબાપ ને પોતાનાં સંતાનો બધાંનું જ હિત ઠેબે ચઢે છે... શું થાય? નવી ને અાગળ વધતી સંસ્કૃતિની સંસ્કારિતાની અા જ ખાસ લાક્ષણિકતા છે.

તેમાંય હવે તો કુટુંબોય બહુ ઝડપથી તૂટતાં જાય છે અને અેની અસરો આવાં ઊછરતાં બાળકો પર ખૂબ પડે છે. મોટા ભાગનાં ગુનેગાર બાળકો કાં તો આવાં તૂટતાં કુટુંબોમાંથી આવે છે અથવા તો તેમની મા કાં તો ત્યજાયેલી હોય, તરછોડાયેલી હોય ને કાં તો એકલી હોય... ખુદ પોતાનું જ દામ્પત્યજીવન નંદવાયું હોય અેવી દુભાયેલી ને વ્યથિત મા તેના બાળકને સ્નેહ હૂંફ કેવી રીતે આપી શકે? ને ઉપરથી બાળકના ભરણપોષણની જવાબદારીય તેને અેકલે માથે હોય. વાવંટોળથી ઘેરાયેલી મા બાળકને શું આપી શકે? બાળકના જીવનસંગ્રામમાં ઝઝૂમતી આવી મા પ્રસન્ન ક્યાંથી રહી શકે?

ફક્ત મંદિરમાં જવાથી કે ભગવાનની પ્રાર્થના માત્ર કરવાથી માણસ માનવ નથી બની શકતો. ખરેખર તો હૃદયને મંદિર જેવું પવિત્ર બનાવવાની જરૂર છે ને તો જ ત્યાં બિરાજેલ સાચા ઈશ્વરનાં દર્શન થઈ શકશે. માણસને માનવ બનાવવો, તેનામાં માનવતા પ્રગટાવવી એ સહેલું કામ નથી.

*

બાળક આપણું ચાવીવાળું રમકડું નથી

'અરે રેશમા! ક્યાં ગઈ તારી દીકરી... જાગે છે કે ઊંઘે છે? મેં તો અેને હૉસ્પિટલમાં બે દિવસની હતી, ત્યારે જોઈ હતી... પછી જોઈ જ નથી... કેટલી થઈ?'

'બે મહિના પૂરા થયા...'

'શું વાત કરે છે?... તો-તો હવે ઘાટીલી થઈ હશે. લાવ-લાવ જરા રમાડીએ... મને તો નાનાં છોકરાં રમાડવાં બહુ જ ગમે... એવાં મીઠાં લાગે ને! ભગવાને એમના મોં પર એવી નિર્દોષતા ને પ્રસન્નતા મૂક્યાં છે કે તમે તેમને જુઓને જાણે હૃદયમાંથી હેત ઊભરાય, તેની આંખો કેવી ઝગારા મારતી હોય છે! હું તો નાના બાળકને જોઉં ને મને જાણે એમ જ થાય કે અા તો જીવતા જાગતા દેવ છે! ભગવાને બાળકનું સર્જન કરીને તો કમાલ કરી નાખી છે હોં!'

અને રેશમા હોંશથી તેની દીકરીને લઈ આવી... ને મારા ખોળામાં મૂકી...

સરસ મજાના ગુલાબી ફ્રોકમાં એ અેવી તો મીઠી લાગતી હતી. ગોરો વાન, ભૂરી આંખો... સોનેરી રેશમ જેવા સુંવાળા વાંકડિયા વાળ... ને એવા હાથપગ ઉછાળે... જાણે કહેતી ન હોય કે 'મને લો... મને લો...'ને મેં એની સામે અાંખ માંડી... ને એવા હુંકારા કરવા લાગી... હવેનાં છોકરાં બહુ ચપળ હોય છે. બધું જ વહેલાં વહેલાં શીખવા માંડે છે... દિવસે-દિવસે છોકરાંઓ વધુને વધુ તેજ બનતાં જાય છે.

'શું નામ પાડવાનું નક્કી કર્યું છે, રેશમા?'

'તુલસી.'

'વાહ, બહુ સરસ... મીઠું નામ છે... પણ રેશમા... આ એના હાથે શું બાંધ્યું છે? બેઉ હાથ આમ કપડાંથી કેમ બાંધી દીધા છે? કંઈ થયું છે કે શું? આટલા નાના બાળકને...'

'અરે! આન્ટી... એ આખો દિવસ હાથ મોંમાં નાંખે છે. હાથ ચૂસ્યા કરે છે, પછી શું કરું?

'રેશમા...! નાનું બાળક છે તે હાથ તો ચૂસે જ ને! અરે! એની ચૂસવાની પ્રક્રિયા તો માના ઉદરમાં હોય ત્યારથી શરૂ થાય છે. નાના બાળક માટે હાથ ચૂસવા, અંગૂઠો ચૂસવો એ બધું તો બહુ સાહજિક અને સ્વાભાવિક હોય છે... તેનાથી તેને કેટલો આનંદ આવે! કેટલો માનસિક સંતોષ મળે!'

'અરે! પણ દાંત આગળ ન આવે! ડૉક્ટરો તો કહે છે કે અંગૂઠો ચૂસે એ છોકરાંના દાંત આગળ આવે ને વળી પાછી અા તો છોકરીની જાત... દાંત આગળ આવે તો મોં કેટલું ખરાબ લાગે! વળી પાછી રિંગની કડાકૂટ કરવી પડે...'

અને હું એકદમ હસી પડી... 'તુંય ખરી છે રેશમા. બે મહિનાની છોકરીને વળી દાંત આગળ આવવાની ચિંતા તું કરે છે? અરે! દાંત તો આઠ દસ મહિના પહેલાં ઓછા આવવાના છે! બહુ વહેલા આવે તોય છ મહિને... એને માટે તેને અત્યારથી શિક્ષા! તુંય ખરી છે હો રેશમા! અા તમે લોકો બહુ ભણેલાની આ જ બલિહારી છે. ને તેમાંય વળી ને દાંત પહેલાં આવશે એ તો દુધિયા દાંત આવવાના... એ તો બધાં જ પડી જવાનાં... અત્યારે તે અે બધી ચિંતા કરવાની હોય? ભારે કરે છે તું તો... અને મને એ નાજુક તુલસીની દયા આવી ગઈ... હજી તો માંડ ઊગીને ઊભી થાય છે ને તેને માથે અા ત્રાસ શરૂ થઈ ગયો! શું વખત આવ્યો છે? આજની ભણેલી-ગણેલી માની અા અધીરાઈ... આ વધુ પડતી જાગૃતિ... કેવા અતિરેક સુધી પહોંચી જાય છે!'

થોડાં વર્ષો પહેલાં આંતરરાષ્ટ્રીય ચલચિત્ર મહોત્સવમાં એક ચલચિત્રને પારિતોષક મળ્યું હતું. તેમાં કથાવસ્તુ એવું હતું કે માને બાળક અવતારવાનું છે... પણ ઉદરમાં રહેલું બાળક તેને સાદ કરે છે, 'મારે અા દુનિયા પર અવતરવું નથી...' અને અે બાઈને આશ્ચર્ય થાય છે, 'મેં

તો બહુ જ ઇચ્છાથી અને પ્રેમપૂર્વક આ ગર્ભ ધારણ કર્યો છે... આવું કેમ બને? અને અે બાઈએ દુનિયામાં કેટલાં બાળકો સ્વેચ્છાએ જન્મે છે અને કેટલાંને અનિચ્છાએ જન્માવવામાં અાવે છે, તેની તપાસ શરૂ કરી, તો તેને જાણવા મળ્યું કે એંસી ટકાથીય વધુ બાળકોના જન્મ કૃત્રિમ રીતે એટલે કે સિઝેરિયનથી કે ફોરસેપથી કરાવવામાં આવે છે, બહુ ઓછાં બાળકો કુદરતી રીતે જન્મે છે. ને તેનાં કારણોની આગળ તપાસ શરૂ કરી. બાળકોની તેમનાં માબાપને હાથે જ કેટકેટલી ઉપેક્ષા જોવા મળે છે! સાત વર્ષની રુચિ સવારે આઠ વાગે સ્કૂલમાં ગઈ હતી ને બાર વાગે આવીને બારણું ખખડાવે છે. માને મળવા તે અધીરી બની ગઈ છે, પણ મા ક્યાં?... 'મા... મા...' પણ જવાબ મળતો નથી... અને તે રડવા માંડે છે... એના એ રડવાનો અવાજ સાંભળી બાજુમાં રહેતાં બહેન બહાર આવે છે ને તેને કહે છે... 'ચાલ દીકરી... તારી મમ્મી તારા દૂધ-નાસ્તો મારે ત્યાં આપી ગઈ છે...' પણ માને મળવા એ અધીરી દીકરી... તેને દૂધ-નાસ્તો ક્યાંથી ગળે ઊતરે? તે તો તેના ઘરના બારણા આગળ જ બેસી પડે છે... ખૂબ રડે છે, તેનાં કુમળા હૃદય પર અેક ઘેરો આઘાત લાગ્યો છે. એ અાઘાત તેને માટે અસહ્ય છે. મા મને કહ્યા વિના ગઈ જ કેમ? એણે મને કહેવું તો જોઈતું હતું ને? અને ગઈ તો હું આવી ત્યારે આવી કેમ ન ગઈ? હવે હું એની સાથે બોલીશ જ નહીં... માને હું ગમતી જ નથી. એટલે જ એ મને આમ મૂકીને જતી રહી છે ને!' બાળકને જોઈએ છે સ્નેહ અને સ્વીકાર્યતા તેને બદલે તેને મા તરફથી જ અામ ઉપેક્ષા મળે તો એ દુ:ખ કેવી રીતે જીરવી શકે?

આજની શિક્ષિત મા બાળકને સંવેદના હોય છે એવું... સમજી શકે છે ખરી? અરે! સમજી શકતી હોય તોય સ્વીકારી શકે છે ખરી? બાળક ઉદરમાં હોય ત્યારથી તેનાં મગજમાં એક ભૂત સવાર થઈ જાય છે કે મારે મારા બાળકને સર્વગુણસંપન્ન બનાવવું છે, એક માતા તરીકે બાળકની પ્રગતિ માટેની આ મહત્ત્વાકાંક્ષા કાંઈ ખોટી નથી... એ હોય તો જ તે બાળકનો વિકાસ થઈ શકે... પણ આજની શિક્ષિત માતાઓનાં મગજમાં એ મહત્ત્વાકાંક્ષાનો એવો તો અતિરેક થતો હોય છે કે બાળક એક જીવંત માનવ છે, તેનેય સંવેદના છે તેવું તે ભૂલી જાય છે.

હમણાં જ બીજી માતાને મળવાનું થયું. બહેન પોતે તો ડૉક્ટર છે ને તેનેય બેબી આવ્યે હજી ત્રણ મહિના જ થયા છે, બેબી ખૂબ નાજુક, નમણી ને મીઠ્ઠી, દેખતાં જ વહાલ આવે તેવી છે... 'એની મમ્મી ક્યાં?' મારાથી સાહજિક જ પુછાય ગયું. 'એ કમ્પ્યુટરનાં ક્લાસમાં ગઈ છે.' ડૉક્ટર છે ને કમ્પ્યુટરનાં ક્લાસમાં? મારાથી પ્રશ્નાર્થભરી રીતે જોવાઈ ગયું... ત્યાં તો તેના મમ્મીએ જવાબ આપ્યો. હવે એ મોટી થશે એટલે એને કમ્પ્યુટર શીખવવું પડશે ને! જમાનો કેટલો બધો ઝડપથી આગળ વધી રહ્યો છે!

... અને મને હસવું આવી ગયું. ત્રણ મહિનાની દીકરીને જ્યારે માની હૂંફ અને હાજરીની સૌથી વધારે જરૂર છે ત્યારે એ માને કમ્પ્યુટર શીખવાની ધૂન ચડી?... ને તેય બેબીને શીખવવા માટે! અરે! અાજે દરેક સ્કૂલમાં કમ્પ્યુટર શીખવાય જ છે ને! સ્કૂલમાં જશે એટલે એને અાપોઆપ આવડવાનું છે. બેબી નાની છે અેટલે અેણે હમણાં ડૉક્ટરી નથી કરવાની એ નિર્ણય મેં વખાણ્યો... પણ ત્યાં તો આ બીજી વાત સાંભળીને મને એ મા અને અેની દીકરી માટે કરુણા ઊપજી... 'અરે! મને તો અેટલી ચિંતા થાય છે કે હું આ છોકરીને મોટી કેવી રીતે કરીશ? એને ભણાવીશ કેવી રીતે? મને તો કંઈ જ સમજાતું નથી...' મા બોલી.

અમેરિકામાં બાળક જન્મવાનું હોય તે પહેલાં જેમ માને માટે ડૉક્ટરની ટ્રીટમેન્ટ જરૂરી છે, તેમજ મા અને બાપ બંને માટે વિશિષ્ટ પ્રકારના વર્ગો ચલાવવામાં આવે છે જેમાં બાળકના ઉછેર માટેની ખાસ તાલીમ આપવામાં અાવે છે... આપણે ત્યાં પણ હવેની શિક્ષિત કહેવાતી માતાઓ માટે આ motherhood training વર્ગોની બહુ જ જરૂરિયાત ઊભી થઈ છે, તેવું

લાગ્યા વિના રહેતું નથી. આજની મહત્ત્વાકાંક્ષી માતાઓએ બાળકના બાળપણને તો સદંતર છીનવી લીધું છે. સ્કૂલમાં છ-છ કલાક સુધી બાળક ગોંધાઈ રહ્યું હોય પછી તેને મુક્તપણે રમવા દેવાને બદલે સંગીતક્લાસ, ચિત્રક્લાસ, કરાટેક્લાસ, સ્કેટિંગ, સ્વીમિંગ... અંગ્રેજીના વર્ગો... અરે! કેટકેટલી પ્રવૃત્તિઓ! મારું બાળક તો ખૂબ હોશિયાર છે, એને તો જરાય સમય મળતો નથી... કહી અાજની માતાઓ ફૂલી સમાતી નથી, ત્યારે મને અે માને પૂછવાનું મન થાય છે, કે તમે ક્યારેય તમારા બાળકને એને શું કરવું ગમે એવું પૂછ્યું છે ખરું? બાળકને અાપણે અાપણાં ચાવીવાળાં રમકડાં સમજીએ છીએ... અાપણી પ્રતિષ્ઠા માટેનાં પ્યાદાં સમજીએ છીએ. એના અંતરની ભાષાને આપણે ક્યારેય વ્યક્ત થવા દઈએ છીએ ખરાં? કેટલી મોટી કમનસીબી છે!

*

જીવનનાં મૂલ્યો ટકાવવાં કેવી રીતે?

'આન્ટી, હું અનિકેત બોલું છું. શ્રીરાજને ફોન આપો ને!'

'એ ઊંઘી ગયો છે બેટા... શું કામ છે?'

'આન્ટી, બહુ જ અગત્યનું કામ છે. એને ઉઠાડો ને?'

'ના બેટા! કાલે ફિઝિક્સનું પેપર છે, અત્યારે એની ઊંઘ બગાડું તો કાલે તેનું પેપર બગડે, જે હોય તે મને કહે.'

'આન્ટી... ફિઝિક્સનું જ પેપર આવ્યું છે, બધાં કહે છે આખું બેઠું જ પેપર છે... મારા હાથમાં હમણાં જ આવ્યું છે ને મેં શ્રીરાજને જ સૌથી પહેલો ફોન કર્યો છે.'

...અને હું પણ મૂંઝાઈ. શું કરવું? મનમાં થયું... આવાં સજેશન તો આવ્યાં જ કરે... એના છંદે છોકરાંઓને ચડાવીએ તો ક્યારેક ગેરરસ્તે દોરાઈ જાય... અને અામેય પહેલેથી જ મને આવી બધી બાબતો માટે ભારે અણગમો તો હતો જ... જીવનમાં ક્યારેય ક્યાંય કોઈ શૉર્ટકટની વાત કરે કે અોછી મહેનતે – વગર મહેનતે વધુ લાભની વાત કરે છે ને મને સખત ગુસ્સો ચઢી જાય. સાધના વગર સિદ્ધિ મળે જ કઈ રીતે? એવી સિદ્ધિને સિદ્ધિ જ કેવી રીતે કહેવાય? અને એટલે મારા મનમાં પણ એક તુમુલ યુદ્ધ ઊભું થયું... શું કરું? શ્રીરાજને જગાડું? 'ના, ના, હું પોતે જ મા થઈને એને આવા ગેરરસ્તે દોરું? હરગિજ નહીં...' ને મેં ડોક ટટ્ટાર કરી.

પણ ત્યાં તો અંદરથી મારા માતૃત્વે મને પડકાર કર્યો, 'અત્યારે કેટલી કૉમ્પિટિશનનો જમાનો છે, તેની મને ખબર છે? સારી લાઈનમાં ને સારી કૉલેજમાં ઍડ્મિશન માટે ઊંચી ટકાવારી કેટલી બધી મહત્ત્વની બની ગઈ છે! છોકરાં બિચારાં કરે પણ શું? એક-એક માર્ક્સ ફેરફારમાં વીસ પચીસ નંબર પાછળ પડી જાય... મેરીટ લિસ્ટ તરફ નજર નાંખો તો ખબર પડે... ને મને થયું જમાના સાથે કદમ માંડ્યા વિના ચાલે જ નહીં અને એટલે મેં જ અનિકેત પાસેથી ફોન પર જ આખું પેપર ઉતાર્યું... ખાસ્સી પચીસેક મિનિટ થઈ... ને ઘડિયાળમાં જોયું તો લગભગ સાડાબાર થવા આવ્યા હતા.'

મનમાં ભારે દ્વિધા ચાલતી હતી. 'શું કરું? શ્રીરાજને ઉઠાડું? ના, ના અત્યારે એની ઊંઘ તો ડિસ્ટર્બ નથી જ કરવી. સવારે એ વહેલો ઊઠશે એટલે હું એને એ સજેશન આપીશ. હજી તો સવારનો ટાઇમ છે જ ને!'

અને હું પથારીમાં પડી... છત સામે મારી બેઉ આંખો મંડાયેલી હતી... શ્રીરાજને હવે છેલ્લી વખતે અા સજેશન આપવું કે નહીં? એમાંથી કદાચ તેણે ન કરેલું કંઈક હોય અને તે ગભરાઈ જશે તો! છેલ્લી વખતે એ નર્વસ થઈ જશે તો?... ના, ના એ સજેશનને ભૂલી જ જા... એણે પૂરી તૈયારી તો કરી જ છે ને! મા થઈને જ પોતાના સંતાનને આમ અપ્રમાણિકતાનો માર્ગ હું કેમ કરી ચીંધું?... ને હું ઊભી થઈ... સજેશનવાળા કાગળને ફાડીને વેસ્ટ પેપર બાસ્કેટમાં નાંખી દેવા હું ઊભી થઈ... પણ ત્યાં તો પાછો મગજમાં કીડો સળવળ્યો, 'ફાડીને નાખી શું કામ દે છે? શ્રીરાજને ન અાપવું હોય તો ન અાપીશ. પણ એક વાર ચકાસણી તો કરી લે... આજની અા પરીક્ષાઓનાં પરિણામોમાં વિશ્વસનીયતા કેટલી છે? નવી પેઢીને પ્રમાણિકતાના પાઠ તો શીખવવા છે, પણ એમાં કેટલી શક્યતા છે તે તો ચકાસી લે...' મારા અંતરાત્માએ પડકાર કર્યો... ને મેં એ પેપરને પાછું બરાબર વાળી લીધું... ઊભા થઈ મારા પર્સમાં સાચવીને મૂકી દીધું... મનમાં નિર્ણય કર્યો જે થાય તે... પણ પરીક્ષાના માર્ક્સ કરતા પ્રમાણિકતા ને નીતિ મારે મન વધુ મહત્ત્વનાં છે ને એટલે હું શ્રીરાજને અા પેપર તો નહીં જ અાપું... પણ ગમે તેમ કરી મારે તપાસ તો કરવી જ છે કે આ બધાં કૌભાંડ ક્યાં ચાલે છે,

કેવી રીતે ચાલે છે?... નાનાં છોકરાંઓની આત્મશ્રદ્ધા ને આત્મવિશ્વાસને ડગાવી દે તેવા આ કૌભાંડનો કોઈ જ ઉપાય નહીં? એમની કર્તવ્યનિષ્ઠા કઈ શ્રદ્ધાના બળે ટકી શકે? આખી રાત હું લગભગ ઊંઘી ન શકી... શ્રીરાજને મારે ડૉક્ટર બનાવવો છે... ઊંચી ટકાવારી બહુ જ જરૂરી છે. હાથમાં આવેલું પેપર મારી આ પ્રમાણિકતાના પાઠની જીદને કારણે ન આપીને હું ક્યાંક તેની ભાવિ કારકિર્દી સાથે ચેડાં તો નથી કરી રહી ને? એક મા જ બનીને મારા જ સંતાનનું હું અહિત તો નથી કરી રહી ને? મને કશું જ સમજાતું ન હતું... એક-એક પળ મારે માટે જાણે કટોકટીભરી બનતી જતી હતી... ને છતાંય આખરે મારા અંતરાત્માના અવાજને મેં સાંભળ્યો... ઈશ્વરની ઉપર શ્રદ્ધા રાખી મેં નક્કી કર્યું: 'મારે શ્રીરાજને પેપર નથી આપવું, પણ એમાં કેટલું તથ્ય છે તે તો ચકાસી લઈશ જ.'

અને શ્રીરાજ પેપર આપીને આવ્યો પછી મેં તેની પાસે પેપર જોવા માગ્યું... પેપર જોતાં જ સાવ સાહજિક લાગે તે રીતે પેપર લઈને રૂમમાં આવી. 'કપડાં બદલીને આવું છું' કહી રૂમ વાસી પેપર સરખાવવા બેઠી... ને આ શું? મને આંખે અંધારા આવવા માંડ્યાં... આખું પ્રશ્નપત્ર શબ્દશ: જ પેલા સજેશન જેવું હતું... અનિકેતે આપેલું સજેશન સાચે જ બેઠું પેપર હતું. ને મને એકદમ પસ્તાવો થયો: 'અરે! આ શું! મેં બોચિયાવેડા કર્યા? મારા જ દીકરાની હું દુશ્મન બની બેઠી... એને ગળે આવેલો કોળિયો મેં મા થઈને જ ઝૂંટવી લીધો! મારા આદર્શ માટે મને પસ્તાવો થવા લાગ્યો ને ઘડીભર તો મેડિકલમાં ઍડ્મિશન માટે ફાંફાં મારતો લાચાર બની ઠેકઠેકાણે ફરતો મારો શ્રીરાજ મારી નજર સામે તરવરવા લાગ્યો ને મારું હૃદય જાણે અંદરથી આક્રંદ પોકારી ઊઠ્યું... 'સુચેતા! આ તે શું કરી નાખ્યું? તું જ તારા દીકરાની કારકિર્દીમાં અવરોધ બની બેઠી! મારું હૃદય ભારોભાર પશ્ચાત્તાપથી પ્રજ્વળી રહ્યું હતું.'

હું એકદમ તૈયાર થઈ ને... પરીક્ષા બૉર્ડનાં મેઈન સેન્ટર પહોંચી, શ્રીરાજને કહ્યું...

'બેટા! તું કાલનાં પેપરની તૈયારી કરવા માંડ, હું અગત્યના કામે જરા બહાર જઈને આવું છું.' અને ત્યાંના અધિકારીઓ સામે એ સજેશન અને પેપર બંને રજૂ કર્યાં... ગુસ્સાથી, કંઈક અકળામણથી હું લાલચોળ બની ગઈ હતી, લગભગ ધ્રૂજતી હતી... અધિકારીઓ એકબીજાની સામે જોવા લાગ્યાં... મૂંઝાયા પણ ખરા... પણ શો જવાબ આપે? 'બહેન! તમે મુખ્ય અધિકારીને મળો... આમાં અમે કંઈ જ ન કરી શકીએ...' ને મનેય સખત અકળામણ થઈ... એક બાજુ શ્રીરાજ પાસે મારી હાજરી જરૂરી છે ને બીજી બાજુ હું આની પાછળ મારો કેટલી સમય બરબાદ કરીશ? કેટલી શક્તિ બરબાદ કરીશ? અને 'બાઈ, બાઈ ચારણીની જેમ ઠેર-ઠેર હું ભટકીશ? ત્યાંય મારું કોઈ સાંભળશે ખરું? મારો અવાજ ક્યાંય પહોંચશે ખરો? સાચાની દુનિયા જ ક્યાં રહી છે?'

નિષ્ઠા ટકાવી કેવી રીતે રાખવી? પ્રમાણિકતા અને નીતિના પાઠ મારે મારા સંતાનને જીવનમાં શીખવવા છે, પણ આ બધા અવરોધો સામે હુંય કેટલી ટક્કર ઝીલી શકીશ? મારું હૃદય આક્રંદ પોકારી રહ્યું હતું... આ પરીક્ષાપદ્ધતિ અને તેની વિશ્વસનીયતા માટે મારા રોમેરોમમાંથી ધિક્કાર વરસી રહ્યો હતો.

ને છતાંય હું લાચાર હતી. મારા શ્રીરાજને એ જ પરીક્ષાઓ આપીને, એમાં જ માર્ક્સ મેળવીને કારકિર્દી બનાવવાની હતી... એના રિઝલ્ટની હું જાણે કાગને ડોળે પ્રતીક્ષા કરતી હતી.

રિઝલ્ટ આવ્યું... શ્રીરાજને માર્ક્સ તો સારા આવ્યા પણ અનિકેતને તેનાથીય વધુ માર્ક્સ હતા... શ્રીરાજને આશ્ચર્ય થયું... મને આવીને કહ્યું:

'મા, મા... અનિકેતને ખૂબ સરસ માર્ક્સ આવ્યા... મારાથી વધુ... અને ફિઝિક્સમાં તો તેને 96 માર્ક્સ છે મા! કમાલ કરી નાંખી તેણે તો... ક્લાસમાં તો તેને ક્યારેય આટલા માર્ક્સ

આવતા ન હતા...’ ને શ્રીરાજનાં આ વચનો સાંભળી મનોમન એક અપરાધી હોઉં એવો અનુભવ કરી રહી હતી. મારો શ્રીરાજ તો સોમાંથી સો લાવી શકત જો મેં તેને અ ે સજેશન આપ્યું હોત તો... પણ ના... હું જ તેની દુશ્મન બની બેઠી... વાંક મારો જ છે. મારા જ આદર્શો મારા અવરોધો બનીને ઊભા રહી ગયા... મારું અંતર ભારોભાર પશ્ચાત્તાપથી પ્રજ્વળી રહ્યું હતું.

અને તેમાંય જ્યારે શ્રીરાજને મેડિકલમાં સૌથી સારી ગણાતી કૉલેજને બદલે બીજી કૉલેજમાં અ ૅડ્મિશન લેવું પડ્યું, ત્યારે તો મારી નજર આગળથી પેલી રાતે મેં અનુભવેલું મનોમંથન ખસતું ન હતું... મેં સાચું કર્યું હતું કે ખોટું? હજીય હું મારો પોતાનો ન્યાય કરી શકતી ન હતી...

કેવી કરુણતા!!!!

*

હૉમવર્ક કેમ ગમતું નથી?

‘અંકુર... આવી ગયો દીકરા! ચાલો બૂટ-મોજાં ઠેકાણે મૂકી દો... તો... અને આ દફતર કેમ આમ નાખ્યું છે? ચોપડીઓ ફાટી ન જાય...? લાવ જોવા દે તો મને... શું લેસન આપ્યું છે આજે?’

ને અેમ કહેતાંમાં તો ઈનાક્ષીબહેન અંકુરને અેકદમ વઢી નાંખે... ક્યારેક તો હાથ પણ ઊપડી જાય...!

સવારના સ્કૂલમાં ગયેલો અંકુર, છ કલાકને અંતે શાળા છૂટવાનો ઘંટ વાગે ત્યારે એટલો તો આનંદમાં આવી જાય કે ક્યારે હું છૂટું ને ઘેર જઈને માને મળું! માને મળતાં જ અે દિવસભરની વાતો કરવા અધીરો હોય, તેને બદલે ઈનાક્ષીબહેન તેનું લેસન પૂરું કરવા અધીરાં હોય... એ એમ વિચારતાં હોય કે એક વખત લેસન કરી નાખે અેટલે હુંય છુટ્ટી ને એ પણ છુટ્ટો. પછી ભલેને આખો વખત રમ્યા કરે...’ પણ છ-છ કલાક સ્કૂલમાં ક્લાસમાં ગોંધાઈને આવ્યા પછી તેને તરત ભણવું ગમે ખરું?

...અને છતાંય મમ્મીના અતિ આગ્રહ, થોડી ધાકધમકી... ગુસ્સો કે ક્યારેક લાલચને કારણે અંકુર લેસન કરવા બેસે તો ખરો... નાછૂટકે પણ, એનું ચિત્ત તેમાં ક્યાંથી ચોંટે! સૌ પહેલાં તો માંડ-માંડ લેસનની નોટ કાઢે, ને પાનું શોધે, હજી માંડ પાનું જડે ત્યાં પેન્સિલ છોલવા ઊભો થાય. ઈનાક્ષીબહેન અકળાઈને પેન્સિલ છોલી આપે. એકને ઠેકાણે બે પેન્સિલ છોલીને તૈયાર રાખે અને માંડ અંકુરને લખવા બેસાડીને માને કે ‘હાશ... હવે ગાડી પાટા ઉપર ચડી ખરી!...’ ત્યાં તો અંકુર ઊભો થાય... ‘મારે પાણી પીવું છે...’ પાણી પાયા પછી ફરી બેસાડે ત્યાં વળી રબ્બર ખોવાઈ જાય... આમ ને આમ ગડમથલ ચાલ્યા જ કરે. લેસનનું જરાય ઠેકાણું ન પડે... ઈનાક્ષીબહેન અકળાય... ક્યારેક તો અંકુર પર હાથ ઊપડી જાય... ને અંકુર રડવા માંડે... ને ક્યાં તો વધુ તોફાને ચઢે... બપોરની છ કલાકની ઘરમાં છવાયેલી નીરવ શાંતિ ઘડીભરમાં તો જાણે વાવંટોળનું સ્વરૂપ ધારણ કરે... દિવસ દરમિયાન એકલા પડેલા ઈનાક્ષીબહેનના મગજમાં સતત વિચાર આવતો હોય કે, ‘આજે તો અંકુર ઘેર આવે અેટલે તેને ખૂબ વહાલ કરવું છે ને શાંતિથી નાસ્તો કરાવવો છે. સવારે સ્કૂલે જવાની ઉતાવળમાં બિચારો પૂરું જમતોય નથી... અધૂરામાં પૂરું રિક્ષાવાળો આવી ગયો અેટલે હું કેટલી બધી ગુસ્સે થઈ ગઈ!...’ ‘સાવ થાંથાં જેવો છે, પરવારતો જ નથી ને! પથરા જેવો છે’... ને અે જમતાં-જમતાં ઊભો થઈ ગયો... જતાં-જતાં રોજ તો મને ‘અાવજે’ય કરે છે, પણ આજે તો મારી સામુંય જોયું નહીં... હુંય એવી છું કે સહેજ વારમાં અકળાઈ જાઉં છું... બિચારો કેવો શિયાંવિયાં થઈ જાય છે!...’ ને એ વિચાર મનમાં અેટલો ઘોળાયો કે ઈનાક્ષીબહેન પોતેય બપોરે સરખું જમી ન શક્યાં... ને કાગને ડોળે અંકુર સ્કૂલમાંથી આવે તેની રાહ જોતાં હતાં, પણ અંકુર હજી ઘરમાં આવ્યો ને હોમવર્કનું ભૂત તેમના મગજમાં સવાર થઈ બેઠું... ફરી પાછું મા-દીકરા વચ્ચે તુમુલ યુદ્ધ ચાલુ થઈ ગયું... અને એટલે જ મને ક્યારેક તો થાય છે કે તેને હું રાક્ષસ જેવી જ લાગતી હોઈશ ને!... કઈ માને તેના બાળકને હોશિયાર બનાવવાની મહત્ત્વાકાંક્ષા ન હોય! અને એને હોશિયાર બનાવવા માટે સ્કૂલમાં બાળક ગમે તેટલું સારું ભણતું હોય તોય થોડું ઘણું ઘેર તો ભણવું જ પડે, તેને ભણાવવું જ પડે... પણ વારંવાર આવી પરિસ્થિતિ સર્જાય તો શું?

આ હૉમવર્ક એ બહુ મોટી સમસ્યા છે. આજની મહત્ત્વાકાંક્ષી અને શિક્ષિત માતાઓની આ ચારેબાજુથી સંભળાતી ફરિયાદ છે... અાનો ઉપાય ખરો?... આનો ઉકેલ ખરો?... હૉમવર્કને કારણે મા-દીકરા વચ્ચે ઊભું થતું ઘર્ષણ એકબીજા માટે ઊભી થતી અકળામણ અને

તિરસ્કારની લાગણી જેમાંથી બાળકનું બંડખોર વર્તન પરિણમે છે. બાળકને ભણવા તરફની રુચિ જ દૂર થઈ જાય છે... અને અેનામાં શક્તિ હોય, આવડત હોય અને હોશિયાર હોય છતાં પણ તેનાં રિઝલ્ટ બગડતાં જાય છે... આ બધું કેમ સહન થાય? આને માટે આપણે શું કરી શકીએ? બાળક તો નાદાન છે, પણ અાપણે તો સમજદાર છીએ... બાળકને નિયમિત રીતે, સ્વતંત્ર રીતે ભણવાની ટેવ પડે તે માટે રોજ જ વ્યવસ્થિત રીતે હૉમવર્કની ટેવ પાડવી તો જરૂરી છે જ, ને તો જ તેની શક્તિ ખીલી શકશે... ભણવા માટે ધ્યાન કેન્દ્રિત કરતાં શીખી શકશે, પણ એ લેસન તેને કરવું જ ન ગમે, તેવો અનુભવ તેને ન થવો જોઈએ... આપણે બાળકને બાળકની દૃષ્ટિથી જોતાં શીખવવાની જરૂર છે.

નાનકડું એક બાળક બે પગ પહોળા કરી નીચું નમી... બે પગ વચ્ચેથી પાછળ દુનિયા જોતું હતું... ને એ પોસ્ટર નીચે લખ્યું હતું... 'મને દુનિયા મારી રીતે જોવા દો...' બાળકને આપણે એની રીતે દુનિયા જોવા દઈએ છીએ ખરાં? અાપણે તો તેમને ચાવીવાળાં રમકડાં, આપણાં પ્યાદાં સમજીએ છીએ. આપણને ફાવે ને અાપણે કહીએ ત્યારે તેણે ભણવા બેસવું જ પડે... એનો થાક, એના મૂડ જોવા બેસીએ તો અાપણો પાર ક્યારે આવે? આપણને બીજું કામ ન હોય? પણ સ્કૂલમાંથી આટલા કલાક વર્ગમાં ગોંધાઈને પાછા આવેલા બાળકને એ વખતે ભણવું ગમે ખરું? અને એટલે એ રમતરોળિયા કરે એ સ્વાભાવિક છે... ઘેર આવ્યા પછી એ રમે, ને હળવુંફૂલ થાય, ફ્રેશ થાય પછી લેસન ન કરાવાય?... પણ પછી તો જમવાનો ટાઇમ થાય... ટી.વી. પર સિરિયલો ચાલુ થાય... કોઈક મળવા આવે કે કોઈને ત્યાં મળવા જવાનું થાય... આપણેય આપણી જિંદગી ન હોય!... ને ત્યારે મને એવાં માબાપને કહેવાનું મન થાય છે કે, 'બાળક કોનું છે? તમારું જ ને? તો તમારું જીવન, તમારો સમય એ તેને માટે જ નથી? બાળક તો આપણું સર્વસ્વ છે... આપણા જીવનનું એ જ તો કેન્દ્ર છે... બાળક નથી અેને પૂછી આવો કે બાળક વિનાનું એમનું જીવન કેવા ખાલીપાનો અનુભવ કરે છે!'

હૉમવર્ક આપતાં પહેલાં હૉમવર્ક શાને માટે અપાય છે, એ સમજી લેવું પણ ખૂબ જરૂરી છે... વર્ગમાં નવું-નવું શીખવ્યા પછી તે યાદ રહે તેની પ્રેક્ટિસ રહે તે માટે હૉમવર્ક આપવામાં આવે છે, પણ એ હૉમવર્કથી બાળકની શક્તિ ખીલવી જોઈએ, કુંઠિત ન થઈ જાય... તેવી રીતે તેનું આયોજન થવું જોઈએ... અભિલાષ એક વખત બાજુનાં છોકરાં સાથે વાત કરતાં પકડાયો... ને તેને સાહેબે વર્ગમાંથી બહાર કાઢી મૂક્યો, દસમું ધોરણ, વર્ગ બહાર ઊભો રહે તો ભણવાનું ન બગડે?... સાહેબને ખૂબ વિનંતી કરી, માફી માંગી ને કહ્યું હવે મને વર્ગમાં બેસવા દો... પણ સાહેબ તો ન જ માન્યા. આખરે એનાં મમ્મી શિક્ષકને મળ્યાં... તો જવાબ મળ્યો... 'આટલો પાઠ પચાસ વખત લખીને આવે પછી બેસવા દઉં' દસમા ધોરણના વિદ્યાર્થીને ઘણા વિષયનું રોજેરોજનું વાંચવાનું હોય, લેસન હોય... બીજા વર્ગો હોય આટલું બધું એ લખી ક્યાંથી શકે? ક્યારે લખે?... એની બુદ્ધિ બંડ પોકારી રહી હતી... 'આવું ગધ્ધાવૈતરું તો નહીં જ કરું...' તો બીજી બાજુ શિક્ષકનો અાગ્રહ હતો, 'હું કહું તેમ તો કરવું જ પડે...! શિસ્ત તો જરૂરી છે જ.' ને તેમાં ને તેમાં અભિલાષ લગભગ વીસેક દિવસ બહાર ઊભો રહ્યો. તેના માનસ પર આ ઘેરો આઘાત તો હતો જ, પણ તેને કારણે તેનું ભણવાનું પણ કથળ્યું ને રિઝલ્ટ બગડ્યું... પણ સંજોગોનો શિકાર બનેલ અભિલાષની મા કશું જ કરી ન શકી... ક્યારેક ભણતરનાં અગત્યનાં વર્ષોમાં પણ કેવી કરુણતા સર્જાય છે!

આજે જે રીત હૉમવર્ક અપાય છે તેની પાછળ એનાં માનસિક કે બૌદ્ધિક વિકાસનો ક્યારેય વિચાર કરાય છે ખરો! હૉમવર્ક આપનાર દરેક શિક્ષકને મનોવિજ્ઞાનનું સારું જ્ઞાન હોવું જરૂરી છે... આપણે હૉમવર્કથી બાળકને સ્વતંત્ર રીતે, નિયમિત રીતે ભણતો કરવાનો છે, તેનાથી તેની બુદ્ધિ ખીલવવાની છે, તેને બદલે અાપણે તેને વેઠિયો બનાવી દઈએ છીએ. તેની

પાસે ગધ્ધાવૈતરું જ કરાવીએ છીએ. આજના બુદ્ધિશાળી બાળકને એ વેઠ ક્યાંથી ગમે?... ને એટલે જ એને હૉમવર્ક રાક્ષસ જેવું લાગે છે. હૉમવર્ક સાવ ઓછું ને વધુ પડતું બોજારૂપ ન લાગે તેવું હોવું જોઈએ. બાળક થાકેલું ન હોય એવો સમય શોધીને તેને તે કરવા બેસાડવું જોઈએ. ખરેખર તો બધાં બાળક માટે અેકસરખું હૉમવર્ક અપાય જ નહીં. એક બાળક ગણિતમાં કાચું હોય તો તેને ગણિતની પ્રેક્ટિસ જરૂરી હોય તો તેને ગણિતનું જ હૉમવર્ક આપવું જોઈએ. ગુજરાતી પાકું હોય તોય ગુજરાતીનું હૉમવર્ક તેને વેઠ લાગે છે. એટલે બધાં જ બાળકો માટે એક જ સરખું હૉમવર્ક એ પણ વિવાદાસ્પદ હકીકત તો છે જ... જો મનોવૈજ્ઞાનિક રીતે તેને જોઈએ તો એવું પ્લાનિંગ કોણ કરે? શિક્ષક કે મા માટે એ શક્ય છે ખરું? માબાપ તો બધી જ ફરજની સ્કૂલ પાસે અપેક્ષા રાખે છે.

હર્ષિલને હૉમવર્ક કરવાનું કહેવામાં આવે ત્યારે તે ધાંધિયા જ કરે ને કહે: ‘મમ્મી... અમારા ટીચર તો ક્યારેય હૉમવર્ક જોતા જ નથી... જવા દે ને! મેં કર્યું કે ન કર્યું... એમાં શું ફેર પડવાનો છે?’ ‘પણ ટીચર પૂછશે તો?’... તો હું કહીશ કે ‘મેં હૉમવર્ક કર્યું છે...’ નાદાન હર્ષિલ નિર્દોષભાવે માને જવાબ આપી દે છે... પણ ચારિત્ર્યઘડતર માટે અા કેવી મહત્ત્વની વાત છે – એ અાપણે ક્યારેય વિચારીએ છીએ ખરાં!... સ્કૂલમાં નિષ્ઠાપૂર્વક હૉમવર્ક ન તપાસાય તો તેનાથી વિદ્યાર્થીની ભણવાની નિષ્ઠા પણ કેવી તૂટે છે!... તે કઈ શ્રદ્ધાના બળે મહેનત કરવા પ્રેરાશે?... તે શિક્ષકમાં નિષ્ઠા હશે તો બાળકમાં નિષ્ઠા કેળવાશે... બૌદ્ધિક વિકાસ સાથે ચારિત્ર્યઘડતર એ પણ એટલું મહત્ત્વનું છે. અાખા દિવસમાં ચાલેલું જોઈ જવું ને નવું ચાલવાનું હોય તેનો ખ્યાલ મેળવી લેવો એ જ સાચું હૉમવર્ક... આપણે ક્યારે સમજીશું?

રાજીવ વર્ગમાં તો સરસ અક્ષરે લખે છે, પણ હૉમવર્કમાં તો વેઠ ઉતારી લેસન પૂરું થઈ ગયું કરી ઊભો થઈ જાય છે. જાણે ક્યારે છૂટું? ને એટલે એ ના અાપીએ.

‘એક કલાક તો તારે બેસવાનું જ છે. ભલે પૂરું થઈ જાય તો બીજું કર’, ને અેવું કર્યું ત્યારથી તે વ્યવસ્થિત લેસન કરતો થયો.

તેના કુમળા માનસને પણ સમજાયું કે ગમે તેમ કરી લેસન પૂરું કરવાથી તો મા છુટકારો થવા દેતી નથી જ... ને તેને વ્યવસ્થિત લેસન કરવાની ટેવ પડી ને વળી વચ્ચે સમય ન બગાડે તે માટે તેની મમ્મી રબ્બર, પેન્સિલ, પાણી બધું જ તૈયાર રાખી ને તેને બેસાડતાં કે જેથી વચ્ચે કોઈ જ કારણસાર તે છટકી ન શકતો અને વળી જે દિવસે એ સરસ લેસન કરે અે દિવસે મમ્મી તેનાં વખાણ કરે, તેને ટી.વી. જોવા દે... મહેમાન આગળ તેની પ્રશંસા કરે... રાજીવમાં તેને કારણે આત્મવિશ્વાસ વધતો ગયો... તેને પ્રશંસાથી પ્રોત્સાહન મળતું ગયું ને તેને લેસન નિયમિત રીતે કરવાની ટેવ પડી ગઈ...

એને માટે એના મમ્મીની ધીરજની કસોટી જાણે થઈ પણ એમની સાધના ફળી અને પહેલાં જ જે લેસન રાજીવને દુશ્મન જેવું લાગતું હતું તે લેસન હવે રાજીવ રોજ જાતે જ યાદ રાખીને હોંશે-હોંશે કરતો થઈ ગયો છે.

બાળકને હૉમવર્કની સાથે મિત્રતા કરાવવાય માએ સાધના કરવી પડે છે.

*

ટ્યૂશનનું વિષચક્ર

'બહેન! નિમિષાને સાયન્સમાં અગિયારમામાં ઍડ્મિશન મળશે તો ખરું ને?'

'કેટલા ટકા માર્ક્સ છે?'

'ગણિત વિજ્ઞાનના થઈને નેવ્યાસી ટકા થાય છે.'

'મેરિટ લિસ્ટમાં ક્યાં અટક્યું છે?'

'ત્રણ માર્ક્સ ખૂટે છે બહેન... મને તો એટલી ચિંતા થાય છે. આટલા સારા માર્ક્સ હતા, એટલે જ મેં બીજે ફૉર્મ ભર્યું નહીં. મને વિશ્વાસ હતો કે અા સ્કૂલમાં મળી જ જશે. પણ આટલા બધા લોકોને આટલા માર્ક્સ હશે એવો તો ખ્યાલ જ ન હતો, નેવ્યાસી ટકેય હદ કહેવાયને! મને તો અેટલી બધી ચિંતા થાય છે. બહેન! ને તેનાથીય વધુ તો ચિંતા મને નિમિષાની થાય છે. તમે માનશો? મારાથી તો એના મોં સામું જોવાતું નથી. પાસ થયાનો અને અાટલા માર્ક્સ લાવ્યાનો આનંદ તો બાજુ પર રહ્યો, પણ સતત રડ્યા જ કરે છે. અેક બાજુ ઍડ્મિશનનું ટૅન્શન છે તો બીજી બાજુ ટ્યૂશનનું શું કરું એ જ સમજાતું નથી. હું તો એવી મૂંઝાઈ ગઈ છું.'

'ટ્યૂશનનું ટૅન્શન? હવે તો અગિયારમું આવશે. અગિયારમામાં વળી ટ્યૂશન શાના માટે? બારમા માટે ટ્યૂશન રાખવાનું, અત્યારે શું કામ તેની ચિંતા કરો છો?'

'બહેન ત્યાં જ તો મુશ્કેલી છે ને! હજી તો રિઝલ્ટની માર્કશીટ હાથમાં આવે છે ને માબાપો ટ્યૂશનો નક્કી કરવા દોડાદોડ કરી મૂકે છે. માર્કશીટ લઈને સીધા જ ટ્યૂશનના સાહેબોને ત્યાં પહોંચી જાય છે.'

તમે માનશો? હું ત્યાં પહોંચી ત્યારે મારો વેઇટિંગમાં બારમો નંબર હતો... મેં કહ્યું, મારે તો બારમામાં ટ્યૂશન રાખવું છે તો ટ્યૂશનવાળા સાહેબ કહે... 'એક વર્ષમાં કંઈ પૂરી તૈયારી થાય નહીં. બે વર્ષ તો ટ્યૂશન રાખવું જ પડે... હું ઓછા માર્ક્સવાળાને લેતો નથી. નેવુંથી ઓછા ટકાવાળા તો હજી મેં લીધા જ નથી... મારા વિદ્યાર્થી બધાં જ કાં તો ડૉક્ટરને કાં તો એન્જિનિયર જ બને છે... જોઉં તમારો ચાન્સ લાગે છે કે નહીં. પણ ખેર! તમને અૅડ્મિશન કઈ સ્કૂલમાં મળ્યું છે? હું અમુક જ સ્કૂલના વિદ્યાર્થીને લઉં છું અને એટલે જ બહેન હું તમને અામ વિનંતી કરું છું કે તમે ગમે તેમ કરો... પણ નિમિષાનું ઍડ્મિશનનું કરી અાપો, નહીં તો અે છોકરી બિચારી રખડી પડશે. નાસીપાસ થઈ જશે ને અેની જિંદગી ધૂળધાણી થઈ જશે બહેન!'

'આટલા બધા માર્ક્સ તો છે ટ્યૂશનની શી જરૂર છે?' મારાથી સહેજેય પુછાઈ ગયું.

'બહેન! તમને ખબર નથી... દસમામાં તેને મેં ચાર ટ્યૂશન રાખ્યાં હતાં. ત્યારે અાટલા માર્ક્સ આવ્યા... ને હવે ટ્યૂશન ન રાખું તે કેમ ચાલે? નિમિષા હોશિયાર તો છે જ પણ બહેન! એની બધી જ બહેનપણીઓ ટ્યૂશન રાખતી હોય અને હું એને ના પાડું તો અેને કેવું દુઃખ થાય અને એ હિંમત હારી જાય... એનું રિઝલ્ટ બગડી જાય... મારે તો એની કરિયર બનાવવી છે બહેન!' સાંજ પહેલાં તો મારે ટ્યૂશનવાળા સાહેબને જવાબ આપવાનો છે ને બીજું લિસ્ટ તો કાલે બહાર પડવાનું છે, શું કરીશ એ જ સમજાતું નથી... બિચારી નિમિષા ઍડ્મિશનમાંથીય રખડી પડશે ને નહીં તો ટ્યૂશનમાંથી તો રખડી પડશે જ એની મને સખત ચિંતા છે... તમે કંઈક કરો ને?' નિમિષાનાં મમ્મી ખૂબ ગળગળા થઈ ગયાં.

અને મને આજનાં અા શિક્ષણ, શિક્ષણની પદ્ધતિ અને અાપણી મનોવૃત્તિ માટે ઘૃણા ઊપજી. શું દશા થઈ ગઈ છે! નેવું ટકા જેવું સ્તર ધરાવતાં વિદ્યાર્થીને તે વળી ટ્યૂશનની જરૂર હોય? વિદ્યાર્થી નબળો હોય તો બરાબર કે તેને બરાબર માર્ગદર્શન મળે તે માટે તેને ટ્યૂશનની

જરૂરત પડે પણ એંસી ટકાથી ઉપરના સ્તરવાળા વિદ્યાર્થીના પોતાનામાં જ એટલું હીર પડ્યું હોય છે કે તેને ટ્યૂશનની જરૂર જ ન હોય. ને છતાંય તેને ટ્યૂશનો રખાવી આપણે માબાપો એના માટે બધું જ કરી છૂટ્યાનો સંતોષ માનીએ છીએ. ખરેખર તો અા સંતોષ નહીં, પણ આપણી પોતાની જ જાતને આપણે છેતરીએ છીએ. ‘અરે! હું તો એને પાણી કહેતાં દૂધ આપું છું. એની પાછળ પૈસા ખર્ચવામાં મેં ક્યાં કમી રાખી છે?’ છોકરાં પાછળ પૈસા ખર્ચી આજે માબાપ તેમની ફરજ અદા કર્યાનો સંતોષ અનુભવે છે. કેટલો બધો ભૌતિકવાદ!

નિરાલી દસમામાં આવી ને તેણે તેના પપ્પાને કહ્યું, ‘મને મેથ્સ સાયન્સનું ટ્યૂશન રખાવી આપો ને!’ પપ્પાએ કહ્યું, ‘બેટા! મારામાં ટ્યૂશનના પૈસા ખર્ચવાની પહોંચ નથી. તું તારી જાતે મહેનત કર... મુશ્કેલી પડે તો સ્કૂલના શિક્ષકોની મદદ લેજે. તું કહેતી હોય તો હું સ્કૂલમાં અાવીને કહી જાઉં... નિરાલીનાં પપ્પા બહુ સ્પષ્ટ રીતે વિચારતા હતા. નિરાલીને થોડી વાર તો પપ્પા પર અકળામણ પણ થઈ ‘બધાંનાં પપ્પા પૈસા ખર્ચી શકે ને મારા પપ્પા કેમ ન ખરચે? પણ પાછું તેણે મન મનાવ્યું... અને અે પરિસ્થિતિને તેણે અેક ચેલેન્જ તરીકે સ્વીકારી લીધી, નક્કી કર્યું... ‘ગમે તેમ થાય મારે બોર્ડમાં આવવું જ છે... હવે હું પણ મારું હીર બતાવી દઉં...’ ને તમે માનશો? નિરાલી બોર્ડમાં આવી... રિઝલ્ટના દિવસે બોર્ડનાં વિદ્યાર્થીઓમાં તેનું નામ વાંચી તેનાં મમ્મી-પપ્પા તો ઘડીભર જાણે અાશ્ચર્યમાં જ ડૂબી ગયાં!! એના પપ્પાની આંખમાં હર્ષાશ્રુ આવી ગયાં. તેમણે નિરાલીને છાતી સરસી ચાંપીને ખૂબ ધન્યવાદ આપ્યા... પણ મનોમન એ પણ વિચાર્યું કે જો મેં તે દિવસે ટ્યૂશન રાખ્યું હોત તો નિરાલીને તેનામાં રહેલી આ અદ્ભુત શક્તિનો પરિચય જ ન થાત... તેનામાં આત્મવિશ્વાસ અને અાત્મશ્રદ્ધા પ્રગટત જ નહીં. તેનાં સારાં પરિણામનો બધો જ યશ ટ્યૂશનના સાહેબને ફાળે જ જાત...’

અને અેટલે જ મેં નિમિષાના પપ્પાને કહ્યું... તમે ટ્યૂશનની ચિંતા ન કરો... વગર ટ્યૂશને પણ તમારી નિમિષા બારમામાં સારાં માર્ક્સ લાવી જ શકશે અેની મને ખાતરી છે, પણ આખીય જિંદગીની કરિયરનો જ્યાં પ્રશ્ન હોય ત્યાં જોખમ સ્વીકારવા કયા માબાપ તૈયાર થાય? બાકી આજે જે ટ્યૂશનો રખાય છે તેમાંના એંસી ટકા એવાં હોય છે કે તે ન હોય છતાં વિદ્યાર્થી આટલા જ, અરે! કદાચ એથીય બે ચાર ટકા માર્ક્સ વધુ લાવી શકે એવા હોય છે, કારણ મોટા ભાગનાં ટ્યૂશનો શોધી-શોધીને હોશિયાર વિદ્યાર્થીનાં જ રાખવામાં આવે છે. જેને અાવડે છે તેને વળી શિખવાડવાનું હોય? ન આવડતું હોય અેને શિખવાડે ને પાસ કરાવે કે સારા માર્ક્સ લાવે તે બરાબર પણ હોશિયાર વિદ્યાર્થી હોય, વગર ટ્યૂશનેય માર્ક્સ લાવી શકે તેમ હોય, પણ તેનું ટ્યૂશન રાખી તેના વધારે માર્ક્સ આવ્યાનો ગર્વ જ્યારે શિક્ષકો અને માબાપ લે છે ત્યારે મને પેલી પંક્તિ યાદ અાવે છે કે, ‘સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે.’

ટ્યૂશનમાં ખૂબ સારા ગણાતા એક શિક્ષકને મેં અેક દિવસ પૂછ્યું, ‘સાહેબ, તમે અાટલાં બધાં ટ્યૂશનો કરો છો તે તમારું મગજ થાકી નથી જતું? બૌદ્ધિક પ્રક્રિયા તો બહુ જલદી થકવી નાખે. હું કૉલેજમાં બે લેક્ચર બહુ સરસ લઈ શકું, પણ પછી ત્રીજું લેક્ચર લેવાનું આવે તો મને પોતાને જ લાગે કે તે પહેલાં બે લેક્ચર જેટલું સરસ ન થઈ શક્યું...’ ત્યાં તો એ સાહેબે તરત જ પ્રતિભાવ અાપ્યો... ‘બહેન! તમને ખબર છે? સૌથી પહેલી વાત તો અે કે હું ફક્ત હોશિયાર વિદ્યાર્થીનું જ ટ્યૂશન રાખું છું. એટલે અેને બધું અાવડતું તો હોય જ, એક જ ધોરણનાં બધાં જ ટ્યૂશન હોય અેટલે બધે જ એકસરખું બોલી નાખવાનું. કશું નવું તૈયાર કરવાનું નહીં. ઉપરાંત જાઉં એટલે પહેલી દસ મિનિટ શું કર્યું. શું નહીં તેની વાતોચીતો ચાલે, વચ્ચેની દસ મિનિટ ચા-પાણીમાં જાય છેલ્લી દસ મિનિટ આટલું કરજે અામ કરજે અેવી વાતોચીતોમાં જાય... માનસિક શ્રમ તો માત્ર અર્ધો જ કલાકનો ને!

ટ્યૂશન એટલે તો અમારે મન રમત છે રમત... સાચું કહું? મોટા ભાગનાં ટ્યૂશનવાળા વિદ્યાર્થીને ટ્યૂશનની જરૂરત જ નથી હોતી, પણ આ તો અમે ના ન કહીએ, કારણ એનાથી માબાપનું મન દુભાય અને અમારું કમાવાનું જાય... 'છાશમાં માખણ જાય ને વહુ ફુવડ કહેવાય', એવી મૂર્ખામી કોણ કરે!... અને એ સાંભળી હું ઘડીભર તો શૂન્યમનસ્ક જ બની ગઈ... મને થયું... આ પણ કેવું મોટું વિષચક્ર ચાલી રહ્યું છે? ને તેમાં કેટકેટલાં માબાપો રહેંસાઈ રહ્યાં છે!'

એટલું જ નહીં પણ ઘેર ટ્યૂશન હોય અેટલે એ વિદ્યાર્થીને વર્ગમાં તો રસ પડે નહીં. એ વર્ગમાં ધ્યાન આપે નહીં... પોતે ભણે નહીં ને બીજાને ભણવા દે નહીં... અને શિક્ષકોય સવારથી ટ્યૂશનની એવી દોડધામમાં હોય કે સ્કૂલમાં આવે ત્યારે એવા તો થાકી ગયા હોય કે વર્ગમાં સરસ રીતે શીખવી પણ ન શકે. ને પરિણામે વિદ્યાર્થીને અેમ થાય કે વર્ગમાં બરાબર ભણાવતા જ નથી તો ટ્યૂશન રાખ્યા વિના કંઈ ઓછો જ છૂટકો છે? પણ આવાં વિષચક્ર જ્યાં સુધી અટકશે નહીં, ત્યાં સુધી તેમાંથી આપણે છૂટી શકવાનાં જ નથી. ક્યારેક તો અાપણે માબાપોએ હિંમત કરી એ વિષચક્રને અટકાવવું જ પડશે.

*

ગુરુર્દેવો ભવ

'શૈલી, તમે લોકો જરા સહેજ-સહેજ ખસશો? તો મારી જગ્યા થઈ જાય...'

પણ શૈલી તો સાંભળે તો ને! બધી જ બહેનપણીઓ વાતોમાં મશગૂલ હતી. મોંમાં ચૂંઈગમનાં પરપોટા કરતી હતી... ને પિકચરોનાં ગીતોનો ગણગણાટ... મેં ફરીને તે લોકોને વિનંતી કરી... 'જરા ખસશો? મુસાફરી લાંબી છે... ચાર-પાંચ કલાક તો થશે જ... સળંગ કાંઈ ઓછાં જ ઊભા રહેવાશે?' પણ એ ચારેય છોકરીઓમાં કોઈનેય મારી એ વિનંતીની કોઈ જ અસર ન થઈ... ચારેય છોકરીઓ સહેજ ખસીને જરાક જ દબાઈને બેસે તો મારી જગ્યા થઈ જ જાય તેમ હતું... પણ... અને મને મારા બાળપણના દિવસો યાદ આવ્યા...

અમે નાનાં હતાં ત્યારે અમારા હૃદયમાં શિક્ષકનું સ્થાન કેટલું બધું માનભર્યું હતું! સ્કૂલમાં પેસતાં જ જે શિક્ષક સામા મળે તેમને પગે લાગી નમસ્કાર કરવાના અને ચરણરજ લેવાની... અરે! ક્યારેક તો તે માથે હાથ ન મૂકે ત્યાં સુધી જાણે મસ્તક ઊંચું કરવાનું મન ન થાય... મારી કલ્પના-દૃષ્ટિ સમક્ષ હજી આજેય મારા એ શિક્ષકો જાણે આબેહૂબ ખડા થાય છે... પેલા આચાર્ય સાહેબ... ખાસ્સા ઘરડા... ધોતિયું ને લાંબો કોટ... માથે ટોપી... ખાસ્સાં જાડાં ચશ્માં... પણ વર્ગમાં આવે અને સંસ્કૃત શીખવવા માંડે, સુભિાષતોના શ્લોકો એ ગવડાવે... હજી આજેય એ શબ્દો અને સૂર કાનમાં ગૂજે છે... ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુથી માંડી 'યા કુન્દેન્દુતુષાર હાર ધવલા' આ બધા શ્લોકો એ ગવડાવતા હતા. રોજેરોજ ગવડાવતા હતા. પણ એ વખતે એવો ખ્યાલ ન હતો કે એ સંસ્કાર હૃદયમાં આવા કોતરાઈ જશે... ભાવપૂર્ણ હૃદયે ગવાતા એ શ્લોકોએ આજે અમારા જીવનનું સાચું ઘડતર કર્યું છે અને એટલે જ હજી આજેય એ શિક્ષકો યાદ આવે છે ને મારું માથું તેમના પ્રત્યેના પૂજ્યભાવથી નમી પડે છે. શિક્ષકનું સ્થાન અમારા હૃદયમાં ખૂબ ઊંચું હતું... અરે! ક્લાસમાં સાહેબ પેન માગે તો અમે સૌ એ સેવા માટે આતુર હોઈએ, પ્રવાસમાં જઈએ... ત્યારે તો દાબડા ઉજાણીનો જ રિવાજ હતો... સૌ પોતપોતાના ડબ્બા ખોલી પહેલાં શિક્ષકને ધરીએ... અને શિક્ષક તેમાંથી જો કંઈ ન લે તો નાખુશ થઈ જઈએ... અમારા હૃદયમાં એ વખતે જાણે આપણે દેવને પ્રસાદ ધરાવતાં હોઈએ એટલો આનંદ થતો હતો... હજી આજેય એમાંથી એક્કેય શિક્ષકો ભુલાતા નથી... એમને માટે હૃદયમાં હજી આજેય કેવો ભાવ થાય છે!! લાગણી જન્મે છે?

મને બરાબર યાદ છે. એક દિવસ અમારા બહેનને ક્લાસમાં ઉધરસ ચડી... તો સામટા બે વિદ્યાર્થીઓ પાણી લેવા દોડ્યા... કૃષ્ણ અને સુદામા પણ સાંદીપનિ ઋિષના આશ્રમમાં ભણવા રહ્યા હતા ત્યારે જંગલમાં લાકડાં કાપવાય જતા. ગુરુપત્નીને બધી મદદ કરતા... ગુરુ અને અને શિષ્ય વચ્ચેનો એ લાગણીનો સેતુ કેવો સુંદર હતો! ગુરુનો પડતો બોલ ઝીલવા શિષ્ય સદાય આતુર હોય... ને ગુરુનું હૃદય શિષ્ય માટેના પ્રેમથી સદાય છલકાતું હોય... ત્યારે અત્યારે?

શાળાનો પ્રવાસ થવાનો હતો... બાળકો ગોઠવાય પછી જ શિક્ષકે તો જગ્યા લેવાની હોય અને એટલે હું છેલ્લે ચડી... બસ ઊપડી ત્યાં સુધી તો મેં જગ્યા માટે ચિંતા ન કરી... પણ પછી બેસવા માટે પ્રયત્ન કર્યો... વિધાર્થિનીઓને સહેજ ખસવા કહ્યું... પણ... કોઈ જ અસર નહીં, મને આશ્ચર્ય થયું. સાથે દુ:ખ પણ થયું. મગજમાં એક ઘેરો વંટોળ ઊમટ્યો. આપણે ક્યાં જઈ રહ્યાં છીએ?

વિજ્ઞાન હરણફાળે આગળ વધી રહ્યું છે એટલે જ્ઞાનની ક્ષિતિજો એકદમ વિસ્તરી રહી છે અને એટલે શિક્ષણ પણ આગળ વધે જ એ સ્વાભાવિક છે. આજનો વિધાર્થી બુદ્ધિમાં કેટલો બધો આગળ વધી ગયો છે!... ટી.વી.ને કારણે હવે તો આખી દુનિયા આપણા ઘરના ઉંબરામાં

આવી ગઈ છે અને અેટલે અાજના, હજી ઊગીને ઊભા થતા વિદ્યાર્થી પાસે માહિતીના ભરપૂર ભંડાર પડ્યા છે. કેટકેટલી માહિતી?... અને તેમાંથી ઊભા થતા પ્રશ્નો... આજના વિદ્યાર્થીમાં જિજ્ઞાસા પણ કેટલી છે! અરે! પેલો અનિકેત... એની મમ્મી કહેતી હતી કે ‘સવારે ઊઠે છે ત્યારથી સતત એટલા પ્રશ્નો પૂછ્યા કરે છે કે હું તો તેના જવાબ આપતાંય થાકી જાઉં છું.’ ને તમે માનશો? ક્યારેક કેટલાક પ્રશ્નોના જવાબો તો મનેય ખબર નથી હોતી. મને ક્યારેક થઈ જાય છે. એના મગજમાં આ બધા પ્રશ્નો ઉદ્ભવતા કેવી રીતે હશે? એની બુદ્ધિ માટે તો સાચે અાપણને માન થાય તેવું છે.

પણ... જીવન માત્ર બુદ્ધિથી જીવી ન શકાય. ભારતીય સંસ્કૃતિની એ વિશિષ્ટતા છે કે અેમાં બુદ્ધિ અને લાગણી બંનેનો સમન્વય સધાયો છે. બુદ્ધિની તેજસ્વિતા તો જ દીપે જો તે ભાવનાથી મહેકી શકે તો... અરે! ફળ અાવવાથી વૃક્ષ પણ નીચું નમે છે તો બુદ્ધિ આવવાથી, બુદ્ધિ વધવાથી એ માણસ નમ્ર બને અને એના હૃદયમાં ભાવના પણ ખીલે તો અે કેવો શોભી ઊઠે? આજે ચારે બાજુ આપણે અેક ઘેરો નિસાસો સાંભળીએ છીએ કે ‘આજની નવી પેઢીને થયું છે શું?’ આપણું આજનું શિક્ષણ માહિતીપ્રધાન બન્યું છે, પણ તેણે જીવનનાં મૂલ્યો ગુમાવ્યાં છે. બુદ્ધિ ખૂબ હોય... પણ વડીલો માટે અાદર ન હોય, વિવેક ન હોય... નમ્રતા ન હોય હૃદયમાં લાગણી ન હોય... ભાવનાશૂન્ય માનવ ક્યારેય માણસ બની શકે ખરો?

પણ એમાં આજના એ ઊગતા ખીલતા કુમળા બાળકનો પણ શું દોષ? એને તો આપણે જે આપીએ છીએ તે જ તેનામાં વિકસે છે. બાળક આપણે કહીએ તેમ નહીં, પણ કરીએ તેમ કરે છે. બાળકના મગજમાં વડીલો અને શિક્ષકો માટે અાદરભાવ, પૂજ્યભાવ પેદા કરવા માટે અાખુંય વાતાવરણ સર્જવું પડે છે, એવું વાતાવરણ આપણે સર્જી શકીએ છીએ ખરાં? આજે કેટલા ઘરમાં વડીલો માબાપની સાથે રહે છે? સંયુક્ત કુટુંબો બહુ ઝડપથી તૂટવા માંડ્યાં છે. દાદા-દાદીની હાજરી હોય તો માબાપને એક જવાબદારી લાગે છે... તેમની સ્વતંત્રતા ઝૂંટવાઈ જતી લાગે છે. મા ઘરમાં દાદા કે દાદી તરફ પૂજ્યભાવે વાત કરતી આજના બાળકને જોવા મળે છે ખરી? આજે કેટલાં માબાપ તેમનાં વડીલોને પગે લાગે છે? બાળકને પૂજ્યભાવની ખબર જ ક્યાંથી પડે? અરે! ઘરમાંય હવે તો પતિ-પત્ની વચ્ચે સમાનતાની ભાવના – અને અેટલે બંને એકબીજાને તુંકારે જ બોલાવતાં હોય... ‘તમે’ શબ્દ કે માનવવાચક શબ્દોનો જાણે વપરાય ઘટતો જાય છે. તેમાં વળી પાશ્ચિમાત્ય સંસ્કૃતિ તરફ આપણો ઝોક વધતો જાય છે... અરે! ઘરમાં દાદીની વર્ષગાંઠ હતી. બધાં જ પુત્રો, પુત્રવધૂઓ, પૌત્રી, પૌત્રીઓ દાદાજીને પગે પડી આશીર્વાદ માગતાં હતાં ત્યાં રુચિર આવ્યો... દાદાજીને શેકહેન્ડ કરીને કહે: ‘Many Happy Returns of the day’ ઇંગ્લિશ મીડિયમમાં ભણે છે એટલે અે આવા શિષ્ટાચારથી ટેવાયો હોય ને? પણ આપણી ભારતીય સંસ્કૃતિ અને એની સંસ્કારિતામાં જે સુવાસ છે તે તેમાં નથી લાગતી... તેમાં વળી દિવસે-દિવસે બદલાતી મનોવૃત્તિ પણ ખૂબ અસર કરે છે.

મને યાદ છે... અમે નાનાં હતાં અને ભણતાં હતાં ત્યારે અમારાં માબાપે ક્યારેય કોઈ જ શિક્ષક માટે કોઈ ટીકા કરી હોય તેવું યાદ નથી... શિક્ષક માટે વિદ્યાર્થીના હૃદયમાં માન પેદા થાય તે માટે માબાપ તરફથી મળતું ઘડતર અને સંસ્કાર એ પણ ઘણાં મહત્ત્વનાં છે. લાભ અને ગેરલાભ, ફાયદા અને ગેરફાયદાની જ િત્રરાશી મૂકતાં અાજનાં માબાપો પોતાનાં સંતાનોના મગજમાં શિક્ષકો માટેનું માન ઘટાડે છે. અાખી દૃષ્ટિ જ બદલાઈ ગઈ છે. શિક્ષક તરફ માનની દૃષ્ટિને બદલે અેક પગારદાર માણસ જેવી મનોવૃત્તિથી એને મૂલવાય છે. અેવું જ સ્કૂલમાં બને છે. જ્યાં શિક્ષક વિદ્યાર્થીને વર્ગ વચ્ચે ટકોર કરે છે: ‘તારા બાપા તો કમાઈ જાણે તેમને શું ખબર પડે?’ માબાપ શિક્ષકની Image તોડે છે. શિક્ષક માબાપની, પરિણામે આજની ઊગતી નવી પેઢીની દશા સઢ વિનાના વહાણ જેવી બની ગઈ છે. તેના મનમાં સતત

એક પ્રશ્ન ઘૂંટાય છે. 'હું કોના જેવો થાઉં?' ને પરિણામે એનામાં ઘડતર તો થતું જ નથી... પણ ઉપરથી ઉદ્ધતાઈ... ઉછાંછળાપણું... ઉધમાત બધું જ વધી જાય છે ને ક્યારેક તો અે બધું જોઈને આપણને થઈ જાય કે શું અાજની નવી પેઢીની સંસ્કારિતા? સ્વકેન્દ્રીયતા જ માત્ર... ખાઈપીને મોજમજા તો પ્રાણીઓ પણ કરે છે ને માનવ પણ જો તે જ માત્ર કરે તો અે માનવ અને પ્રાણીમાં કશો તફાવત ખરો? આજના શિક્ષણની આ પ્રગતિ છે કે અધોગતિ? માણસ સંસ્કૃતિમાં આગળ વધે છે કે પીછેહઠ કરે છે? પેલા કવિની પંક્તિઅો મને યથાર્થ લાગે છે.

'જંગલથી દૂર જતો જાઉં છું, તેમ જંગલિયત વધુ ને વધુ દેખાય છે.'

ઊગીને ઊભા થતા કુમળા છોડને તો આપણે વાળીએ એમ વળે... પણ એને દિશા સુઝાડવા આપણી પાસે જ દિશાનું જ્ઞાન ન હોય તો? Parenthood training આદર્શ માબાપ નીવડવા માટેનાં માર્ગદર્શનની આજે ખૂબ મોટી જરૂરિયાત ઊભી થઈ છે. એ વિનય અને વિવેક વિનાનાં બાળકોને જોઉં છું, ત્યારે સમજાય છે.

*

નવી પેઢીને સાચો માર્ગ ચીંધશે કોણ?

'બહેન! ભૂમિકાને સંગીત સ્પર્ધામાં ભાગ લેવા જવાનું છે તો યુનિફોર્મ પહેરીને જ જવું પડશે કે બીજો કોઈ પણ ડ્રેસ પહેરીને જાય તો ચાલશે?' ભૂમિકાનાં મમ્મીએ પૂછ્યું.

'આ આંતરશાળાકીય સ્પર્ધા છે એટલે યુનિફોર્મ પહેરીને જાય તો વધુ સારું. શાળાની ગૌરવભરી છાપ પણ પડે ને ભૂમિકાએ પાળેલ શિસ્તની પણ અસર પડે.' મેં જવાબ આપ્યો અને એટલે ચોથા ધોરણમાં ભણતી ભૂમિકાને યુનિફોર્મમાં સજ્જ કરી તેનાં મમ્મી સંગીતસ્પર્ધા માટે લઈ ગયાં.

ભૂમિકાએ ખૂબ સરસ ગાયું ને તેને ઇનામ પણ મળ્યું. ભૂમિકા ખુશખુશાલ બની ને તેથીય વધુ તો તેનાં મમ્મી-પપ્પા વધુ ખુશ હતાં... પોતાની દીકરીને આવી સિદ્ધિ મળે એટલે આનંદ તો થાય જ ને! અને એટલે એ સ્પર્ધાને સ્થળેથી ભૂમિકાને લઈને સીધાં જ સ્કૂલમાં મારી પાસે એને લઈને આવ્યાં. ભૂમિકાનો હરખ તો માતો ન હતો... આ તેને મળેલી પ્રથમ જ તક હતી અને તેમાં તેને જીત મળી હતી. એટલે તેમના આનંદની અવધિ ક્યાંથી રહે? મમ્મી-પપ્પાની છાતીય જાણે ગજગજ ફૂલતી હતી. ભૂમિકા આવીને મને પગે લાગી અને મેં તેને વહાલથી ચૂમી લીધી ને આશીર્વાદ પણ આપ્યા, 'સદાય આવી પ્રગતિ કરતી રહે.' ને એ ખુશ થતી પાછી ફરી ને એના લાંબા છુટ્ટા વાળ મારી નજરે પડ્યા, એની જીતના Exitementમાં એ તો મારા ધ્યાન પર જ નહીં આવેલું, પણ એ પાછી જતી હતી, ત્યારે કમ્મર સુધીના લાંબા, સુંદર, સુંવાળા વાળ આમ છુટ્ટા જોયા ને મારા મગજમાં અનેક વિચારોનું પૂર ઊમટ્યું. 'સારા દેખાવું કોને ન ગમે?' ઈશ્વરે સ્ત્રીને ભરપૂર સૌંદર્ય બક્ષ્યું છે ને તેમાંય વાળ એ તો સ્ત્રીની શોભા છે... પણ એ શોભા ક્યાં ને ક્યારે કરવાની હોય તેય સમજવું બહુ જરૂરી છે ને! પાર્ટી હોય કે લગ્નનો પ્રસંગ હોય ત્યાં બરાબર કે મનને રુચે એવું ડ્રેસિંગ કરીને જવાય પણ શાળાના વાતાવરણમાં આમ બાળકો જ્યારે આવે છે ત્યારે મનમાં પ્રશ્ન થાય છે. આ બાળકોને સૌંદર્યની સાચી સમજ કેવી રીતે આપવી?... એ સમજવા તેઓ હજી ખૂબ નાના છે. કદાચ નાદાન છે. તો પછી તેમનાં માબાપને?

થોડા જ દિવસ પર શાળામાં બાળકોના સુગમ સંગીતનું સ્ટેજ ફંકશન હતું... સ્ટેજ પર ગાવાની તક મળે એટલે બાળકોના આનંદનો પાર ન જ રહે એ સ્વાભાવિક છે અને એટલે બાળકોને છૂટ આપી હતી કે સરસ મજાનાં રંગબેરંગી કપડાં પહેરીને આવજો. તો એ જ ફંકશનમાં એ ભૂમિકા મેક્સી પહેરી આવી... પણ પાછળ બરડો આખો ખુલ્લો અને નીચે સાઈડ પર ખાસ્સો ઊંચે સુધીનો કટ... ભૂમિકા દેખાવમાં મીઠ્ઠી છે એટલે એને એ કાળી મેક્સી લાગતી હતી તો સુંદર... પણ આવાં કપડાં પહેરવાની એની આ ઉંમર નથી... એ તો બિચારી નિર્દોષ છે. નાદાન છે... તેને આવા ડ્રેસની પાછળનો મર્મ કે હેતુ કશો જ ખ્યાલ નથી... પણ એ મોટી થશે ત્યારે? નાનપણથી જ એને આવાં મર્યાદા ન સચવાય એવાં વસ્ત્રો પહેરતી કરીશું તો મોટી થતાં. અરે! કિશોરાવસ્થાએ પહોંચતાં તો તે કેવા-કેવા કપડાં પસંદ કરશે? ને ત્યાર પછી આપણે તેને રોકીશું, ટોકીશું... કે આવા કપડાં નથી પહેરવાનાં... તો તે વિરોધ ઉઠાવશે... 'આજ દિન સુધી તો તેં જ મને તેવા કપડાં પહેરાવ્યાં ને હવે કેમ તેની ના કહે છે?' ને ત્યારે આપણી પાસે તેનો ઉત્તર નહીં હોય.

જીવનમાં કેટકેટલી વસ્તુઓ આપણે બાળક નાનું હોય ત્યારથી જ શીખવવી પડે છે! જીવનનાં મૂલ્યો, જીવનમાં એમને એમ નથી શીખવાતાં. તેને માટે સતત જાગૃતિ રાખવી પડે છે, એક વખત માબાપ બન્યાં એટલે 'જીવનમાં સતત જાગ્રત ને ટટ્ટાર થઈ જવું પડે છે, કારણ બાળકને ઈશ્વરે ઘણી બુદ્ધિ આપી છે. તેની આસપાસની દુનિયાનું નિરીક્ષણ કરતું જ રહે છે

ને પછી તેનું અનુકરણ કરે છે, આ જ તેના સામાજીકરણની પ્રક્રિયાનો પાયો છે અને અેટલે નાની ઉંમરથી જ તેના મગજમાં જો છીતઅછીત ઊભી ન કરીએ તો મોટી ઉંમરે પણ જીવનના એ મહામૂલ્યો શીખવી શકાતાં નથી. આજનાં આપણાં કેટલાં માબાપો આ માટે સજાગ છે?'

અરે... હમણાં જ સાવ નાનાં ભૂલકાંઓના ગરબાનો કાર્યક્રમ હતો. ચાર-પાંચ વર્ષની નાનકડી છોકરીઓ ચણિયાચોળી ને ઓઢણીમાં કેવી મીઠ્ઠી લાગતી હતી! આખુંય વાતાવરણ હોળીના રંગે રંગાઈ ગયું હતું. જાણે રંગમંચ પર વસંત ખીલી ઊઠી હતી... પણ તેમાં એક બાળાએ કંઈક જુદું જ પહેર્યું હતું. બ્લાઉસ હતો કે નહીં તે જ ખબર ન પડે. તેવો કમખો પહેર્યો હશે કે કેમ? આટલી નાની બાળા માટે અાવો વિચાર જ ન કરવાનો હોય છતાંય અાવા જાહેર પ્રસંગે જ્યારે બધાએ અમુક જ રીતે વ્યવસ્થિત રીતે વેશપરિધાન કર્યું હોય ત્યારે કંઈક નવું કરવાની કે જુદા પડવાની ઘેલછાએ આ બાળાને બધાથી જાણે સાવ અળગી કરી નાખી હતી. ફૅશન સારી ખરી... ફૅશન માણસ અપનાવે તેમાં કશું જ ખોટું નથી. પણ એ ફૅશન એવી ન હોવી જોઈએ તે ધરતી પર સ્વીકારાતાં મૂલ્યોને તો અાત્મસાત્ કરવા જ રહ્યા. પાશ્ચિમાત્ય સંસ્કૃતિનાં પ્રવાહમાં તણાઈ જતાં પહેલાં આપણી ભારતીય સંસ્કૃતિ અને તેનાં ભવ્ય વારસાને આપણે કેમ ભૂલી જઈએ છીએ?

તેમાંય આજે ચારે બાજુ ટી.વી.ના પ્રદૂષણે તો માઝા મૂકી દીધી છે. ટી.વી. પર વારંવાર એવાં જ બીભત્સ દૃશ્યો, વૃત્તિઓને ઉત્તેજે તેવાં દૃશ્યો છાપામાંય રોજેરોજ ફિલ્મી કલાકારોના અર્ધનગ્ન ફોટોગ્રાફ્સ ને તેમાંય જોઈને મનમાં સૂગ ચઢે ને ગુસ્સો આવે તેવા પોઝ, માનવ કેટલી હીન મનોવૃત્તિ તરફ ઢળતો જાય છે! આની અસર આજની ઊગતી પેઢીના કુમળા માનસ પર કેટલી વિપરીત થાય છે! ગરબાના કાર્યક્રમમાં પણ અે ફિલ્મી કલાકારો જેવા જ મર્યાદાવિહીન વેશપરિધાન. પહેલાના વખતમાં તો રોજ સવારે ઈશ્વરને પ્રાર્થના કરી પ્રભુ જેવા શક્તિશાળી થવાની માણસ પ્રેરણા લેતો ને તેવી શક્તિ મેળવવા માટે પ્રાર્થના કરતો – ત્યારે અાજે? આજની ઊગતી પેઢીની નજર સમક્ષ નથી અે ભગવાન કે નથી કોઈ અાદર્શ નેતા, વડીલ કે ધર્મગુરુ કે તેના જેવા થવાની તે પ્રેરણા લે... એની નજર સમક્ષ તો આજે છે ફક્ત એ ટી.વી.ના ને ફિલ્મના કલાકારો જેમાં ક્યાંય જીવનનાં ઉદાત્ત તત્ત્વો કે મૂલ્યો જોવા મળતાં નથી... ક્યારેક તો ચિંતા થાય છે કે અા બધું ક્યાં જઈને અટકશે?

હમણાં જ ગરબાનો બીજો અેક કાર્યક્રમ હતો, 13, 14 વર્ષની બે-ત્રણ કિશોરીઓએ ગરબાનો ડ્રેસ તો પહેર્યો, પણ અોઢણીનો છેડો જ નહીં ખોસેલો. 'લજ્જા સ્ત્રીનું ભૂષણ છે.' એ ખરેખર કેટલું મહત્ત્વનું છે. તે આવાં દૃશ્યો જોઈએ ત્યારે સમજાય છે. મમ્મીઓ સાથેય આ અંગે ચર્ચા તો થાય છે જ પણ એક જ સૂર ઊઠે છે: 'શું કરીએ બહેન! આજનાં છોકરાં અમારું માનતાં જ નથી.' માબાપે પણ પોતાનાં સંતાનોના હૃદયમાં તેમને માટે જે 'image' હોવી જોઈએ, જે માન હોવું જોઈએ તે જાણે ગુમાવી દીધું છે! આજની ઊગતી પેઢીને થયું છે શું? એને રાહ કોણ ચીંધશે? એને સાચો માર્ગ કોણ દેખાડશે?

રોજેરોજ વર્તમાનપત્રોમાં બળાત્કારના કિસ્સા દેખાય છે. વૃત્તિઅોને બહેકાવે એવાં વસ્ત્રો એમાં ઓછાં જવાબદાર નથી. પણ આ હકીકત આજની ઊગતી પેઢીને સમજાવવી શી રીતે? સમજાવે કોણ? ખુદ મા જ નીચા ગળાના ને ટૂંકાં બ્લાઉસ ને અમર્યાદાશીલ કપડાં પહેરતી હોય ત્યાં નાદાન અને કિશોરાવસ્થામાં હજી ઊગીને ઊભી થતી હોય તેવી છોકરીઓના માનસમાં અેને માટેની અછીત ક્યાંથી ઊભી કરી શકાય?

આદર્શ માબાપ નીવડવું એ સહેલી વાત નથી... નવી પેઢીને ચારિત્ર્યશીલ અને સંસ્કારશીલ બનાવવી હશે તો માબાપે તેમના જીવનનો આખોય વળાંક બદલી નાખવો પડશે... અા એક સાધના છે ને એ સાધના જો અાપણે કરી શકીશું તો જ નવી પેઢીમાં

સાચા ને સારા સંસ્કારની સિદ્ધિ પ્રાપ્ત કરી શકીશું.

*

જીતનેય જીરવતાં શીખવી પડે

'બહેન! મારી નંદિતાને ચિત્ર માટે આ સર્ટિફિકેટ આવ્યું છે. તમે શાળાના મુખપત્રમાં તેનું નામ છાપશો ને? એને બહુ ઇચ્છા છે.' નેહાબહેને પ્રમાણપત્ર મારી પાસે ધર્યું. ને મેં તેની વિગતો વાંચવા માંડી. સંસ્થાના મુખપત્રમાં વિગત સાથે છાપવાનું હોય એટલે જરા ઝીણવટથી જોઈ લેવું પડે જ.

'અરે! આમાં ઇનામનું નથી લખ્યું... આ તો ફક્ત ભાગ લેવા માટે થઈને જ મળેલું પ્રમાણપત્ર છે.'

'હા બહેન... પણ પ્રમાણપત્ર તો છે ને! આ પ્રમાણપત્ર આવ્યું ત્યારથી એ તો રઢ લઈને બેઠી છે કે હવે મારું નામ મુખપત્રમાં આવવું જ જોઈએ.'

'બહેન! બાળક છે એટલે એને એવું મન થાય એ સ્વાભાવિક છે પણ આપણે તેને સમજ આપવી પડે ને? એ નાદાન બાળક છે. પણ આપણે તો સમજુ છીએ ને? ખાસ કોઈ ઇનામ મળ્યું હોય તો જ નામ તેનાં છપાય. ખાલી ભાગ લેવા માટે ન છપાય. એવાં તો કેટલાંય લોકો આવી સ્પર્ધાઓમાં ભાગ લેતા હોય છે!' અને નેહાબહેનને મારી વાત ન રુચી. સહેજ છણકાઈને મારી ઑફિસમાંથી ઊભા થઈને બહાર નીકળી ગયાં.

ને મારા મગજમાંય એક વંટોળ ઊભો થયો. બાળકના ઘડતર માટે કેટકેટલાં પાસાં તરફ ધ્યાન રાખવું પડે છે! ઈશ્વરે માનવમાત્રને 'અહમ્' આપ્યો છે. નાનકડું બાળક હજી તો સહેજ સમજણું થાય ત્યારે પહેલાં 'મા' બોલતાં શીખે ને પછી 'મારું' બોલતાં શીખે. 'સ્વકેન્દ્રીયતા' એ માનવમાત્રનો સાહજિક ગુણ છે પણ તે મોટું થતું જાય તેમ-તેમ તેનું સામાજીકરણ કરવું પડે, તેને સમાજમાં અનેક લોકો સાથે જીવવાનું હોય છે અને એટલે બધે જ, બધા જ ફક્ત એને કેન્દ્રમાં રાખે તેવું તો ન જ બને, અને ત્યારે? બાળક કાં તો હતાશ થાય, કાં તો ગુસ્સે થાય અને પોતાના બાળકની આ મનોવેદના માબાપથી કેમ જોવાય? અને એટલે માબાપ નાનપણથી જ એ બાળકને બધે ઇમ્પોર્ટન્સ મળે તે માટે સતત પ્રયત્નો કર્યા કરે છે.

હમણાં જ ત્રીજા ધોરણમાં ભણતી ઋત્વીના મમ્મીએ ફરિયાદ કરી. 'ઋત્વી ચિત્રસ્પર્ધામાં બીજી આવી ને તમે તેનું નામ મુખપત્રમાં કેમ ન છાપ્યું? એ કેવી નિરાશ થઈ ગઈ?' એકથી સાત ધોરણમાં અગિયારસો વિદ્યાર્થી ભણતાં હોય. ત્યાં આવી અનેક સ્પર્ધાઓ યોજાતી હોય. વર્ગદીઠ ત્રણ-ત્રણ વિજેતા જાહેર થતાં હોય. એટલે એક જ સ્પર્ધાનાં ત્રેસઠ વિજેતાનાં નામ હોય એ બધાં જ મુખપત્રમાં જો છાપવાનો આગ્રહ રખાય તો મુખપત્ર કેટલાં પાનાંનું થાય? માબાપને મારે શું સમજાવવું? હા, આખી સ્કૂલની આંતરસ્પર્ધાના પરિણામ તેમાં હોય. જેમાં ફક્ત બાર જ વિજેતાનાં નામ હોય અને બહારની સ્પર્ધાઓ પણ જે રાજ્યકક્ષાએ, જિલ્લા કક્ષાએ કે આંતરરાષ્ટ્રીય કક્ષાની હોય તેના ઇનામોનાં નામ એ મુખપત્રમાં છાપી શકાય, પણ આજે તો બિલાડીનાં ટોપની જેમ અનેક સંસ્થાઓ ચારે બાજુથી ઊગી નીકળી છે. જે તેના પ્રચાર અર્થે આવી અનેક સ્પર્ધાઓ યોજે છે, ને સર્ટિફિકેટોની લહાણી કરે છે, અરે! ભાગ લેનાર બધાંને જ સર્ટિફિકેટ વહેંચે છે. તેમાં કલાની કસોટી ક્યાં રહી? સાવ સામાન્ય ચિત્ર આવડતું હોય તેય તેમાં ભાગ તો લઈ શકે અને એને ય સર્ટિફિકેટ આપે એટલે એ બિચારું નાદાન બાળક ખુશ થાય કે 'મને ચિત્ર દોરતાં આવડી ગયું'ને એથીય વધુ તો એનાં માબાપ વધુ ખુશ થઈ તેના બાળકની પબ્લિસિટી માટે ચારે બાજુ દોડે. મને ક્યારેક એમ થાય છે કે બાળક સાવ નાનું હોય ત્યારથી જ એને આમ પબ્લિસિટીનો ચસકો લગાડવો એ શું બરાબર છે?

આપણેય કેવું કરીએ છીએ? જ્યારે ઘરમાં કોઈ મહેમાન આવે ત્યારે ચિત્રાબહેન તેમની અંગનાને બોલાવે. અને અંગનાને કહે... આન્ટીને પેલો તારો ડાન્સ બતાવ તો... અરે! અમારી

અંગનાને તો બહુ સરસ ડાન્સ આવડે છે. ને અંગના ક્યારેક શરમાઈને મોં ફેરવીને ઊભી રહી જાય તો તેને ચૉકલેટની લાલચ અપાય... પણ એ ડાન્સ બતાવ્યા વિના તો અેની મમ્મી એને ન જ છોડે. ને ડાન્સ પણ કેવો હોય? અેકાદ પિક્ચરના ગીતના ચિત્રહારમાં કે ટોપટેનમાં રજૂ થતાં બેઢંગા નૃત્યનો જ એક અંશ... ને ત્યારે મને મનોમન એમના છીછરાપણા માટે, નાદાનિયત માટે કરુણા ઊપજે. બાળક એ કાંઈ આપણા ચાવીવાળાં રમકડાં નથી.. આપણી પ્રતિષ્ઠા પ્રસરાવવા માટેનાં પ્યાદાં નથી. પબ્લિસિટીનો મોહ માણસને કેવાં ઘેલાં બનાવી મૂકે છે!

બાળકને જેમ હાર સ્વીકારતાં શીખવવાની જરૂર છે, તેમ એને જીત જીરવતાં શીખવવાની પણ ખાસ્સી જરૂરત છે. રમત હોય કે સ્પર્ધા બધાં તો તેમાં ન જ જીતે. અને અેટલે જે હારે તેણે, જીતનારને ખેલદિલીપૂર્વક અભિનંદતાય શીખવું જોઈએ એને જ સાચો Sportmansprit કહેવાય. રમતની પાછળ વ્યક્તિત્વના અે ઘડતરનો જ હેતુ રહેલો છે. પણ આપણે? આપણે તો અાપણું બાળક સ્પર્ધામાં ભાગ લે એટલે, એને ઇનામ આવવું જ જોઈએ એવું દૃઢપણે માનતાં હોઈએ છીએ.

કિન્નરીને સુગમ સંગીતની સ્પર્ધામાં ભાગ લેવાની તક મળી. સ્કૂલના આચાર્યે તેને બોલાવી વાત કરી, 'આંતરશાળાકીય સુગમ સંગીત સ્પર્ધામાં તારે ભાગ લેવો છે? કાલે મમ્મીને પૂછીને કહેજે.' બીજે દિવસે તેનાં મમ્મી મળવા આવ્યાં. 'બહેન! કિન્નરી ભાગ તો લેશે પણ મને તેના સંગીત શિક્ષકને મળવા દો.' સંગીત શિક્ષકને તેમણે પૂછ્યું 'કિન્નરી ભાગ તો લેશે... પણ તમે ખાતરી આપો છો કે તેને ઇનામ મળશે જ?'

બહેને કહ્યું, 'એ તો હું કેવી રીતે કહી શકું? ઇનામ માટે એની મહેનત તો ખરી જ પણ નિર્ણાયકનું વલણ કેટલું બધું અગત્યનું છે. તેને માટે હું અત્યારથી શું કહી શકું?'

'તો પછી એની પાછળ કરેલી મહેનત, દોડધામ ને ખર્ચ બધું નકામું જ જાય ને!' કેવું વ્યાપારી માનસ! બધે જ ગણતરી ને બધે જ ત્રિરાશી, ભૌતિકવાદી અભિગમ ધરાવતાં કિન્નરીનાં મમ્મીને મારે શું કહેવું? મને અેમની દયા અાવી ને તેથીય વધુ તો અેમ થયું કે આ મા એની દીકરીનું કેવુંક ઘડતર કરી શકશે? આપણે મોટા જ જો જીતને કે અાનંદને જીરવી શકવા અસમર્થ હોઈએ તો બાળકને એ કેવી રીતે શીખવી શકીશું?

હા... ક્યારેક નોંધપાત્ર સિદ્ધિ હોય તો તેની પબ્લિસિટી થાય તે બરાબર, કારણ તેનાથી બીજાને પણ પ્રેરણા મળે, પ્રોત્સાહન મળે અને સિદ્ધિ મેળવનારને પણ તેની કદર થઈ છે તેનો અાનંદ મળે. સંતોષ મળે, પણ નાની-નાની ને મામૂલી સિદ્ધિઓમાં પણ પબ્લિસિટીનો અા મોહ બાળકને ક્યારેક જુદા જ રસ્તે દોરે છે. નાનકડી માનસી હજી તો માંડ પાંચમું વર્ષ ચાલે છે. તેની મમ્મી તેને કંઇ કરવાનું કહે અેટલે તરત જ કહે કે તું ત્યાં મારી પાસે બેસે તો જ કરું. ને કરવા માંડે એટલે એને સતત શાબાશીની અપેક્ષા રહે. 'મમ્મી તું મારા વખાણ જ નથી કરતી' કૃતિકા વારંવાર તેની માને ફરિયાદ કરતી હોય છે. પેલી ધૃતિના મમ્મી તો વારંવાર તેનો બરડો થાબડે છે ને તાલીઓથી તેની વાહ-વાહ કરે છે. તું તો ક્યારેય મને 'સરસ' કહેતી જ નથી. તને તો કંઈ ખબર જ નથી પડતી મમ્મી...'

ચારે બાજુ નાની-નાની બાબતોમાં પોતાનાં બાળકને નવાજતી મમ્મીઓને જોઈ કૃતિકાને તેની મમ્મી માટે ધીરે-ધીરે કરતાં એક અસંતોષ ઊભો થતો જાય છે. તેને ક્યારેક એમ થાય છે કે 'મારી મમ્મીને હું ગમતી જ નથી તો ક્યારેક એમ થાય છે કે મમ્મીને તો કઈક સમજ જ નથી પડતી. તો ક્યારેક તેના મનમાં એવો તો ગુસ્સો ચડે છે કે 'જવા દે ને! હવે તો મારે કશું કરવું જ નથી. મમ્મીને ક્યાં કશું ગમે જ છે!'

'ખુશામત ખુદા કો ભી પ્યારી હોતી હૈ...' એ સનાતન સત્ય છે ને સૌ કોઈને તેની પ્રશંસા સાંભળવી જરૂર ગમે, એ માણસમાત્રનો સ્વભાવ છે, પણ એમાંય બૅલેન્સ તો જળવાવું જોઈએ

ને! આનંદ થાય એમાં કશું ખોટું નથી, પણ અ ાનંદના અતિરેકમાં તણાઈ જવું તે બરાબર નથી. બાળકોને આપણે લાગણીઓની સમતુલા રાખતાં શીખવવાની જરૂર છે. પબ્લિસિટીના મોહમાં ખેંચાઇ જતાં રોકવાની જરૂર છે. 'કર્મણ્યે વાધિકારસ્તે મા ફ્લેષુ કદાચન' ગીતાનો આ ઉપદેશ નાની-નાની વાતથી, નાનપણથી જો જીવનમાં શીખવવામાં અ ાવે તો બાળકનું જીવન તે મોટું થાય ત્યારે ધન્ય બની જાય. 'જળકમળવત્' બની જીવન જીવી શકે. સુખ કે દુઃખ તેને ડગાવે નહીં. જીવન જીવવાની કલા શીખવા માટે આ બધું ઘડતર પણ બહુ નાનપણથી જરૂરી છે. આપણે તેને કેમ ભૂલીએ?

* * *